






# સમ્યગ્દર્શન

## ભાગ-૪




ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને
આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે.

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ–૪૧

ૐ

માનવજીવનનું મહાકર્તવ્ય

# સમ્યગ્દર્શન

[ભાગ–૪]

(પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોમાંથી
સમ્યગ્દર્શન સંબંધી વિવિધ લેખોનો સંગ્રહ)

卐

સહજ ચિદાનંદ.

: સંકલન :
બ્ર. હરિલાલ જૈન
સોનગઢ

卐

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત ૧૦૦૦ | વીર સં. ૨૪૯૭ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત ૧૫૦૦ | વીર સં. ૨૫૩૫ |


સમ્યગ્દર્શન (ભાગ–૪)ના

**સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા**

**શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ પાર્લા–મુંબઈ**

**હસ્તે : બ્ર. કુંદનબેન પારેખ–સોનગઢ, ડો. અશોકભાઈ કામદાર ડો. પારૂલબેન, ડો. ઉલુપી, ડો. શીમુલ, વિલેપાર્લા–મુંબઈ**

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૨૬=૫૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૨૪=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૧૨=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૧૨=૦૦**


મુદ્રક


**કહાન મુદ્રણાલય**

જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ

સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

✆ **(02846) 244081**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# નિવેદન

વિશ્વનું શ્રેષ્ઠરત્ન અને સિદ્ધિસુખનું દેનાર સમ્યદર્શન, તે સમ્યદર્શનના ગુણસ્થાન ગાતું અને તેની પ્રેરણા આપતું આ ચોથું પુસ્તક, સમ્યક્ત્વ -પિપાસુ સાધર્મીઓના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સમ્યદર્શન એ જ આત્માનું સાચું જીવન છે. મિથ્યાત્વ તે મરણ છે ને સમ્યક્ત્વ તે જીવન છે. પરથી ભિન્ન નિજસ્વરૂપસત્તાનું અસ્તિત્વ જેમાં દેખાતું નથી એવા મિથ્યાત્વમાં ક્ષણેક્ષણે ભાવમરણથી જીવ દુઃખી છે; અને જેમાં પોતાના સ્વરૂપનું શાશ્વત સ્વાધીન ઉપયોગમય અસ્તિત્વ સ્પષ્ટ વેદાય છે. એવું સમ્યક્ત્વજીવન પરમસુખમય છે. પોતાના આત્માનું સમ્યક્રૂપે દર્શન કરવું, તેને સાચા સ્વરૂપે દેખવો એવું સમ્યક્ દર્શન તે આપણું સૌનું કર્તવ્ય છે. સમયસારાદિ શાસ્ત્રો પણ એનો જ બોધ આપે છે. 'દર્શાવું એક–વિભક્ત એ આત્મતણા નિજવિભવથી'—એમ કહીને આચાર્યદેવ પરદ્રવ્યોથી ભિન્ન તેમ જ પરભાવોથી ભિન્ન આત્માનું શુદ્ધ એકત્વસ્વરૂપ દેખાડે છે. આવા નિજ સ્વરૂપને દેખવું–શ્રદ્ધવું–અનુભવવું તે સમ્યદર્શન છે.

અહા, સ...મ...ગ્દ...ર્શ...ન...કેવું આહ્‌લાદકારી છે! મુમુક્ષુના જીવનનું એ મહાન કર્તવ્ય છે...એનું નામ સાંભળતાંય આત્માર્થીને ભક્તિથી રોમાંચ ઉલ્લસે છે. ખરું જ છે, —પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુ દેખીને કોને હર્ષ ન થાય? એવું સમ્યદર્શન સાક્ષાત્ જોવા મળે–તે કેવી આનંદની વાત! આ કાળે ગુરુદેવના પ્રતાપે એવું સમ્યદર્શન સાક્ષાત્ જોવા મળે છે; કેમ કે ભાવનિક્ષેપે સમ્યક્ત્વ-પરિણત જીવો તે પોતે જ સમ્યદર્શન છે, એટલે એવા સમકિતી જીવોનું દર્શન તે સાક્ષાત્ સમ્યદર્શનનું જ દર્શન છે. એમની ઉપાસના તે સમ્યદર્શનની જ ઉપાસના છે. પરમ ભાગ્યે આપણને આવા આરાધક જીવોની સત્સંગતિ અને ઉપાસનાનો સુઅવસર સાંપડ્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રી ભવ્ય જીવોને સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવી રહ્યા છે. તેઓશ્રીની મંગલકારી ચરણછાયામાં રહીને સમ્યગ્દર્શનના પરમ મહિમાનું શ્રવણ અને તેની પ્રાપ્તિ માટેનું મંથન કરવું તે આ જીવનની કૃતાર્થતા છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરીને આ અસાર સંસારના જન્મમરણથી છૂટવું

હોય ને ફરીથી નવ માસની ગર્ભજેલમાં પુરાવું ન હોય તેઓ સત્સમાગમના સેવનપૂર્વક આત્મરસથી સમ્યગ્દર્શનનો અભ્યાસ કરો.

પૂ. ગુરુદેવનાં પ્રવચનો-ચર્ચાઓ તેમ જ શાસ્ત્રોમાંથી દોહન કરીને સમ્યગ્દર્શન સંબંધી દશ પુસ્તકોનું સંકલન કરવાની યોજના છે; તેમાંથી આ ચોથું પુસ્તક પ્રસિદ્ધ થાય છે. જીવોને સમ્યક્ત્વની મહત્તા સમજાય અને તે પ્રાપ્ત કરવાની પ્રેરણા જાગે તે આ પુસ્તકનો ઉદ્દેશ છે. જે મુમુક્ષુઓએ આ પુસ્તક પ્રસિદ્ધ કરાવી જિજ્ઞાસુઓને ભેટ આપ્યું છે...અને એ રીતે સમ્યગ્દર્શન પ્રત્યેની પોતાની ભક્તિ પ્રદર્શિત કરી છે, તે મુમુક્ષુઓને ધન્યવાદ ઘટે છે.

આ 'સમ્યગ્દર્શન'નું સંકલન કરતી વખતે જાગેલી ભાવનાઓ મારી આત્મપરિણતિમાં પણ સમ્યક્ત્વનું સંકલન કરો...ને સમ્યક્ત્વનો મહિમા જગતમાં સર્વત્ર વિસ્તરો....એ જ અભ્યર્થના.

વીર સં. ૨૯૪૭, પોષ પૂર્ણિમા
સોનગઢ

બ્ર. હરિલાલ જૈન

## પ્રકાશકીય નિવેદન (દ્વિતીય આવૃત્તિ)

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ખપી જવાથી તથા આ પુસ્તક મુમુક્ષુઓને લાભદાયક જણાવાથી તેની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવે છે.

આ પુસ્તકનાં પઠન-પાઠનથી મુમુક્ષુ જીવ આત્મલક્ષી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માર્થને વિશેષ પુષ્ટ કરે એજ ભાવના.

પૂજ્ય બહેનશ્રીની
૯૫મો જન્મજયંતી મહોત્સવ
શ્રાવણ વદ ૨
તા. ૧૮-૮-૨૦૦૮

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

# ❀ અનુક્રમણિકા ❀


સિદ્ધપ્રભુજી! આવો દિલમેં ---- ૧
સમ્યક્ત્વનો પહેલો પાઠ ---- ૨
ધર્મની કમાણીનો અવસર ---- ૩
આત્માનું સ્વરૂપ ઓળખાવે છે ---- ૮
આત્મકલ્યાણની અદ્ભુત પ્રેરણા ---- ૧૫
હે જીવ! તારા આત્મહિતને માટે તું ઝડપથી સાવધાન થા. ---- ૨૧
અરિહંતદેવને ઓળખો ---- ૨૩
'ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ' ---- ૩૬
અનુભવનો...ઉપદેશ ---- ૪૦
અરિહંત ભગવાનને ઓળખો [૨] ---- ૪૩
રામને વહાલો ચાંદલો ---- ૫૫
.....સાધકને વહાલા સિદ્ધ ---- ૫૬
હે જીવ! તું સ્વદ્રવ્યને જાણ ---- ૫૭
સંતો બતાવે છે–રત્નોની ખાણ ---- ૬૧
વૈરાગ્ય–સંબોધન ---- ૬૪
ચેત ચેત જીવ ચેત! ---- ૬૭
સમ્યક્ત્વ માટેની સરસ મજાની વાત ---- ૭૧
હે જીવ! પ્રજ્ઞા વડે મોક્ષપંથે આવ! ---- ૭૭
સ્વાનુભવના ચિહ્નરૂપ જ્ઞાનચેતના જ્ઞાનીના હૃદયની વાત ---- ૮૬
ધર્માત્માની જ્ઞાનચેતના ---- ૮૮
ખરેખરો જ્ઞાયકવીર ---- ૯૨
સમયસારના શ્રોતાને...આશીર્વાદ ---- ૯૪
ત્રણ રત્નોની કિંમત સમજીએ ---- ૯૬
એક અદ્ભુત વૈરાગ્ય–ચર્ચા ---- ૯૮

હે વીરજનની! પુત્ર તારો જાય છે મોક્ષધામમાં,
નહીં માત બીજી ધારશે...ધારો ન શંકા લેશ ત્યાં. ---------- ૧૦૧
મૃત્યુ–મહોત્સવ ---------- ૧૦૩
શાંતિદાતાર સંત વાણી ---------- ૧૦૫
નિરંતર...ભાવવા...જેવી...ભાવના ---------- ૧૦૯
સમ્યક્ત્વ–સૂર્ય ---------- ૧૧૦
૧. સમ્યગ્દ્રષ્ટિનું નિઃશંકિત–અંગ ---------- ૧૧૨
૨. સમ્યગ્દ્રષ્ટિનું નિઃકાંક્ષિત–અંગ ---------- ૧૧૪
૩. સમ્યગ્દ્રષ્ટિનું નિર્વિચિકિત્સા–અંગ ---------- ૧૧૬
૪. સમ્યગ્દ્રષ્ટિનું અમૂઢદ્રષ્ટિ–અંગ ---------- ૧૧૮
૫. સમ્યગ્દ્રષ્ટિનું ઉપગૂહન–અંગ ---------- ૧૨૦
૬. સમ્યગ્દ્રષ્ટિનું સ્થિતિકરણ–અંગ ---------- ૧૨૨
૭. સમ્યગ્દ્રષ્ટિનું વાત્સલ્ય–અંગ ---------- ૧૨૪
૮. સમ્યગ્દ્રષ્ટિનું પ્રભાવના–અંગ ---------- ૧૨૮
સમ્યગ્દર્શનના આઠ અંગની કથા ---------- ૧૩૧
૧. નિઃશંકિત અંગમાં પ્રસિદ્ધ અંજનચોરની કથા ---------- ૧૩૨
૨ નિઃકાંક્ષ–અંગમાં પ્રસિદ્ધ અનંતમતીની કથા ---------- ૧૩૬
૩. નિર્વિચિકિત્સા–અંગમાં પ્રસિદ્ધ ઉદાયનરાજાની કથા ---------- ૧૪૩
૪. અમૂઢદ્રષ્ટિ–અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણીની કથા ---------- ૧૪૬
૫. ઉપગૂહન–અંગમાં પ્રસિદ્ધ જિનેન્દ્રભકત શેઠની કથા ---------- ૧૫૨
૬. સ્થિતિકરણ–અંગમાં પ્રસિદ્ધ વારિષેણમુનિની કથા ---------- ૧૫૫
૭. વાત્સલ્ય–અંગમાં પ્રસિદ્ધ વિષ્ણુમુનિની કથા ---------- ૧૬૦
૮. પ્રભાવના–અંગમાં પ્રસિદ્ધ વજ્રકુમારમુનિની કથા ---------- ૧૬૬

णमो सिद्धाणं

# સમ્યગ્દર્શન

(પુસ્તક ચોથું)




## સિદ્ધપ્રભુજી! આવો દિલમેં.....

સમ્યક્ત્વની આરાધનાનો જે પરમ મંગળ પ્રસંગ–તેના પ્રારંભમાં હે સિદ્ધભગવંતો! આપ મારા અંતરમાં પધારો... સમ્યક્ત્વના ધ્યેયરૂપ જે શુદ્ધઆત્મા, તેના પ્રતિબિંબસ્વરૂપ એવા હે સિદ્ધભગવંતો! સ્વસંવેદનરૂપ ભક્તિપૂર્વક હું આપને મારા આત્મામાં બિરાજમાન કરું છું...આપના જેવા શુદ્ધાત્માને જ મારા સાધ્યરૂપ સ્થાપીને તેનો હું આદર કરું છું ને અન્ય સમસ્ત પરભાવોનો આદર છોડું છું. આ રીતે આપને મારા આત્મામાં સ્થાપીને હું સમ્યક્ત્વરૂપ સાધકભાવનો અપૂર્વ પ્રારંભ કરું છું. તેમાં હે સિદ્ધભગવંતો! હે પંચ પરમેષ્ઠી ભગવંતો! આપ પધારો...પધારો...પધારો!

આત્માનો રંગ લગાડીને હું મારા સમ્યક્ત્વને આરાધવા તત્પર થાઉં છું; તેના મંગળમાં, સિદ્ધભગવાન સમાન આત્મસ્વરૂપ ઓળખાવીને સમ્યક્ત્વની આરાધનામાં હે સન્ત ગુરુઓ! આપને ઉત્તમ આત્મભાવે નમસ્કાર કરું છું.

# સમ્યક્ત્વનો પહેલો પાઠ



સિદ્ધપદનો સાધક જીવ મંગલાચરણના પહેલા જ પાઠમાં કહે છે કે અહો, શુદ્ધાત્મસ્વરૂપને પામેલા સિદ્ધભગવંતો! જેવા આપ તેવો હું....'તમે સિદ્ધ...હું પણ સિદ્ધ' એમ તમારા જેવા મારા શુદ્ધસ્વરૂપને લક્ષમાં લઈને નમસ્કાર કરું છું. ઉલ્લાસપૂર્વક મારા આત્મામાં સિદ્ધપણું સ્થાપું છું. આ રીતે સિદ્ધસ્વરૂપના ધ્યેયે મારો સાધકભાવ શરૂ થાય છે.

આ રીતે સમયસારના પહેલા જ પાઠમાં આચાર્યદેવ કહે છે કે હે જીવ! તારા આત્મામાં તું સિદ્ધપણું સ્થાપ. 'જેવા સિદ્ધ તેવો હું'–એવા લક્ષપૂર્વક નિજસ્વરૂપને ધ્યાવતાં મહા આનંદસહિત તને સમ્યગ્દર્શન થશે.

# ધર્મની કમાણીનો અવસર

આત્માનો અનુભવ કરીને મોક્ષને સાધવાની આ મોસમ છે. શ્રી ગુરુ-સંતોના પ્રતાપે સમ્યગ્દર્શનરૂપી મોટો હીરો પ્રાપ્ત થાય ને અનંત અતીન્દ્રિય આનંદનો લાભ થાય–એવો આ અવસર છે; ધર્મની કમાણીનો આ અવસર છે....તેને હે જીવ! તું ચૂકીશ મા...પ્રમાદ કરીશ મા...બીજે રોકાઈશ મા.

અરે, આવું મનુષ્યપણું અને સત્યધર્મના શ્રવણની એકેક ક્ષણ મહા મોંઘી છે, અબજો રત્નો આપવા છતાં આવી એક ક્ષણ મળવી મુશ્કેલ છે. ભગવાન! આવું મનુષ્યપણું બહારના વેપારમાં તું વીતાવે છે તેને બદલે આત્માના લાભનો વેપાર કર.... ઉપયોગને અંતરમાં વાળીને આત્માનો ગ્રાહક થા.... પરનું ગ્રહણ માન્યું છે તે છોડી દે, અને આત્માનો ગ્રાહક ત્વરાથી થા. એક ક્ષણનો તેમાં પ્રમાદ ન કર. એક ક્ષણની કમાણીથી તને અનંતકાળનું સિદ્ધસુખ મળશે.

ભાઈ, આ મનુષ્યપણાનો ટૂંકો કાળ તે તો આત્મહિતની મોસમ છે; ધર્મની કમાણીનો આ અવસર છે; તેમાં ધર્મની કમાણી જેણે ન કરી એટલે કે ભવભ્રમણના નાશનો અને મોક્ષસુખની પ્રાપ્તિનો ઉપાય જેણે ન કર્યો તેના મનુષ્યપણાને ધિક્કાર છે.

અરે જીવ! પરદ્રવ્યના ગ્રહણની બુદ્ધિથી તો તું સંસારના દુઃખમાં પીલાઈ રહ્યો છે. માટે પરનું ગ્રાહકપણું તું ત્વરાથી છોડ, ને ત્વરાથી સ્વદ્રવ્યનો ગ્રાહક થા. અરે, આત્માને ભૂલીને તેં અનંત કાળથી ભાવમરણ કર્યું, હવે તો સ્વ-પરની ભિન્નતાને જાણીને તું તારા આત્માને ભાવમરણથી બચાવ, સ્વદ્રવ્યનો ત્વરાથી રક્ષક થા, ને પરદ્રવ્યનું રક્ષકપણું છોડી દે.

✻ હે જીવ! સ્વદ્રવ્યને પરથી તદ્દન જુદું જાણીને ત્વરાથી તું સ્વદ્રવ્યનો રક્ષક થા...વ્યાપક થા...ધારક થા...રમક થા....ગ્રાહક થા. પરભાવથી સર્વ પ્રકારે વિરક્ત થા.

✻ બહારની પરભાવની રમત છોડ...ને સ્વદ્રવ્યમાં રમણતા કર. 'રાણા! રમતું છોડ...કટક આવ્યું કિનારે.' આ તારા જીવનના કિનારા નજીક આવે છે, માટે તું રાગની રમતું ત્વરાથી છોડી દે, ને રમવાયોગ્ય એવા ચૈતન્યધામમાં તું શીઘ્રરમણતા કર.

## ❀ વીતરાગરસનાં વહેણ ❀

અહો, આ તો વીતરાગમાર્ગનાં વહેણ છે; એકલો ચૈતન્યનો વીતરાગરસ આમાં ભર્યો છે. ભગવાન પાસેથી આ વીતરાગરસનાં વહેણ આવ્યાં છે. આ વીતરાગરસ પાસે ઈન્દ્રનાં ઈન્દ્રાસન પણ ધર્મીને નીરસ લાગે છે. અપૂર્વ આનંદરસની ધારા આત્મામાંથી વહે છે, તેનું લક્ષ તો કરો. આત્માના સ્વભાવની આવી વાત સાંભળીને બહુમાન કરનારા પણ મહા ભાગ્યશાળી છે; અને જેણે આવો આત્મા લક્ષમાં લીધો તે સર્વે પરભાવથી વિરક્ત થઈને પરમ અતીન્દ્રિય આનંદને પામે છે. ઈન્દ્રિયના અવલંબનવાળું જ્ઞાન પણ જેને જાણી શકતું નથી એવો ભગવાન આત્મા, તેનો ગ્રાહક થઈને પરભાવનું ગ્રહણ છોડ. ઈન્દ્રિયજ્ઞાન પણ જ્યાં મારું સ્વરૂપ નથી ત્યાં અન્ય રાગાદિ પરભાવોની કે ઈન્દ્રિયોની શી વાત? એમ પરભાવોથી ભિન્ન થઈને આત્માને ગ્રહણ કર...એટલે તારી પર્યાયમાં પરમ આનંદથી ભરપૂર વીતરાગરસનાં વહેણ વહેશે.

## ❀ ચૈતન્યહીરાથી ભરપૂર મોટો પહાડ ❀

આત્મા તો ચૈતન્યહીરાનો મોટો ડુંગરો છે, તેને ખોદતાં તેમાંથી તો સમ્યગ્દર્શન ને કેવળજ્ઞાનાદિ હીરા નીકળે છે, તેમાંથી રાગાદિ નથી નીકળતા. આવા ચૈતન્યહીરાનો પહાડ ખુલ્લો કરીને સંતો બતાવે છે. ભાઈ, તારામાં ભરેલી આ ચૈતન્યહીરાની ખાણ જરાક ખોલીને જો તો ખરો! ગુરુદેવે થોડો વખત પહેલાં મંગલસ્વપ્નમાં મોટો પહાડ દેખેલો,

તેનો જરાક ભાગ ખુલ્લો કરતાં અંદર એકલા હીરા જ ભરેલા હતા. તેને અનુલક્ષીને ઘણા પ્રમોદથી ગુરુદેવ કહે છે કે અહો! આત્મા તો અનંત ગુણના ચૈતન્યહીરાથી ભરેલો મોટો ડુંગરો છે; તેને ખોલીને જોતાં તેમાં એકલા કેવળજ્ઞાનાદિ હીરા જ ભર્યા છે. આવા આત્માને લક્ષમાં તો લ્યો! થોડોક ભાગ ખુલ્લો કરીને નમૂનો બતાવ્યો, તો આવા તમારા આખા આત્માને લક્ષમાં લઈને તેનો પરમ મહિમા કરો.

✻ પોતાનો કે પરનો આત્મા ઈન્દ્રિયોથી જાણી શકાતો નથી. પોતાના આત્માને સ્વસંવેદનથી જેણે પ્રત્યક્ષ કર્યો છે તે જ બીજા આત્માનું સાચું અનુમાન કરી શકે છે. જેણે પોતાના આત્માને અનુભવમાં લીધો નથી તે બીજા ધર્માત્માઓને પણ ઓળખી શકતો નથી. પ્રત્યક્ષપૂર્વકનું અનુમાન સાચું હોય છે. પ્રત્યક્ષ વગર એકલું અનુમાન તે સાચું નથી.

✻ સ્વસન્મુખ થઈને આત્માને પ્રત્યક્ષ કર્યા વગર જીવે બહારનાં જાણપણાં અનંતવાર કર્યાં, અને તેમાં સંતોષ માની લીધો. અરે, આત્માની પ્રત્યક્ષતા વગરનું જ્ઞાન તે ખરેખર જ્ઞાન જ નથી, એટલે 'જ્યાં સુધી મારો આત્મા મને પ્રત્યક્ષ ન થાય ત્યાં સુધી મેં ખરેખર કાંઈ જ જાણ્યું નથી'–એમ જ્યાં સુધી જીવને પોતાનું અજ્ઞાનપણું ન ભાસે, ને બીજા પરલક્ષી જાણપણામાં પોતાની અધિકાઈ માનીને સંતોષાઈ જાય–ત્યાં સુધી આત્માનો સાચો માર્ગ જીવને હાથમાં ન આવે. અંતરમાં પરમ સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા, તેમાં સન્મુખ થયે જ પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે ને મોક્ષમાર્ગ હાથમાં આવે છે.

## ❁ સંતો કહે છે : તું ભગવાન છો ❁

ભાઈ, તારા આત્માની સામે જોયા વગર એટલે કે સ્વસંવેદન-પ્રત્યક્ષ કર્યા વગર, અજ્ઞાનદશાના ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેં કર્યા, અગિયાર અંગનું જાણપણું કર્યું, પણ એનાથી આત્માના કલ્યાણનો માર્ગ જરાપણ તારા હાથમાં ન આવ્યો. માટે જ્ઞાનને પરવિષયોથી ભિન્ન કરીને સ્વવિષયમાં જોડ. ઈન્દ્રિયજ્ઞાનના વેપારમાં એવી તાકાત નથી કે આત્માને

સ્વવિષય બનાવીને જાણે. તું પરમાત્મા, તારે પોતે પોતાનું જ્ઞાન કરવા માટે ઇન્દ્રિયની કે રાગની પાસે ભીખ માંગવી પડે એવો ભિખારી તું નથી. અહા, સંતો કહે છે કે તું ભિખારી નથી પણ ભગવાન છો.

* અજ્ઞાનીઓને અનુમાનમાં આવી જાય એવો આ આત્મા નથી. એકલા પરજ્ઞેયને અવલંબનારું જ્ઞાન તે અજ્ઞાન છે, તે જ્ઞાન નથી. જ્ઞાનનો ભંડાર આત્મા, તે પોતે પોતાના જ્ઞાનસ્વભાવને અવલંબીને જે જ્ઞાનરૂપે પરિણમે તે જ જ્ઞાન મોક્ષને સાધનારું છે.

* આ શરીરને ઘટ કહેવાય છે, ઘડાની જેમ તે ક્ષણિક નાશવાન છે. તે ઘટ અને ઘટને જાણનારો એ બંને એક નથી પણ જુદા છે. શરીરના અંગભૂત ઇન્દ્રિયો તે કાંઈ આત્માના જ્ઞાનની ઉત્પત્તિનું સાધન નથી. અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવી આત્મા છે, તેને સાધન બનાવીને જે જ્ઞાન થાય તે જ આત્માને જાણનારું છે. પુણ્ય-પાપ પણ એનું સ્વરૂપ નથી. અતીન્દ્રિયજ્ઞાન એવું નથી કે પુણ્ય-પાપને રચે. રાગની રચના તે આત્માનું કાર્ય નથી; આત્માનું ખરું કાર્ય (એટલે કે પરમાર્થ લક્ષણ) તો અતીન્દ્રિય જ્ઞાનચેતના છે; તે ચેતના સ્વરૂપે અનુભવમાં લેતાં જ આત્મા સાચા સ્વરૂપે અનુભવમાં આવે છે. આવા આત્માને અનુભવમાં લ્યે ત્યારે જ જીવને ધર્મ થાય.

* આત્મા સ્વયં ઉપયોગસ્વરૂપ છે, તેને પરનું આલંબન નથી; બહારથી તે ઉપયોગને લાવતો નથી. અંતરની એકાગ્રતા વડે જે ઉપયોગ કામ કરે તે જ આત્માનું સ્વલક્ષણ છે. આવા અતીન્દ્રિય જ્ઞાનનો ધણી ભગવાન અશરીરી આત્મા, તે પોતાને ભૂલીને શરીર ધારણ કરી કરીને ભવમાં ભટકે–એ તો શરમજનક છે, તે કલંક આત્માને શોભતું નથી. બાપુ! તું અશરીરી ચૈતન્યભગવાન, તારો ચૈતન્યઉપયોગ શરીરમાંથી -ઇન્દ્રિયોમાંથી કે રાગમાંથી આવતો નથી; આવા આત્માના સંસ્કાર અંતરમાં જેણે નાંખ્યા હશે તેને પરભવમાંય તે સંસ્કાર સાથે રહેશે. માટે વારંવાર અભ્યાસ કરીને આવા આત્મસ્વભાવના સંસ્કાર અંદરમાં દૃઢ કરવા જેવા છે. બહારનાં ભણતરે એ જ્ઞાન આવતું નથી, એ તો

**અંતરના સ્વભાવથી જ ખીલે છે. અંતરમાં સ્વભાવના ઘોલનના સંસ્કાર વારંવાર અત્યંત દૃઢ કરતાં તે સ્વસંવેદન-પ્રત્યક્ષ થાય છે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. તે જ ધર્મની સાચી કમાણી છે, અને એવી ધર્મની કમાણીનો આ અવસર છે.**

*** સુખનું ધામ ***

સંતો કહે છે કે–

દુનિયાને ભૂલીને તારી અતીન્દ્રિયચૈતન્યગૂફામાં ઊતર, તો ત્યાં એકલું સુખ જ ભર્યું છે. તારું સ્વરૂપ સુખનું જ ધામ છે. તારી ચૈતન્યગૂફામાં દુઃખનો પ્રવેશ નથી.

## આચાર્યદેવ અપ્રતિબુદ્ધ જીવને
# આત્માનું સ્વરૂપ ઓળખાવે છે

હે ભાઈ! જડથી ભિન્ન તારું ચૈતન્યતત્ત્વ અમે તને બતાવ્યું, તે જાણીને હવે તું પ્રસન્ન થા... સાવધાન થા... અને ચૈતન્યસ્વરૂપ આત્માને જ તારા સ્વદ્રવ્ય તરીકે અનુભવ.

(૧)

દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માની જેને ખબર નથી, અને અજ્ઞાનભાવથી 'શરીર તે જ હું, શરીરનાં કામ મારાથી થાય છે–' એમ જે માની રહ્યો છે, એવા અપ્રતિબુદ્ધ જીવને આચાર્યદેવ કરુણાપૂર્વક સમજાવે છે કે અરે ભાઈ! તારો આત્મા તો સદાય ચૈતન્યસ્વરૂપ છે, તે ચૈતન્યસ્વરૂપ આત્મા જડ ક્યાંથી થઈ ગયો કે તું જડને પોતાનું માને છે? તારો આત્મા તો સદાય ચૈતન્યસ્વરૂપ જ છે, તે કદી જડરૂપ થયો નથી; ચૈતન્યસ્વરૂપ આત્માને જડ સાથે એકમેકપણું કદી થયું નથી, સદાય ભિન્નપણું જ છે; માટે હે ભાઈ! હવે તું જડ સાથે એકમેકપણાની માન્યતાને છોડ અને તારા ચૈતન્યસ્વરૂપ આત્માને દેખ. તારા આત્માનો વિલાસ જડથી જુદો, ચૈતન્યસ્વરૂપ છે. આવા ચૈતન્યવિલાસી આત્માને જ સ્વતત્ત્વપણે તું દેખ.

(૨)

આ વાત કોને સમજાવે છે?–જે અનાદિથી ધર્મનો તદ્દન અજાણ છે, જેને શરીરથી જુદા આત્મતત્ત્વના સ્વરૂપની ખબર નથી–એવા અજ્ઞાનીને આ વાત સમજાવે છે. તે જીવ અજ્ઞાની હોવા છતાં આત્માનું સ્વરૂપ સમજવાનો કામી છે–જિજ્ઞાસુ છે, ને વિનયપૂર્વક તે વાત સાંભળવા ઊભો

છે, એટલે તે આત્માને સમજવાની પાત્રતાવાળો છે. તેથી આચાર્યદેવ જે રીતે સમજાવશે તે રીતે તે સમજી જશે.

(૩)

ભાઈ રે! હવે તું સાવધાન થા, અને તારા ચૈતન્યસ્વરૂપને સંભાળ. અત્યાર સુધી તો અજ્ઞાનને લીધે જડચેતનનું એકમેકપણું માનીને તું ભવમાં રખડ્યો, પણ હવે અમે તને જડથી ભિન્ન તારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ બતાવીએ છીએ, તે જાણીને તું સાવધાન થા. સાવધાન થઈને એમ જાણ કે અહો! હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છું, પૂર્વે પણ હું ચૈતન્યસ્વરૂપ જ હતો. જડ શરીર મારાથી સદાય અત્યંત ભિન્ન છે; મારું ચૈતન્યસ્વરૂપ જડથી ભિન્ન જ રહ્યું છે—આમ પોતાના ચૈતન્યસ્વરૂપને જાણીને તું પ્રસન્ન થા...આનંદમાં આવ. તારા ચૈતન્યસ્વરૂપને ઓળખતાં જ તને અંતરમાં અપૂર્વ પ્રસન્નતા અને આનંદ થશે. 'હું ચૈતન્યપરમેશ્વર છું, જેવા પરમાત્મા છે તેવું જ મારું સ્વરૂપ છે, મારું કાંઈ બગડ્યું નથી'—આમ સમજી તારું ચિત્ત ઉજ્જ્વળ કર...હૃદયને ઊજળું કર...પ્રસન્ન થા અને આહ્‌લાદ કર કે—અહો! આવો મારો આનંદઘન ચૈતન્યસ્વભાવ! ભાઈ! આમ દેહથી ભિન્ન પોતાના આત્માને દેખવાથી તારું અનાદિનું મિથ્યાત્વ ટળી જશે ને સમ્યગ્દર્શન વડે તારા ભવભ્રમણનો અંત આવી જશે.

(૪)

આત્મા ચૈતન્યસ્વરૂપ છે ને રાગાદિભાવો તો બંધસ્વરૂપ છે. હે ભાઈ! તારા આત્માને બંધનની ઉપાધિનું અતિ નિકટપણું હોવા છતાં, બંધ સાથે એકમેકપણું નથી; રાગાદિ ભાવો તારા ચૈતન્યસ્વભાવરૂપ થઈ ગયા નથી. જ્ઞાનને અને રાગને જ્ઞેયજ્ઞાયકપણું છે તેમ જ એકક્ષેત્રાવગાહપણું છે, પરંતુ તેમને એકમેકપણું નથી; જ્ઞાનનો અને રાગનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે. આમ હોવા છતાં જે જીવ જ્ઞાન અને રાગને એકમેકપણે જ માની રહ્યો છે, તેને આચાર્યદેવ કહે છે કે અરે દુરાત્મા! હાથી વગેરે પશુ જેવા સ્વભાવને તું છોડ....છોડ! જેમ હાથી લાડવા અને ઘાસના સ્વાદનો વિવેક

કર્યા વગર તે બંનેને ભેગાં કરીને ખાય છે, તેમ તું પણ જડ–ચેતનનો વિવેક કર્યા વગર બંનેને એકપણે અનુભવે છે, –તેને હવે તું છોડ. અને પરમ વિવેકથી ભેદજ્ઞાન કરીને તારા ચૈતન્યસ્વરૂપ આત્માને જડથી ને વિકારથી અત્યંત જુદો તું જાણ. અહીં 'હે દુરાત્મા!' એમ કહ્યું તેનો અર્થ એમ છે કે : અરે ભાઈ! ચૈતન્યસ્વરૂપને ચૂકીને જડ શરીરને પોતાનું માનવારૂપ જે મિથ્યાત્વભાવ છે તે દુરાત્મપણું છે તેને તું છોડ, અને 'હું ચૈતન્યસ્વરૂપ સદા ઉપયોગમય આત્મા છું'—એમ સમજીને તું પવિત્રાત્મા થા.—આ રીતે દુરાત્માપણું છોડીને પવિત્ર આત્મપણું પ્રગટ કરવાની પ્રેરણા કરી છે.

(૫)

શ્રી સર્વજ્ઞ ભગવાનની સાક્ષી આપીને આચાર્યદેવ કહે છે કે, અરે જીવ! સર્વજ્ઞ ભગવાને તો જીવને નિત્ય ઉપયોગસ્વભાવરૂપ જોયો છે. સાંભળનાર શિષ્ય વ્યવહારે તો સર્વજ્ઞ ભગવાનને માનનારો છે, તેથી આચાર્યદેવ સર્વજ્ઞની સાક્ષી આપીને તેને સમજાવે છે : હે ભાઈ! આપણા સર્વજ્ઞ ભગવાન આખા વિશ્વને પ્રત્યક્ષ જાણનારા છે, તે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનથી તો એમ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે કે જીવદ્રવ્ય સદા ઉપયોગમય છે, અને શરીરાદિક તો અચેતન છે. જો તું એમ કહે છે કે 'શરીરાદિક પુદ્‌ગલદ્રવ્ય મારાં છે'—તો હે ભાઈ! સર્વજ્ઞભગવાને સદા ચેતનરૂપ જોયેલું એવું જીવદ્રવ્ય તે અચેતન ક્યાંથી થઈ ગયું કે જેથી તું પોતાને પુદ્‌ગલદ્રવ્યરૂપ માને છે! જેમ પ્રકાશને અને અંધકારને એકતા નથી પણ અત્યંત જુદાપણું છે, તેમ ચૈતન્યસ્વરૂપ આત્માને અને જડને એકતા નથી પણ અત્યંત જુદાપણું છે. જેમ જડ સાથે એકતા નથી તેમ રાગાદિક સાથે પણ ચૈતન્યસ્વરૂપની એકતા નથી, ચૈતન્યસ્વરૂપ રાગથી પણ જુદું છે, ચૈતન્યને અને રાગને એકમેકપણું થયું નથી. માટે હે શિષ્ય! તું તારા આત્માને શરીરથી અને રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ જાણ, ચૈતન્યસ્વરૂપ આત્મા એક જ તારું સ્વદ્રવ્ય છે–એમ તું અનુભવ કર.

જેમનું જ્ઞાન સર્વ પ્રકારે ચોખ્ખું છે એવા સર્વજ્ઞ ભગવાને પોતાના દિવ્ય જ્ઞાનમાં એમ જોયું છે કે આત્મા સદા ઉપયોગસ્વરૂપ છે. જે જીવ

આનાથી વિપરીત માનતો હોય તેણે ખરેખર સર્વજ્ઞભગવાનને ઓળખ્યા નથી. જો સર્વજ્ઞભગવાનના જ્ઞાનનો નિર્ણય કરે તો, આત્મા સદા ઉપયોગસ્વરૂપ છે—એવો નિર્ણય પણ થઈ જ જાય. સર્વજ્ઞભગવાનના આત્મામાં જ્ઞાન પરિપૂર્ણ છે ને રાગ જરાય નથી—એટલે તેનો નિર્ણય કરતાં જ્ઞાન અને રાગની ભિન્નતાનો નિર્ણય થઈ જ જાય છે. આ રીતે, હે ભાઈ! તારા ચૈતન્યસ્વરૂપ આત્માને રાગથી પણ ભિન્નતા છે તો પછી શરીરાદિક મૂર્ત દ્રવ્યો સાથે એકપણું ક્યાંથી હોય? માટે તે એકપણાની ભ્રમણા છોડીને, હું ચૈતન્ય જ છું, એમ તું અનુભવ કર.

(૬)

જેમ પિતા બે ભાગલા પાડીને પુત્રને સમજાવે કે જો ભાઈ! આ તારો ભાગ; તારો ભાગ તું લઈ લે ને રાજી થા. તેમ અહીં જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય એવા બે ભાગ પાડીને આચાર્યપ્રભુ સમજાવે છે કે, જો ભાઈ! ચૈતન્યદ્રવ્ય નિત્ય ઉપયોગસ્વભાવરૂપ છે તે તારો ભાગ છે, અને 'નિત્ય ઉપયોગસ્વભાવ' સિવાયનું બીજું બધુંય પુદ્ગલદ્રવ્યનો ભાગ છે. હે જીવ! હવે તું તારો ભાગ લઈ લે અને રાજી થા. ઉપયોગસ્વભાવ–જ્ઞાયકભાવ સિવાય બીજા બધાયમાંથી આત્મબુદ્ધિ છોડીને, આ એક જ્ઞાયકભાવને જ તારા સ્વરૂપપણે અનુભવ....તેમાં જ એકાગ્ર થા.

(૭)

જેમ મીઠામાંથી પાણી થાય છે ને પાણીમાંથી મીઠું થાય છે, કેમ કે પ્રવાહીપણાને અને ખારાપણાને એક હોવામાં વિરોધ નથી; પરંતુ—તેમ જીવ કદી પુદ્ગલરૂપ થતો નથી ને પુદ્ગલ કદી જીવરૂપ થતું નથી. માટે મીઠાના પાણીની જેમ જીવ-અજીવનું એકપણું નથી, પણ પ્રકાશ અને અંધકારની જેમ જીવ-અજીવનું ભિન્નપણું છે. જેમ પ્રકાશ અને અંધકારને કદી એકપણું નથી તેમ ચેતન અને જડને કદી એકપણું નથી. જીવ તો ચૈતન્યપ્રકાશમય છે ને પુદ્ગલ તો જડ–આંધળું છે, તેમને અત્યંત ભિન્નતા છે. અહીં 'મીઠાનું પાણી' એવું દૃષ્ટાંત આપીને આચાર્યદેવ કહે છે કે હે

જીવ! જેમ મીઠું ઓગળીને પાણીરૂપે થઈ જાય છે, તેમ તારી પરિણતિ અજીવને પોતાનું માનીને તે તરફ વળવા છતાં તે અજીવની સાથે તો (એકાકાર) એકમેક થઈ શકતી નથી; પણ તે અજીવથી તારી ભિન્નતા જાણીને પરિણતિને અંતરમાં ઉપયોગસ્વરૂપ જીવદ્રવ્ય તરફ વાળ તો ત્યાં તે એકાકાર થાય છે, માટે તે જ તારું સ્વરૂપ છે એમ તું જાણ. તારી પરિણતિ ક્યાંય પર સાથે તો એકરૂપ થઈ શકતી નથી, તારા ઉપયોગસ્વરૂપ જીવદ્રવ્યમાં જ તે એકાકાર થાય છે, માટે 'આ ઉપયોગસ્વરૂપ જીવદ્રવ્ય હું છું'—એમ ઉપયોગસ્વરૂપ જીવદ્રવ્યને એકને જ સ્વદ્રવ્યપણે અનુભવીને તેમાં જ તારી પરિણતિને એકાકાર કર ને પરદ્રવ્યને પોતાનું માનવારૂપ મોહને હવે તો તું છોડ રે છોડ!

(૮)

દેહ તે હું છું, દેહની ક્રિયા મારી છે–એમ જે અજ્ઞાની માને છે તેને આચાર્યદેવ કહે છે કે અરે મૂઢ! જીવ તો ઉપયોગસ્વરૂપ છે અને શરીરાદિ પુદ્ગલ તો જડસ્વરૂપ છે; ઉપયોગસ્વરુપ જીવને અને જડસ્વરૂપ પુદ્ગલને એકપણું કદી બની શકતું નથી. તું કહે છે કે ચૈતન્યમય જીવ 'હું' છું ને શરીરાદિ અજીવ પણ 'હું' છું, —આમ ચૈતન્ય તેમ જ જડ એવા બંને દ્રવ્યોપણે તું પોતાને માને છે. પણ ભાઈ રે! તું એક, તે જીવ અને અજીવ એવા બંને દ્રવ્યોમાં કઈ રીતે રહી શકે? તું તો તારા ઉપયોગસ્વરૂપમાં જ સદાય રહેલો છે.' પુદ્ગલ તે જડ છે, તેમાં તું રહેલો નથી. માટે એકલા ચૈતન્યમય સ્વદ્રવ્યને જ તું તારાપણે અનુભવ, તેમાં જ 'હું'પણાની પ્રતીતિ કર, અને એનાથી ભિન્ન અન્ય સમસ્ત પદાર્થોમાંથી હું–પણું છોડી દે.

(૯)

અહો! હું તો એક ચૈતન્યમય જીવતત્ત્વ, તે અજીવમાં કઈ રીતે વ્યાપું? હું તો મારા ઉપયોગસ્વરૂપમાં જ છું ને પર તો પરમાં જ છે, હું કદી મારા ઉપયોગસ્વરૂપને છોડીને પરરૂપે થયો જ નથી, —આમ શ્રીગુરુએ તને સમજાવ્યું, માટે હે ભવ્ય! 'હું પોતે મારા ઉપયોગસ્વભાવમાં

જ છું, —એમ જાણી, પ્રસન્ન થઈ, સાવધાન થા, અને અંતર્મુખ થઈને આવા તારા ચૈતન્યસ્વરૂપનો અનુભવ કર, તેના અતીન્દ્રિય આનંદને ભોગવ. અમે તને તારું ચૈતન્યસ્વરૂપ દેહાદિ બધાથી જુદું અને તારા પોતાથી જ પરિપૂર્ણ, સદા ઉપયોગમય બતાવ્યું, તે જાણીને તું પ્રસન્ન થા, સાવધાન થા અને તેનો અનુભવ કર, તેમાં તને આત્માના અપૂર્વ આનંદનું સ્વસંવેદન થશે.

(૧૦)

—એ પ્રમાણે આચાર્યદેવે ચૈતન્યસ્વરૂપમાં પ્રસન્નતા, સાવધાની અને અનુભવ કરવાનું કહ્યું.

શ્રીગુરુના આવા કલ્યાણકારી ઉપદેશને ઝીલનાર શિષ્ય વિનય અને બહુમાનપૂર્વક કહે છે કે : હે પ્રભો! અનાદિથી મારા ચૈતન્યતત્ત્વને ભૂલીને, વિકારમાં ને પરમાં જ મારાપણું માનીને હું આકુળ-વ્યાકુળ થઈ રહ્યો હતો, આપશ્રીએ પરમ કરુણા કરીને વારંવાર મને પ્રતિબોધ્યો અને પરથી અત્યંત ભિન્ન, ચૈતન્યસ્વરૂપથી પરિપૂર્ણ મારું સ્વદ્રવ્ય સમજાવીને આપે મને ન્યાલ કર્યો. અહો, આવું પરમ મહિમાવંત મારું સ્વદ્રવ્ય સમજતાં મને પ્રસન્નતા થાય છે. પરમાં ઘૂંટાયેલી એકત્વબુદ્ધિ ટળીને હવે ચૈતન્યસ્વરૂપમાં સાવધાની થાય છે, મારો ઉત્સાહ નિજસ્વરૂપ તરફ વળે છે અને હું મને નિત્ય ઉપયોગસ્વરૂપે જ અનુભવું છું. હવે રાગાદિ ભાવો કે પરદ્રવ્ય મારા સ્વરૂપમાં એકમેકપણે જરાપણ ભાસતા નથી. અહો નાથ! આપે ભેદજ્ઞાનના દિવ્યમંત્રો વડે અમારી મોહમૂર્છા દૂર કરીને અમને સજીવન કર્યા....

—આમ, સમજનાર શિષ્ય અત્યંત વિનય અને બહુમાનપૂર્વક શ્રીગુરુના ઉપકારની જાહેરાત કરે છે.

❀ ❀ ❀

આચાર્યદેવે ઘણા ઘણા પ્રકારથી જીવ-અજીવનું જુદાપણું બતાવ્યું, અને અજીવથી ભિન્ન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માની સમજણ આપીને,

પ્રસન્નતાપૂર્વક સાવધાનીથી તેનો અનુભવ કરવાનું કહ્યું; કોઈ જીવ એટલાથી પણ ન જાગે તો તેને અતિ ઉગ્ર પ્રેરણા કરીને આચાર્યદેવ ૨૩મા કળશમાં કહે છે કે : અરે ભાઈ! તું મરીને પણ ચૈતન્યમૂર્તિ આત્માનો અનુભવ કર. આચાર્યદેવ કોમળ સંબોધનથી કહે છે કે ભાઈ! શરીરાદિક મૂર્તદ્રવ્યોથી ભિન્ન એવા તારા ચૈતન્યસ્વરૂપ આત્માને તું કોઈ પણ પ્રકારે–મહા પ્રયત્ન કરીને અનુભવમાં લે, જેથી પર સાથે એકપણાનો તારો મોહ છૂટે.

—આત્માનો અનુભવ કરવાની પ્રેરણાવાળો તે લેખ આપ હવેના પાનામાં વાંચશો. આત્મકલ્યાણને માટે ઝંખતા જિજ્ઞાસુઓને એ લેખ વાંચતાં એમ થશે કે : અહો! મહા ઉપકારી સંતો સિવાય આત્મકલ્યાણની આવી વાત્સલ્યભરી અદ્ભુત પ્રેરણા કોણ આપે!

ॐ

સહજ ચિદાનંદ.

### ✻ આત્માની ધૂન ✻

મારો આત્મા જ જ્ઞાન ને આનંદસ્વરૂપ છે–એવો નિર્ણય કરવાની જેને ધૂન લાગી, તેના પ્રયત્નનો ઝુકાવ સ્વસન્મુખ વળ્યા કરે છે; રાગ તરફ તેનો ઝુકાવ રહેતો નથી; રાગથી પાછી ખસીને તેની પરિણતિ અંતરમાં વળે છે.

# આત્મકલ્યાણની અદ્‌ભુત પ્રેરણા

આત્મકલ્યાણને માટે ઝંખતા જિજ્ઞાસુઓને આ લેખ વાંચતાં એમ થશે કે અહો! મહા ઉપકારી સંતો સિવાય આત્માના કલ્યાણની આવી વાત્સલ્યભરી અદ્‌ભુત પ્રેરણા કોણ આપે!

અરે જીવ! ચૈતન્યના અનુભવ વગરનું જીવન તને કેમ ગોઠે છે?–હે જીવ! હવે તો તું જાગૃત થા...જાગૃત થઈને, અમે તેને તારું ચૈતન્યસ્વરૂપ બતાવ્યું તેનો અનુભવ કરવા માટે ઉદ્યમી થા. મોહની મૂર્છામાં હવે એક ક્ષણ પણ ન ગુમાવ. ચૈતન્યનું જીવન પ્રાપ્ત કરવા માટે એકવાર તો આખાય જગતથી છૂટો પડીને અંતરમાં તારા ચૈતન્ય-વિલાસને દેખ. આમ કરવાથી તને સર્વ કલ્યાણની પ્રાપ્તિ થશે. હે ભાઈ! હે વત્સ! હવે તારે આ જીવનમાં એ જ કરવા જેવું છે...તારા આત્મકાર્યને ત્વરાથી તું કર.

(૧)

જે જીવને ચૈતન્યસ્વરૂપ આત્માની ખબર નથી અને અજ્ઞાનભાવથી જડ સાથે તથા વિકાર સાથે એકમેકપણું માની રહ્યો છે, તેને આચાર્યદેવે સમજાવ્યું કે હે ભાઈ! તારો આત્મા તો સદાય ચૈતન્યસ્વરૂપ છે, તારો ચૈતન્યસ્વરૂપ આત્મા જડ સાથે કદી એકમેક થઈ ગયો નથી. માટે હે જીવ! હવે તું જડ સાથે એકમેકપણાની માન્યતાને છોડ અને તારા ચૈતન્યસ્વરૂપ આત્માને દેખ. જડથી ભિન્ન, તારું ચૈતન્યતત્ત્વ અમે તેને બતાવ્યું, તે જાણીને હવે તું પ્રસન્ન થા, —સાવધાન થા.

—આમ અનેક પ્રકારથી આચાર્યદેવે સમજાવ્યું; છતાં આટલાથી પણ કોઈ જીવ ન સમજે તો ફરીને તેને પ્રેરણા કરતાં આચાર્યદેવ ૨૩મા કળશમાં કહે છે કે—

રે ભાઈ! તું કોઈપણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વનો કૌતૂહલી થા, ચૈતન્યતત્ત્વને જોવા માટે મહા પ્રયત્ન કર. આ શરીરાદિ મૂર્ત દ્રવ્યોનો બે ઘડી પાડોશી થઈને, તેમનાથી ભિન્ન એવા તારા આત્માનો અનુભવ કર. તારા આત્માનો ચૈતન્યવિલાસ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન છે, તેને દેખતાં જ સમસ્ત પર દ્રવ્યો સાથે એકપણાનો તારો મોહ છૂટી જશે.

(૨)

અહીં, મરીને પણ ચૈતન્યમૂર્તિ આત્માનો અનુભવ કર—એમ કહીને તે કાર્યની પરમ મહત્તા બતાવી છે. હે ભાઈ! તારા સર્વ પ્રયત્નને તું આ તરફ વાળ. એક આત્મ-અનુભવ સિવાય જગતનાં બીજાં બધાં કામો કરવામાં જાણે કે મારું મૃત્યું થયું હોય–એમ તેમનાથી ઉદાસીન થઈને, આ ચૈતન્યસ્વરૂપ આત્માનો અનુભવ કરવા માટે જ ઉદ્યમી થા...સર્વ પ્રકારના ઉદ્યમ વડે અંતરમાં વળીને તારા આત્માને પરથી જુદો દેખ.

(૩)

અરે જીવ! ચૈતન્યતત્ત્વના અનુભવ વગરનું જીવન તને કેમ ગોઠે છે? આત્માના ભાન વગરના જીવોનું જીવન અમને તો મડદા જેવું લાગે છે. જ્યાં ચૈતન્યની જાગૃતિ નથી, અરે! પોતે કોણ છે તેની ખબર જ નથી–એને તે જીવન કેમ કહેવાય? હે જીવ! હવે તો તું જાગૃત થા...જાગૃત થઈને, અમે તને તારું ચૈતન્યસ્વરૂપ બતાવ્યું તેનો અનુભવ કરવા માટે ઉદ્યમી થા. મોહની મૂર્છામાં હવે એક ક્ષણ પણ ન ગુમાવ. ચૈતન્યનું જીવન પ્રાપ્ત કરવા એકવાર તો આખાયે જગતથી છૂટો પડીને અંતરમાં તારા ચૈતન્યવિલાસને દેખ. એમ કરવાથી તારો અનાદિનો મોહ છૂટીને તને અપૂર્વ કલ્યાણની પ્રાપ્તિ થશે.

હે ભાઈ! હે વત્સ! હવે તારે આ જીવનમાં એ જ કરવા જેવું છે.

તને અઘરું લાગતું હોય અને ગભરામણ થતી હોય તો અમે તને કહીએ છીએ કે હે ભાઈ! એ અઘરું નથી, પણ પ્રયત્નથી સહેલું છે; ફક્ત એકવાર તું જગતના બધા પરદ્રવ્યોથી જુદો પડી તેનો પાડોશી થઈ જા, ને જગતથી ભિન્ન ચૈતન્યતત્ત્વને દેખવા માટે કુતૂહલ કરીને અંતરમાં તેનો ઉદ્યમ કર.—આમ કરવાથી તને અંતરમાં આનંદસહિત ચૈતન્યનો અનુભવ થશે અને તારી મૂંઝવણ મટી જશે.

(૪)

પરમાં કાંઈક નવી વાત આવે ત્યાં તેને જાણવાનું કેવું કુતૂહલ કરે છે! તો અનાદિકાળથી નહિ જાણેલ એવું પરમ મહિમાવંત ચૈતન્યતત્ત્વ, તેને જાણવા માટે કુતૂહલ કેમ નથી કરતો? 'આત્મા કેવો છે'—તે જાણવાનું એકવાર તો કુતૂહલ કર. જગતની દરકાર છોડીને આત્માને જાણવાની દરકાર કર. અરે જીવ! જગનું અવનવું જાણવામાં હોંશ અને ચૈતન્યતત્ત્વને જાણવામાં બેદરકારી—એ તને નથી શોભતું. માટે ચૈતન્યને જાણવાની વિસ્મયતા લાવ ને દુનિયાની દરકાર છોડ. દુનિયા તને મૂર્ખ કહેશે, અનેક પ્રકારની પ્રતિકૂળતા કરશે, પણ તે બધાયની ઉપેક્ષા કરીને અંતરમાં ચૈતન્યભગવાન કેવા છે તેને જોવાનું એક જ લક્ષ રાખજે. જો દુનિયાની અનુકૂળતા–પ્રતિકૂળતામાં રોકાઈશ તો ચૈતન્યભગવાનને તું જોઈ શકીશ નહિ. માટે દુનિયાની દરકાર છોડીને...એકલો પડી...અંતરમાં પોતાના ચૈતન્યસ્વભાવને દેખવાનો ઉદ્યમ તું કર.

(૫)

આચાર્યદેવ અત્યંત કોમળતાથી પ્રેરણા આપે છે કે હે બંધુ! અનાદિકાળથી તું આ ચોરાશીના કૂવામાં પડ્યો છે, તેમાંથી શીઘ્ર બહાર નીકળવા માટે મરીને પણ તું તત્ત્વનો કૌતૂહલી થા. અહીં 'મરીને પણ' તત્ત્વનો કૌતૂહલી થવાનું કહ્યું તેમાં પરાકાષ્ઠાની વાત કરી છે. મૃત્યુ સુધીના ઉત્કૃષ્ટ પ્રસંગને લક્ષમાં લઈને તું આત્માને જોવાનો કૌતૂહલી થા. મરણપ્રસંગ ભલે આવે નહિ, પણ તું તેટલી ઉત્કૃષ્ટ હદને લક્ષમાં લઈને

ચૈતન્યને જોવાનો ઉદ્યમ કર. મરીને પણ, એટલે કે દેહ જતો હોય તો ભલે જાય પણ મારે તો આત્માનો અનુભવ કરવો છે એવા ભાવથી ઉદ્યમ કર. 'મરીને' એમ કહ્યું તેમાં ખરેખર તો દેહદૃષ્ટિ છોડવાનું કહ્યું છે; મરતાં તો દેહ છૂટે છે પણ હે ભાઈ! તું આત્માને જોવા ખાતર જીવતાં દેહની દૃષ્ટિ છોડી દે...'દેહ તે હું'—એવી માન્યતા છોડી દે.

(૬)

ચૈતન્યતત્ત્વને જોવા માટે કુતૂહલ કરવાનું કહ્યું તે શિષ્યની ચૈતન્યને જોવા માટેની તાલાવેલી અને ઉગ્રતા બતાવે છે. હે ભાઈ! તું પ્રમાદ છોડીને ઉગ્ર પ્રયત્ન વડે ચૈતન્યતત્ત્વને દેખ. જેમ સરકસ વગેરેના નવા નવા પ્રસંગ જોવામાં કુતૂહલ છે એટલે ત્યાં એક નજરે જોઈ રહે છે, ત્યાં ઝોકાં આવતાં નથી, પ્રમાદ કરતો નથી, તેમ હે ભાઈ! શરીરાદિકથી ભિન્ન એવા ચૈતન્યતત્ત્વને જોવા માટે જગતની પ્રતિકૂળતાનું લક્ષ છોડીને અંતરમાં કુતૂહલ કર, પૂર્વે કદી નહિ જોયેલ એવા પરમ ચૈતન્ય ભગવાનને જોવા માટે તાલાવેલી કર...પ્રમાદ છોડીને તેમાં ઉત્સાહ કર.

(૭)

જેને ચૈતન્યતત્ત્વના અનુભવની તાલાવેલી લાગી હોય તે જીવ જગતની મૃત્યુ સુધીની પ્રતિકૂળતાને પણ ગણકારતો નથી. સામે પ્રતિકૂળતા તરીકે મરણ સુધીની વાત લીધી અને અહીં ચૈતન્યને જોવા માટે તાલાવેલી–કુતૂહલની વાત લીધી, —એ રીતે સામસામી ઉત્કૃષ્ટ વાત લીધી છે. ચૈતન્યતત્ત્વને જોવા માટે, સામે શરીર જતાં સુધીની પ્રતિકૂળતા લક્ષમાં લઈને તેની દરકાર જેણે છોડી, તે જીવ સંયોગની દૃષ્ટિ છોડીને અંતરના ચૈતન્યસ્વભાવમાં વળ્યા વગર રહેશે નહિ. અસંયોગી ચૈતન્યતત્ત્વનો અનુભવ કરવાની જેને કામના છે તે જીવ બહારમાં શરીરના વિયોગ સુધીની પ્રતિકૂળતા આવે તોપણ મૂંઝાતો નથી. અહીં એ વાત પણ સમજી લેવી કે ચૈતન્યના અનુભવનો કામી જીવ જેમ જગતની પ્રતિકૂળતાને ગણકારતો નથી તેમ જગતની અનુકૂળતામાં તે હોંશ પણ નથી કરતો. તેમ

જ બહારના જાણપણામાં સંતોષ માનીને તે અટકી જતો નથી. અંતરમાં એક ચૈતન્યતત્ત્વનો જ મહિમા તેના હૃદયમાં વસે છે, એ સિવાય બીજા બધાયનો મહિમા તેના હૃદયમાંથી છૂટી ગયો છે. એટલે ચૈતન્યના મહિમાના જોરે તે જીવ સંયોગનું અને વિકારનું લક્ષ છોડીને, તેમનાથી ભિન્ન ચૈતન્યતત્ત્વનો અનુભવ કર્યા વગર રહેશે નહિ.

(૮)

અખંડ ચૈતન્યસામર્થ્યને ચૂકીને જેને અલ્પતામાં ને વિકારમાં એકપણાની બુદ્ધિ છે તેને સંયોગમાં પણ એકપણાની બુદ્ધિ પડી જ છે; સંયોગમાં એકપણાની બુદ્ધિ વગર અલ્પતામાં કે વિકારમાં એકપણાની બુદ્ધિ થાય નહિ. જો સંયોગમાંથી એકત્વબુદ્ધિ ખરેખર છૂટી હોય તો સંયોગરહિત સ્વભાવમાં એકત્વબુદ્ધિ થઈ હોવી જોઈએ.

અહીં, આચાર્યદેવ અપ્રતિબુદ્ધ શિષ્યને સમજાવે છે : હે જીવ! અનાદિથી તારા ભિન્ન ચૈતન્યતત્ત્વને ચૂકીને, બાહ્યમાં શરીરાદિ પરપદાર્થો સાથે એકપણાની માન્યતાથી તેં જ મોહ ઊભો કર્યો હતો, હવે દેહાદિકથી ભિન્ન ચૈતન્યતત્ત્વની ઓળખાણ કરતાં જ તારો તે મોહ ટળી જશે. માટે સર્વ પ્રકારે તું તેનો ઉદ્યમ કર.

(૯)

આચાર્યદેવ કહે છે કે હે શિષ્ય! મરીને પણ તું તત્ત્વનો કૌતૂહલી થા. જુઓ, શિષ્યમાં ઘણી પાત્રતા અને તૈયારી છે તેથી, મરીને પણ તત્ત્વનો કૌતૂહલી થવાની આ વાત સાંભળવા તે ઊભો છે, અંતરમાં સમજીને આત્માનો અનુભવ કરવાની તેને ભાવના છે, ધગશ છે, એટલે જિજ્ઞાસાથી સાંભળે છે. તેને પોતાને પણ અંતરમાં એટલું તો ભાસી ગયું છે કે આચાર્યભગવાન મને 'મરીને પણ આત્માનો અનુભવ કરવાનું' કહે છે તો જરૂર મારે મારા ચૈતન્યનો અનુભવ કરવો તે જ મારું કર્તવ્ય છે.—આવો શિષ્ય અંતરમાં અપૂર્વ પ્રયત્ન વડે અલ્પકાળમાં જ ચૈતન્યતત્ત્વનો અનુભવ જરૂર કરશે.

(૧૦)

જેને અંતરમાં ચૈતન્યતત્ત્વ જાણવાનું કુતૂહલ જાગ્યું અને તે માટે શરીરનો નાશ થવા સુધીની પ્રતિકૂળતાને પણ સહન કરવા તૈયાર થયો, તે જીવ પોતાના પ્રયત્ન વડે ચૈતન્યમાં વળ્યા વગર રહેશે નહિ. શરીરને જતું કરીને પણ મારે આત્માને જોવો છે—એમ લક્ષમાં લીધું તેમાં એ વાત આવી જ ગઈ કે હું શરીરથી જુદો છું, મારે શરીરાદિ પર વસ્તુ વગર જ ચાલે છે. શરીર છોડીને પણ ચૈતન્યતત્ત્વનો અનુભવ કરવા માટે જે તૈયાર થયો તેને શરીરમાં પોતાપણાની બુદ્ધિ તો સહેજે ટળી જાય છે, શરીર જતાં પણ મને મારા આત્માનો અનુભવ રહી જશે એવું ભિન્ન તત્ત્વનું લક્ષ તેને થઈ ગયું છે.

હે જીવ! તારો આત્મા ચૈતન્યસ્વરૂપ છે, તે સંસારરહિત છે, આવા સંસારરહિત ચૈતન્યતત્ત્વનો અનુભવ કરવા માટે આખાય સંસારપક્ષની દરકાર છોડીને તું ચૈતન્ય તરફ વળ; આમ કરવાથી આખા સંસારથી ભિન્ન એવા તારા પરમ ચૈતન્યતત્ત્વનો તને અનુભવ થશે, અને તારું પરમ કલ્યાણ થશે.

આ પ્રમાણે આચાર્યદેવે આત્મકલ્યાણની અદ્ભુત પ્રેરણા કરી.

❋

“અહો! મહા ઉપકારી સંતો સિવાય આત્મકલ્યાણની આવી વાત્સલ્યભરી અદ્ભુત પ્રેરણા કોણ આપે?”

# હે જીવ! તારા આત્મહિતને માટે તું ઝડપથી સાવધાન થા

આ શરીર-ઝૂંપડું વૃદ્ધતા-રોગાગ્નિથી ઝટ બળી જશે,
વળી ઈન્દ્રિયો બળહીન થશે, ઝટ સાધી લે નિજહિતને.

એક દેશથી પ્રવાસ કરીને બીજા ઉત્તમ દેશમાં જવું હોય તો, ઝડપી પ્રવાસ કરીને ત્યાં કેમ ત્વરાથી પહોંચાશે તેનો વિચાર કરે છે; તો આ દેહરૂપી પરદેશ છોડીને 'ચૈતન્યધામ'રૂપી પોતાના ઉત્તમ સ્વદેશમાં તારે જવાનું છે, તો તેમાં ઝડપથી કેમ પહોંચાય, ને આત્મહિત ત્વરાથી કેમ સધાય-તે માટે હે જીવ! તું ઉદ્યમી થા. બીજે ક્યાંય રોકા નહીં.

અહા, અતીન્દ્રિય મહાન પદાર્થ આત્મા, આનંદથી ભરેલો, તેના અચિંત્ય ચૈતન્યનિધાન જેણે પોતામાં દેખ્યા છે અને એવા આત્માને જે સદા ચિંતવે છે, તે જગતની બાહ્ય જડ ૠદ્ધિમાં મોહિત કેમ થાય? ચૈતન્યની આનંદરિદ્ધિના અનુભવસુખ પાસે દેવલોકના દિવ્ય ભોગો સર્વથા નિઃસાર છે, તેમાં આત્માનું સુખ કિંચિત્ નથી. જેને આત્માનું ભાન નથી એવા જડબુદ્ધિ લોકો જ તે બાહ્યવૈભવમાં સુખ માનીને, અજ્ઞાનથી દુઃખી થાય છે. સંતો કહે છે—ભાઈ, તારા અચિંત્ય નિધાનને તારામાં દેખ...શીઘ્ર દેખ.

અરે, આ મનુષ્યજીવનનો અલ્પકાળ, તેમાં તારા આત્માના સુખનો અનુભવ તું કરી લે. આ ક્ષણભંગુર શરીર તો કરોડો રોગનું ધામ છે; તેમાં બુઢાપો આવે, રોગ થાય, ઈન્દ્રિયો કામ ન કરે, —એવી દશા આવે, ત્યાર પહેલાં તું આત્માનું હિત કરી લે; શરીરની યુવાનીના ભરોસે રોકાઈશ નહિ; તેનાથી અત્યંત વિરક્ત થઈ ભિન્ન આત્માને લક્ષગત કરીને તું ત્વરાથી તારા આત્માનું હિત કર. બીજાં બધાં કામ એકકોર મૂકીને આત્માના હિતની ત્વરા કર. શરીર કાંઈ હિતનું સાધન નથી પણ શરીરનું લક્ષ છોડીને આત્માના

હિતમાં તું અત્યારથી જ સાવધાન થા–એમ ઉપદેશ છે. શરીરમાં રોગ -બુઢાપો હોય તેથી કાંઈ આત્માનું હિત ન સાધી શકાય–એમ નથી. પણ શરીર ઉપર જ જેની દૃષ્ટિ છે તે શરીરની શિથિલતા થતાં ધર્મને ક્યાંથી સાધશે? તેને પરિણામમાં આકુળતા થયા વગર રહેશે નહીં. માટે કહે છે કે, હે જીવ! પહેલેથી જ દેહથી ભિન્ન તારા આત્માને લક્ષગત કરીને તેના ચિંતનનો અભ્યાસ કર....જેથી રોગ કે વૃદ્ધાવસ્થા વખતેય આત્મહિતમાં તને કંઈ બાધા નહીં આવે. પહેલેથી જ ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યો હશે તો ખરે ટાણે તે કામ આવશે. બાકી આ શરીર તો ઘાસના ઝૂંપડા જેવું છે. કાળરૂપી અગ્નિ વડે ભસ્મ થઈ જતાં એને વાર નહીં લાગે; માટે કાળ તારા જીવનને કોળિયો બનાવી દ્યે તે પહેલાં દેહથી ભિન્ન આત્માને સાધી લે.

સહજ ચિદાનંદ.

## * સુખનો ઉલ્લાસ *

અરે જીવ! તું પ્રમોદ કર...ઉલ્લાસ કર...કે આત્મા પોતે સ્વયમેવ સુખરૂપ છે. તારા સુખને માટે જગતના કોઈ પદાર્થની અપેક્ષા નથી. સ્વસન્મુખ થતાં આત્મા પોતે પોતાના અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે ને મોક્ષસુખનું સુધાપાન કરે છે.

સમ્યગ્દર્શન માટે

# અરિહંતદેવને ઓળખો

અરિહંત એટલે શુદ્ધ આત્મા; જેમાં દેહ નથી, જેમાં રાગ નથી, જેમાં અપૂર્ણતા નથી–એવા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા તે અરિહંત છે; તેને ઓળખતાં દેહથી ભિન્ન, રાગથી ભિન્ન પરિપૂર્ણ શુદ્ધ આત્મા જરૂર ઓળખાય છે; એટલે સમ્યગ્દર્શન થાય છે; અને ત્યારથી જ સાચું જૈનત્વ થાય છે. માટે હે જીવો! તમે અરિહંતદેવને ઓળખો. અહીં શ્રીગુરુ તેની ઓળખાણ કરાવે છે.

☞ શ્રી અરિહંત ભગવાનને નમસ્કાર હો.

☞ અરિહંત ભગવાન આપણા ઈષ્ટદેવ છે, તેથી તેમનું સ્વરૂપ બરાબર ઓળખવું જોઈએ.

☞ અરિહંત ભગવાનનું સ્વરૂપ બરાબર ઓળખતાં આત્માનું સાચું સ્વરૂપ ઓળખાય છે, કેમ કે આપણા આત્માનું સ્વરૂપ પણ ખરેખર અરિહંત ભગવાન જેવું જ છે.

☞ અનાદિકાળથી આત્મામાં જે મિથ્યાત્વભાવ છે તે અધર્મ છે. આ આત્માનો સ્વભાવ અરિહંત ભગવાન જેવો જ, પુણ્ય-પાપ રહિત છે, તેને ચૂકીને પુણ્ય-પાપને જ પોતાનું સ્વરૂપ માનવું તે મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વનો નાશ કેમ થાય? અને સમ્યક્ત્વ કેમ પ્રગટે? તેનો ઉપાય કહે છે.

☞ —જે કોઈ જીવ અરિહંત ભગવાનના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને બરાબર જાણે છે તે જીવ ખરેખર પોતાના આત્માને જાણે છે ને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તેનો મિથ્યાત્વરૂપ ભ્રમ ચોક્કસ નાશ પામે છે અને શુદ્ધ સમ્યક્ત્વ પ્રગટે છે.—અનાદિના અધર્મનો નાશ કરીને અપૂર્વ ધર્મ પ્રગટ કરવાનો આ ઉપાય છે.

☞ નિશ્ચયથી અરિહંત ભગવાનનો અને આ આત્માનો સ્વભાવ સરખો છે. તે સ્વભાવને જાણવાથી સમ્યગ્દર્શન થાય છે, તે અપૂર્વ ધર્મ છે. સમ્યગ્દર્શન વગર ત્રણકાળમાં ધર્મ હોતો નથી.

☞ જે જીવ અરિહંત ભગવાનનું સ્વરૂપ ઓળખે છે તે જીવ સ્વભાવના આંગણે આવ્યો છે; જે જીવ અરિહંત ભગવાનને ઓળખતો નથી અને શરીરની ક્રિયાથી કે રાગથી ધર્મ માને છે તે તો સ્વભાવના આંગણે પણ આવ્યો નથી.

☞ અરિહંત ભગવાન જેવા પોતાના આત્મામાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જીવ જાણતો નથી તે જ રાગાદિને અને શરીરાદિની ક્રિયાને પોતાનું સ્વરૂપ માને છે; પરંતુ જે જીવ અરિહંત ભગવાન જેવા પોતાના આત્માને ઓળખે છે, તેને ભેદજ્ઞાન થઈ જાય છે એટલે તે રાગાદિને પોતાનું ખરું સ્વરૂપ માનતો નથી તેમ જ શરીરાદિની ક્રિયાને પોતાની માનતો નથી; રાગરહિત ચૈતન્યભાવે તેનું અંતર્પરિણમન થઈ જાય છે.

☞ ત્રણલોકના નાથ તીર્થંકર ભગવાન કહે છે કે : 'મારો અને તારો આત્મા એક જ જાતનો છે, બંનેની એક જ નાત છે. જેવો મારો સ્વભાવ છે તેવો તારો સ્વભાવ છે. અમને કેવળજ્ઞાનદશા પ્રગટી તે બહારથી નથી પ્રગટી પણ આત્મામાં શક્તિ છે તેમાંથી જ પ્રગટી છે; તારા આત્મામાં પણ અમારા જેવી જ પરિપૂર્ણ શક્તિ છે. હે જીવ! તારા આત્માની શક્તિને ઓળખ, તો તારો મોહ નાશ થયા વગર રહેશે નહિ.

☞ જેમ મોરના ઈંડામાં સાડાત્રણ હાથનો રંગબેરંગી મોર થવાનો સ્વભાવ પડ્યો છે તેથી તેમાંથી મોર થાય છે, તેમ આત્મામાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આનંદમય કેવળજ્ઞાન–કળા પ્રગટવાની શક્તિ છે, તેમાંથી કેવળજ્ઞાન ખીલે છે.—જે આવી અંતરશક્તિની પ્રતીત કરે તેને સમ્યગ્દર્શન થઈને અલ્પકાળમાં કેવળજ્ઞાનકળા ખીલી જાય છે.

—પરંતુ—

☞ ‘આ નાના ઈંડામાં મોટો રંગબેરંગી મોર કેમ હોય!—એમ શંકા કરીને જો ઈંડાને ખખડાવે તો તેનો રસ સુકાઈ જાય છે ને મોર થતો નથી; તેમ જે જીવ આત્માના સ્વભાવસામર્થ્યનો વિશ્વાસ કરે નહિ, અને ‘અત્યારે આત્મા ભગવાન જેવો કેમ હોય?’—એમ સ્વભાવમાં શંકા કરે તો તેને સમ્યગ્દર્શન થતું નથી અને મોહ ટળતો નથી.

☞ મોરના નાના ઈંડામાં મોર થવાનો સ્વભાવ છે, તે સ્પર્શ-રસ વગેરે ઈન્દ્રિયોથી નથી દેખાતો પણ જ્ઞાન દ્વારા જ ખ્યાલમાં આવે છે; તેમ આત્મામાં કેવળજ્ઞાન થવાનો જે સ્વભાવ છે તે ઈન્દ્રિયો દ્વારા, મન દ્વારા કે રાગ દ્વારા પણ જણાતો નથી પરંતુ તે ઈન્દ્રિય વગેરેનું અવલંબન છોડીને સ્વભાવ તરફ વળેલા અતીન્દ્રિયજ્ઞાનથી જ તે જણાય છે.

☞ જેમ દીવાસળીના ટોપકામાં ભડકો થવાનું સામર્થ્ય છે તેમ ચૈતન્યમૂર્તિ આત્મામાં કેવળજ્ઞાન–જ્યોતિ પ્રગટવાનું સામર્થ્ય છે; જેમ દીવાસળીમાં ભડકો થવાનું સામર્થ્ય છે તે આંખથી નથી દેખાતું પણ જ્ઞાનથી જ જણાય છે, તેમ આત્મામાં કેવળજ્ઞાન થવાનું સ્વભાવ-સામર્થ્ય છે તે પણ અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જ જણાય છે,

☞ પોતાના આવા સ્વભાવસામર્થ્યની પ્રતીતિ અને અનુભવ કરે તો સમ્યગ્દર્શનરૂપ પહેલો ધર્મ થાય. આવા સ્વભાવસામર્થ્યની પ્રતીતિ વગર ગમે તેટલાં શાસ્ત્રો ભણી જાય, વ્રત-ઉપવાસ કરે, પડિમા લ્યે, પૂજા-ભક્તિ કરે કે દ્રવ્યલિંગી મુનિ થાય—ગમે તેટલું કરે તોપણ તેને ધર્મ નથી, અને તે કરતાં કરતાં ધર્મ થતો નથી.

☞ સમ્યગ્દર્શન પ્રગટાવવા માટેનો આ અલૌકિક અધિકાર છે; આ અધિકાર સમજીને યાદ રાખવા જેવો છે, ને અંદર વાગોળીને આત્મામાં પરિણમાવવા જેવો છે. પોતાના અંતર્સ્વભાવમાં એકાગ્રતાથી જ સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર પ્રગટે છે.

☞ જેણે અરિહંત ભગવાન જેવા પોતાના આત્માને મન વડે જાણી લીધો તે જીવ સ્વભાવના આંગણે આવ્યો છે; પરંતુ આંગણે આવ્યા પછી હવે અંદર ઉતરીને સ્વભાવનો અનુભવ કરવામાં અનંતો અપૂર્વ પુરુષાર્થ છે.

☞ જેમ મોટા રાજા-મહારાજાના મહેલના આંગણે આવ્યા પછી સીધું રાજા પાસે જવા માટે હિંમત જોઈએ, તેમ ચૈતન્ય ભગવાનના આંગણે આવ્યા પછી અંદર ઢળીને ચૈતન્યસ્વભાવનો અનુભવ કરવામાં અનંત પુરુષાર્થ છે, જે જીવ તેવો અપૂર્વ પુરુષાર્થ કરે તેને જ ભગવાન આત્માનો ભેટો થાય છે—તેને જ સમ્યગ્દર્શન થાય છે. જે જીવો શુભવિકલ્પમાં અટકી જાય છે તેને ચૈતન્ય ભગવાનનો ભેટો થતો નથી.—પરંતુ અહીં આંગણે અટકવાની વાત જ નથી. જે જીવ આંગણે આવ્યો તે અંતરમાં જઈને અનુભવ કરે જ એવી અપ્રતિહતપણાની જ અહીં વાત છે.

☞ સમ્યગ્દર્શન વગર ધર્મ હોતો નથી તેથી અહીં પહેલાં જ સમ્યગ્દર્શનની રીત બતાવી છે. સમ્યગ્દર્શનની રીતમાં પુણ્ય કે પાપ નથી. ઉપયોગને અંતર્મુખ કરીને ત્રિકાળી ચૈતન્યદ્રવ્યમાં એકાગ્ર કરવો તે જ સમ્યગ્દર્શનની રીત છે.

☞ જુઓ ભાઈ, આ જ આત્માના હિતની વાત છે. આ સમજણ પૂર્વે અનંતકાળમાં એક સેકંડ પણ કરી નથી. જે આવી સમજણ કરે તેને ભવનો નાશ થયા વગર રહે નહિ.

☞ આત્માનું યથાર્થ સ્વરૂપ સમજ્યા સિવાય, ભલે લાખો ને કરોડો રૂપિયા ભેગા થાય તોપણ તેમાં આત્માને શું લાભ? આત્માનું લક્ષ

કર્યા વગર આત્માના અનુભવની લાખેણી ઘડીનો લાભ નહિ મળે.

☞ જેણે આત્માનો યથાર્થ નિર્ણય કર્યો, પછી તેને આહારાદિ હોય ને પુણ્ય-પાપનાં અમુક પરિણામ પણ થતાં હોય છતાં આત્માનું લક્ષ છૂટતું નથી—આત્માનો જે નિર્ણય કર્યો છે તે કોઈ પ્રસંગે ખસતો નથી. પ્રથમ આવો નિર્ણય કરવો તે જ કરવા જેવું છે.

☞ પોતે સાચું સમજે ત્યાં ખોટી માન્યતા એની મેળે ટળી જાય છે. જેણે આત્મસ્વભાવને જાણ્યો તેને ખોટી માન્યાત ટળી જ ગઈ. સાચું સમજે અને ઊંધી માન્યતા પણ રહે—એમ બને નહિ.

☞ હે જીવ! અરિહંતભગવાન જેવા તારા આત્માને તું જાણ—એમ કહ્યું, તેમાં એટલું તો આવી ગયું કે પાત્ર જીવને અરિહંતદેવ સિવાય સર્વે કુદેવાદિની માન્યતા તો છૂટી જ ગઈ છે.

—અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને ત્યાં જ અટકતો નથી પણ પોતાના આત્મા તરફ વળે છે.

—દ્રવ્ય-ગુણ ને પર્યાયથી પરિપૂર્ણ મારું સ્વરૂપ છે, રાગ-દ્વેષ મારું સ્વરૂપ નથી એમ નક્કી કરીને, પછી પર્યાયનું લક્ષ છોડીને અને ગુણભેદનું લક્ષ પણ છોડીને ચિન્માત્ર આત્માને લક્ષમાં લ્યે છે.—આ રીતે એકલા ચિન્માત્ર આત્માનો અનુભવ કરતાં જ સમ્યગ્દર્શન થાય છે ને મોહ ટળી જાય છે.

☞ ભગવાનનાં દર્શન અને ભગવાનનો સાક્ષાત્કાર કેમ થાય તેની આ વાત છે. ભગવાન કેવા છે તે ઓળખે અને હું પણ એવો જ ભગવાન છું—'जिन सो ही आतमा'—એમ ઓળખીને તેમાં જ લક્ષને એકાગ્ર કરતાં નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે, તે જ ભગવાનનાં દર્શન છે, તે જ આત્મસાક્ષાત્કાર અથવા પરમાત્માનો સાક્ષાત્કાર છે. '**आत्मा सो परमात्मा**' તેથી આત્માનું દર્શન તે જ પરમાત્માનું દર્શન છે, તે જ સ્વાનુભવ છે, તે જ બોધિસમાધિ છે, તે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આ સિવાય ભગવાનમાં અને

પોતાના આત્મામાં જે કિંચિત્ પણ ફેર પરમાર્થે માને તેને ભગવાનનો ભેટો–ભગવાનનો સાક્ષાત્કાર કે ભગવાનનાં દર્શન થાય નહીં.

☞ આત્માને ઓળખીને તેનું સમ્યક્દર્શન કરવું તે આ મનુષ્યજીવનની સફળતા છે. આત્માની ઓળખાણના સંસ્કાર સહિત જ્યાં જશે ત્યાં આત્માની સાધના ચાલુ રાખીને અલ્પકાળમાં મુક્તિ પામશે. પણ જો જીવનમાં આત્માની ઓળખાણના સંસ્કાર ન નાંખ્યા તો દોરા વગરની સોયની માફક આત્મા ભવભ્રમણમાં ક્યાંય ખોવાઈ જશે. જેમ દોરો પરોવેલી સોય ખોવાતી નથી તેમ આત્મામાં જો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવી લ્યે તો આત્મા ચોરાસીના અવતારમાં રખડે નહિ.

☞ સમ્યગ્દર્શન માટેની આ અપૂર્વ વાત છે. જેમ વેપાર-ધંધામાં કે રસોઈ વગેરેમાં ધ્યાન રાખે છે તેમ અહીં આત્માની રુચિ કરીને બરાબર ધ્યાન રાખવું જોઈએ. અંતરમાં મેળવણી કરીને સમજવું જોઈએ. માંગળિક તરીકે આ અપૂર્વ વાત છે. 'આ કાંઈક અપૂર્વ છે, સમજવા જેવું છે'–એમ ઉત્સાહ લાવીને ૬૦ મિનિટ બરાબર ધ્યાન રાખીને સાંભળે તોય બીજા કરતાં જુદી જાતના પુણ્ય થઈ જાય, અને આત્માના લક્ષે અંતરમાં સમજીને આ ભાવરૂપે પરિણમી જાય તેને તો અનંતકાળમાં અપ્રાપ્ત એવો સમ્યગ્દર્શનનો અપૂર્વ લાભ થાય. આ વાત સાંભળવી પણ મોંઘી છે અને સમજવી તે તો અભૂતપૂર્વ છે.

☞ સમ્યગ્દર્શનની અંતર્ક્રિયા તે જ ધર્મની પહેલી ક્રિયા છે, સમ્યગ્દર્શન પોતે શ્રદ્ધાગુણની પવિત્ર ક્રિયા છે ને તેમાં મિથ્યાત્વાદિક અધર્મની ક્રિયાનો અભાવ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના નિર્મળ ભાવરૂપ જે પર્યાય પરિણમે છે તે જ ધર્મક્રિયા છે, તે ક્રિયા રાગરહિત છે; રાગ હોય તે ધર્મની ક્રિયા નથી. ધર્મી જાણે છે કે મારા સ્વભાવના અનુભવમાં જ્ઞાન-દર્શન આનંદની નિર્મળ ક્રિયા થાય છે તેમાં હું છું, પણ રાગની ક્રિયામાં હું નથી.

☞ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા પછી અંતરના અભેદ ચૈતન્યમાત્ર સ્વભાવનો અનુભવ કરવો તેમાં જુદી જ જાતનો પુરુષાર્થ છે, તે અંતર્ક્રિયામાં સ્વભાવનો અપૂર્વ પુરુષાર્થ છે. અનાદિના ભવસાગરનો અંત આવા અપૂર્વ પુરુષાર્થથી જ થાય છે. જો સ્વભાવના અપૂર્વ પુરુષાર્થ વગર જ ભવસાગરથી તરી જવાતું હોત તો તો બધાય જીવો મોક્ષમાં ચાલ્યા જાત!—પણ સ્વભાવના અપૂર્વ પ્રયત્ન વગર આ સમજાય એમ કદી બનતું નથી, અને આ સમજ્યા વગર કદી કોઈ જીવના ભવભ્રમણનો અંત આવતો નથી, માટે અંતરની રુચિ અને ધીરજપૂર્વક સ્વભાવ સમજવાનો ઉદ્યમ કરવો જોઈએ.

☞ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમ્યગ્દર્શનનો અપૂર્વ ઉપાય બતાવતાં ભવ્ય જીવને કહે છે કે : ‘હે ભવ્ય! તું અરિહંત ભગવાનના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખ...તે ઓળખતાં તને તારા આત્માની ખબર પડશે કે ‘હું પણ અરિહંતની જ જાતનો છું, અરિહંત ભગવંતોની પંક્તિમાં બેસું એવો મારો સ્વભાવ છે, —આમ આત્મસ્વભાવને ઓળખીને તેમાં એકાગ્ર થતાં અપૂર્વ સમ્યગ્દર્શન થશે.

☞ પહેલામાં પહેલું શું કરવું તેની આ વાત છે અનાદિના અજ્ઞાની જીવને નાનામાં નાનો જૈનધર્મી બનવાની એટલે કે અવિરત સમ્યગ્દ્રષ્ટિ થવાની આ વાત છે. મુનિ કે શ્રાવક થયા પહેલાં આત્માની કેવી શ્રદ્ધા હોવી જોઈએ તેની આ વાત છે. આ સમ્યક્શ્રદ્ધારૂપી ભૂમિકા વગર શ્રાવકપણું કે મુનિપણું કાંઈ સાચું હોતું નથી. હજી વસ્તુસ્વરૂપ શું છે તે સમજ્યા વગર ઉતાવળા થઈને બાહ્યત્યાગ કરવા માંડે ને પોતાને મુનિપણું વગેરે માની લ્યે તેને તો ધર્મની રીતની કે ધર્મના ક્રમની ખબર નથી.

☞ જેણે અંતરમાં પોતાના આત્મસ્વભાવનું ભાન કર્યું છે તેને તે ભાન સદાય વર્ત્યા જ કરે છે. આત્માના વિચારમાં હોય ત્યારે જ સમ્યગ્દર્શન રહે અને બીજા વિચારમાં હોય ત્યારે સમ્યગ્દર્શન ચાલ્યું જાય—એમ નથી. સમકિતીને શુભ-અશુભ ઉપયોગ વખતે પણ

આત્મભાન ભૂલાતું નથી, સમ્યગ્દર્શન છૂટતું નથી તેમ જ દૂષિત થતું નથી; ક્ષણેક્ષણે તેને સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન વર્ત્યા જ કરે છે—આત્મા જ તે-રૂપે પરિણમી ગયો છે. આત્માનું ભાન થયા પછી તે ગોખવું ન પડે-યાદ રાખવું ન પડે, પણ આત્મામાં તેનું સહજ પરિણમન થઈ જાય છે, ઊંઘમાં પણ આત્મભાન ભુલાતું નથી. આ રીતે ધર્મીને ચોવીસે કલાક સમ્યગ્દર્શનરૂપ ધર્મ થયા જ કરે છે. આવું આત્મભાન પ્રગટ કરવું તે જ જીવનમાં સૌથી પ્રથમ કરવાનું છે.

☞ આ તો આત્માની મુક્તિ મળે તેવી વાત છે. તે સમજવા માટે અંતરમાં હોંશ અને ઉત્સાહ જોઈએ. પૈસામાં સુખ નથી છતાં જેને પૈસાનો પ્રેમ છે તે પૈસા મળવાની વાત કેવી હોંશથી સાંભળે છે! તો આત્મા સમજવા માટે અપૂર્વ હોંશથી આત્માની દરકારપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. સત્સમાગમે પરિચય કર્યા વગર ઉતાવળથી આ વાત જાય એમ નથી. 'આ જ મારે કરવા જેવું છે' એમ ધીરો થઈને આ વાત પકડવા જેવી છે.

☞ અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયનો નિર્ણય જ્ઞાનના અંતર્મુખી પુરુષાર્થ વડે થાય છે; અને તેનો નિર્ણય કરતાં આત્માના વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ થઈને સમ્યગ્દર્શન પ્રગટે છે ને મોહનો ક્ષય થાય છે. માટે હે જીવો! પુરુષાર્થ વડે અરિહંત ભગવાનને ઓળખો.

☞ જે જીવે અરિહંત ભગવાનના પરિપૂર્ણ સામર્થ્યને પોતાના જ્ઞાનમાં લીધું તેણે પોતાના આત્મામાં પણ તેવા પરિપૂર્ણ સામર્થ્યનો સ્વીકાર કર્યો અને તેનાથી ઓછાનો કે વિકારનો નિષેધ કર્યો.

☞ અરિહંત ભગવાનમાં અને આ આત્મામાં નિશ્ચયથી તફાવત નથી. તેથી જેણે અરિહંતના આત્માનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું તેને એમ થાય છે કે 'અહો! મારા આત્માનું વાસ્તવિક સ્વરૂપ પણ આવું જ છે, આ સિવાય બીજા વિપરીતભાવો તે મારું સ્વરૂપ નથી.'-આમ જાણીને પોતાના આત્મા તરફ વળતાં તે જીવના મોહનો નાશ થઈ જાય છે.

☞ અરિહંત ભગવાનને ખરેખર ક્યારે જાણ્યા કહેવાય?—અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય સાથે પોતાના આત્માને મેળવીને, જેવો અરિહંતનો સ્વભાવ તેવો જ મારો સ્વભાવ–એમ જો નિર્ણય કરે તો જ અરિહંત ભગવાનને ખરેખર જાણ્યા કહેવાય. અને આ રીતે અરિહંત ભગવાનને જાણે તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહીં.

☞ જેણે અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને લક્ષમાં લીધા તે જ્ઞાનમાં એવું સામર્થ્ય છે કે પોતાના આત્મામાંથી વિકારનો અને અપૂર્ણતાનો નિષેધ કરીને સ્વભાવસામર્થ્યને સ્વીકારે છે ને મોહનો ક્ષય કરે છે.

☞ જે જીવ અરિહંત ભગવાનના આત્માને બરાબર જાણે છે તે જીવ પોતાના ચૈતન્ય સામર્થ્યની સન્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે;—એટલે અરિહંત ભગવાનને જાણનાર જીવ અરિહંતનો લઘુનંદન થાય છે.

☞ ધર્મી જીવે પોતાના હૃદયમાં અરિહંત ભગવાનને સ્થાપ્યા છે, તેના અંતરમાં કેવળજ્ઞાનનો મહિમા કોતરાઈ ગયો છે. અને આવું પરમ મહિમાવંત કેવળજ્ઞાન પ્રગટવાનું સામર્થ્ય મારા આત્મામાં ભર્યું છે—એવી તેને સ્વસન્મુખ પ્રતીતિ વર્તે છે.

☞ કેવળજ્ઞાનનો યથાર્થ નિર્ણય કરવાનું સામર્થ્ય શુભ વિકલ્પમાં નથી પણ જ્ઞાનમાં જ તે સામર્થ્ય છે. કેવળજ્ઞાનનો યથાર્થ નિર્ણય કરનારું જ્ઞાન પોતાના સ્વભાવસન્મુખ થઈ જાય છે.

☞ જે જીવ અરિહંત ભગવાનના કેવળજ્ઞાનનો નિર્ણય કરે તે જીવ રાગને આત્માનું સ્વરૂપ માને નહિ એટલે રાગથી ધર્મ થવાનું માને નહિ;—કેમ કે કેવળજ્ઞાનીને રાગ નથી અને જેવું કેવળજ્ઞાનીનું સ્વરૂપ છે તેવું જ પોતાનું પરમાર્થ સ્વરૂપ છે.

☞ જે જીવો માત્ર પોતાની કુળપરંપરાથી જ અરિહંતદેવને મહાન માને છે, પણ અરિહંત ભગવાનના જીવનું સ્વરૂપ શું તે ઓળખતા નથી

તેમને મિથ્યાત્વ ટળતું નથી ને ધર્મ થતો નથી. માટે અરિહંત ભગવાનના આત્માનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે ઓળખવું જોઈએ. અરિહંત ભગવાનના આત્માનું વાસ્તવિક સ્વરૂપ ઓળખે તે મિથ્યાદૃષ્ટિ રહે જ નહિ.

જે જાણતો અર્હન્તને ગુણ દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.

☞ જેણે મોહનો ક્ષય કરવો હોય તેણે શું કરવું? કે અરિહંત ભગવાનનો આત્મા કેવો છે, તેમના ગુણોનું સામર્થ્ય કેવું છે અને તેમની કેવળજ્ઞાનાદિ પર્યાયનું શું સ્વરૂપ છે તે નક્કી કરવું; તે નક્કી કરતાં પોતાના આત્માનું વાસ્તવિકસ્વરૂપ પણ તેવું જ પરિપૂર્ણ છે એવી સમ્યક્પ્રતીતિ થાય છે અને મોહનો નાશ થઈ જાય છે.

☞ અહીં, અરિહંત ભગવાન આ આત્માના ધ્યેયરૂપ–આદર્શરૂપ છે. જેમ અરીસામાં જોતાં પોતાની મુદ્રા દેખાય છે તેમ અરિહંત ભગવાન આ આત્માના અરીસા સમાન છે; અરિહંત ભગવાનનું સ્વરૂપ ઓળખતાં આત્માનું પરિપૂર્ણસ્વરૂપ કેવું છે તે ઓળખાય છે. અરિહંત ભગવાનને જે કેવળજ્ઞાનાદિ પ્રગટ્યા છે તે પ્રગટવાનું મારા આત્મામાં સામર્થ્ય છે, અને જે રાગાદિભાવો અરિહંત ભગવાનના આત્મામાંથી ટળી ગયા તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આ રીતે અરિહંત ભગવાનને ઓળખતાં પોતાના સ્વભાવસામર્થ્યની પ્રતીતિ થાય છે અને વિકારીભાવોથી ભેદજ્ઞાન થાય છે.

☞ આચાર્યદેવ કહે છે કે ભાઈ! અમારે તને તારું શુદ્ધ સ્વરૂપ બતાવવું છે; વિકાર કે અપૂર્ણતા તે તારું ખરું સ્વરૂપ નથી, તારું ખરું સ્વરૂપ તો વિકારરહિત, શુદ્ધ પરિપૂર્ણ છે–તે અમારે દર્શાવવું છે. અને એ શુદ્ધ આત્મસ્વરૂપના પ્રતિબિંબ સમાન શ્રી અરિહંત ભગવાન છે કેમ કે તેઓ સર્વ પ્રકારે શુદ્ધ છે.—માટે હે ભાઈ! તું અરિહંત ભગવાનના આત્માને ઓળખ, અને તારા આત્માને પણ તેવો જ જાણ.

☞ આ આત્માને દ્રવ્ય-ગુણ તો સદાય શુદ્ધ છે ને પર્યાયની શુદ્ધતા નવી પ્રગટ કરવાની છે. પર્યાયની શુદ્ધતા પ્રગટ કરવા માટે દ્રવ્ય-ગુણ અને પર્યાયની શુદ્ધતાનું સ્વરૂપ કેવું છે તે જાણવું જોઈએ. અરિહંત ભગવાનનો આત્મા દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણે પ્રકારે શુદ્ધ છે, તેમના સ્વરૂપને જાણતા પોતાના શુદ્ધ સ્વભાવની પ્રતીતિ થાય છે અને પર્યાયમાં શુદ્ધતા થવા માંડે છે.

☞ અરિહંત ભગવાનનો આત્મા પરિસ્પષ્ટ છે, સર્વપ્રકારે ચોખ્ખો છે, તેમને જાણતાં એમ થાય છે કે–અહો! આ તો મારા શુદ્ધ સ્વભાવનું જ પ્રતિબિંબ છે, મારું સ્વરૂપ આવું જ છે—આમ યથાર્થ પ્રકારે આત્મસ્વભાવનું ભાન થતાં શુદ્ધ સમ્યક્ત્વ પ્રગટે છે.

☞ અરિહંત ભગવાનને રાગનો અત્યંત અભાવ થઈને પરિપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટી ગયું છે. તે કેવળજ્ઞાનમાં જે જણાયું તે ફરે નહિ;– આવો નિર્ણય કરવામાં ભગવાનના કેવળજ્ઞાનની પ્રતીતિ આવી જાય છે, અને કેવળજ્ઞાનની પ્રતીતિ કરતાં પોતાનું પરિપૂર્ણ જ્ઞાનસામર્થ્ય થાય છે. આ રીતે કેવળજ્ઞાનનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્દર્શનનું કારણ છે.

☞ અરિહંત ભગવાનના નિર્ણયમાં કેવળજ્ઞાનનો નિર્ણય આવ્યો, કેવળજ્ઞાનના નિર્ણયમાં આત્માના જ્ઞાનસ્વભાવનો નિર્ણય આવ્યો, અને જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં કેવળજ્ઞાનસન્મુખનો અનંત પુરુષાર્થ આવ્યો.

☞ સર્વજ્ઞપરમાત્મા અરિહંત ભગવાનને જે જીવ નથી ઓળખતો તે કેવળજ્ઞાનને ઓળખતો નથી; અને જે કેવળજ્ઞાનને નથી ઓળખતો તે આત્માના જ્ઞાનસ્વભાવને પણ નથી ઓળખતો; જ્ઞાનસ્વભાવની ઓળખાણ વગર તેને કદી ધર્મ થતો નથી. માટે જેણે ધર્મ કરવો હોય તેણે અરિહંત ભગવાનના સ્વરૂપને બરાબર ઓળખવું જોઈએ.

☞ અરિહંત ભગવાનનો અને મારો આત્મા નિશ્ચયથી સમાન છે— આમ જે જીવ ઓળખે, તેને એવી નિઃશંકતા થઈ જાય છે કે જેમ

અરિહંત ભગવાન પોતાના પુરુષાર્થ વડે મોહનો ક્ષય કરીને પૂર્ણદશા પામ્યા તેમ હું પણ મારા પુરુષાર્થના જોરે મોહનો ક્ષય કરીને પૂર્ણદશા પામવાનો છું. મોહની સેના ઉપર વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે.

☞ બધા આત્માઓ અરિહંત જેવા જ છે; અરિહંત જેવું પોતાનું સ્વરૂપ જે સમજવા માગે તે સમજી શકે છે. અંતરના સ્વભાવની રુચિ અને મહિમા આવ્યા વગર જીવ તેની પ્રાપ્તિનો પ્રયત્ન કરે નહિ. અરિહંત જેવું પોતાનું સ્વરૂપ જે પ્રાપ્ત કરવા માગે તે અવશ્ય કરી શકે છે. તે સ્વરૂપ પ્રાપ્તિ માટે અંતર્મુખદશાનો અપૂર્વ પ્રયત્ન જોઈએ.

☞ હે જીવ! તારે તારું સારું કરવું છે ને?...તો આ જગતમાં તું એ શોધી કાઢ કે જગતમાં સૌથી સારું કોણે કર્યું છે?—પૂર્ણ હિત કોણે પ્રગટ કર્યું છે?....

અરિહંત ભગવંતો આ જગતમાં સંપૂર્ણ સુખી છે, તેમણે આત્માનું સંપૂર્ણ સારું કર્યું છે. અરિહંત ભગવાને કઈ રીતે આત્માનું સારું કર્યું?....પહેલાં પોતાના આત્મસ્વભાવને પરિપૂર્ણ જાણીને તે સ્વભાવના આશ્રય વડે મોહનો ક્ષય કર્યો, —આ રીતે અરિહંત ભગવંતોએ આત્માનું સારું કર્યું. અરિહંત જેવા પોતાના આત્મસ્વભાવને જાણ્યો ને પછી તેમાં લીન થઈને મોહનો ક્ષય કરીને વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ કર્યાં, તેથી તે અરિહંત ભગવંતો સુખી છે.

તેમના આત્માની તે કેવળજ્ઞાનદશા ક્યાંથી આવી?

ત્રિકાળી દ્રવ્ય ગુણનું જે સ્વભાવસામર્થ્ય છે તેમાંથી જ તે દશા પ્રગટી છે.

હે જીવ! તારા દ્રવ્ય-ગુણમાં પણ અરિહંત ભગવાન જેવું જ સ્વભાવસામર્થ્ય છે, તે સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં તું સ્થિરતા કર, તો તને તારા દ્રવ્ય-ગુણમાંથી કેવળજ્ઞાન અને પૂર્ણ સુખમયદશા

પ્રગટે, —આ જ આત્માનું સારું કરવાનો ઉપાય છે.

દુનિયામાં પોતાનું સારામાં સારું કરનારા તો ભગવાન અરિહંત છે, તેમને જ તું તારા આદર્શરૂપે રાખ.

☞ અહો! જેમને મોહ નથી, અવતાર નથી, મરણ નથી, વિકલ્પ નથી, પરની ઉપાધિ નથી, ભૂખ-તરસ નથી, શોક નથી, જેમને દિવ્ય કેવળજ્ઞાન અને સંપૂર્ણ અતીન્દ્રિય સુખ પ્રગટી ગયું છે તથા જેઓ કૃતકૃત્ય છે–આવા અરિહંત ભગવાન જ આત્માના અરીસા સમાન છે, તેઓ જ સાચા આદર્શરૂપ છે. તે અરિહંત ભગવાનના સ્વરૂપને જાણતાં પોતાના સ્વરૂપનું પ્રતિબિંબ જણાય છે.—એ રીતે અરિહંત ભગવાન જેવા પોતાના આત્માને જાણીને તેને ધ્યાવતાં ધ્યાવતાં, જીવ પોતે પણ મોહરૂપી અરિને હણીને તેને અરિહંત થઈ જાય છે—આ અરિહંત થવાનો ઉપાય! અનંત તીર્થંકરોએ આ જ ઉપાય કર્યો છે અને દિવ્યધ્વનિમાં પણ એવો જ ઉપદેશ કર્યો છે.

—તે અરિહંત ભગવંતોને નમસ્કાર હો.

[આ લેખનો બીજો ભાગ આપ ૪૩માં પાને વાંચશો]

## ✻ એકલો જાને રે ✻

હે મુમુક્ષુ! તારે મોક્ષ સાધવો છે; મોક્ષ એકલા સધાય છે, કોઈને સાથે રાખીને નહીં, એકત્વસ્વરૂપ આત્માને અનુભવતાં મોક્ષ સધાય છે. માટે એવા અનુભવ વડે મોક્ષમાં એકલો જા.

# ‘ગુણપ્રમોદ અતિશય રહે રહે અંતર્મુખ યોગ’

ગુણીજનોનાં ગુણગાન કરીને સત્સંગની પ્રેરણા આપતા, અને આત્મગુણની પુષ્ટિ કરતા આ દશ બોલ જિજ્ઞાસુને ગમશે.

## (૧) ગુણની પ્રાપ્તિ

સમ્યગ્દૃષ્ટિને જ્યાં પોતાના અનંત આત્મિક ગુણોનું સ્વામિત્વ પ્રગટ્યું ત્યાં વિકારનું સ્વામિત્વ તેને કેમ રહે? ગુણની પ્રાપ્તિ જેને થઈ તે દોષનો સ્વામી કેમ થાય? અહા, અનંતગુણનિધાન આત્મા જેણે દેખ્યો તેના આહ્‌લાદની શી વાત!

## (૨) ગુણની પુષ્ટિ

ધર્માત્મા–ગુણીજનોના આશ્રયનો જેનો ભાવ છે તેના ભાવમાં ગુણની વૃદ્ધિ થાય છે ને દોષની હાનિ થાય છે. ધર્માત્માના સમ્યક્‌ત્વ–વૈરાગ્ય વગેરે ગુણો પ્રત્યેની પરમપ્રીતિ–બહુમાન તે મુમુક્ષુને પણ તેવા ગુણોની પ્રાપ્તિનું ને પુષ્ટિનું કારણ થાય છે.

## (૩) ગુણની પ્રીતિ

ગુણ અને દોષ વચ્ચે જેને વિવેક છે એટલે જેને ગુણ ગમે છે ને દોષ નથી ગમતા, તે જીવ જ્યાં ગુણને દેખે ત્યાં ઉત્સાહથી જાય છે એટલે કે ગુણીજનોનો સત્સંગ તેને ગમે છે, દોષનો પોષક એવો કુસંગ તેને ગમતો નથી.

## (૪) ગુણીજનોની છાયામાં વસવું

પ્રવચનસારમાં ગુણીજનોના સત્સંગનો ઉપદેશ આપતાં શ્રમણને

સંબોધીને કહે છે કે જો શ્રમણ દુઃખથી પરિમુક્ત થવા ઈચ્છતો હોય તો તે સમાનગુણવાળા શ્રમણના સંગમાં અથવા અધિક ગુણવાળા શ્રમણના સંગમાં નિત્ય વસો. સમાનગુણવાળાના સંગથી ગુણની રક્ષા થાય છે ને અધિકગુણવાળાના સંગથી ગુણની વૃદ્ધિ થાય છે. (આ વાત બધા મુમુક્ષુજીવોને લાગે પડે છે.)

## (૫) સત્પુરુષની પ્રસન્નતા

શ્રીમદ્ રાજચંદ્રજી જગત કરતાં સત્પુરુષનો વિશેષ મહિમા બતાવતાં કહે છે કે–

દેવ-દેવીની તુષમાનતાને શું કરીશું?
જગતની તુષમાનતાને શું કરીશું?
તુષમાનતા સત્પુરુષની ઈચ્છો.

## (૬) આત્મજ્ઞ સંતોની ઉપાસના

જીવે આત્માનું શુદ્ધ એકત્વસ્વરૂપ કદી જાણ્યું નથી, અને તે એકત્વસ્વરૂપને અનુભવનારા આત્મજ્ઞ સન્તની ઉપાસના કદી કરી નથી. જો આત્મજ્ઞ પુરુષને ઓળખીને તેની ઉપાસના કરે તો પોતાને પણ એકત્વસ્વરૂપની અનુભૂતિ થાય જ. એકત્વસ્વભાવના અતીન્દ્રિય આનંદના પ્રચુર સંવેદનરૂપ આત્મવૈભવ જેમને પ્રગટ્યા છે એવા સંતો આત્માનું એકત્વસ્વરૂપ દેખાડે છે, તેને ઓળખતાં આત્મવૈભવ પ્રગટે છે, આત્મજ્ઞસંતની ઉપાસના કરે અને આત્મવૈભવ ન પ્રગટે એમ બને નહિ.

## (૭) ગુણની અનુમોદના

✻ ગુણીજનનું અનુમોદન કરનાર આગળ વધે છે; ઈર્ષા કરનાર અટકી જાય છે.

✻ ગુણની જેણે ઈર્ષા કરી તેને દોષ વહાલા લાગ્યા, એટલે તે તો દોષમાં અટકી જશે.

✻ ગુણની જેણે અનુમોદના કરી તેને ગુણ વહાલા લાગ્યા, એટલે તે દોષથી પાછો ફરીને ગુણમાં આગળ વધે છે.

## (8) गुणीषु प्रमोदं

સમ્યક્ત્વાદિ રત્નત્રયગુણના ધારક એવા ગુણીજનો પ્રત્યે ધર્મીને પ્રમોદ હોય છે; એ રત્નત્રયને તથા તેના આરાધક ગુણીજનોને દેખીને તેને અંતરમાં પ્રેમ–હર્ષ–ઉત્સાહ ને બહુમાન જાગે છે, તેને વાત્સલ્ય ઉલ્લસે છે. ગુણીજનો પ્રત્યે જેને પ્રમોદ ન આવે, તો સમજવું કે તે જીવને ગુણના મહિમાની ખબર નથી, તેને પોતામાં ગુણ પ્રગટ્યા નથી. પોતામાં જેને ગુણ પ્રગટ્યા હોય તેને તેવા ગુણ બીજામાં દેખતાં પ્રમોદ આવ્યા વિના રહે નહિ.

## (૯) ગુણીજનોનો સંગ

ભગવતી–આરાધનામાં કહે છે કે ચારિત્રરહિત તથા જ્ઞાનદર્શનથી રહિત એવા ભ્રષ્ટ મુનિઓ લાખો–કરોડો હોય તોપણ તેના કરતાં સુશીલ એવા ઉત્તમ આચારના ધારક એક જ હોય તે શ્રેષ્ઠ છે; કેમ કે સુશીલ એવા જે ભાવલિંગી તેના આશ્રયે શીલ એટલે કે દર્શન -જ્ઞાન-ચારિત્ર વૃદ્ધિને પામે છે. (ભાવાર્થ–) જેનાથી સત્યાર્થ ધર્મ પ્રવર્તે તે તો એક પણ શ્રેષ્ઠ છે; પરંતુ જેનાથી સત્યાર્થ ધર્મ નષ્ટ થાય, ને વિપરીત માર્ગ પ્રવર્તે એવા લાખો-કરોડો પણ શ્રેષ્ઠ નથી.

(ભગવતી આરાધના ગા. ૩૫૯)

## (૧૦) ગુણીજનોના આશ્રયે ગુણની પુષ્ટિ

કોઈ એમ કહે કે, સત્યાર્થ સંયમી તો અમારો આદર કરતા નથી, ને પાર્શ્વસ્થ (ભ્રષ્ટ) મુનિ બહુ આદર કરે છે, પ્રીતિ કરે છે! –તો તેને કહે છે કે ભાઈ! દુર્જન વડે કરવામાં આવતી જે પૂજા–આદર તેનાં કરતાં સંયમીજનો વડે કરવામાં આવતું અપમાન પણ શ્રેષ્ઠ છે; કેમ કે દુર્જનની સંગતિ તો આત્માના જ્ઞાન-દર્શનનો નાશ કરે છે,

**ને સંયમીઓની સંગતિ આત્માના જ્ઞાન-દર્શનાદિક સ્વભાવને પ્રગટ કરે છે, ઉજ્જ્વળ કરે છે. (ભગવતી આરાધના ગા. ૩૬૦)**

**માટે શ્રેષ્ઠ ગુણધારક સન્તજનોનો જ આશ્રય કરો એવો ઉપદેશ છે.**

**‘આત્મહિતકાર સત્સંગનો જય હો’**

આત્માનો સ્વાનુભવ થતાં સમકિતી જીવ કેવળજ્ઞાની જેટલો જ નિઃશંક જાણે છે કે આત્માનો આરાધક થયો છું ને પ્રભુના માર્ગમાં ભળ્યો છું, સ્વાનુભવ થયો ને ભવકટી થઈ ગઈ; હવે અમારે આ ભવભ્રમણમાં રખડવાનું હોય નહિ. આ રીતે અંદરથી આત્મા પોતે જ સ્વાનુભવના પડકાર કરતો જવાબ આપે છે.

# અનુભવનો...ઉપદેશ

માતાની જેમ વાત્સલ્યથી હિતની શિખામણ આપતાં આચાર્યદેવ કહે છે કે ભાઈ! આવો અવસર પામીને તું દેહાદિથી ભિન્ન તારું ચૈતન્યતત્ત્વ દેખ. જીવનમાં આ જ કરવા જેવું છે. અરે, તેં દુનિયાને દેખી, પણ દેખનારા એવા તને પોતાને તેં ન દેખ્યો. પરની પ્રસિદ્ધિ કરી પણ પોતાની પ્રસિદ્ધિ ન કરી. અહા, ચૈતન્યતત્ત્વ એવા આનંદથી ભરેલું છે કે જેના સ્મરણમાત્રથી શાંતિ મળે, તો તેના સીધા અનુભવના આનંદની તો શી વાત? પોતે પોતાને જાણતાં પરમ આનંદ થાય છે. અરે, આત્માના અનુભવનો આવો સરસ યોગ ને ઉત્તમ ઉપદેશ, તે પામીને હવે ઉત્કૃષ્ટ પ્રયત્ન વડે આત્માને અનુભવમાં લે...એકવાર આત્માની ખુમારી ચડાવીને ઉદ્યમ કર.

(સમયસાર કલશ : ૨૩ ઉપરના પ્રવચનમાંથી)

ભાઈ, તને આનંદસહિત આત્માનો અનુભવ થાય ને તારો મોહ તૂટે–એવી વાત સંતો તને સંભળાવે છે.

હે ભાઈ! આ ચૈતન્યતત્ત્વ અંદરમાં દેહથી ભિન્ન, આનંદથી ભરેલું કેવું છે તેનો અનુભવ કરવા માટે તું કુતૂહલ કર...જગતના બાહ્યપદાર્થોમાં તને આશ્ચર્ય લાગે છે ને તેને જોવાનું કુતૂહલ થાય છે, પણ અંદરમાં ચૈતન્યતત્ત્વ મહા આશ્ચર્યકારી છે તેને જોવાનું કુતૂહલ કર. બહારના પદાર્થોને તો જાણવામાં કાંઈ આનંદ નથી, અંદર ચૈતન્યતત્ત્વ એવું છે કે જેને જાણતાં આનંદ થાય છે. અહો, આવું આનંદકારી ચૈતન્યતત્ત્વ તેને

જાણવા માટે એકવાર તો એવી દરકાર કર–કે મરણ જેટલાં કષ્ટ આવે તોપણ તેના અનુભવનો પ્રયત્ન છૂટે નહિ.

અરે, જગતની ચાહના છોડીને ચૈતન્યની ચાહના તો કર. આ જગતના પદાર્થોને જાણવામાં તને કુતૂહલ થાય છે પણ એ બધાયનો જાણનારો તું પોતે કોણ છો? તેને જાણવામાં તો જિજ્ઞાસા કર. અનંતકાળથી નહિ જાણેલું એવું આ ગુપ્ત ચૈતન્યતત્ત્વ, તેને જાણવા માટે અંદર ડોકિયું તો કર. અહા, આનંદથી વિલસી રહેલું ચૈતન્યતત્ત્વ જોતાં જ પરદ્રવ્યો ઉપરથી તારો મોહ છૂટી જશે; પરદ્રવ્ય મારું એવી તારી મોહબુદ્ધિ છૂટી જશે ને તને તારું ચૈતન્યતત્ત્વ પરદ્રવ્યોથી જુદું વિલસતું–શોભતું દેખાશે. ભગવાને જેવો ઉપયોગસ્વરૂપ આત્મા જોયો છે તેવો આત્મા તારા અંતરમાં વિલસી રહ્યો છે, તે તને દેહથી જુદો અનુભવમાં આવશે, અને એને દેખીને તું આનંદિત થઈશ.

“મરીને પણ તું આવા તત્ત્વને દેખ” એટલે એવો ઉગ્ર પ્રયત્ન કર કે મરણ જેટલી પ્રતિકૂળતા ઊભી થાય તોપણ દેહથી જુદા આત્માને અંતરમાં દેખવાની ધગશ છૂટે નહિ. “મરીને પણ” એટલે આત્માને તો કાંઈ મરણ નથી, પરંતુ મરીને પણ એટલે કે દેહની દરકાર છોડીને, દેહથી ભિન્ન આત્માને જાણવાની દરકાર કર. દેહની જેટલી દરકાર કરી તેના કરતાં અનંતગુણી આત્માની દરકાર કરીને આત્માને જાણ. આવી સાચી ધગશથી પ્રયત્ન કરીશ તો જરૂર અંદર તને દેહથી જુદો આત્માનો વિલાસ દેખાશે;–કે જેને જોતાં જ દેહ સાથે એકમેકપણાનો તારો મોહ તરત જ છૂટી જશે. અરે જીવ! તું વિચાર તો કર કે—

“હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ મારું છે ખરું?”

શું આ દેહ હું છું? શું લક્ષ્મી હું છું? શું આ કુટુંબ વગેરે હું છું?–નહિ, એ તો બધા સંયોગી પદાર્થો છે, તે તો આવે છે ને પાછા ચાલ્યા જાય છે; આત્મા તો સદા ટકનાર અસંયોગી વસ્તુ છે. કોઈ સંયોગમાં એનું સુખ નથી. સુખસ્વરૂપ તો આત્મા પોતે જ છે. બહારમાંથી સુખ શોધવા જતાં પોતે પોતાના સુખસ્વભાવને ભૂલી જાય છે. ભાઈ, તારું સુખ તો કાંઈ

બીજામાંથી આવે? સુખસ્વરૂપ તો આત્મા પોતે છે, પોતે પોતાને જાણતાં આનંદ થાય છે. પણ એને માટે આ દુનિયાની દરકાર છોડીને ચૈતન્યદરિયામાં ડૂબકી માર.

અરે, તેં દુનિયાને દેખી, પણ દેખનારા એવા તને પોતાને તેં ન દેખ્યો! પરની પ્રસિદ્ધિ કરી કે 'આ છે' પણ પોતાની પ્રસિદ્ધિ ન કરી કે–'આ જાણનારો હું છું.' જાણનારને જાણ્યા વગર આનંદ થાય નહિ. અહા, ચૈતન્યતત્ત્વ એવા આનંદથી ભરેલું છે કે જેના સ્મરણમાત્રથી પણ શાંતિ મળે, તો તેના સીધા અનુભવના આનંદની તો શી વાત?

તારો આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે, તે મૂર્તદ્રવ્યોથી જુદો છે. રાગથી જુદો છે. મૂર્તદ્રવ્યોનો તું પાડોશી થઈ જા. પાડોશી એટલે જુદો; ચૈતન્યપ્રકાશની અપેક્ષાએ રાગ પણ અચેતન છે, તે પણ ચૈતન્ય સાથે એકમેક નથી પણ ભિન્ન છે. શરીર અને રાગ બધાને એકકોર–એકબાજુ રાખીને, આ બાજુથી બધાથી ભિન્ન તારા ચૈતન્યતત્ત્વને દેખ; અરે, આત્માના અનુભવનો આવો સરસ યોગ, ને ભેદજ્ઞાનનો આવો ઉત્તમ ઉપદેશ, તે પામીને હવે એકવાર આત્માને અનુભવમાં લે; પ્રયત્ન કરીને આત્માને દેહાદિથી ભિન્ન જાણ.

# અરિહંત ભગવાનને ઓળખો [૨]

णमो अरिहंताणं।

णमो सिद्धाणं।

णमो आइरियाणं।

णमो उवज्झायाणं।

णमो लोए सव्वसाहूणं।

અરિહંતદેવના સાચા અનુયાયી બનવા માટે એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરીને સાચા જૈન બનવા માટે અરિહંત ભગવાનનું સાચું સ્વરૂપ ઓળખવું જોઈએ. અરિહંત ભગવાનના સ્વરૂપની સાચી ઓળખાણમાં કેટલી બધી ગંભીરતા છે અને તેનું ફળ કેટલું મહાન છે તે આપણને આ લેખમાં દેખાશે. અરિહંતદેવની ઓળખાણનો પહેલો લેખ આપણે પૃ. ૨૩માં વાંચ્યો, આ બીજો લેખ છે.

☞ શ્રી અરિહંત ભગવાનને નમસ્કાર હો.

☞ જેણે પોતાના આત્માનું અપૂર્વ હિત કરવું હોય તેણે પોતાના આત્માનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે ઓળખવું જોઈએ; અને તે ઓળખવા માટે અરિહંત ભગવાનનું સ્વરૂપ ઓળખવું જોઈએ. અરિહંત ભગવાનને ઓળખતાં આત્માનું વાસ્તવિક સ્વરૂપ ઓળખાય છે.

☞ અરિહંત ભગવાનના આત્માને જાણતાં અનુમાન–પ્રમાણથી પોતાના શુદ્ધસ્વરૂપનું જ્ઞાન થાય છે કે અહો! મારા આત્માનું સ્વરૂપ તો આવું સર્વ પ્રકારે શુદ્ધ છે, પર્યાયમાં વિકાર તે મારું ખરું સ્વરૂપ

નથી, અરિહંતમાં જે નથી તે મારું સ્વરૂપ નથી, જેટલું અરિહંતમાં છે તેટલું જ મારા સ્વરૂપમાં છે, નિશ્ચયથી મારામાં અને અરિહંતમાં કાંઈ ફેર નથી, –આવી આત્મપ્રતીતિ થતાં અજ્ઞાન અને વિકારનું કર્તૃત્વ છૂટીને જીવ પોતાના સ્વભાવ તરફ વળ્યો એટલે સ્વભાવમાં પર્યાયની એકતા થતાં સમ્યગ્દર્શન થયું. હવે પુરુષાર્થ દ્વારા તે સ્વભાવના જ આધારે રાગ-દ્વેષનો સર્વથા ક્ષય કરી, અરિહંત ભગવાન જેવી જ પૂર્ણદશા તે જીવ પ્રગટ કરશે.

☞ આ વાત ખાસ સમજવા જેવી છે, આમાં એકલા પરની વાત નથી. અરિહંત ભગવાનને જાણવાનું કહ્યું તેમાં ખરેખર તો આત્માના પૂર્ણ શુદ્ધસ્વરૂપને જાણવાનું કહ્યું છે. અરિહંત ભગવાન જેવો જ આ આત્માનો પૂર્ણ શુદ્ધસ્વભાવ સ્થાપીને તેને જાણવાની વાત કરી છે. જે જીવ પુરુષાર્થ વડે શુદ્ધસ્વભાવને જાણે તેને ધર્મ થાય; જે જીવ આવું જાણવાનો પુરુષાર્થ ન કરે તેને ધર્મ થાય નહિ. આ રીતે આમાં યથાર્થ જ્ઞાન અને પુરુષાર્થ બંને સાથે છે; અને સત્ નિમિત્ત તરીકે અરિહંતદેવ છે–તે વાત પણ આવી જાય છે, અરિહંત ભગવાન સિવાય બીજા કુદેવાદિને જે માનતો હોય તેને મોહક્ષય થતો નથી.

☞ ધ્યાન રાખજો, આ અપૂર્વ વાત છે; આમાં એકલા અરિહંતની વાત નથી પણ પોતાના આત્માને ભેળવીને વાત છે. અરિહંત ભગવાન સાથે પોતાના આત્માની એમ મેળવણી કરવી જોઈએ કે : 'અહો! આ આત્મા તો કેવળજ્ઞાનસ્વરૂપ છે, તેમને પૂર્ણ જ્ઞાનસામર્થ્ય છે, ને વિકાર જરાપણ નથી; મારો આત્મા પણ અરિહંત જેવા જ સ્વભાવવાળો છે.

☞ –આવી પ્રતીત જેણે કરી તેને હવે સ્વદ્રવ્ય તરફ જ વળવાનું રહ્યું, પણ નિમિત્તો તરફ વળવાનું ન રહ્યું, કેમ કે પોતાની પૂર્ણદશા પોતાના સ્વભાવમાંથી આવે છે, નિમિત્તમાંથી આવતી નથી; તેમ જ તેને પુણ્ય-પાપ તરફ કે અધૂરી દશા તરફ પણ જોવાનું ન

રહ્યું, કેમ કે વિકાર કે અપૂર્ણતા તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી, તેમાંથી પૂર્ણદશા આવતી નથી. જેમાં પૂર્ણદશા પ્રગટવાનું સમર્થ્ય છે એવા પોતાના દ્રવ્ય-ગુણમાં જ પર્યાયની એકાગ્રતા કરવાનું કહ્યું. આવી એકાગ્રતાની ક્રિયા કરતાં કરતાં પર્યાય શુદ્ધ થઈ જાય છે ને મોહ ટળી જાય છે.

☞ –આવી એકાગ્રતાની ક્રિયા કોણ કરે? જેણે પ્રથમ અરિહંત ભગવાનને ઓળખ્યા હોય અને અરિહંત જેવું પોતાના આત્માનું સ્વરૂપ ખ્યાલમાં લીધું હોય, તે જીવ પર્યાયની અશુદ્ધતા ટાળીને શુદ્ધતા પ્રગટ કરવા માટે પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્રતાનો પ્રયત્ન કરે. પરંતુ જે જીવ અરિહંત ભગવાનને ઓળખતો નથી, અરિહંત જેવા પોતાના સ્વરૂપને ઓળખતો નથી અને પુણ્ય-પાપને જ પોતાનું સ્વરૂપ માની રહ્યો છે તે જીવ અશુદ્ધતા ટાળીને શુદ્ધતા પ્રગટ કરવાનો પ્રયત્ન કરે નહિ. માટે સૌથી પહેલાં આત્માનું શુદ્ધસ્વરૂપ ઓળખવું જોઈએ, અને તે માટે અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખવા જોઈએ–આ ધર્મની રીત છે.

☞ અત્યારે આ ભરતક્ષેત્રે અરિહંત ભગવાન વિચરતા નથી પરંતુ અહીંથી થોડે દૂર મહાવિદેહ દેશમાં સીમંધર ભગવાન વગેરે તીર્થંકરો અરિહંતપણે સાક્ષાત્ વિચરે છે, ક્ષેત્રથી અમુક અંતર હોવા છતાં ભાવથી પોતે પોતાના જ્ઞાનમાં અરિહંત ભગવાનના સ્વરૂપનો નિર્ણય કરે તો તેમાં ક્ષેત્રનું અંતર નડતું નથી. જેણે અરિહંત ભગવાન જેવા પોતાના આત્મસ્વભાવનો નિર્ણય કર્યો તેને તો પોતાના ભાવમાં અરિહંત ભગવાન સદાય નજીક જ વર્તે છે. 'જેવો અરિહંત તેવો હું' એવી પ્રતીતના જોરે ભાવમાંથી તેણે અરિહંત ભગવાન સાથેનું અંતર તોડી નાખ્યું છે.

☞ કોઈને એમ શંકા થાય કે અત્યારે તો અરિહંત નથી તો તેમનું સ્વરૂપ કઈ રીતે નક્કી થાય?—તેનું સમાધાન : અહીં અરિહંતની હાજરીની વાત નથી કરી પણ અરિહંતનું સ્વરૂપ

જાણવાની વાત કરી છે. અહીં અરિહંતની સાક્ષાત્ હાજરી હોય તો જ તેમનું સ્વરૂપ જાણી શકાય—એમ નથી. અત્યારે આ ક્ષેત્રે અરિહંત ભગવાન નથી પણ મહાવિદેહ ક્ષેત્રે તો અત્યારે પણ અરિહંત ભગવાન સાક્ષાત્ બિરાજે છે, અને જ્ઞાન દ્વારા તેમના સ્વરૂપનો નિઃસંદેહ નિર્ણય અહીં પણ થઈ શકે છે.

☞ સામે અરિહંત ભગવાન સાક્ષાત્ બિરાજતા હોય ત્યારે પણ જ્ઞાન દ્વારા જ તેમનો નિર્ણય થાય છે. પરમઔદારિક શરીર, સમવસરણ, દિવ્યધ્વનિ, તે કાંઈ ખરેખર અરિહંત ભગવાન નથી, એ બધું તો આત્માથી જુદું છે. ચૈતન્યસ્વરૂપ આત્મા તે દ્રવ્ય, જ્ઞાનદર્શનાદિ તેના ગુણો, અને કેવળજ્ઞાન–અતીન્દ્રિય આનંદ વગેરે પર્યાય—આવા દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંત ભગવાનનું સ્વરૂપ ઓળખે તો અરિહંતને ઓળખ્યા કહેવાય.

☞ ક્ષેત્રથી નજીક અરિહંતની હાજરી હોય કે ન પણ હોય તેની સાથે સંબંધ નથી, પણ પોતાના જ્ઞાનમાં તેમના સ્વરૂપનો નિર્ણય છે કે નહિ તેની સાથે સંબંધ છે. ક્ષેત્રથી નજીક અરિહંતપ્રભુ બિરાજતા હોય પરંતુ તે વખતે જો જ્ઞાન વડે જીવ તેમના સ્વરૂપનો નિર્ણય ન કરે તો તે જીવને આત્માનું સ્વરૂપ જણાય નહિ અને તેના માટે તો અરિહંત ભગવાન ઘણા દૂર છે.—અને અત્યારે અહીં ક્ષેત્રથી નજીક અરિહંતપ્રભુ ન હોવા છતાં પણ જો પોતાના જ્ઞાન વડે અરિહંત પ્રભુના સ્વરૂપનો નિર્ણય કરે તો તેને માટે અરિહંતપ્રભુ નજીક હાજરાહજૂર છે.

☞ અત્યારે આ ભરતક્ષેત્રમાં પંચમકાળે સાક્ષાત્ અરિહંત ભગવાનની ગેરહાજરીમાં પણ જે આત્માઓએ પોતાના જ્ઞાનમાં અરિહંત ભગવાનના સ્વરૂપનો (–દ્રવ્ય-ગુણ-પર્યાયનો) ખરો નિર્ણય કર્યો છે અને તેવું જ પોતાનું સ્વરૂપ છે, એમ જાણ્યું છે તેઓને માટે તો અરિહંત ભગવાન સાક્ષાત્ મોજૂદ બિરાજે છે; તેમના હૃદયમાં, તેમના જ્ઞાનમાં ભગવાન બિરાજે છે.

☞ જુઓ, આમાં કોનો મહિમા?–અરિહંત ભગવાનના સ્વરૂપનો નિર્ણય કરનારા જ્ઞાનનો મહિમા છે. ભાઈ રે! આ ક્ષેત્રે અરિહંત નથી, પણ અરિહંતને નક્કી કરનારું તારું જ્ઞાન તો છે ને! તે જ્ઞાનના જોરે અરિહંતનો નિર્ણય કરીને ક્ષેત્રભેદ કાઢી નાખ. જ્ઞાનને નિર્ણય કરવામાં ક્ષેત્રભેદ નડતો નથી–અહો! જ્ઞાનને સ્વસન્મુખ કરીને અરિહંત પ્રભુના વિરહને ભુલાવી દે એવી આ વાત છે.

☞ જેણે પોતાના ભાવમાં ભગવાનને નજીક કર્યો તેને તો ભગવાન સદાય નજીક જ વર્તે છે અને જેણે પોતાના ભાવમાં ભગવાનને દૂર કર્યા (–એટલે કે ભગવાનને ન ઓળખ્યા) તેને ભગવાન દૂર છે–પછી ક્ષેત્રથી ભલે નજીક હો.

☞ દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંત ભગવાનના સ્વરૂપનો નિર્ણય કરતાં આખો સ્વભાવ પ્રતીતમાં આવી જાય છે. અરિહંત ભગવાનને પૂર્ણ નિર્મળદશા પ્રગટી તે ક્યાંથી પ્રગટી? જ્યાં સામર્થ્ય હતું તેમાંથી પ્રગટી. સ્વભાવમાં પૂર્ણ સામર્થ્ય હતું તેની સન્મુખતાથી તે દશા પ્રગટી. મારો સ્વભાવ પણ અરિહંત ભગવાન જેવો પરિપૂર્ણ છે, સ્વભાવસામર્થ્યમાં કાંઈ ફેર નથી. બસ! આવી સ્વભાવસામર્થ્યની પ્રતીત કરતાં જ મોહ ટળે છે ને સમ્યક્ત્વ થાય છે.—આ સમકિતનો ઉપાય છે.

☞ જેમ અરિહંત ભગવાન પોતાના જ્ઞાનમાં બધું જાણે છે, પરંતુ પરદ્રવ્યનું કાંઈ કરતા નથી, તેમ જ રાગ-દ્વેષ-મોહ પણ તેમને નથી, તેમ મારો આત્મા પણ તેવો જ જાણનાર સ્વરૂપી છે;— આમ જ્ઞાનસ્વભાવની પ્રતીત કરવી તે મોહક્ષયનું કારણ છે.

☞ જે જીવ આવી જ્ઞાનસ્વભાવની પ્રતીત ન કરે અને વિપરીત માને તેણે ખરેખર અરિહંત ભગવાનને પણ ઓળખ્યા નથી અને તે અરિહંત ભગવાનનો સાચો ભક્ત નથી.

☞ જેણે અરિહંત ભગવાનના સ્વરૂપને જાણ્યું અને તે દ્વારા પોતાના

આત્મસ્વરૂપનો નિર્ણય કર્યો તે જીવ સમ્યગ્દષ્ટિ ધર્માત્મા છે, તે જ સાચો જૈન છે, તે જિનેશ્વરદેવનો લઘુનંદન છે. પ્રથમ જિનેન્દ્રદેવ જેવો પોતાનો સ્વભાવ છે એવો નિર્ણય કરવો તે જૈનપણું છે અને પછી સ્વભાવના અવલંબને પુરુષાર્થ દ્વારા તેવી પૂર્ણદશા પ્રગટ કરવી તે જિનપણું છે. અરિહંતને ઓળખ્યા વિના, અને તેમના જેવા પોતાના નિજ સ્વભાવને જાણ્યા વિના સાચું જૈનપણું હોઈ શકે નહિ, એટલે ધર્મ થાય નહિ.

☞ અહો! અરિહંત ભગવાન પોતાના સ્વભાવથી જ સ્વયં સુખી છે, ઈન્દ્રિયવિષયો વગર જ તેમનો આત્મા સુખરૂપે પરિણમી રહ્યો છે, માટે સુખ તે આત્માનું જ સ્વરૂપ છે. સ્વભાવથી જ સ્વયમેય સુખરૂપ થયેલા અરિહંત ભગવંતોને આહાર, પાણી, દવા કે વસ્ત્ર વગેરેની જરૂર પડતી નથી; આ પ્રમાણે અરિહંતના આત્માને ઓળખી તેની સાથે પોતાના આત્માને મેળવે તો પોતાનો સ્વતંત્ર સ્વભાવ પ્રતીતમાં આવે કે અહો! કોઈ બાહ્ય સંજોગમાં મારું સુખ નથી, સુખ તો મારો પોતાનો સ્વભાવ છે, એકલો મારો સ્વભાવ જ સુખનું સાધન છે. આવી સમજણ થતાં સમ્યગ્દર્શન થાય છે.

☞ અરિહંત ભગવાનને ઓળખતાં અતીન્દ્રિયસુખની ઓળખાણ થાય છે ને ઈન્દ્રિયવિષયોમાંથી સુખબુદ્ધિ ટળી જાય છે.

☞ અરિહંત ભગવાનને પૂર્વે અજ્ઞાનદશા હતી પછી જ્ઞાનદશા પ્રગટી; આ અજ્ઞાન અને જ્ઞાન બંને દશામાં અરિહંતને જે ટકી રહેલ છે તે આત્મદ્રવ્ય છે. જે આત્મા પહેલાં અજ્ઞાનદશામાં હતો તે જ અત્યારે જ્ઞાનદશામાં છે–આવી પહેલાં–પછીની જોડરૂપ જે સળંગ પદાર્થ તે દ્રવ્ય છે. પર્યાયો પહેલાં–પછીની જોડરૂપ નથી પણ છૂટી છૂટી છે. પહેલી અવસ્થા તે બીજી નથી, બીજી અવસ્થા તે ત્રીજી નથી—આમ અવસ્થામાં પરસ્પર જુદાપણું છે અને દ્રવ્ય તો જે પહેલા સમયે હતું તે જ બીજા સમયે છે, બીજા સમયે

હતું તે જ ત્રીજા સમયે છે—એમ દ્રવ્યમાં સળંગપણું છે—આમ ઓળખે તો એકલી પર્યાયબુદ્ધિ ટળી જાય ને દ્રવ્યસન્મુખતા થઈ જાય.

☞ કઈ અવસ્થા વખતે દ્રવ્યસામર્થ્ય નથી? બધી અવસ્થા વખતે દ્રવ્યસામર્થ્ય એવું ને એવું એકરૂપ છે. જેટલું અરિહંત ભગવાનનું દ્રવ્યસામર્થ્ય છે તેટલું જ પોતાનું દ્રવ્યસામર્થ્ય છે. આવી ઓળખાણ કરતાં એમ પ્રતીત થાય છે કે અત્યારે મારે અધૂરી દશા હોવા છતાં અરિહંત ભગવાન જેવી પૂર્ણદશા પણ મારામાંથી જ પ્રગટવાની છે અને તે પૂર્ણદશામાં પણ હું જ ટકી રહેવાનો છું.

☞ દ્રવ્યનું વિશેષણ તે ગુણ છે; જેમ કે સોનું કેવું? કે સોનું પીળું, સોનું ભારે, સોનું ચીકણું; તેમ આત્મદ્રવ્ય કેવું? આત્મા જ્ઞાનસ્વરૂપ, આત્મા દર્શનસ્વરૂપ, આત્મા ચારિત્રસ્વરૂપ; આ પ્રમાણે જ્ઞાનાદિ વિશેષણો આત્મદ્રવ્યને લાગુ પડે છે એટલે તે આત્માના ગુણો છે. જેટલા ગુણો અરિહંત ભગવાનના આત્મામાં છે તેટલા જ ગુણો આ આત્મામાં છે. અરિહંતના અને આત્માના દ્રવ્ય-ગુણમાં ફેર નથી, પર્યાયમાં જે ફેર છે તે દ્રવ્યના અવલંબને ટળી જાય છે.

☞ અરિહંત જેવા થવાનો ઉપાય શું?–કે અરિહંત ભગવાન જેવા જ પોતાના દ્રવ્ય-ગુણ છે એમ ઓળખીને તેનું અવલંબન કરવું તે અરિહંત જેવા થવાનો ઉપાય છે.

☞ જેટલા અરિહંતો થયા તે બધાય અરિહંત ભગવંતોએ પોતાના દ્રવ્યનું અવલંબન કરીને જ અરિહંતદશા પ્રગટ કરી છે. તેમ સર્વે જીવોને માટે પોતાના દ્રવ્યનું અવલંબન કરવું તે જ સમ્યગ્દર્શન અને અરિહંતપદનો ઉપાય છે.

☞ આ આત્માનો સ્વભાવ અરિહંત ભગવાન જેવો કઈ રીતે છે તે જાણ્યા વિના, દયા-દાન-ભક્તિ-વ્રત-પૂજા કે શાસ્ત્રઅભ્યાસ

વગેરે ગમે તેટલું કરે તોપણ, કોઈ રીતે ધર્મ થતો નથી. ધર્મ કરવા માટે શરૂઆતનું કર્તવ્ય એ છે કે અરિહંત ભગવાનનો અને તેમના જેવા પોતાના આત્માનો નિર્ણય કરવો.

☞ અરિહંત ભગવાનના સ્વભાવમાં અને આત્માના સ્વભાવમાં નિશ્ચયથી કાંઈપણ તફાવત માને તો તે જીવ પામર છે–મિથ્યાદૃષ્ટિ છે, તેને ધર્મ થતો નથી.

☞ અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને લક્ષમાં લેતાં પોતાના પરમાર્થસ્વરૂપનો ખ્યાલ આવે છે; ભગવાનના દ્રવ્ય-ગુણ પૂરા છે ને તેમની પર્યાય સંપૂર્ણ જ્ઞાનમય છે એમ નિર્ણય કરતાં, મારા દ્રવ્ય-ગુણ તો પૂરા છે ને પર્યાય સંપૂર્ણ જ્ઞાનરૂપ વિકાર રહિત હોવી જોઈએ–એમ પ્રતીત થાય છે; અને એ પ્રતીતના જોરે પૂર્ણતા તરફનો પુરુષાર્થ ઊપડે છે.

☞ 'પૂર્ણતાના લક્ષે શરૂઆત' એટલે જેવા અરિહંત તેવો હું—એવા લક્ષે ધર્મની શરૂઆત થાય છે. સ્વભાવસામર્થ્યની પૂર્ણતા ભાસ્યા વગર કોની ઓથે ધર્મ કરશે? પામરતાની ઓથે ધર્મની શરૂઆત થતી નથી, પણ પોતાની પ્રભુતાને ઓળખીને તેના જોરે પ્રભુતાનો પુરુષાર્થ ઉપડે છે. પોતાની પ્રભુતાને જાણ્યા વગર ધર્મનો સાચો ઉલ્લાસ આવતો નથી. અરિહંત ભગવાનની સાથે સરખામણી કરીને જીવ પોતાના આત્મસ્વરૂપને નક્કી કરે છે કે જેવા અરિહંત ભગવાન છે તેવો જ હું છું, આ પ્રમાણે અરિહંતના સ્વરૂપને જાણતાં જીવ સ્વ-સમયને જાણી લ્યે છે અને સ્વસમયને જાણતાં તેનો મોહ ટળી જાય છે.–આ અપૂર્વ ધર્મની શરૂઆત છે.

☞ અરિહંત ભગવાનની પર્યાયમાં રાગનો અભાવ છે, માટે રાગ તે આત્માનું અસલી સ્વરૂપ નથી;—આ રીતે અરિહંત ભગવાનને ઓળખતાં આત્મા અને રાગનું ભેદજ્ઞાન થાય છે.

☞ જ્ઞાનપર્યાય એક સમય પૂરતી જ હોવા છતાં તેનામાં ત્રિકાળી

દ્રવ્યનો નિર્ણય કરવાનું સામર્થ્ય છે. સર્વજ્ઞ ભગવાનના પરિપૂર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયને તેમ જ તેવા પોતાના આત્માને નિર્ણયમાં લઈ લ્યે એવું સામર્થ્ય જ્ઞાનનું જ છે, રાગમાં એવું સામર્થ્ય નથી. અંતર્મુખ થઈને ત્રિકાળી સ્વભાવ સાથે તન્મય થઈ જાય–એવી એક સમયની જ્ઞાનપર્યાયની તાકાત છે, પરંતુ કોઈપણ રાગમાં એવી તાકાત નથી કે અંતર્મુખ થઈને જ્ઞાનસ્વભાવ સાથે તન્મય થઈ શકે!

☞ અરિહંત ભગવાનનો આત્મા સર્વતઃ વિશુદ્ધ છે; તેમની પર્યાય પણ અનંત ચૈતન્યશક્તિસંપન્ન છે; આમ લક્ષમાં લીધું તે વખતે પોતાને તેવી પૂર્ણ શુદ્ધપર્યાય વર્તતી નથી પણ રાગ વર્તે છે, છતાં 'રાગ તે મારી અવસ્થાનું મૂળ સ્વરૂપ નથી, મારી અવસ્થા અરિહંત ભગવાન જેવી અનંત ચૈતન્યશક્તિસંપન્ન રાગરહિત હોવી જોઈએ'—એમ નિર્ણય થાય છે. અને એવો નિર્ણય થતાં રાગ સાથેની એકત્વબુદ્ધિ છૂટીને સ્વભાવ સાથે એકત્વબુદ્ધિ થાય છે; એટલે સમ્યગ્દર્શન થાય છે, ને અરિહંતપ્રભુ જેવી શુદ્ધતાનો અંશ પોતામાં પ્રગટે છે.–તે જીવ અરિહંત થવા માટે અરિહંતના માર્ગે ચાલવા લાગ્યો.

☞ જે જ્ઞાનપર્યાયે અરિહંત ભગવાનના આત્માનો નિર્ણય કર્યો તેનામાં પોતાના ત્રિકાળી સ્વરૂપનો નિર્ણય કરવાની પણ તાકાત છે. ત્રિકાળી વસ્તુનો નિર્ણય કરવામાં ત્રિકાળ જેટલો વખત નથી લાગતો પણ વર્તમાન એક પર્યાય દ્વારા ત્રિકાળી વસ્તુનો નિર્ણય થાય છે.

☞ જીવને સુખ જોઈએ છે; આ જગતમાં સંપૂર્ણ સુખી શ્રી અરિહંત પ્રભુજી છે; એટલે 'સુખ જોઈએ છે' તેનો અર્થ એ થયો કે અરિહંત ભગવાન જેવી દશારૂપ પોતાને થવું છે. જેણે અરિહંત ભગવાનને ઓળખ્યા હોય તેમ જ પોતાના આત્માને અરિહંત ભગવાન જેવો જાણ્યો હોય, તે જ અરિહંત ભગવાન જેવી

દશારૂપ થવાની ભાવના કરે. આ રીતે, અરિહંત ભગવાનને ઓળખ્યા વિના સુખનો સાચો ઉપાય બની શકતો નથી.

☞ મારે અરિહંત ભગવાન જેવું પૂર્ણ સુખ પ્રગટ કરવું છે એટલે અરિહંત ભગવાન જેવું સામર્થ્ય મારા આત્મામાં છે—આમ જેણે કબૂલ્યું, તેણે અરિહંત ભગવાન જેવા દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય બધું પોતામાંથી કાઢી નાખ્યું—એટલે કે તે મારું સ્વરૂપ નથી એમ પ્રતીત કરી. આત્મા પરનું કાંઈ કરે, નિમિત્તથી લાભ-નુકશાન થાય કે શુભરાગથી ધર્મ થાય—એ બધી માન્યતા ટળી ગઈ, કેમ કે અરિહંત ભગવાનના આત્મામાં તે કાંઈ નથી.

☞ અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જાણતાં પોતાના આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય ઓળખાય છે; એ પ્રમાણે આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને, બધી પર્યાયોને અને ગુણોને એક ચૈતન્ય-દ્રવ્યમાં જ અંતર્ગત કરતાં એકાકાર ચૈતન્યદ્રવ્ય જ લક્ષમાં રહી જાય છે, તે ક્ષણે સર્વે વિકલ્પોની ક્રિયા અટકી જાય છે, અને મોહનો નાશ થઈને અપૂર્વ સમ્યગ્દર્શન થાય છે,—ચૈતન્યચિંતામણિ પ્રાપ્ત થાય છે.

☞ અરિહંત ભગવાન સાથે સરખાવીને આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયનું વાસ્તવિક સ્વરૂપ જેણે નક્કી કર્યું હોય તે, ગુણ-પર્યાયોને એક પરિણમતા દ્રવ્યમાં સમાવીને દ્રવ્યને અભેદપણે લક્ષમાં લઈ શકે. અરિહંત જેવા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને, જેણે ગુણ-પર્યાયોને એક દ્રવ્યમાં સંકેલ્યા તેણે પર્યાયને અંતર્મુખ કરીને આત્માને પોતાના સ્વભાવમાં જ ધારી રાખ્યો, ત્યાં મોહ કોના આધારે રહે?—એટલે નિરાશ્રય થયેલો મોહ તે ક્ષણે જ ક્ષય પામે છે. જેટલી દ્રવ્ય-ગુણ-પર્યાયની એકતા થઈ તેટલો ધર્મ છે.

☞ જે ક્ષણે અભેદ ચૈતન્યદ્રવ્ય તરફ જ્ઞાન ઢળ્યું તે જ ક્ષણે પર્યાય-ભેદ તેમજ ગુણભેદ એ બંનેનું લક્ષ એક સાથે જ છૂટી ગયું

છે. અભેદ સ્વભાવ તરફ વળેલા જ્ઞાનમાંથી ભેદનો વિકલ્પ છૂટી ગયો છે. નિર્વિકલ્પ થઈને આવા અભેદ ચૈતન્યનો અનુભવ કરવો તેમાં અપૂર્વ પુરુષાર્થ છે. આત્માનો પરમ આનંદ છે.

☞ જુઓ, આ જ્ઞાનનું સામર્થ્ય! અહો! એક સમયની જ્ઞાનપર્યાયમાં અનંત કેવળી ભગવંતોનો નિર્ણય કરવાની તાકાત છે. જે જ્ઞાને અરિહંત ભગવાનના કેવળજ્ઞાનનો નિર્ણય કર્યો તે જ્ઞાન પોતાના સ્વભાવનો પણ નિર્ણય કરે છે, —એવી તેની તાકાત છે.

☞ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જેવું હોય તેવું માને તો વસ્તુસ્વરૂપ અને માન્યતા બંને એક થતાં સમ્યક્‌શ્રદ્ધા-જ્ઞાન થાય છે. આત્માનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે જાણવા માટે અરિહંત ભગવાનને ઓળખવાની જરૂર છે, કેમ કે અરિહંત ભગવાન દ્રવ્ય-ગુણ-પર્યાયથી સંપૂર્ણ શુદ્ધ છે. જેવા અરિહંત ભગવાન છે તેવો જ્યાં સુધી આ આત્મા ન થાય ત્યાં સુધી તેની પર્યાયમાં દોષ છે—અશુદ્ધતા છે. અરિહંત ભગવાન જેવી અવસ્થા ક્યારે થાય? પહેલાં અરિહંત ભગવાન જેવું પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ નક્કી કરે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટે છે એટલે કે અરિહંત ભગવાન જેવો અંશ પ્રગટે છે, અને પછી તે શુદ્ધસ્વરૂપમાં લીન થતાં સર્વ મોહનો નાશ થઈને સાક્ષાત્ અરિહંત ભગવાન જેવી દશા થઈ જાય છે.

☞ અરિહંત ભગવાન જેવું જ મારું સ્વરૂપ છે— એમ ઓળખતાં સ્વરૂપમાં પણ નિઃશંકતા થઈ જાય છે; જો પોતાના સ્વભાવની નિઃશંકતા ન થાય તો અરિહંતના સ્વરૂપનો પણ યથાર્થ નિર્ણય નથી. જેણે અરિહંતનો અને અરિહંત જેવા પોતાના સ્વરૂપનો નિર્ણય કર્યો તેણે મોહક્ષયનો ઉપાય મેળવી લીધો છે. સમ્યક્ત્વ–ચિંતામણિ રત્ન પ્રાપ્ત કરી લીધું છે.

☞ અહો! અરિહંત ભગવાન જેવા પૂર્ણસ્વરૂપી આત્માનો સાક્ષાત્ અનુભવ જેને છે–તો પછી તેની પાસે શું નથી? ભલે

પંચમકાળ હો ને સાક્ષાત્ અરિહંત ભગવાનનો વિરહ હો, પણ જેણે અંતરમાં અરિહંત ભગવાન જેવા પોતાના સ્વભાવનો અનુભવ કર્યો છે તેણે સમસ્ત મોહની સેનાને જીતવાનો ઉપાય પ્રાપ્ત કરી લીધો છે.—આમ ધર્મીને નિઃશંકતા હોય છે કે મારો સ્વભાવ મોહનો નાશક છે.

☞ અરિહંત ભગવાન સર્વથા મોહરહિત થઈ ગયા છે અને તે અરિહંત ભગવાન જેવો આત્માનો સ્વભાવ છે, એમ જેણે પ્રતીત કરી તેને પણ અલ્પકાળમાં જ સમસ્ત મોહનો નાશ થઈ જાય છે. ધર્મી જાણે છે કે અરિહંત ભગવાન જેવો મારો સ્વભાવ છે, તે સ્વભાવ મોહનો નાશક છે; અને સ્વભાવની પ્રાપ્તિ તો મને થઈ છે, તેથી મોહનો સર્વથા ક્ષય થશે—એમાં શંકા પડતી નથી. અમારા આત્મામાં બધું જ સામર્થ્ય છે—તેના જોરે મોહને સર્વથા ક્ષય કરી, કેવળજ્ઞાન પ્રગટ કરીને સાક્ષાત્ અરિહંત થશું.

**હે જીવો! અરિહંતને ઓળખીને અરિહંત બનો.**

સહજ ચિદાનંદ.

## રામને વહાલો ચાંદલો



નાનકડા રામચંદ્રજીના હૃદયમાં આકાશમાંથી ચાંદો લઈને ગજવામાં નાંખવાનું મન થયું...અને તે માટે ચંદ્ર સામે જોઈને તેને નીચે બોલાવવાની ચેષ્ટા કરવા લાગ્યા.




અનુભવી દીવાનજીએ રામનો અભિપ્રાય જાણીને, સ્વચ્છદર્પણમાં ચંદ્રનું પ્રતિબિંબ બતાવ્યું; ચંદ્ર પોતાના હાથમાં આવેલો જોઈને રામ રાજી થયા.

## ....સાધકને વહાલા સિદ્ધ

તેમ સિદ્ધ ભગવાનનો પરમ મહિમા સાંભળતાં સાધક–મુમુક્ષુને તેની ભાવના જાગે છે....ને સિદ્ધભગવાન સામે જોઈને બોલાવે છે કે સિદ્ધભગવાન! તમે અહીં પધારો!

ત્યારે અનુભવી ધર્માત્મા તેને સમજાવે છે કે હે આતમરામ! તું તારા જ્ઞાનદર્પણને સ્વચ્છ કરીને તેમાં દેખ...તારામાં જ અંતર્મુખ જો તો સિદ્ધપણું તને તારામાં જ દેખાશે ને તને પરમ આનંદ થશે.



# હે જીવ! તું સ્વદ્રવ્યને જાણ

વીતરાગી સંતો કહે છે કે હે જીવ! તારું હિત કરવા ચાહતો હો તો સ્વદ્રવ્યને જાણ. કેમ કે તારું હિત તારા સ્વદ્રવ્યના આશ્રયે જ છે; પરદ્રવ્યના આશ્રયે તારું હિત નથી. માટે જેને પોતાનું હિત કરવું હોય, જેને મોક્ષમાર્ગ પ્રગટ કરવો હોય, જેને સુખી થવું હોય, તેઓ સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને ભિન્ન ભિન્ન જાણો; ભિન્ન જાણીને પરદ્રવ્યનો આશ્રય છોડો ને સ્વદ્રવ્યનો આશ્રય કરો.

ભગવાન આત્મા દેહથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છે; તે પોતાને ભૂલીને પોતાના સિવાય કોઈ પણ બીજા પદાર્થના આશ્રયે સુખ થવાનું માને, તો તેમાં મિથ્યાત્વનું સેવન થાય છે એટલે દુઃખ થાય છે. આચાર્યદેવ સમજાવે છે કે હે ભાઈ! તારો સ્વભાવ તારાથી પરિપૂર્ણ છે, તારા જ આશ્રયે તારી મુક્તિ થાય છે; કોઈ બીજાનો આશ્રય કરવા જતાં તો અશુભ કે શુભરાગથી બંધન અને દુઃખ જ થાય છે; મુક્તિનો માર્ગ પરના આશ્રયે નથી, મુક્તિ સ્વદ્રવ્યને આશ્રિત છે.

તું જીવ છો! તો તારું જીવપણું કેવું છે? તારું જીવન કેવું છે? તેની વાત છે. તું પોતે અતીન્દ્રિય આનંદરસનું પૂર છો. શરીર તો જડ છે, ને અંદરના પુણ્ય-પાપના રાગભાવો પણ અશુચી છે, તેમાં ચૈતન્યનો આનંદ નથી. તે પરાશ્રિત ભાવો મુક્તિનું કારણ થઈ શકતા નથી; મુક્તિનો માર્ગ ચૈતન્યમય સ્વદ્રવ્યને આશ્રિત છે. શુદ્ધ આત્માને જેઓ ઓળખતા નથી, તેની સન્મુખ થઈને સાચાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરતા નથી, અને પરાશ્રિત શુભભાવરૂપ વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને મોક્ષનું કારણ સમજીને સેવે છે તેને કદી મોક્ષમાર્ગ થતો નથી. ભાઈ!

તું સ્વદ્રવ્યને જાણીને તેનો આશ્રય કર, તો જ મોક્ષમાર્ગ પ્રગટે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતાને ઓળખીને સ્વદ્રવ્યના આશ્રયથી સમ્યગ્દર્શન -જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે.

જુઓ, આવી વાત શ્રીમદ્ રાજચંદ્રજીએ નાની ઉંમરમાં (સત્તર વર્ષની વય પહેલાં) પણ લખી છે. સાત વર્ષની ઉમરે તો તેમને જાતિસ્મરણમાં પૂર્વભવનું જ્ઞાન થયું હતું; આત્મા આ ભવ પહેલાં ક્યાં હતો–તેનું જ્ઞાન થઈ શકે છે. આપણે ત્યાં રાજુલબેનને પણ અઢી વર્ષની વયે પૂર્વભવમાં જુનાગઢમાં ગીતા હતી તેનું જાતિસ્મરણજ્ઞાન થયું છે. એથી પણ વિશેષ ચારભવનું જ્ઞાન ચંપાબેનને છે; એમની વાત ઊંડી છે. આત્માની તાકાત અપાર છે, તેને ઓળખીને તેમાં રમણતા કરતાં અપૂર્વ આનંદ અનુભવાય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૭ વર્ષની વય પહેલાં જે ૧૨૫ બોધવચનો લખ્યાં છે, તેમાં સ્વદ્રવ્યનો આશ્રય કરવાના ને પરદ્રવ્યનો આશ્રય છોડવાના દશ બોલ બહુ સરસ છે.

નિશ્ચયનો આશ્રય કરો ને વ્યવહારનો આશ્રય છોડો–એવો જે સમયસારનો આશય છે તે આશય શ્રીમદ્ રાજચંદ્રજીએ નીચેના દશ બોલમાં બતાવ્યો છે. તેમાં પ્રથમ તો કહે છે કે—

'સ્વદ્રવ્ય અને અન્યદ્રવ્યને ભિન્ન ભિન્ન જુઓ'.

એ પ્રમાણે બંનેને ભિન્ન જાણીને શું કરવું? તે માટે દશ બોલમાં સરસ ખુલાસો લખ્યો છે :—

❁ સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.

❁ સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.

❁ સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.

❁ સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.

❁ સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.

❁ સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.

એટલે કે નિશ્ચયનો આશ્રય કરો...ત્વરાથી કરો...પછી કરશું એમ વિલંબ ન કરો, પણ ત્વરાથી સ્વદ્રવ્યને ઓળખીને તેનો આશ્રય કરો, તેની રક્ષા કરો ને તેમાં વ્યાપક બનો; પણ રાગના રક્ષક ન બનો, રાગમાં વ્યાપક ન બનો. પહેલાં કાંઈક બીજું કરી લઈએ ને પછી આત્માની ઓળખાણ કરશું–એમ કહે તેને આત્માની રુચિ નથી, આત્માની રક્ષા કરતાં તેને આવડતી નથી. શ્રીમદ્ રાજચંદ્રજી નાની વયમાં પણ કેટલું સરસ કહે છે? જુઓ તો ખરા! તેઓ કહે છે કે, હે જીવો! તમે ત્વરાથી સ્વદ્રવ્યના રક્ષક બનો...તીવ્ર જિજ્ઞાસા વડે સ્વદ્રવ્યને જાણીને તેના રક્ષક બનો. તેમાં વ્યાપક બનો, તેના ધારક બનો—જ્ઞાનમાં તેને ધારણ કરો; તેમાં રમણ કરનારા બનો, તેના ગ્રાહક બનો; આમ સર્વ પ્રકારે સ્વદ્રવ્ય ઉપર લક્ષ રાખીને તેની રક્ષા કરો. આ રીતે નિશ્ચયનું ગ્રહણ કરવાનું કહ્યું. હવે બીજાં ચાર વાક્યમાં વ્યવહારનો ને પરનો આશ્રય છોડવાનું કહે છે—

❁ પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.

❁ પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.

❁ પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.

❁ પરભાવથી વિરક્ત થાઓ.

વિકલ્પથી-શુભરાગથી આત્માને કાંઈ લાભ થશે–એવી માન્યતા છોડો; પરદ્રવ્યાશ્રિત જેટલા ભાવો છે તે ભાવો આત્મામાં ધારણ કરવા જેવા નથી, તેની ધારકતા ત્વરાથી છોડવા જેવી છે. લોકો કહે છે કે વ્યવહાર છોડવાનું હમણાં ન કહો.—અહીં તો કહે છે તેને ત્વરાથી તજો. જેટલા પરદ્રવ્યાશ્રિત ભાવો છે તે બધા શીઘ્ર છોડવા જેવા છે. –એમ લક્ષમાં તો લ્યો.

હે જીવ! અંતરમાં આનંદનો સાગર તારો આત્મા કેવો છે તેને શોધ. સ્વદ્રવ્યને છોડીને પરદ્રવ્યમાં રમવું તે તને શોભતું નથી, તેમાં

**તારું હિત નથી. અંતર્મુખ થઈને સ્વદ્રવ્યમાં રમણ કર...તેમાં તારું હિત ને શોભા છે. તે જ મોક્ષનો માર્ગ છે.**

## ✻ જે કરે...તે પામે ✻

હે ભાઈ! જો તારા જ્ઞાનસ્વરૂપની અનુભૂતિ તેં ન કરી તો શાસ્ત્ર વાંચી–વાંચીને કે સાંભળી–સાંભળીને તેં શું સાર કાઢ્યો? વાંચન–શ્રવણનો સાર તો એ છે કે પરભાવોથી ભિન્ન થઈને જ્ઞાનભાવરૂપે પરિણમવું. જેનું વાંચન–શ્રવણ કર્યું તે શાસ્ત્રમાં તો એમ કહ્યું છે કે 'તું તારા જ્ઞાનસ્વરૂપનો અનુભવ કર.' એ પ્રમાણે જે કરે તે જ સિદ્ધિને પામે છે, તે જ સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવરૂપ થાય છે, ને તેનું જ જ્ઞાન સફળ છે.—માટે તું જ્ઞાનચેતનારૂપ થા.

# સંતો બતાવે છે–રત્નોની ખાણ

જુઓ તો ખરા, સન્તોને આત્માની પ્રભુતાનો કેટલો પ્રેમ છે! આત્મા તો અનંત ગુણ-રત્નોથી ભરેલો મોટો રત્નાકર છે. દરિયાને રત્નાકર કહેવાય છે. આત્મા અનંતગુણથી ભરેલો દરિયો ચૈતન્ય–રત્નાકર છે; એમાં એટલાં રત્નો ભર્યાં છે કે એકેક ગુણના ક્રમથી એનું કથન કરતાં કદી પૂરું ન થાય. આત્મા ચૈતન્યરત્નાકર તો સૌથી મહાન છે.

- **રત્ન :** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગના ત્રણ રત્નો છે.
- **મહા રત્ન :** એ રત્નત્રયના ફળમાં કેવળજ્ઞાનાદિ પ્રગટે છે, તે મહા રત્નો છે.
- **મહાનથી પણ મહાન રત્ન :** જ્ઞાનાદિ એકેક ગુણમાં અનંતા કેવળજ્ઞાનરત્નોની ખાણ ભરી છે તેથી તે મહા–મહારત્ન છે.
- **મહા–મહા–મહારત્ન :** એવા અનંત ગુણરત્નોની ખાણ આત્મા એ તો મહા–મહા–મહારત્ન છે. એના મહિમાની શી વાત!

ભાઈ! આવું મહિમાવંત રત્ન તું પોતે છો. મહાન રત્નોની ખાણ તારામાં ભરેલી છે. એ સિવાય પરચીજ તારામાં નથી; એ ચીજ તારી નથી, મફતની પરની ચિંતા તેં તારે ગળે વળગાડી છે. ખરેખર જે તારું હોય તે તારાથી કદી જુદું ન પડે, ને તારાથી જુદું પડે તે ખરેખર તારું હોય નહિ. શું જ્ઞાન આત્માથી કદી જુદું પડશે?–ના; કેમ કે તે આત્માથી જુદું નથી, તે તો આત્મા જ છે. શરીરાદિ આત્માનાં નથી, એટલે તે આત્માથી છૂટાં પડી જાય છે. પહેલેથી જ છૂટાં હતાં તેથી છૂટાં પડ્યાં; એકમેક થઈ ગયાં હોત તો છૂટાં ન પડત. એ જ રીતે

જ્ઞાન ને રાગ પણ એકમેક થઈ ગયાં નથી, ભિન્નસ્વરૂપે જ રહ્યાં છે તેથી ભિન્ન પડી જાય છે. પ્રજ્ઞાછીણી વડે રાગ તો આત્માથી બહાર નીકળી જાય છે ને જ્ઞાન અંતરમાં એકમેક રહી જાય છે.–આવું ભેદજ્ઞાન કરે તો આત્માની સાચી પ્રભુતા ઓળખાય.

અહો, પરમેશ્વર–તીર્થંકર પરમાત્માની દિવ્ય વાણીમાં પણ જેનો મહિમા પૂરો ન પડે, એવો ચૈતન્ય હીરલો તું છો. તારા એકેક પાસામાં (એકેક ગુણમાં) અનંતી તાકાત ઝળકે; એવા અનંતા પાસાથી ઝળકતી તારી પ્રભુતા! અનંત શક્તિના વૈભવથી ભરેલ આનંદનું ધામ એવો ભગવાન તું પોતે! પણ તારી નજરની આળસે તું તને દેખતો નથી. ‘હરિ’ તું પોતે, તે હરિ પોતાથી જરાય વેગળો નથી–દૂર નથી, છતાં તેના ભાન વગર અનંતકાળ ગાળ્યો. ભાઈ, હવે તો જાગ! જાગીને તારામાં જો! અંદરમાં નજર કરતાં જ ‘મેરો પ્રભુ નહીં દૂર દેશાંતર, મોહિમેં હૈ, મોહે સૂઝત નીકે’—એમ તારામાં જ તને તારી પ્રભુતા દેખાશે. જ્ઞાનસ્વરૂપમાં દૃષ્ટિ કરતાં આત્મા હાથમાં આવે છે; તેનો અનુભવ થાય છે.

આત્મા જાણનાર છે છતાં પોતે પોતાને કેમ નથી અનુભવતો? જ્ઞાનને સ્વસન્મુખ કરતો નથી તેથી આત્મા અનુભવમાં આવતો નથી. અનંતશક્તિનો પરમેશ્વર છે તો પોતે જ, પણ પોતે પોતાને ભૂલી ગયો છે. ૩૮મી ગાથામાં કહ્યું હતું કે–જેમ કોઈ મૂઠીમાં રાખેલા સુવર્ણને ભૂલી ગયો હોય ને બહાર શોધતો હોય, તે ફરી યાદ કરીને સુવર્ણને પોતાની મૂઠીમાં જ દેખે કે અરે, આ રહ્યું સોનું; મારી મૂઠીમાં જ છે! તેમ અનાદિ અજ્ઞાનથી જીવ પોતાના પરમેશ્વર–આત્માને ભૂલી ગયો હતો, પણ શ્રી ગુરુના વીતરાગી ઉપદેશથી વારંવાર સમજાવવામાં આવતાં તેને પોતાની પ્રભુતાનું ભાન થયું, સાવધાન થઈને પોતામાં જ પોતાની પ્રભુતાને જાણી કે અહો, અનંતશક્તિની પરમેશ્વરતા તો મારામાં જ છે, હું જ પ્રભુ છું, પરદ્રવ્ય અંશમાત્ર મારું નથી; મારા ભિન્ન સ્વરૂપના અનુભવથી હું પ્રતાપવંત છું.—આમ પોતાની પ્રભુતાને

જાણી, તેનું શ્રદ્ધાન કરીને તથા તેમાં તન્મયપણે લીન થઈને સમ્યક્ પ્રકારે આત્મારામ થયો...પોતે પોતાને અનંતશક્તિસંપન્ન જ્ઞાયકસ્વભાવરૂપે અનુભવતો થકો પ્રસિદ્ધ થયો. મોહનો નાશ થઈને જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો.

જુઓ, આનું નામ જ્ઞાનદશા; આનું નામ અનુભવદશા; આવી દશા થતાં પોતાને પોતાનો અનુભવ થાય ને પોતાને તેના આનંદની ખબર પડે. અહા! પરમેશ્વરના જ્યાં ભેટા થયા–એ દશાની શી વાત! જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા પ્રગટ થયો–તે કહે છે કે અહો, બધા જીવો આવા આત્માને અનુભવો; બધા જીવો આત્માના શાંતરસમાં મગ્ન થાઓ. શાંતરસનો સમુદ્ર પોતામાં ઉલ્લસ્યો છે, ત્યાં કહે છે કે બધાય જીવો આ શાંતરસના દરિયામાં તરબોળ થાઓ.

સહજ ચિદાનંદ.

**✻ હે જીવો! ✻**

તમે અરિહંત ભગવાનને ઓળખો, અને અરિહંત જેવા પોતાના આત્માને ઓળખીને તેની સાધના વડે તમે પણ અરિહંત બનો.

# વૈરાગ્ય-સંબોધન

(એક વૈરાગ્યપત્ર)

**આત્માને જ્ઞાનશરીરથી જુદો કરવા કોઈ સમર્થ નથી. ક્ષણિક પ્રસંગોથી ગભરાઈને દીન થઈ જવું શોભતું નથી.**

- ધૈર્યવંત જીવે ગમે તે પ્રસંગને ખૂબ જ વૈરાગ્યનું કારણ બનાવીને સાચી આત્મશાંતિ પ્રાપ્ત કરવા તરફ આત્માને વાળવો. સંસાર તો ઘણો જોયો, -પણ સાર કાંઈ ન નીકળ્યો. તો હવે સાર નીકળે એવું કરવા જેવું છે. જ્યાં શરીર અને પુત્ર પણ આત્માના નથી ત્યાં બીજું કોણ આત્માનું છે?-કે જેને માટે જીવનનો કિંમતી સમય આપીએ?

- અહો, આવો આપણો જૈનધર્મ! તે આપણને ડગલે ને પગલે પરમ વીતરાગતા શીખવે છે. આત્મામાં કોઈ અપાર તાકાત છે; જ્ઞાનની-વૈરાગ્યની-આનંદની અપાર તાકાત આત્મામાં છે; ક્ષણિક નાના પ્રસંગોથી ગભરાઈને દીન થઈ જવાનું આત્માને શોભતું નથી.

- જ્ઞાની સંતો પડકાર કરીને કહે છે કે અરે વીર! તું જાગ! ઊઠ! તારી પ્રભુતાને સંભાળ. તારું ચૈતન્યજીવન હણાઈ નથી ગયું; જીવતો જાગતો ચૈતન્યભગવાન તું છો, ત્રણ લોકની પ્રતિકૂળતાનો ઢગલો પણ આત્માને તેના જ્ઞાનશરીરથી જુદો કરવા સમર્થ નથી. ગભરા નહીં, હતાશ ન થા.

- વીતરાગતાની ભાવના વડે જ ભવનો નાશ થાય છે. એવી ભાવના માટે સંતપુરુષોની સમીપ વસવું તે સારું છે; કેમ કે ત્યાંના વાતાવરણમાં વીતરાગતા જ ઘૂંટાય છે. સંસારમાં તો મોહ જ ઘૂંટાય છે; સત્સંગમાં મનમાંથી સંસારના વિચારો છૂટીને કોઈ અનેરી શાંતિ અનુભવાય છે. સંસારથી સંતપ્ત આત્માને સાચા વૈરાગ્ય-રસ વડે

સીંચન કરીને જ્ઞાનીઓના પંથે આગળ વધવું, —એ જ આ સંસારથી છૂટવાનો રસ્તો છે. સંતોએ ખરું જ કહ્યું છે કે–

'સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા;
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.'

(ભાઈશ્રી ધરમચંદ નરભેરામ કામાણીના સ્વર્ગવાસ પ્રસંગે લખાયેલો આ વૈરાગ્યપત્ર આપ વાંચી રહ્યા છો.)

✍ ગુરુદેવ વૈરાગ્યથી કહે છે કે અરે, આ સંસારમાં વૈરાગ્યના આવા પ્રસંગ બન્યા જ કરે છે. કર્મરૂપી દુશ્મને જીવને હેરાન કરવા માટે આ શરીરરૂપી પીંજરું બનાવ્યું છે. એ પીંજરામાં પુરાવું જીવને કેમ ગમતું હશે? જીવ પોતાને ભૂલીને આ પીંજરાને જ પોતાનું સ્વરૂપ માની બેઠો. તેથી પીંજરાથી જીવ છૂટો પડતાં ખોટી રીતે દુઃખી થાય છે.

✍ રે જીવ! તું વિચાર તો કર, કે દેહનું પીંજરું છૂટતાં તારા આત્માનું શું કાંઈ ઓછું થઈ ગયું? અહીં કે બીજે ગમે ત્યાં આત્મા પોતાના અનંતગુણો જ્ઞાન–આનંદસહિત જ સદાય બિરાજી રહ્યો છે, તેનું અસ્તિત્વ કદી મટી જતું નથી, કે તેનો કોઈ જ ગુણ ઓછો થતો નથી. પછી ખેદ શેનો?–માત્ર મોહનો. મોહનું દુઃખ મરણ કરતાંય વધારે છે.

✍ મુમુક્ષુ જીવે વિચારવું ઘટે કે—જગતમાં મૃત્યુ વગેરેના અનેક પ્રસંગ દેખાવા છતાં વીતરાગને શું ખેદ થાય છે?–જરાય નહીં. જો વીતરાગ ખેદ નથી કરતા તો હું શા માટે ખેદ કરીને દુઃખી થાઉં?– શું હું પણ વીતરાગ જેવો જ નથી? શું મને વીતરાગતા નથી ગમતી? શું મારે વીતરાગ નથી થવું? મને વીતરાગતા ગમે છે. તો પછી આવા અલ્પ પ્રસંગમાં આવો ખેદ કરવાનું મને શોભતું નથી.—આમ શૂરવીર થઈને હે જીવ! તું વીતરાગી આદર્શને અપનાવ.

✍ જાગૃત જીવ પોતે જ પોતાની તાકાતથી ગમે તે પ્રસંગે સમાધાન કરે એવો છે. સત્સંગનું વાતાવરણ ક્ષણે ને પળે જીવને જાગૃત રાખીને વૈરાગ્યની પ્રેરણા આપ્યા જ કરે છે. જગતના કોઈ પ્રસંગની તાકાત નથી કે આત્માર્થીની વૈરાગ્યપરિણતિને તોડી શકે.

✍ રામ દ્વારા થયેલું અપમાન કે ઘોર વનવાસ પણ સીતાજીની જ્ઞાનદશાને કે વૈરાગ્યદશાને જરાય આંચ પહોંચાડી શક્યા ન હતા. ઘોરાતિઘોર આળ, કે ફાંસીની સજા વગેરે ઉપસર્ગો પણ વીર સુદર્શન શેઠને વૈરાગ્યભાવનાથી જરાય ડગાવી શક્યા ન હતા.

✍ હું જ્ઞાન છું–એવી નિજાનંદની અનુભૂતિમાંથી સમકિતીને જગતમાં કોણ ડગાવી શકે છે? દૂરના દાખલા ક્યાં શોધવા?—આપણી નજરસમક્ષ જ જ્ઞાનીઓ કેવા વીતરાગભાવે શોભી રહ્યા છે! કેવો સરસ છે એમનો આત્મભાવ! આપણે પણ એના ભક્ત છીએને!–તેમના જેવો વીતરાગભાવ આપણે તેમની પાસેથી શીખવાનો છે. એ જ સમાધાનનો ઉપાય છે; એ જ શાંતિનો રાહ છે, એ જ કર્તવ્ય છે.

સહજ ચિદાનંદ.

સંત્સંગ જીવને જાગૃત રાખીને ક્ષણે ને પળે વૈરાગ્યની પ્રેરણા આપ્યા જ કરે છે; હે જીવ! સંસારથી વિરક્ત થઈને તું આત્મામાં ગમાડ.

# ચેત ચેત જીવ ચેત!

## વિભાવોથી વિરક્ત થઈને ચૈતન્યના આનંદનો સ્વાદ લે

[વૈરાગ્યપ્રેરક પ્રવચન :–કારતક સુદ ૧૪]

અરે જીવ! દેહથી ભિન્ન તારા ચૈતન્યની સંભાળ તેં કદી કરી નથી. આ દેહ તો રજકણનું ઢીંગલું છે; એના રજકણો તો રેતીની જેમ જ્યાંત્યાં વીંખાઈ જશે.—

રજકણ તારાં રખડશે જેમ રખડતી રેત;
પછી નરભવ પામીશ ક્યાં? ચેત ચેત નર ચેત!

રે જીવ! તું ચેતીને જાગૃત થા. આત્માને જાણનારા આઠ આઠ વર્ષના રાજકુમારો તે સંસારથી વૈરાગ્ય પામીને માતા પાસે જઈને કહે છે કે હે માતા! રજા આપ... ‘અલખ જગાવું જંગલમાં એકલો!’ જંગલમાં જઈ મુનિ થઈ આત્મધ્યાનમાં મસ્ત બનું!

માતા કહે છે—અરે બેટા! તું તો હજી નાનો છો ને! હજી આઠ જ વર્ષની તારી ઉંમર છે ને!

ત્યારે પુત્ર કહે છે કે—માતા! દેહ નાનો છે, પણ એટલું તો હું જાણું છું કે આ દેહ તો સંયોગી ચીજ છે, તે હું નથી; હું તો અવિનાશી ચૈતન્ય છું. મારા ચૈતન્યના આનંદનું સ્વસંવેદન કરીને તે આનંદને સાધવા હું જાઉં છું. માટે હે માતા! તું મને રજા આપ. આ અસાર સંસારમાં મને ક્યાંય હવે ચેન પડતું નથી. આ રાજમહેલ હવે સૂના લાગે છે. આ પ્રવૃત્તિનાં પરિણામોથી હવે હું થાક્યો છું. હવે તો આનંદસ્વરૂપમાં રમણતા કરવાની ધૂન જાગી છે. તેથી હું મુનિ થઈને ને આત્માને સાધીને કેવળજ્ઞાન પામીશ.—માટે આનંદથી રજા આપ!

ત્યારે માતા પણ પછી તો આનંદથી રજા આપે છે કે બેટા, जहा

सुखं—તારા સુખના માર્ગની આડે હું નહિ આવું! તને સુખ ઊપજે તેમ કર...ક્યાંય પ્રતિબદ્ધ ન પામીશ. જે તારો માર્ગ છે તે જ માર્ગે અમારે આવ્યે છૂટકો છે.

પછી તે રાજકુમાર મુનિ થઈને સ્મશાન વગેરેમાં એકલો જઈને આત્માનું ધ્યાન કરે! મરણ થતાં આ શરીરને બીજા લોકો ઉપાડીને સ્મશાનમાં લઈ જાય છે, તેને બદલે હું જાતે દેહનું મમત્વ છોડી, સ્મશાનમાં જીવતો જઈને મારા ચૈતન્ય હંસલાને સાધું. આ દેહની તો આજે આંખ ને કાલે રાખ! એવા બનાવો નજરે દેખાય છે. અરે, આવા અવસરે આત્માને નહિ સાધે તો હે જીવ! ક્યારે આત્માને સાધીશ?

આ દેહ તો જડ છે; તારા અનંત ગુણો તો તારા ચૈતન્યધામમાં ભર્યા છે—

જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ;
પ્રગટ અનુભવ આપણો, નિર્મળ કરો સપ્રેમ...રે....
ચૈતન્યપ્રભુ! પ્રભુતા તમારી ચૈતન્યધામમાં...

ભગવાન કેવળીપ્રભુએ દિવ્યધ્વનિમાં એમ કહ્યું કે હે જીવ! તારા ચૈતન્યધામમાં તારા અનંત ગુણો ભર્યા છે; તેનો નિર્મળ પ્રેમ તું પ્રગટ કર...તારા પરિણામને અંતર્મુખ કરીને અનંતગુણના ધામને તારામાં દેખ. અરે, જે ચૈતન્યની વાર્તા સાંભળતાં પણ હર્ષ ઊછળે, તેના સાક્ષાત્ અનુભવના આનંદની તો શી વાત!!

ભાઈ, કરવા જેવું હોય તો આવા આત્માના અનુભવનું કાર્ય જ કરવા જેવું છે; એની જ હોંશ ને ઉત્સાહ કરવા જેવું છે. બાકી બહારના બીજાં કાર્યોની કે ઈન્દ્રિય સંબંધી ઉઘાડની હોંશ કરવા જેવી નથી. જેમાં ચૈતન્યના ઉપયોગની જાગૃતિ હણાય તે ભાવમરણ છે. એક દેહને છોડીને બીજા દેહમાં જતાં વચ્ચે જીવને ઉપયોગની જાગૃતિ રહેતી નથી તેથી ખરેખર તેને મરણ કહ્યું છે. રસ્તામાં જીવના ઉપયોગની જે સંખ્યા ગણાવી છે તે તો તે પ્રકારના ઉઘાડની શક્તિ છે તે અપેક્ષાએ કહ્યું છે, પણ ત્યાં

લબ્ધરૂપ ઉઘાડ છે, ઉપયોગરૂપ નથી. ત્યાં ઉપયોગનો અભાવ થઈ જાય છે તેથી મરણ કહ્યું.

દેહની ક્રિયા તો જડ છે. મરવા ટાણે બોલવા માગે પણ બોલી ન શકે;–એ તો ક્યાં જીવને આધીન છે! તારો ઉપયોગ તારે આધીન છે, પણ જડની–ઈન્દ્રિયોની ક્રિયા તારે આધીન નથી.

અરે ભાઈ, તું તો વીરનો પુત્ર! વીર-માર્ગનો તું અફરગામી! અને પરભાવના કે ઈન્દ્રિયોના સ્વામીત્વમાં તું અટકી જાય–એ તે કાંઈ શોભે છે! અરે, એ તો નથી શોભતું, ને તારા જ્ઞાનને તું એકલા ઈન્દ્રિયવિષયો તરફ જ રોકી દે–તે પણ તને શોભતું નથી. તારા આનંદસ્વરૂપ આત્માના અનુભવમાં જ્ઞાનને વાળ... તેમાં જ તારી શોભા છે. **જેમાં જ્ઞાન છે ને જેને જાણતાં સુખ થાય છે એવો તો તું જ છો. પરચીજમાં–ઈન્દ્રિયો વગેરેમાં જ્ઞાન નથી, સુખ પણ નથી, અને તેને જાણતાં તને પણ સુખ નથી. જાણનાર એવા પોતાને જાણ, તેમાં જ તને સુખ છે. અરે, આવા આત્માને ભૂલીને અજ્ઞાની પરભાવના કર્તૃત્વથી દુઃખમાં રખડી રહ્યો છે.**

આત્માનો સ્વાદ તો અચલિત વિજ્ઞાનઘનરૂપ છે. પુદ્‌ગલનો સ્વાદ (ખાટો–મીઠો) તે તો જડ છે, રાગના સ્વાદમાં આકુળતા છે, તે કષાયેલો–કષાયવાળો સ્વાદ છે, –તે બંને સ્વાદથી જુદો પરમ શાંતરસરૂપ વિજ્ઞાનઘન સ્વાદ તે તારો સ્વાદ છે. સ્વાનુભવમાં જ્ઞાનીને આવા ચૈતન્યસ્વાદનું વેદન થયું છે.

જેને પોતાના ચૈતન્યના શાંતરસની ખબર નથી, તેનો સ્વાદ ચાખ્યો નથી, તે જીવ અજ્ઞાનથી શુભ–અશુભભાવોના સ્વાદને પોતાનો–આત્માનો સ્વાદ સમજે છે, ને તેથી તે વિકારીભાવોનો તે કર્તા થાય છે. અરે, તારા ચૈતન્યપૂરનો એકરૂપ પ્રવાહ, તેને ઈન્દ્રિયરૂપી પૂલનાં નાળાં વડે રોકીને તું ખંડખંડ કરી નાખે છે ને રાગ સાથે ભેળસેળ કરીને ભિન્ન ચૈતન્યસ્વભાવને તું ભૂલી રહ્યો છે. બાપુ! તારા સ્વાદમાં તો આનંદ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



હોય? કે આકુળતા હોય? ચૈતન્યખેતરમાં તો આનંદનાં અમૃત પાકે, કે વિકારનાં ઝેર પાકે? એ ઝેરીપરિણામોમાં અમૃતસ્વરૂપ આત્મા કેમ વ્યાપે? આનંદસ્વરૂપ આત્માનું વ્યાપ્ય (રહેવાનું સ્થાન) તે ઝેરરૂપ કેમ હોય? ભાઈ! તારું વ્યાપ્ય એટલે તારું રહેવાનું ધામ તે તો તારા ચૈતન્યપરિણામમાં છે, આનંદથી ભરેલા વિજ્ઞાનમય નિર્મળભાવમાં તું રહેનારો (વ્યાપક) છો, તે જ તારું રહેવાનું ધામ છે. આવા ધામમાં આત્માને રાખવો તેમાં તેની રક્ષા છે; ને વિકાર વડે તેની હિંસા થાય છે. બાપુ! વિકારના કર્તૃત્વ વડે તારા આત્માને તું ન હણ...તારા ચૈતન્યસ્વાદને ખંડિત ન કર. વિકારથી ભિન્ન ચૈતન્યસ્વાદને અખંડ રાખીને તેને અનુભવમાં લે.

### ✻ આત્મભાવના ✻

નિજ આત્મને જાણ્યા વિના બહુ દુ:ખને પામ્યો અરે,
સિદ્ધસુખને ઝટ પામવા જિનભાવના ભાવું હવે.
સંતો કરે છે ધ્યાન જેનું પરમ જ્ઞાયકભાવ હું,
કદી મરણને પામું નહીં, છું અમર આતમરામ હું.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# સમ્યક્ત્વ માટેની સરસ મજાની વાત

આચાર્યદેવ સમ્યગ્દર્શનનો પ્રયત્ન સમજાવે છે ને શુદ્ધના વિકલ્પથીયે આગળ લઈ જાય છે.

શ્રી સમયસારની ૧૪૪મી ગાથા એટલે સમ્યગ્દર્શનનો મંત્ર...મુમુક્ષુને અત્યંત પ્રિય એવી આ ગાથા આત્માનો અનુભવ કરવાની રીત બતાવે છે. તેનાં પ્રવચનોનું દોહન અહીં પ્રશ્નોત્તરશૈલીથી રજૂ કર્યું છે, ફરીફરીને તેના ભાવોનું ઊંડું મનન મુમુક્ષુજીવને ચૈતન્યગૂફામાં લઈ જશે.

✍ પ્રશ્ન :—સમ્યગ્દર્શન કરવા માટે મુમુક્ષુએ પહેલાં શું કરવું?

ઉત્તર :—હું જ્ઞાનસ્વભાવ છું –એવો નિશ્ચય કરવો.

✍ તે નિર્ણય કોના અવલંબને થાય?

શ્રુતજ્ઞાનના અવલંબનથી તે નિર્ણય થાય.

✍ આ નિર્ણય કરનારનું જોર ક્યાં છે?

આ નિર્ણય કરનાર જોકે હજી સવિકલ્પદશામાં છે પરંતુ તેનું વિકલ્પ ઉપર જોર નથી, જ્ઞાનસ્વભાવ તરફ જ જોર છે.

✍ આત્માની પ્રગટ પ્રસિદ્ધિ ક્યારે થાય?

આત્માના નિશ્ચયના બળે નિર્વિકલ્પ થઈને સાક્ષાત્ અનુભવ કરે ત્યારે.

✍ આવા અનુભવ માટે મતિજ્ઞાને શું કર્યું?

તે પરથી પાછું વળીને આત્મસન્મુખ થયું.

✍ શ્રુતજ્ઞાને શું કર્યું?

પહેલાં જે નયપક્ષના વિકલ્પોની આકુળતા થતી તેનાથી જુદું પડીને તે શ્રુતજ્ઞાન પણ આત્મસન્મુખ થયું; એમ કરવાથી નિર્વિકલ્પ અનુભૂતિ થઈ, પરમઆનંદ સહિત સમ્યગ્દર્શન થયું, ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો; તેને ધર્મ થયો અને તે મોક્ષના પંથે ચાલ્યો.

✍ આત્મા કેવો છે?

આત્મા જ્ઞાનસ્વભાવ જ છે, 'જ્ઞાનસ્વભાવ'માં રાગાદિ ન આવે, જ્ઞાનસ્વભાવમાં ઈન્દ્રિય કે મનનું અવલંબન ન આવે. એટલે જ્યાં 'હું જ્ઞાનસ્વભાવ' એમ આત્માનો નિર્ણય કર્યો ત્યાં શ્રુતનું વલણ ઈન્દ્રિયોથી તથા રાગથી પાછું વળીને જ્ઞાનસ્વભાવ તરફ ઝૂક્યું. આ રીતે જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકતાં જે પ્રત્યક્ષ સાક્ષાત્ નિર્વિકલ્પ અનુભવ થયો તે જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ ભગવાન આત્માની પ્રસિદ્ધિ છે. આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તે આત્માની પર્યાય છે, તે કાંઈ આત્માથી જુદાં નથી.

✍ જ્ઞાનસ્વભાવના નિર્ણય વડે અનુભવ થાય?

હા; જ્ઞાનસ્વભાવનો સાચો નિર્ણય જીવે કદી કર્યો નથી. 'જ્ઞાનના બળે' (–નહિ કે વિકલ્પના બળે) સાચો નિર્ણય કરે તો અનુભવ થયા વગર રહે નહીં. જેના ફળમાં અનુભવ ન થાય તે નિર્ણય સાચો નહીં. વિકલ્પના કાળે મુમુક્ષુનું જોર તે વિકલ્પ તરફ નથી પણ 'હું જ્ઞાનસ્વભાવ છું' એવો નિર્ણય કરવા તરફ જોર છે. ને એવા જ્ઞાન તરફના જોરે આગળ વધીને જ્ઞાનને અંતરમાં વાળીને અનુભવ કરતાં વિકલ્પ છૂટી જાય છે, જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમન થાય છે. તેને આનંદ કહો, તેને સમ્યગ્દર્શન કહો, તેને મોક્ષમાર્ગ કહો, તેને સમયનો સાર કહો.—બધું તેમાં સમાય છે.

✍ આત્માનો રસ કેવો છે?

આત્માનો રસ એકલા વિજ્ઞાનરૂપ છે; ધર્મી જીવ વિજ્ઞાનરસના જ રસિલા છે; રાગનો રસ તે આત્માનો રસ નથી; રાગનો જેને રસ

હોય તેને આત્માના વિજ્ઞાનરસનો સ્વાદ અનુભવમાં ન આવે. રાગથી ભિન્ન એવા વીતરાગ-વિજ્ઞાનરસપણે આત્મા સ્વાદમાં આવે ત્યારે જ સમ્યગ્દર્શન છે. વિજ્ઞાનરસ કહો કે અતીન્દ્રિય આનંદ કહો, સમ્યગ્દર્શનમાં તેનો સ્વાદ અનુભવાય છે.

✍ હું શુદ્ધ છું–એવો જે શુદ્ધનયનો વિકલ્પ–તેમાં અટકવું તે શું છે?

તે મિથ્યાદ્રષ્ટિનો નયપક્ષ છે. સમ્યગ્દર્શન તો તે નયપક્ષથી પાર છે. વિકલ્પની આકુળતાના અનુભવમાં શુદ્ધઆત્માનો અનુભવ નથી. સમ્યગ્દર્શનમાં શુદ્ધઆત્માનો નિર્વિકલ્પ અનુભવ છે. શુદ્ધઆત્માનો અનુભવ કરવો તે અંતર્મુખ ભાવશ્રુતનું કામ છે, તે કાંઈ વિકલ્પનું કામ નથી. વિકલ્પમાં આનંદ નથી, તેમાં તો આકુળતા ને દુઃખ છે; ભાવશ્રુતમાં આનંદ અને નિરાકુળતા છે.

✍ બીજા વિકલ્પો કરતાં તો શુદ્ધઆત્માનો વિકલ્પ સારો છે ને? ધર્મને માટે તો એક્કેય વિકલ્પ સારો નથી, વિકલ્પની જાત જ આત્માના સ્વભાવથી જુદી છે, પછી તેને સારો કોણ કહે? જેમ બીજા વિકલ્પમાં એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે, તેમ શુદ્ધાત્માના વિકલ્પમાં એકતાબુદ્ધિ તે પણ મિથ્યાત્વ છે. બધા વિકલ્પોથી પાર જ્ઞાનસ્વભાવને દેખવો–જાણવો–અનુભવવો તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.–તે જ સમયનો સાર છે; વિકલ્પો તો બધા અસાર છે. ભલે શુદ્ધનો વિકલ્પ હો–પણ તેને કાંઈ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન કહી શકાતું નથી; તે વિકલ્પ વડે ભગવાનનો ભેટો થતો નથી. વિકલ્પ તે કાંઈ ચૈતન્યદરબારમાં પેસવાનો દરવાજો નથી. જ્ઞાનબળે 'જ્ઞાનસ્વભાવનો નિર્ણય' તે જ ચૈતન્યદરબારમાં પેસવાનો દરવાજો છે.

✍ જ્ઞાનની પ્રાપ્તિ ક્યાંથી થાય છે?

જ્ઞાનની પ્રાપ્તિ સર્વજ્ઞસ્વભાવી આત્મામાંથી થાય છે, જ્ઞાનની પ્રાપ્તિ વિકલ્પમાંથી નથી થતી. અંદર શક્તિમાં જે પડ્યું છે તે જ આવે છે, બહારથી નથી આવતું. અંદરની નિર્મળ જ્ઞાનશક્તિમાં અભેદ

થતાં પર્યાય સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમી જાય છે.

✍ સમ્યગ્દર્શન માટેની પહેલી શરત શું છે?

પહેલી શરત એ છે કે 'હું જ્ઞાનસ્વભાવ છું' એમ શ્રુતજ્ઞાનના અવલંબનથી નિશ્ચય કરવો. સર્વજ્ઞભગવાને સમવસરણમાં દિવ્યધ્વનિ વડે જે ભાવશ્રુત ઉપદેશ્યું તે અનુસાર શ્રીગુરુ પાસેથી શ્રવણ કરીને અંદર ભાવશ્રુત વડે, જ્ઞાનસ્વભાવ તે શુદ્ધઆત્મા છે—એવો નિર્ણય કરીને ગૌતમાદિ જીવો ભાવશ્રુતરૂપે પરિણમ્યા, તેથી 'ભગવાને ભાવશ્રુતનો ઉપદેશ આપ્યો' એમ કહ્યું. ભગવાનને તો કેવળજ્ઞાન છે, પરંતુ શ્રોતાઓ ભાવશ્રુતવાળા છે–તેથી ભગવાને ભાવશ્રુતનો ઉપદેશ દીધો એમ કહેવાય છે. સર્વજ્ઞભગવાને ઉપદેશેલા શ્રુતમાં એવો નિર્ણય કરાવ્યો છે કે 'આત્મા જ્ઞાનસ્વભાવ છે.' આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન માટેની પહેલી શરત છે.

✍ આત્માનો નિર્ણય કર્યા પછી અનુભવ માટે શું કરવું?

આત્મા એટલે જ્ઞાનના ઢગલો, જ્ઞાનપુંજ; તે જ્ઞાનસ્વરૂપ આત્મા રાગવાળો નથી, કર્મવાળો નથી, શરીરવાળો નથી; તે પરનું કરે એ તો વાત જ નથી.—આવા જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો ત્યાં 'હવે મારે શું કરવું' એ પ્રશ્ન રહેતો નથી, પણ જે સ્વભાવનો નિર્ણય કર્યો તે સ્વભાવ તરફ તેનું જ્ઞાન વળે છે. નિર્ણયની ભૂમિકામાં જોકે હજી વિકલ્પ છે, હજી ભગવાન આત્મા પ્રગટ પ્રસિદ્ધ થયો નથી, અવ્યક્તપણે નિર્ણયમાં આવ્યો છે પણ સાક્ષાત્ અનુભવમાં નથી આવ્યો; તેને અનુભવમાં લેવા માટે શું કરવું? કે નિર્ણય સાથે જે વિકલ્પ છે તે વિકલ્પમાં ન અટકવું, પણ વિકલ્પથી ભિન્ન જ્ઞાનને અંતર્મુખ કરીને આત્માસન્મુખ કરવું. વિકલ્પ તે કાંઈ સાધન નથી. વિકલ્પ દ્વારા પરની પ્રસિદ્ધિ છે. તેમાં આત્માની પ્રસિદ્ધિ નથી. ઇન્દ્રિયો તરફ અટકેલું જ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરી શકતું નથી–અનુભવી શકતું નથી, પણ તે પર તરફનો ઝુકાવ છોડીને જ્ઞાનને

આત્મસન્મુખ કરવું તે જ આત્માની પ્રસિદ્ધિની રીત છે, તે જ અનુભવનો ઉપાય છે.

'આ હું જ્ઞાનસ્વભાવ આત્મા છું'-એવું જ્ઞાન ઈન્દ્રિય કે મન તરફની બુદ્ધિ વડે થતું નથી, ઈન્દ્રિય કે મન તરફની બુદ્ધિ વડે તો પરનું જ્ઞાન થાય છે. બધા વિકલ્પોથી પાર થઈને આત્મસ્વભાવ તરફ જ્ઞાનનો ઝુકાવ (આત્મસન્મુખતા) તે જ સમ્યક્‌પણે આત્માને દેખવાની અને અનુભવવાની રીત છે. તેમાં સ્વસંવેદન-પ્રત્યક્ષપણે આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન થાય છે.

✍ સમ્યગ્દર્શન થતાં આત્મા સમસ્ત વિશ્વ ઉપર તરે છે;-તરે છે એટલે શું?

તરે છે એટલે જુદો રહે છે; જેમ પાણીમાં તરતો માણસ પાણીમાં ડૂબતો નથી પણ ઉપર રહે છે, તેમ જ્ઞાનસ્વભાવરૂપે પોતાને અનુભવતો આત્મા, વિકલ્પોમાં ડૂબતો નથી, વિકલ્પોમાં એકાકાર થતો નથી, પણ તેના ઉપર તરે છે એટલે કે તેનાથી ભિન્નપણે જ પોતાને અનુભવે છે. તેમાં આત્માની કોઈ અચિંત્ય પરમ ગંભીરતા અનુભવાય છે.

✍ સમ્યક્‌ત્વના પ્રયત્નની શરૂઆત કેવી રીતે છે?

અપૂર્વ છે, -પૂર્ણતાના લક્ષે તે શરૂઆત છે. 'જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય' એટલે પૂર્ણતાનું લક્ષ; આ પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. સ્વભાવના નિર્ણયના કાળે 'જ્ઞાનનું' અવલંબન છે, વિકલ્પ હોવા છતાં તેનું અવલંબન નથી. વિકલ્પ વડે સાચો નિર્ણય નથી થતો, જ્ઞાન વડે જ નિર્ણય થાય છે. જ્ઞાન પોતે જ્ઞાનરૂપ થાય ને વિકલ્પરૂપ ન થાય એટલે કે આત્મસન્મુખ થાય તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની રીત છે. જ્ઞાન પોતે જ્ઞાનરૂપ થઈને આત્માનો અનુભવ કરે છે.

પ્રવચનમાં અત્યંત મહિમાપૂર્વક પૂ. ગુરુદેવશ્રી કહે છે કે—

અહા! અનુભવદશાનું અચિંત્યસ્વરૂપ આચાર્યદેવે સમજાવ્યું છે. આવા અનુભવમાં આનંદપરિણતિ ખીલે છે. સ્વાનુભવમાં જ્ઞાન પણ અતીન્દ્રિય છે ને આનંદ પણ અતીન્દ્રિય છે.

હે જીવો! આત્મસન્મુખ થઈને તમે આવો અનુભવ કરો.

### ✻ અનંત સિદ્ધભગવંતોની સાથે ✻

અહો! અરિહંત ભગવાનના શાસનમાં પ્રાપ્ત થતી આત્માની બોધિ પરમ આનંદરૂપ છે, તેનાથી ઊંચું જગતમાં કાંઈ નથી. મહાભાગ્યથી પ્રાપ્ત થયેલો આવો ઉત્તમ માર્ગ, તેનું હે જીવ! તું ઉત્સાહથી આરાધન કર.

અહો, ધન્યમાર્ગ! આ અપૂર્વ માર્ગ મારે સાધવો છે; આની સાધનાથી જ મને આત્માનું પરમસુખ પ્રાપ્ત થશે. ભવદુઃખનો ભાંગનારો ને મોક્ષસુખને દેનારો આ જૈનધર્મ છે. આ માર્ગની સાધના વડે અનંત સિદ્ધ ભગવંતોની સાથે સદાકાળ રહેવાનું થશે.

# હે જીવ! પ્રજ્ઞા વડે મોક્ષપંથે આવ!

**પ્રજ્ઞા એટલે શુદ્ધાત્મસન્મુખ ઝુકેલી ભગવતી ચેતના**

(સમયસાર કળશ ૧૮૧ ઉપરના પ્રવચનમાંથી)

ભગવતી પ્રજ્ઞા દ્વારા ભેદજ્ઞાન કરાવીને મોક્ષમાર્ગ ખોલનાર આ આનંદદાયક કળશ જ્યારે જ્યારે ગુરુદેવના શ્રીમુખથી સાંભળીએ છીએ ત્યારે એવી 'જ્ઞાનચેતના'ના પુરુષાર્થની તીવ્ર પ્રેરણા જાગે છે... અને જાણે કે આચાર્ય-ભગવંતો સાદ પાડીને મોક્ષના માર્ગમાં બોલાવી રહ્યા હોય-એમ આત્મા ઉલ્લસિત થાય છે.

અનાદિથી બંધનમાં બંધાયેલા આત્માને કઈ રીતે છોડાવવો? છુટકારાનું સાધન શું? તે રીત આ કળશમાં બતાવે છે. ભેદજ્ઞાન માટે આ અલૌકિક શ્લોક છે. આત્માને બંધનથી છૂટવાનું સાધન આત્મામાં છે, આત્માથી જુદું બીજું કોઈ સાધન નથી. આત્મા શું ને બંધ શું-એ બંનેના ભિન્નલક્ષણને ઓળખીને જે ચેતના આત્મસ્વભાવ તરફ ઝૂકી તે ભગવતી ચેતના જ બંધનથી છૂટવાનું (એટલે કે મોક્ષનું) સાધન છે. રાગાદિ બંધભાવો તો આત્મસ્વભાવથી જુદા છે; તે કોઈપણ રાગભાવ આત્માને મોક્ષનું કારણ થતું નથી. તે રાગભાવોને તો આત્માથી ભિન્ન કરવાના છે. રાગથી જુદી એવી જે ચેતના (-કે જે આત્માનું સ્વલક્ષણ છે) તેના વડે જ બંધનથી ભિન્ન આત્મા અનુભવમાં આવે છે; આ રીતે ચેતનારૂપ ભગવતી પ્રજ્ઞા જ મોક્ષનું કારણ છે. જીવનું પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમવું, ને એવું પરિણમન થતાં કર્મનો સંબંધ છૂટી જવો તેનું નામ મોક્ષ છે. મોહ-રાગ-દ્વેષાદિ અશુભ પરિણતિરૂપે પરિણમન થવું ને કર્મનો સંબંધ થવો તેનું નામ બંધ છે. શુદ્ધપરિણમન એટલે શુદ્ધસ્વરૂપનો અનુભવ; જે જ્ઞાન વડે આવો અનુભવ થાય તે જ્ઞાન મોક્ષનું સાધન છે. આવો અનુભવ થતાં

શુદ્ધપરિણમન થયું એટલે અશુદ્ધપરિણમન છૂટી ગયું ને પુદ્‌ગલમાં કર્મઅવસ્થા છૂટી ગઈ.–શુદ્ધજીવ પોતાના સ્વરૂપમાં રહ્યો–તે દશાનું નામ મોક્ષ છે.–'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.'

આવા મોક્ષનો ઉપાય શું? મોક્ષ તે પૂર્ણશુદ્ધપરિણમન છે, ને તેનું કારણ પણ શુદ્ધતા જ છે. અશુદ્ધતાનો કોઈ અંશ મોક્ષનું કારણ થાય નહિ. મોક્ષના સાધનનો બહુ સરસ ખુલાસો આ 'પ્રજ્ઞાછીણી'ના શ્લોકમાં કર્યો છે.

તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી એટલે તીખી જ્ઞાનચેતના, ઉગ્ર જ્ઞાનચેતના; તેને નિપુણજીવો એટલે ભેદજ્ઞાનમાં અત્યંત પ્રવીણજીવો, સવાધાન થઈને આત્મા અને બંધની વચ્ચેના સૂક્ષ્મભેદમાં એવી રીતે પાડે છે કે શીઘ્રપણે બંને અત્યંત જુદા અનુભવમાં આવે છે; જ્ઞાનચેતના અંતર્મુખ થઈને પોતાના આત્માને રાગવગરનો શુદ્ધ અનુભવે છે. આવો અનુભવ તે જ મોક્ષનું સાધન છે. જ્ઞાનની સાથે જે રાગને ભેળવે–તેને શુદ્ધતાનો અનુભવ થતો નથી, ભેદજ્ઞાન થતું નથી, મોક્ષમાર્ગ થતો નથી. શુદ્ધપરિણમન તે રાગથી સર્વથા જુદું છે. સર્વથા રાગ વગરનો શુદ્ધઅનુભવ તે જ મોક્ષસાધન છે, રાગમાં ઊભો રહીને શુદ્ધને અનુભવી શકાય નહિ.

સાધકદશા વખતે પણ જેટલા રાગાદિભાવો છે તે બધાય જ્ઞાનચેતનાથી જુદા છે, તે કોઈ જીવનું શુદ્ધપરિણમન નથી. જીવનું શુદ્ધપરિણમન તો જ્ઞાનચેતનારૂપ ને અનંતચતુષ્ટયરૂપ છે; તે રાગથી સર્વથા જુદું છે, દ્રવ્યના સ્વભાવની જાતનું પરિણમન હોય તેને જ દ્રવ્યનું શુદ્ધપરિણમન કહ્યું; રાગાદિ અશુદ્ધતાને દ્રવ્યનું શુદ્ધ પરિણમન કહેતા નથી. આ રીતે જ્ઞાનપરિણમન અને રાગપરિણમનની સર્વથા ભિન્નતા છે. રાગનો એક્કેય અંશ જ્ઞાનના પરિણમનમાં નથી; ને જ્ઞાનનો એક્કેય અંશ રાગમાં નથી, રાગ તે શુદ્ધ આત્માનું પરિણમન જ નથી તો પછી તે આત્માની શુદ્ધતાનું સાધન કેમ થાય?–ન જ થાય.

ભાઈ, તારા મોક્ષનું સાધન તારામાં છે, તેને તું ઓળખ તો ખરો! તારી શુદ્ધતાના ભાન વગર તું કોને મોક્ષનું સાધન બનાવીશ? મોક્ષનું સાધન પોતામાં છે તેને જાણ્યા વગર જીવે અજ્ઞાનભાવથી શુભરાગને મોક્ષનું

સાધન માનીને અનાદિકાળથી તે બંધભાવનું જ સેવન કર્યું છે, એટલે મિથ્યાત્વને જ સેવ્યું છે. રાગથી પાર એવી નિર્વિકલ્પ અનુભૂતિ મોક્ષસાધન છે. તે નિર્વિકલ્પ અનુભૂતિ વચનમાં આવતી નથી, તે વીતરાગપરિણતિની શી વાત? અતંર્મુખ થયેલું સ્વસંવેદન જ્ઞાન આત્માને શુદ્ધતારૂપ પરિણમાવે છે, તે જ મોક્ષનું કારણ છે. એકલું બહારનું જાણપણું પણ મોક્ષનું કારણ નથી ત્યાં રાગની તો શી વાત? જ્ઞાન કેવું, —કે વીતરાગ પરિણતિરૂપે પરિણમેલું સ્વસંવેદનજ્ઞાન તે મોક્ષનું કારણ છે.

શુદ્ધપરિણમન તે મોક્ષમાર્ગ છે.

શુદ્ધપરિણમન તેને જ હોય છે કે જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ જરૂર હોય. શુદ્ધસ્વરૂપના અનુભવ વગર જરાપણ શુદ્ધપરિણમન થાય નહિ, ને શુદ્ધપરિણમન વગર ચોથું ગુણસ્થાન પણ ન થાય. ચોથા ગુણસ્થાનથી જ શુદ્ધસ્વરૂપનો અનુભવ છે, શુદ્ધપરિણમન છે, મોક્ષમાર્ગ છે; તેને અંતરાત્મા કહ્યા છે. ચોથા ગુણસ્થાને શુદ્ધસ્વરૂપનો અનુભવ હોવાની જે ના પાડે તેને અનુભવદશાની કે ચોથાગુણસ્થાનની ખબર નથી, તેને મોક્ષમાર્ગની ખબર નથી.

ભાઈ! શુદ્ધપરિણમન વગર રાગ અને જ્ઞાનની ભિન્નતાને જાણી શકાય નહિ. રાગ અને જ્ઞાનની ભિન્નતાને યથાર્થ જાણતાં શુદ્ધપરિણમન થયા વગર રહે નહિ. રાગ અને જ્ઞાનને ખરેખર ત્યારે જ જુદા જાણ્યા કે જ્યારે રાગથી જુદો પરિણમે ને જ્ઞાનસ્વભાવ તરફ ઝૂકે; આ રીતે ભેદજ્ઞાન થતાંવેંત શુદ્ધતારૂપ પરિણમન થાય જ છે. આવું પરિણમન થયું ત્યારે જ મોક્ષમાર્ગ શરૂ થયો.

ક્યાં જ્ઞાન ને ક્યાં રાગ? ક્યાં પરમ અતીન્દ્રિય સુખ ને ક્યાં આકુળતા? બંનેને મેળ નથી; અંતરની શાંતિના પ્રવાહમાં રાગની ભેળસેળ નથી. અનુભવના અમૃતમાં આકુળતાનું ઝેર નથી.

અતીન્દ્રિયસુખ કહો કે આત્માનો સ્વભાવ કહો, તેનો જેને પ્રેમ જાગ્યો, તે સુખ જ જેને ઉપાદેય લાગ્યું, તે જીવને જગતના બીજા કોઈ બાહ્યવિષયો ને પુણ્ય-પાપના ભાવો રુચિકર ન લાગે; તેને તે ઉપાદેય ન

સમજે. વીતરાગી મોક્ષસુખનો અભિલાષી રાગને કેમ સેવે? તે તો પરભાવોથી રહિત એવા પોતાના શુદ્ધસ્વરૂપને જ સેવે છે.–આવું સેવન તે જ સિદ્ધાન્તનું સાચું સેવન છે.

❀ હું તો એક શુદ્ધ ચિન્માત્રભાવ જ છું, અન્ય કોઈ ભાવો મારા નથી.—એવું શુદ્ધાત્માનું સેવન એટલે કે અનુભવન તે જ સિદ્ધાન્તનું સેવન છે.

❀ રાગ ને પુણ્ય મારાં, તેનાથી મને સુખ મળશે–એવું જે રાગનું સેવન છે તે સિદ્ધાન્તનો અનાદર છે.

સિદ્ધાન્તે આત્માનો પરમાર્થસ્વભાવ દેખાડ્યો છે; તે સ્વભાવનું સેવન તે સ્વસન્મુખ પર્યાય છે, એ જ ધર્માત્માનું આચરણ છે...એમાં જ પરમ અતીન્દ્રિયસુખનું વેદન છે.

જીવે અનાદિથી વિકારી પરભાવોનું જ સેવન કર્યું છે, તેને જ પોતાપણે અનુભવ્યા છે; તેમાં એક ક્ષણ પણ જો ભંગ પાડે તો સ્વભાવસન્મુખતા થઈ જાય. જેમ અજ્ઞાનથી નિરંતર રાગને અનુભવ્યો, તેમ હવે 'રાગાદિ તે હું નથી, શુદ્ધ ચૈતન્યભાવ જ હું છું' એમ નિરંતર શુદ્ધાત્માનું સેવન કરો, તેને જ પોતાપણે અનુભવમાં લ્યો.–આવો અનુભવ તે જ મોક્ષનું કારણ છે, તે જ મોક્ષાર્થીજીવે કરવાનું કાર્ય છે. એ સિવાય પુણ્ય કે પુણ્યના ફળરૂપ ભોગો, સંસાર કે શરીર–તેની અભિલાષા મોક્ષાર્થી ધર્માત્માને નથી. સ્વસંવેદન–પ્રત્યક્ષ એવું જીવદ્રવ્ય હું છું, શુદ્ધજ્ઞાન-પ્રકાશમય હું છું, અતીન્દ્રિયસુખ તે હું છું–આવાં શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ ધર્મી કરે છે. ધર્મીના આવા કાર્ય સાથે રાગાદિ અશુભભાવો અણમળતા છે. શુદ્ધસ્વરૂપને રાગાદિ સાથે મેળ નથી–મિલન નથી–એકતા નથી,–પણ ભિન્નતા છે. જેટલા રાગાદિભાવો છે તે બધાય શુદ્ધચૈતન્યના અનુભવથી પર છે; પોતાના સ્વરૂપપણે નથી અનુભવાતા. માટે હે મોક્ષાર્થી જીવો! તમે પ્રજ્ઞા વડે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરો.

* * *

ભગવતીચેતના કહો કે પ્રજ્ઞાછીણી કહો, તેના વડે બંધનથી જુદો શુદ્ધ આત્મા અનુભવાય છે. શુદ્ધ આત્મા ચેતનામાત્ર વસ્તુ છે. તેમાં રાગ-દ્વેષ -મોહાદિ અશુદ્ધભાવો એકમેક નથી, પણ બંને વચ્ચે સંધિ છે–સાંધો છે, લક્ષણભેદ છે. એકક્ષેત્રે હોવા છતાં બંને એકસ્વભાવે નથી, બંનેના સ્વભાવ વચ્ચે મોટો આંતરો છે. તે આંતરો લક્ષમાં લઈને પ્રજ્ઞાછીણી એવી પડે છે કે અશુદ્ધતાને એકબાજુ કરીને, શુદ્ધચેતનાવસ્તુમાં પોતે એકાગ્ર થાય છે.– એનું નામ ભેદજ્ઞાન, ને આ મોક્ષમાર્ગ.

બંધનનું સ્વરૂપ, બંધનથી છૂટવાનો ઉપાય–એ બધાના માત્ર વિચાર કર્યા કરે–વિકલ્પ કર્યા કરે તેથી કાંઈ બંધન છૂટે નહિ. બંધથી ભિન્ન એવા શુદ્ધાત્માને જાણીને તેમાં જ્ઞાનને એકાગ્ર કરતાં બંધભાવો છૂટી જાય છે. તેને માટે ઉપયોગમાં સાવધાની જોઈએ. **रभसात्** એટલે ઝડપથી પ્રજ્ઞાછીણી પડે છે–એમ કહીને પુરુષાર્થની તીવ્રતા બતાવી છે. આવું ભેદજ્ઞાન કરે તે જીવને નિપુણ કહ્યો છે. બાકી બહારના જાણપણામાં નિપુણતા બતાવે ને અંદરમાં રાગથી જુદા શુદ્ધાત્માનો અનુભવ કરતાં જો ન આવડે તો તેને નિપુણ કહેતા નથી, તે ઠોઠ છે, આત્માને બંધનથી છોડાવવાની વિદ્યા તેને આવડતી નથી.

ભાઈ, આત્માનો શુદ્ધસ્વભાવ, અને અશુદ્ધતારૂપ બંધ તે બંને એકમેક થયા નથી પણ વચ્ચે લક્ષણભેદરૂપ સાંધ છે, એટલે બંનેને જુદા અનુભવી શકાય છે, સૂક્ષ્મ જ્ઞાનછીણી વડે તેમને જુદા પાડી શકાય છે. આત્મા અને બંધ બંને એવા એકમેક નથી થઈ ગયા કે વચ્ચે જ્ઞાનછીણી ન પેસી શકે; બંને વચ્ચેનો ભેદ જ્ઞાન વડે જાણી શકાય છે, ભેદજ્ઞાન વડે બંનેને ભેદી શકાય છે.

જેટલા ક્ષેત્રમાં ચેતનવસ્તુ છે, તેટલા જ ક્ષેત્રમાં રાગાદિ બંધભાવો છે, છતાં બંને વચ્ચે ભાવભેદરૂપ (લક્ષણભેદરૂપ) મોટી તિરાડ છે. આ રાગનો સ્વાદ આકુળતારૂપ–દુઃખરૂપ છે, ને જ્ઞાનનો સ્વાદ તો શાંત—સુખરૂપ છે, એમ વિવેક દ્વારા બંનેના સ્વાદની ભિન્નતા જણાય છે; તીખી પ્રજ્ઞા દ્વારા તે બંનેને અત્યંત ભિન્ન જાણીને તે પ્રજ્ઞા શુદ્ધસ્વરૂપમાં

પેસીને તેને અનુભવમાં લ્યે છે, ને રાગાદિને જુદા કરી નાંખે છે.

તીખી પ્રજ્ઞા–તીખું જ્ઞાન, એટલે રાગથી ઘેરાય નહિ એવી ચેતના; તે અંતરના ચૈતન્યસ્વભાવમાં પ્રવેશી જાય છે; અત્યંત સાવધાની વડે –ઉપયોગની જાગૃતિ વડે અંદરની સૂક્ષ્મસાંધને ભેદીને, એકકોર જ્ઞાનસ્વરૂપ આત્મા, ને બીજીકોર અજ્ઞાનરૂપ એવા બંધભાવો, તેમને સર્વથા જુદા કરી નાંખે છે. બંધભાવના કોઈ અંશને જ્ઞાનમાં રહેવા દેતી નથી, ને જ્ઞાનના કોઈ અંશને બંધભાવમાં ભેળવતી નથી. આવી ભગવતી જ્ઞાનચેતના તે મોક્ષનું સાધન છે.

જોકે રાગાદિ અશુદ્ધભાવો જીવની પર્યાયમાં પરિણમે છે—જ્યાં જીવ છે ત્યાં જ રાગાદિ છે, તેથી તેમનાથી ભિન્ન એવા શુદ્ધજીવનો અનુભવ સામાન્ય જીવોને કઠણ છે–ઘણો સૂક્ષ્મ છે, તોપણ નિપુણ પુરુષો અંતરની સૂક્ષ્મ જ્ઞાનચેતના વડે સ્વભાવ અને વિભાવ વચ્ચેનો ભેદ જાણીને તેમની ભિન્નતાનો અનુભવ કરે છે; કેમ કે બંને વચ્ચે લક્ષણભેદની તીરાડ છે. સ્થૂળજ્ઞાનથી અજ્ઞાનીને તે તીરાડ નથી દેખાતી પણ જ્ઞાનની અંતર એકાગ્રતા વડે તે વચ્ચેની સાંધ જાણીને, જ્ઞાન પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય છે. એકાગ્ર થતાં જ બંને સ્પષ્ટ ભિન્ન જુદા અનુભવમાં આવે છે; જ્ઞાનનો અનુભવ થયો તે અનુભવમાં રાગની સર્વથા નાસ્તિ છે. પ્રથમ આવી ભિન્નતા અનુભવતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે; પછી સકળ રાગાદિનો તથા કર્મનો ક્ષય થવાથી બંધને સર્વથા છેદીને સાક્ષાત્ મોક્ષદશા પ્રગટ થાય છે. આ રીતે પ્રજ્ઞાછીણી વડે બંધનને છેદીને આત્મા મુક્ત થાય છે. માટે પ્રજ્ઞારૂપ જ્ઞાનચેતના તે મોક્ષનો પંથ છે.

અંતરમાં જ્ઞાન અને રાગ વચ્ચેની સાંધ પકડવા માટે ઉપયોગમાં ઘણી સૂક્ષ્મતા જોઈએ. ઈન્દ્રિયો ને મન બંનેથી છૂટીને અતીન્દ્રિય ઉપયોગ વડે રાગથી જુદો આત્મા અનુભવાય છે. આમાં અંતર્મુખ ઉપયોગનો ઘણો પ્રયત્ન છે. દેહ-મન-વાણી તથા જડકર્મ– તે તો જીવથી એકક્ષેત્રે હોવા છતાં ભિન્ન પ્રદેશવાળા છે, રૂપી છે, જડ છે, તે નવા આવે છે ને જાય છે— એવી પ્રતીતિ વિચાર વડે ઊપજે છે. પણ અંદરમાં જીવની પર્યાય સાથે એક

પ્રદેશે રહેલા જે રાગાદિભાવો, તેમનાથી ભિન્ન શુદ્ધજીવનો અનુભવ કઠણ છે,—કઠણ હોવા છતાં સૂક્ષ્મ પ્રજ્ઞા વડે તેમની વચ્ચેના સ્વભાવભેદને જાણીને ભિન્નતાનો અનુભવ થઈ શકે છે. કઠણ છે –પણ અશક્ય નથી, થઈ શકે તેવું છે. ને આવી ભિન્નતાનો અનુભવ કરાવનારી ભગવતી પ્રજ્ઞા તે જ મોક્ષસાધન છે. અનંતા જીવો એવો અનુભવ કરીને મોક્ષ પામ્યા છે.

પ્રજ્ઞાછીણી વડે વિચાર કરતાં અંતરમાં એમ પ્રતીત થાય છે કે રાગ જુદો ને હું જુદો; રાગ વગરનો આત્મલાભ સંભવે છે; રાગના અભાવમાં આત્માનો અભાવ થઈ જતો નથી. રાગના અભાવે પણ આત્મા પોતાના ચેતનસ્વરૂપે જીવે છે. માટે ચેતનાસ્વરૂપ જ જીવ છે, રાગસ્વરૂપ નથી.–આવું અંદરનું ભેદજ્ઞાન અત્યંત કઠણ હોવા છતાં અંદરના તીવ્ર પ્રયત્ન વડે થઈ શકે છે. રાગના કાળે જ તેનાથી ભિન્ન શુદ્ધજીવનો અનુભવ જ્ઞાનચેતના વડે જરૂર થાય છે. જ્ઞાનચેતના અતિ સૂક્ષ્મ છે, ચક્રવર્તીની તલવારની તીખી ધારની જેમ એક ઝાટકે તે પ્રજ્ઞાછીણી જ્ઞાન અને રાગના બે કટકા કરી નાંખે છે. આવું ભેદજ્ઞાન કરતાં પ્રજ્ઞાછીણીને કેટલી વાર લાગે?–તો કહે છે કે તત્ક્ષણ એક સમયમાં તે આત્મા અને બંધને જુદા કરી નાખે છે. ચેતના જ્યાં અંતરમાં એકાગ્ર થઈ કે તે જ સમયે તે બંધભાવોથી જુદા શુદ્ધ આત્માને અનુભવે છે. આવું ભેદજ્ઞાન નિપુણ પુરુષો કરે છે; નિપુણ પુરુષો એટલે આત્માનુભવમાં પ્રવીણ જીવો;–પછી તે પુરુષ હો કે સ્ત્રી હો, સ્વર્ગનો દેવ હો કે નરકનો નારકી હો; આત્માનો અનુભવ કરવામાં પ્રવીણ છે તે જીવો નિપુણ છે, મોક્ષને સાધવાની કળા તેમને આવડે છે...અને સંસારનો કિનારો નજીક આવી ગયો છે. આવા ભેદજ્ઞાનનિપુણ જીવો પ્રજ્ઞાછીણી વડે બંધથી ભિન્ન શુદ્ધ આત્માને સાધે છે. આવું ભેદજ્ઞાન જીવને આનંદ ઉપજાવે છે. ભેદજ્ઞાન થતાંવેંત જ આનંદરૂપ શુદ્ધઆત્મા અનુભવમાં આવે છે, ને બંધભાવો શુદ્ધસ્વરૂપથી બહાર જુદા રહી જાય છે. આ મોક્ષમાર્ગ છે.

વાહ! સન્તો આવું ભેદજ્ઞાન કરાવીને કહે છે કે ભાઈ! તું અંતરમાં આવું ભેદજ્ઞાન કર. આ ભેદજ્ઞાન તને મહા આનંદ ઉપજાવશે ને મોક્ષ પમાડશે. ભેદજ્ઞાન માટેનો આ અવસર છે. અનાદિના બંધનથી છૂટીને સુખી થવા માટેનો આ વખત છે. તું આ વખતને ચૂકીશ મા.

* * *

ગુરુદેવ પરમ વાત્સલ્યભરી પ્રેરણાથી કહે છે કે હે ભાઈ! અત્યારે આત્મજ્ઞાન માટેનો આ અવસર છે...તું આ વાત લક્ષમાં તો લે. માંડ આવા ટાણાં મળ્યા છે...તેમાં કરવાનું તો એક આ જ છે. અંદરમાં જરા ધીરો થઈ, બહારના કાર્યોનો રસ છોડી, વિચાર કર તો તને જણાશે કે આત્માનો સ્વભાવ અને રાગ બંને એક થઈને રહેવા યોગ્ય નથી પણ જુદા પડવા યોગ્ય છે. બંનેનો સ્વભાવ જુદો છે તેથી જુદા પડી જાય છે. ભાઈ! સમય–સમય કરતાં કાળ તો ચાલ્યો જ જાય છે; તેમાં જો તું તારા સ્વભાવ–સન્મુખ ન થયો તો તેં શું કર્યું? જે કરવા જેવું કાર્ય છે તે તો આ જ છે. ગમે તેટલા પ્રયત્ન વડે પણ વિકારથી ભિન્ન ચેતનાનો અનુભવ કરવો–તે જ કરવાનું છે.

તારી ચેતના રાગને ચેતવામાં (અનુભવવામાં) રોકાય છે તેને બદલે ચેતના અંતરમાં વળી શુદ્ધઆત્માને ચેતે–અનુભવે કે તરત જ આત્મા અને બંધની ભિન્નતાનો અનુભવ થાય છે.—એક સમયમાં જ આવો ઉપયોગ પલટો થઈ જાય છે.

દુનિયાના જીવો દુનિયાના બાહ્યકાર્યોમાં પોતપોતાનું ડહાપણ ને પ્રવીણતા દેખાડે છે...તો હે ભાઈ! તું તારા આત્માના અનુભવમાં પ્રવીણ થા...તેમાં ઉદ્યમી થા, તારી ચેતનાને રાગથી જુદી કરીને શુદ્ધ સ્વરૂપમાં પેસાડ...તે ક્ષણે જ તને પરમ આનંદ થશે. ભેદજ્ઞાનમાં નિપુણ જીવો આનંદસહિત પોતાના શુદ્ધઆત્માને અનુભવે છે.—આવો અનુભવ તે મોક્ષમાર્ગ છે, તે કરવા જેવું કામ છે.

અહા! સાવધાન થઈને આત્માના વિચારનો ઉદ્યમ કરે તેમાં તો ઊંઘ ઊડી જાય તેવું છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે તે તો આત્મા અને

બંધની ભિન્નતાના વિચારમાં જાગૃત છે, ઉત્સાહી છે, તેમાં પ્રમાદી થતા નથી. મારે મારું હિત સાધવું છે, મારે મારા આત્માને ભવબંધનથી છોડાવવો છે–એમ અત્યંત સાવધાન થઈને, મહાન ઉદ્યમપૂર્વક હે જીવ! તારા આત્માને બંધનથી જુદો અનુભવમાં લે...અનાદિની ઊંઘ ઉડાડીને જાગૃત થા.

આત્માના અનુભવ માટે સાવધાન થાજે...શૂરવીર થાજે...જગતની પ્રતિકૂળતા દેખીને કાયર થઈશ નહિ...પ્રતિકૂળતા સામે ન જોઈશ, શુદ્ધ આત્માના આનંદ સામે જોજે. શૂરવીર થઈને–ઉદ્યમી થઈને આનંદનો અનુભવ કરજે. 'હરિનો મારગ છે શૂરાનો'...તે પ્રતિકૂળતામાં કે પુણ્યની મીઠાશમાં ક્યાંય અટકતા નથી; એને એક પોતાના આત્માર્થનું જ કામ છે.તે ભેદજ્ઞાન વડે આત્માને બંધનથી સર્વથા પ્રકારે જુદો અનુભવે છે. આવો અનુભવ કરવાનો આ અવસર છે–ભાઈ! તેમાં તારી ચેતનાને અંતરમાં એકાગ્ર કરીને ત્રિકાળી ચૈતન્યપ્રવાહરૂપ આત્મામાં મગ્ન કર...ને રાગાદિ સમસ્ત બંધભાવોને ચેતનથી જુદા અજ્ઞાનરૂપ જાણ. આમ સર્વ પ્રકારે ભેદજ્ઞાન કરીને તારા એકરૂપ શુદ્ધ આત્માને સાધ, મોક્ષને સાધવાનો આ અવસર છે.

અહો, વીતરાગના મારગડા...જગતથી જુદા છે. જગતના ભાગ્ય છે કે સંતોએ આવો મારગ પ્રસિદ્ધ કર્યો છે. આવો મારગ પામીને હે જીવ! ભેદજ્ઞાન વડે શુદ્ધઆત્માને અનુભવમાં લઈને તું મોક્ષપંથે આવ.

સ્વમાં દેખ....સુખી થા;
પરભાવોથી દૂર જા.
તુજ વિભવને તુજમાં દેખ;
પરમાં સુખ ન કિંચિત્ પેખ.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# સ્વાનુભવના ચિહ્નરૂપ જ્ઞાનચેતના જ્ઞાનીના હૃદયની વાત

સં. ૧૯૯૨ની એટલે કે આજથી ૩૫ વર્ષ પહેલાંની વાત છે. તે વખતે ગુરુદેવ પાસે સ્વાનુભવની એક અત્યંત મહત્વની ચર્ચા થયેલી, કોઈક વાર પ્રસન્નતાથી ને ઘણા ગંભીર ભાવથી તે ચર્ચાનો પ્રસંગ યાદ કરીને જ્યારે ગુરુદેવ સંભળાવે છે ત્યારે જિજ્ઞાસુના રોમેરોમ પુલકિત થઈને જ્ઞાનીના સ્વાનુભવ પ્રત્યે ઉલ્લસી જાય છે. તે ચર્ચામાં ગુરુદેવે પૂછેલું કે જ્ઞાનચેતનાનું ફળ શું? જ્ઞાનચેતના ઉઘડે એટલે બધા શાસ્ત્રોના અર્થનો ઉકેલ કરી નાંખેને?

ઉત્તર :–જ્ઞાનચેતના તો અંતરમાં પોતાના આત્માને ચેતનારી છે. જ્ઞાનચેતનાના ફળમાં શાસ્ત્રના ઉકેલ થવા માંડે–એવું તેનું ફળ નથી, પણ આત્માના અનુભવનો ઉકેલ પામી જાય એવી જ્ઞાનચેતના છે. જ્ઞાનચેતનાનું ફળ તો એ છે કે પોતાના આત્માને ચેતી લ્યે. શાસ્ત્રના ભણતર ઉપરથી જ્ઞાનચેતનાનું માપ નથી.

જ્ઞાનચેતનાનું કાર્ય તો અંતરની અનુભૂતિમાં છે. જ્ઞાનને અંતરમાં વાળીને જેણે રાગથી ભિન્ન સ્વરૂપને અનુભવમાં લઈ લીધું છે તે જીવને અપૂર્વ જ્ઞાનચેતના અંતરમાં ખીલી ગઈ છે.

જ્ઞાનચેતના એટલે શુદ્ધાત્માને અનુભવનારી ચેતના, તે ચેતના મોક્ષમાર્ગ છે. આ જ્ઞાનચેતનાનો સંબંધ શાસ્ત્રના ભણતર સાથે નથી. જ્ઞાનચેતના તો અંતર્મુખ થઈને આત્માના સાક્ષાત્કારનું કાર્ય કરે છે. ઓછું–વધારે જાણપણું હો તેની સાથે સંબંધ નથી, પણ જ્ઞાનાનંદ-સ્વભાવની સન્મુખ થતાં જ્ઞાનચેતના પ્રગટે છે, તે જ્ઞાનચેતનામાં આત્મા નિજાનંદને અનુભવતો થકો અત્યંત શુદ્ધપણે પ્રકાશે છે. આવી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જ્ઞાનચેતના ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. જ્ઞાની આવી જ્ઞાનચેતના વડે કેવળજ્ઞાનને બોલાવે છે.

(આમાં જ્ઞાનીનું હૃદય ભર્યું છે. આના ભાવો સ્વાનુભવ માટે ખૂબ ઊંડેથી મનનીય છે. ગુરુદેવ આ ચર્ચાનો ઘણો મહિમા કરે છે.)

સમયસાર કળશ ૩૨૩–૩૨૪ વગેરેના પ્રવચનોમાંથી
આ સંબંધી સ્પષ્ટીકરણ આપવામાં આવે છે.—

- હું જ્ઞાનસ્વભાવ છું–એવો જે ખરો નિર્ણય છે તેની સંધિ જ્ઞાનસ્વભાવ સાથે છે, વિકલ્પ સાથે તેની સંધિ નથી.
- જ્ઞાન અને વિકલ્પ બંને નિર્ણયકાળમાં હોવા છતાં, તેમાંથી જ્ઞાનસ્વભાવ સાથે સંધિનું કામ જ્ઞાને કર્યું છે, વિકલ્પે નહિ.
- જ્ઞાનસ્વભાવ સાથે સંધિ કરીને, તેના લક્ષે ઉપડેલી જ્ઞાનધારા જ્ઞાનના અનુભવ સુધી પહોંચી જશે.

# ધર્માત્માની જ્ઞાનચેતના

આમાં જ્ઞાનીના હૃદયનું રહસ્ય ભર્યું છે. જ્ઞાનીના અંતરના આત્મભાવો સમજવા માટે, તેમની પરિણતિ ઓળખવા માટે, ને પોતામાં તેવા ભાવો પ્રગટ કરવા માટે 'ધર્માત્માની જ્ઞાનચેતના' નું મનન આત્માર્થી જીવોને બહુ ઉપયોગી થશે.

'જ્ઞાનચેતના' તે ધર્માત્માનું ચિહ્ન છે. જ્ઞાનચેતના વડે ધર્મીજીવ પોતાને નિરંતર શુદ્ધસ્વરૂપે અનુભવે છે. જ્ઞાનચેતના પોતાના સ્વભાવને સ્પર્શનારી છે. અમુક શાસ્ત્ર આવડે તો જ્ઞાનચેતના કહેવાય–એમ નથી; પણ પોતાના શુદ્ધ સ્વભાવને સ્પર્શે–અનુભવે એનું નામ જ્ઞાનચેતના છે. જ્ઞાનચેતનાનું કામ અંદરમાં સમાય છે. અંતરમાં જ્ઞાનસ્વભાવને સ્પર્શ્યા વિના શાસ્ત્રાદિનું ગમે તેટલું જાણપણું હોય તોપણ તેને જ્ઞાનચેતના કહેતા નથી; કેમ કે તે તો રાગને સ્પર્શે છે–રાગને અનુભવે છે.

ધર્મની શરૂઆત કે સુખની શરૂઆત 'જ્ઞાનચેતના'થી થાય છે. જ્ઞાનચેતના એટલે શુદ્ધ આત્માને અનુભવનારી ચેતના; તેમાં રત્નત્રય સમાય છે. આ જ્ઞાનચેતનાનો સંબંધ શાસ્ત્રના ભણતર સાથે નથી; જ્ઞાનચેતના તો અંતર્મુખ થઈને આત્માના સાક્ષાત્કારનું કાર્ય કરે છે. જ્ઞાનચેતનાના બળે જ્ઞાની અલ્પકાળમાં જ કેવળજ્ઞાનને બોલાવી લ્યે છે.

જ્ઞાનચેતનાનું કાર્ય વિકલ્પ કે વાણી નથી. કોઈ પૂછે કે જ્ઞાનચેતના પ્રગટે એટલે બધા શાસ્ત્રોના અર્થ ઉકેલતાં આવડી જાય, ને બીજાને ઉપદેશ દઈને સમજાવતાં આવડી જાય–એ જ્ઞાનચેતનાનું ફળ છે?

—તો જ્ઞાની કહે છે કે ના; જ્ઞાનચેતનાનું ફળ તો એ છે કે પોતાના આત્માને ચેતી લ્યે; આત્માને સ્વસંવેદન–પ્રત્યક્ષ કરી લેવો તે જ્ઞાનચેતનાનું

ફળ છે. જ્ઞાનચેતનાના ફળમાં શાસ્ત્રના અર્થ ઉકેલતાં આવડે એવું કાંઈ તેનું ફળ નથી, પણ આત્માના અનુભવનો ઉકેલ પામી જાય–એવી જ્ઞાનચેતના છે. તે જ્ઞાનચેતના તો અંતરમાં પોતાના આનંદસ્વરૂપ આત્માને ચેતે છે. (આ ન્યાય ખાસ સમજવા યોગ્ય છે.)

જ્ઞાનચેતનાનું કાર્ય અંતરમાં આવે છે, બહારમાં નહીં. કોઈ જીવ શાસ્ત્રોના અર્થોની ઝપટ બોલાવતો હોય તેથી તેને જ્ઞાનચેતના ઊઘડી ગઈ છે એમ તેનું માપ નથી; કેમ કે કોઈ જીવને ભાષાનો યોગ ન હોય ને કદાચ તેવો પર તરફનો વિશેષ ઉઘાડ પણ ન હોય છતાં અંદર જ્ઞાનચેતના હોય. અને કદાચ કોઈને તેવો વિશેષ ઉઘાડ ન હોય તોપણ તે કાંઈ જ્ઞાનચેતનાની નિશાની નથી, જ્ઞાનચેતનાનું કાર્ય તો અંતરની અનુભૂતિમાં છે. જેણે જ્ઞાનને અંતરમાં વાળીને રાગથી ભિન્ન સ્વરૂપને અનુભવમાં લઈ લીધું છે તે જીવને અપૂર્વ જ્ઞાનચેતના અંદરમાં ખીલી ગઈ છે. એની ઓળખાણ થવી જીવોને કઠણ છે.

ભાઈ, તારે જન્મ-મરણનાં દુઃખ ટાળવા હોય ને આત્માનું સુખ જોઈતું હોય તો, ધ્યાનના વિષયરૂપ એવા તારા શુદ્ધ સ્વભાવને અનુભવમાં લે. એ અનુભવમાં આનંદસહિત જ્ઞાનચેતના ખીલી ઉઠશે. બહારના ભણતર વડે જ્ઞાનચેતના નથી ખીલતી. અંદર જ્ઞાનસ્વભાવને ચેતે–અનુભવે એનું નામ જ્ઞાનચેતના. આવી જ્ઞાનચેતના તે સમ્યગ્દૃષ્ટિનો ધર્મ છે. અજ્ઞાની પોતાને રાગપણે જ ચેતે છે–અનુભવે છે, તે અજ્ઞાનચેતના છે, તે કર્મચેતના છે. રાગાદિ અશુદ્ધતાને જે અનુભવે છે તેને રાગ-દ્વેષ-મોહરહિત જે શુદ્ધજ્ઞાન તેના સ્વાદની ખબર નથી. ધર્માત્માની જ્ઞાનચેતના રાગથી ભિન્ન અંતર્મુખ છે; પર્યાયે શુદ્ધસ્વભાવને સ્પર્શીને તેનો અનુભવ કર્યો છે. તે ચેતના રાગને સ્પર્શતી નથી, રાગથી તો જુદી જ રહે છે. તે જ્ઞાનચેતના આત્મિકરસથી ભરપૂર છે, અતીન્દ્રિય આનંદથી ભરપૂર છે. ધર્મીને આત્મામાં આનંદથી ભરેલા ચૈતન્યકલ્લોલ ઉલ્લસે છે.

ધર્મીએ અંતરમાં ધ્યેય કરીને પોતાના પરિપૂર્ણ આત્માને જાણ્યો, ત્યાં આખા જગતને પણ જાણી લ્યે એવું જ્ઞાનનું સામર્થ્ય પ્રતીતમાં આવ્યું.

જીવ અખંડ જ્ઞાનસ્વભાવી છે, તો જ્ઞાનનું સામર્થ્ય અધૂરું કેમ હોય? આખો સર્વજ્ઞસ્વભાવ ધર્મીએ પોતામાં દેખ્યો ત્યાં તે જગતનો જ્ઞાતા થયો.

જ્ઞાનસ્વરૂપ આત્માને જે ચેતે તે જ્ઞાનચેતના; રાગ વડે આવી જ્ઞાનચેતના અનુભવમાં આવતી નથી; રાગનો તો આવી જ્ઞાનચેતનામાં અભાવ છે, જ્ઞાનચેતના તો ચૈતન્યપ્રકાશથી ભરેલી છે, આનંદથી ભરેલી છે. જ્ઞાનચેતના વડે શુદ્ધઆત્માને જે અનુભવે છે તેને શુદ્ધતા પ્રગટે છે ને અજ્ઞાનચેતનારૂપ અશુદ્ધતાને જે અનુભવે છે તેને અશુદ્ધતા જ થાય છે. આ રીતે જ્ઞાનચેતના તે મોક્ષમાર્ગ છે, ને અજ્ઞાનચેતના તે સંસારમાર્ગ છે.

ચોથા ગુણસ્થાનથી જ જ્ઞાનચેતનારૂપ મોક્ષમાર્ગ પ્રગટ્યો છે, જ્ઞાનચેતના વગર મોક્ષમાર્ગ હોય નહિ. આનંદમય જ્ઞાનચેતનાને પરિણમાવતા જ્ઞાની ચૈતન્યના પ્રશમરસને પીએ છે. જ્ઞાનચેતના આનંદસહિત હોય છે. જ્ઞાનચેતના ખીલે ને આનંદનો અનુભવ ન થાય એમ બને નહિ. રાગથી જુદી પડીને શુદ્ધસ્વભાવમાં એક થઈ એવી જ્ઞાનચેતના શુદ્ધપરિણતિરૂપ વીતરાગવૈભવથી સહિત છે.

અરે, મનુષ્યપણું પામીને આ જ્ઞાનચેતના પ્રગટ કરવાનો અવસર છે. એ વસ્તુને ખ્યાલમાં તો લે. સાચું લક્ષ કરી તેનો પક્ષ કરતાં, તેના અભ્યાસમાં દક્ષ થઈને તેનો અનુભવ થશે. પણ લક્ષ અને પક્ષ જ જેને ખોટા છે તે શુદ્ધતાનો અનુભવ ક્યાંથી કરશે? અજ્ઞાની રાગનો પક્ષ કરે છે, –રાગથી કંઈક લાભ થશે એમ માનીને તેનો પક્ષ કરે છે એટલે તે રાગાદિ અશુદ્ધતારૂપે જ પોતાને અનુભવે છે; ધર્મી પોતાના શુદ્ધસ્વભાવને અનુભવે છે; આવો શુદ્ધ અનુભવ તે મોક્ષમાર્ગ છે. જે આવા શુદ્ધ અનુભવરૂપ જ્ઞાનચેતના વગર પોતાને ધર્મી માને તેને ધર્મના સાચા સ્વરૂપની ખબર પણ નથી, ધર્મને કે ધર્મીને તે ઓળખતો જ નથી.

શુદ્ધ ચેતનાવસ્તુ રાગ વગરની છે; તો તેનો અનુભવ પણ રાગ વગરનો જ હોય. વસ્તુ રાગરૂપ નથી, તેના અનુભવરૂપ પર્યાય પણ રાગરૂપ નથી. સાધકપણાની ભૂમિકામાં રાગ હોય પણ તે વખતેય ધર્મીની ચેતના તો રાગથી જુદી જ પરિણમે છે. ચેતનાને અને રાગને કાંઈ

લાગતું-વળગતું નથી. ચેતના તો સ્વભાવને સ્પર્શનારી છે, પરભાવને તે સ્પર્શતી નથી. ચોથા ગુણસ્થાનની જ્ઞાનચેતના કે કેવળી ભગવાનની જ્ઞાનચેતના, એ બંને જ્ઞાનચેતના રાગ વગરની જ છે. આત્માના વૈભવમાં એકાગ્ર થયેલી આનંદમય જ્ઞાનચેતના ત્રણેકાળના વિભાવોથી મુક્ત છે. રાગઅંશ રાગમાં છે, ચેતનઅંશ ચેતનમાં છે, બંને તદ્દન જુદા પોતપોતાના સ્વરૂપમાં વર્તે છે. ચેતનમાં રાગનો અભાવ જ છે.

જ્ઞાનચેતના વાણીને કે શાસ્ત્રને નથી પ્રકાશતી, જ્ઞાનચેતના તો શુદ્ધચૈતન્યને પ્રકાશે છે. આવી જ્ઞાનચેતના જ શુદ્ધતાનું કારણ થાય છે, રાગ-અંશ શુદ્ધતાનું કારણ થતો નથી, તે તો પોતે અશુદ્ધ છે. અશુદ્ધ કારણ વડે શુદ્ધકાર્ય કેમ થાય? ન જ થાય; કારણ હંમેશા કાર્યની જાતિનું હોય છે, વિરુદ્ધ હોતું નથી, સ્વરૂપને ચેતનારી ચેતનાને જ ખરેખર જીવ કહ્યો છે. તે ચેતનામાં જીવ પોતાના ખરા સ્વરૂપે પ્રકાશે છે; રાગમાં શુદ્ધજીવ પ્રકાશતો નથી. શુદ્ધચેતનામાં અપાર તાકાત છે, એકલી વીતરાગતા તેમાં ભરી છે, આનંદ તેમાં ભર્યો છે; આનંદને અનુભવતી મોક્ષ તરફ દોડે છે.

જ્ઞાનચેતના વડે જીવ શું કરે? આનંદ વેદે,
અજ્ઞાનચેતના વડે શું કરે? રાગ-દ્વેષ–દુઃખને વેદે.
પરભાવના એક અંશને પણ જ્ઞાનચેતના વેદતી નથી.

અહા, 'જ્ઞાનચેતના'ના મહિમાની જગતને ખબર નથી. જેને જ્ઞાનચેતના થઈ તે આત્મા સર્વે પરભાવોથી છૂટો પડી ગયો, તે નિજાનંદના સમુદ્રને અનુભવમાં લીન થયો. વિકલ્પથી પાર જ્ઞાનચેતના અંદર સ્વભાવમાં ઘુસી ગઈ છે, રાગાદિ પરભાવો તો અનુભવથી બહાર રહી ગયા છે. આવી અનુભવદશા જેને પ્રગટી તેને ભગવતી જ્ઞાનચેતના વર્તે છે.

**जयवन्त वर्तो ज्ञानचेतनावंत ज्ञानी भगवन्ता.....**

❀

# ખરેખરો જ્ઞાયકવીર

## સંતો શ્રુતજ્ઞાનના સાદ વડે કેવળજ્ઞાનને બોલાવે છે.

ચૈતન્યસાધનાના પંથે ચડેલા સાધકને જગતની કોઈ પ્રતિકૂળતા ડગાવી શકતી નથી કે મુંઝવી શકતી નથી. નિજ-આત્માને દૃષ્ટિમાં લઈને તેમાં લીનતા વડે જેણે શાંતદશા પ્રગટ કરી, તેની શાંતિને જગતના મહાસંવર્તક-વાયરા પણ ડગાવી શકે નહીં. અત્યારે પંચમકાળમાં પ્રતિકૂળતાના ઘણા પ્રસંગો હોવાથી તેના સમાધાન માટે અટકવું પડે છે એટલે અત્યારે આત્માની સાધના થઈ શકતી નથી–આમ કોઈ કહે, તો કહે છે કે અરે ભાઈ! એવું નથી; અત્યારે પણ પ્રતિકૂળતાના ગંજ વચ્ચેય આત્માની પવિત્ર આરાધનાવાળા ને જાતિસ્મરણજ્ઞાનવાળા આત્માઓ અહીં નજરે દેખાય છે; જગતની કોઈ પ્રતિકૂળતા એમને આરાધનામાં નડતી નથી. અંતર્મુખ થઈને ચૈતન્યગૂફામાં જે પ્રવેશી ગયા તેમને ચૈતન્યગૂફામાં વળી પ્રતિકૂળતા કેવી? કોઈ પ્રતિકૂળતાના ભાર નથી કે ચૈતન્યની અંદર પ્રવેશી શકે. ચૈતન્યસિંહની શૂરવીરતા સામે પ્રતિકૂળતા તો ન ટકે, પરભાવો પણ ન ટકી શકે–

“બહિરભાવો તે સ્પર્શે નહી આત્મને,
ખેરખરો એ જ્ઞાયકવીર ગણાય જો.”

ચૈતન્યસિંહ જ્ઞાયકવીર પોતાના પરાક્રમની વીરતાથી જ્યાં જાગ્યો ત્યાં તેની પર્યાયના વિકાસને કોઈ રોકી શકે નહીં. અહો, સન્તોએ આત્મશક્તિનાં આવા રહસ્યો ખોલીને ગજબ કામ કર્યાં છે...ને મુમુક્ષુ જીવો ઉપર મહા ઉપકાર કર્યો છે. એમણે તો અંતરમાં શ્રુતજ્ઞાનના સાદ પાડીને કેવળજ્ઞાનને બોલાવ્યું છે; શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય આવી જાય છે. કેવળજ્ઞાનનો નિર્ણય ન હોય તો તે શ્રુતજ્ઞાન જ સાચું નથી. જ્યાં પોતાના સર્વજ્ઞસ્વભાવમાં સ્વસન્મુખ થતું શ્રુતજ્ઞાન જાગ્યું ત્યાં

**સર્વજ્ઞપદ પ્રગટ્યા વગર રહે નહિ. આવા સ્વભાવને જાણતાં જીવને સમ્યક્દર્શન થાય ને સ્વસન્મુખ થઈને તે વહેલો વહેલો મોક્ષમાં જાય.**

- ➢ જ્ઞાનસ્વભાવ સાથે સંધિ કરવાની વિકલ્પમાં તાકાત નથી, જ્ઞાને સ્વભાવનો 'ટચ' કર્યો ત્યારે સાચો નિર્ણય થયો.
- ➢ જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં, વિકલ્પથી જ્ઞાન અધિક થયેલું છે, જ્ઞાન અને વિકલ્પ વચ્ચે વીજળી પડી ચૂકી છે, બંને વચ્ચે તિરાડ પડી ગઈ છે, તે સાંધ હવે ભેગી ન થાય.
- ➢ આવા આત્મનિર્ણયના બળે સમ્યક્ત્વ પમાય છે.

# સમયસારના શ્રોતાને...આશીર્વાદ



૧૬મી વખત પ્રવચનના પ્રારંભે સમયસારનો મહિમા કરતાં ગુરુદેવે કહ્યું હતું કે હે ભવ્ય! તું અપૂર્વભાવે સમયસાર સાંભળજે. શુદ્ધાત્માનો અનુભવ કરનારા સંતોના હૃદયમાંથી નીકળેલું આ શાસ્ત્ર શુદ્ધાત્માનો અનુભવ કરાવીને ભવનો નાશ કરાવનારું છે...આત્માના અશરીરીભાવને દર્શાવનારું આ શાસ્ત્ર છે. હે શ્રોતા! તું સાવધાન થઈને (એટલે કે ભાવશ્રુતને અંતરમાં એકાગ્ર કરીને) સાંભળ....તેથી તારો મોહ નષ્ટ થઈ જશે, ને તું પરમાત્મા થઈ જઈશ. આ શાસ્ત્રની કથનીમાંથી ધર્માત્મા શુદ્ધાત્માને પ્રાપ્ત કરી લ્યે છે. શુદ્ધઆત્માનો અનુભવ કરવો તે આ શાસ્ત્રનું તાત્પર્ય છે. આવા શુદ્ધાત્માને ધ્યેયરૂપ સ્થાપીને તેને નમસ્કારરૂપ મોક્ષના મંગળ-સ્તંભ રોપ્યા છે.

❈ ❈ ❈

આ શાસ્ત્રમાં દર્શાવેલો જે શુદ્ધ જ્ઞાયકભાવ, તેના ઘોલન વડે આત્માની પરિણતિ અત્યંત શુદ્ધ થશે. વચ્ચે વિકલ્પ આવે તેના ઉપર કે

**વાણી ઉપર લક્ષ રાખીશ નહિ, પણ તેના વાચ્યરૂપ જે જ્ઞાયકભાવ–તેના ઉપર લક્ષ રાખજે, —તે તરફ જ્ઞાનને એકાગ્ર કરજે. રાગનો ઉત્સાહ રાખીશ મા, જ્ઞાયકસ્વભાવનો જ ઉત્સાહ રાખજે. જ્ઞાયકભાવના પ્રેમથી તને પરમ સુખ થશે, –એમ આશીર્વાદપૂર્વક સમયસાર સંભળાવે છે.**

### ✻ રે આત્મા! ✻

તારા જીવનમાં ઉત્કૃષ્ટ વૈરાગ્યના જે પ્રસંગો બન્યા હોય, ને વૈરાગ્યની સીતાર જ્યારે ઝણઝણી ઊઠી હોય...એવા પ્રસંગની વૈરાગ્યધારાને બરાબર જાળવી રાખજે, ફરીફરી તેની ભાવના કરજે. કોઈ મહાન પ્રતિકૂળતા, અપજશ વગેરે ઉપદ્રવપ્રસંગે જાગેલી વૈરાગ્યભાવનાને યાદ રાખજે. અનુકૂળતામાં વૈરાગ્યને ભૂલી જઈશ નહીં.

વળી, કલ્યાણકના પ્રસંગોને, તીર્થયાત્રા વગેરે પ્રસંગોને, ધર્માત્માઓના સંગમાં થયેલા ધર્મચર્ચા વગેરે કોઈ અદ્ભુત પ્રસંગોને, સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સંબંધી જાગેલી કોઈ ઉર્મિઓને, તથા તેના પ્રયત્ન વખતના ધર્માત્માઓના ભાવોને યાદ કરીને ફરી ફરીને તારા આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરજે.

# ત્રણ રત્નોની કિંમત સમજીએ

સંસારમાં અનંતાનંત જીવોમાંથી અસંખ્યાતજીવો જ મનુષ્ય હોય છે એટલે ત્રિરાશીને હિસાબે ગણતાં અનંતજીવોમાંથી માત્ર એક જીવ મનુષ્ય થાય. આવું દુર્લભ મનુષ્યપણું છે. દૃષ્ટિગોચર ક્ષેત્રમાં રહેલા કરોડો–અબજો મનુષ્યોમાં પણ મોટા ભાગના મનુષ્યો તો માંસ–મચ્છી–ઈંડા–દારૂ ને મદ્ય જેવા અભક્ષ્યસેવનના પાપસમુદ્રમાં એવા ડૂબેલા છે, કે જેને ધર્મના શ્રવણ જેટલા વિશુદ્ધ પરિણામ જ નથી.

હવે બાકી રહેલાં થોડાઘણા મનુષ્યોમાંથી પણ મોટા ભાગને તો કુદેવ-કુગુરુ-કુધર્મના સેવનનું એવું ભૂત વળગ્યું છે કે કોઈ પણ જાતની વિવેકબુદ્ધિ વગર ગાંડાની માફક ગમે તે ક્રિયામાં ધર્મ મનાવી રહ્યા છે. અરેરે! આ જીવો મનુષ્યપણું તો પામ્યા પણ એમને પંચપરમેષ્ઠી ભગવાનનું નામ પણ સાંભળવા ન મળ્યું, ગૃહીતમિથ્યાત્વના ભૂતે એમને ભરમાવ્યા. ધન્ય છે જગતમાં પંચપરમેષ્ઠી ભગવંતો,–કે જેમની ભક્તિરૂપ મંત્રના પ્રભાવે ગૃહીતમિથ્યાત્વનું ભૂત આત્માની પાસે પણ આવી શકતું નથી.

વહાલા સાધર્મી બંધુઓ! જગતમાં અનેકવિધ કુધર્મો તો સદાય રહેવાના જ છે કેમ કે નરકાદિ ગતિ પણ સદાય ભરેલી જ રહેવાની છે. આપણે એવા કુધર્મો સાથે કાંઈ નિસ્બત નથી. પરંતુ કુધર્મના દરિયાની વચ્ચે પણ આપણને ભવસમુદ્રથી તારીને આત્માનો આનંદ દેનારા જે “ત્રણ રત્નો” મળ્યા છે–તે જગતમાં સર્વશ્રેષ્ઠ છે. આપણને મળેલા એ વીતરાગી રત્નોને આપણે ઓળખીયે...જીવની જેમ એનું જતન કરીએ, ને એમના જેવું આપણું જીવન બનાવીએ...તે માટે જરાય પ્રમાદી ન થઈએ, ને પરમ બહુમાનપૂર્વક આ સાચા ત્રણ રત્નને સેવીએ...આપણા વીતરાગી અર્હન્તદેવ, આપણા વીતરાગી નિર્ગ્રંથ ગુરુઓ અને આપણા વીતરાગીશાસ્ત્રો એ જગતમાં સર્વશ્રેષ્ઠ, સત્ય અને

આત્મહિત માટે રત્નત્રય દેનારાં છે...તેનું જ સેવન કરો...ને એ સિવાય બીજા માર્ગ તરફ ભૂલેચૂકે જરાય ઝાંખીને પણ ન જુઓ.

જયવંત વર્તો એ 'ત્રણ રત્નો'....કે જે ત્રણરત્નના દાતાર છે.

## * શૂરવીર થઈને તું મોક્ષપંથે આવ *

### (પ્રભુનો મારગ છે શૂરાનો)

શ્રીગુરુ શિખામણ આપે છે કે હે ભવ્ય! આત્માના અનુભવ માટે સાવધાન થાજે...શૂરવીર થાજે...જગતની પ્રતિકૂળતા દેખીને કાયર થઈશ નહિ...પ્રતિકૂળતા સામે ન જોઈશ, શુદ્ધઆત્માના આનંદ સામે જોજે. શૂરવીર થઈને–ઉદ્યમી થઈને આનંદનો અનુભવ કરજે, 'હરિનો મારગ છે શૂરાનો....'...તે પ્રતિકૂળતામાં કે પુણ્યની મીઠાશમાં ક્યાંય અટકતા નથી; એને એક પોતાના આત્માર્થનું જ કામ છે. તે ભેદજ્ઞાન વડે આત્માને બંધનથી સર્વથા પ્રકારે જુદો અનુભવે છે. આવો અનુભવ કરવાનો આ અવસર છે–ભાઈ! તેમાં શાંતિથી તારી ચેતનાને અંતરમાં એકાગ્ર કરીને ત્રિકાળી ચૈતન્યપ્રવાહરૂપ આત્મામાં મગ્ન કર...ને રાગાદિ સમસ્ત બંધભાવોને ચેતનથી જુદા અજ્ઞાનરૂપ જાણ. આમ સર્વ પ્રકારે ભેદજ્ઞાન કરીને તારા એકરૂપ શુદ્ધઆત્માને શોધ. મોક્ષને સાધવાનો આ અવસર છે.

અહો, વીતરાગના મારગડા...જગતથી જુદા છે. જગતના ભાગ્ય છે કે સંતોએ આવો મારગ પ્રસિદ્ધ કર્યો છે. આવો મારગ પામીને હે જીવ! ભેદજ્ઞાન વડે શુદ્ધઆત્માને અનુભવમાં લઈને તું મોક્ષપંથે આવ.

# એક અદ્ભુત વૈરાગ્ય-ચર્ચા

આત્માર્થને પુષ્ટ કરીને વૈરાગ્યરસની ધૂન જગાડે એવી વાર્તા

જેણે આત્માના સહજસુખને અનુભવમાં લીધું છે એવા વૈરાગ્યવંત ધર્માત્મા જાણે છે કે–સુખ તો આત્માના ધ્રુવ–ચિદાનંદ સ્વભાવમાં છે; બહારના સંયોગ તો અધ્રુવ ને અનિત્ય છે, તેમાં સુખ કેવું? આ રીતે ધર્મીએ પોતાના સ્વભાવનું સુખ જોયું છે એટલે બહારમાં બધેથી દૃષ્ટિ હટી ગઈ છે.

નાનકડો પુણ્યવંત રાજકુમાર હોય, બાગબગીચા વચ્ચે મહેલમાં બેઠો હોય, બહારની બધી વાતે સુખી હોય....પણ અંદર હૃદયમાં વિરક્ત થતાં માતાને કહે છે કે હે મા! મને આમાં ક્યાંયે ચેન પડતું નથી...આમાં ક્યાંય મારું ચિત્ત લાગતું નથી. આત્માના આનંદમાં જ્યાં અમારું ચિત્ત લાગ્યું છે ત્યાંથી તે ખસતું નથી, ને આમાં ક્યાંય અમારું ચિત્ત ક્ષણમાત્ર લાગતું નથી.

મા કહે છે–બેટા! આમાં તને શું ખામી છે? તને શું દુઃખ છે?

પુત્ર કહે છે–મા! આ સંયોગમાં ક્યાંય મને ચેન પડતું નથી; મારું ચિત્ત તો મારા સ્વભાવના આનંદમાં લાગ્યું છે.

અરે, અમે તો આત્મા!–કે અમે તો દુઃખ?

–દુઃખી તે અમે કેમ હોઈએ? અમારો આત્મા તો સુખનો સાગર છે; તેમાં આ દુઃખ શાં? આ સંયોગ શા!

માતા રજા આપો, અમે અમારા ચૈતન્યના આનંદને સાધીએ. આ સંયોગોથી દૂર દૂર અંદર અમારી સ્વભાવગૂફામાં જઈને સિદ્ધ સાથે ગોષ્ઠી કરીએ, ને સિદ્ધ જેવા આનંદને અનુભવીએ. હે જનની! આ સંયોગમાં અમને ચેન નથી, અમારું ચિત્ત તો આત્મામાં લાગ્યું છે. (પ્રવચનસાર ગાથા ૨૧૦–૨૦૨માં દીક્ષા પ્રસંગે દીક્ષાર્થી જીવ શરીરની

જનની વગેરેને વૈરાગ્યથી સંબોધે છે તે વાત ગુરુદેવે અહીં યાદ કરી હતી...જાણે આવો કોઈ દીક્ષાપ્રસંગ નજર સમક્ષ બની રહ્યો હોય એવા ભાવો ગુરુદેવશ્રીના શ્રીમુખેથી નીકળતા હતા.)

–આ પ્રમાણે સંસારથી વિરક્ત થઈને એ રાજકુમાર દીક્ષા લ્યે ને અંદર લીન થઈને આત્માના આનંદને અનુભવે.—વાહ, ધન્ય એ દશા!

એ જ વૈરાગ્યના ફરી ફરી ઘોલનપૂર્વક પ્રવચનમાં પણ ગુરુદેવે કહ્યું :–ધર્મી રાજકુમાર હોય, લગ્ન પણ થયાં હોય, તે વૈરાગ્ય થતાં માતાને કહે કે હે માતાજી! આ રાજમહેલ ને રાણીઓ, આ બાગબગીચા ને ખાનપાન, એ સંયોગમાં ક્યાંય મને ચેન પડતું નથી, એમાં ક્યાંય મને સુખ ભાસતું નથી; મા! આ સંસારનાં દુઃખો હવે સહ્યાં જતાં નથી. હવે તો હું મારા આનંદને સાધવા જાઉં છું–માટે તું મને રજા આપ! આ સંસારથી મારો આત્મા ત્રાસ પામ્યો છે, ફરીને હવે હું આ સંસારમાં નહિ આવું. હવે તો આત્માના પૂર્ણાનંદને સાધીને સિદ્ધપદમાં જઈશું. માતા! તું મારી છેલ્લી માતા છો, બીજી માતા હવે હું નહિ કરું; બીજી માતાને ફરી નહિ રોવડાવું. માટે આનંદથી રજા આપ. મારો માર્ગ અફરગામી છે. સંસારની ચાર ગતિનાં દુઃખો સાંભળીને તેનાથી મારો આત્મા ત્રાસી ગયો છે. અરે, જે દુઃખો સાંભળ્યાં પણ ન જાય (સાંભળતાંય આંસુ આવે) એ દુઃખ સહ્યાં કેમ જાય?–એ દુઃખોથી હવે બસ થાવ...બસ થાવ. આત્માના આનંદમાં અમારું ચિત્ત ચોટ્યું છે, તે સિવાય બીજે ક્યાંય હવે અમારું ચિત્ત ચોંટતું નથી; બહારના ભાવો અનંતકાળ કર્યા, હવે અમારું પરિણમન અંદર ઢળે છે. અંદર જ્યાં અમારો આનંદ ભર્યો છે ત્યાં અમે જઈએ છીએ. સ્વાનુભૂતિથી અમારો જે આનંદ અમે જાણ્યો છે તે આનંદને સાધવા માટે જઈએ છીએ.

સ્વાનુભૂતિ વગર આત્માને આનંદ થાય નહિ. નવતત્ત્વોની ગૂંચમાંથી શુદ્ધનય વડે ભૂતાર્થ સ્વભાવને જુદો પાડી, જે શુદ્ધાત્માની

અનુભૂતિ કરી, તેમાં કોઈ વિકલ્પો કે ભેદોરૂપ દ્વૈત દેખાતું નથી, એકરૂપ એવો ભૂતાર્થ આત્મસ્વભાવ જ અનુભૂતિમાં પ્રકાશે છે–આવી અનુભૂતિ વગર આત્માને આનન્દ થાય નહિ.

જ્યારે આવી અનુભૂતિ સહિત રાજકુમાર સંસારથી વિરક્ત થઈને માતા પાસે રજા માગે, ત્યારે માતા પણ ધર્મી હોય, તે કહે કે ભાઈ! તું સુખેથી જા ને તારા આત્માને સાધ. જે તારો માર્ગ છે તે જ અમારો માર્ગ છે. અમારે પણ એ જ સ્વાનુભૂતિના માર્ગે આવવાનું છે.

અહા, એ દૃશ્યો કેવા હશે!—કે જ્યારે નાનકડા વૈરાગી રાજકુમારો રજા માગે ને ધર્મી માતા આવી રીતે તેને રજા આપતી હોય!

અહીં, એક પ્રસંગને યાદ કરીને ગુરુદેવે કહ્યું : એક માણસને દીક્ષા લેવાની ભાવના જાગી; તેની સ્ત્રી તથા માતા વગેરે રડે અને રજા ન આપે. ત્યારે દીક્ષાની ભાવનાથી તે માણસને ખૂબ રોવું આવ્યું. તેની મા આ જોઈ ન શકી, ને કહ્યું–ભાઈ તું રડીશ મા! હું તને દીક્ષા લેવાની રજા આપીશ –આવા પ્રસંગને યાદ કરીને ગુરુદેવ ઘણા વૈરાગ્યથી એક કડી બોલ્યા, જેમાં લગભગ આવા ભાવો હતા કે–

‘મા, જો તું રજા આપે...તો સંયમના માર્ગે સંચરું.
વીતરાગ થઈ નિજહિત સાધું...કેવળજ્ઞાનને પ્રગટ કરું.’

**હે વીરજનની! પુત્ર તારો**
**જાય છે મોક્ષધામમાં,**
**નહીં માત બીજી ધારશે...**
**ધારો ન શંકા લેશ ત્યાં.**

અરે, ચોરાસીના અવતારમાં જીવને ક્યાંય સુખ નથી, ધર્મીપુત્ર-જેણે આત્માને જાણ્યો છે ને સંસારથી વિરક્ત છે-તે પોતાની માતાને કહે છે, કે હે માતા! આ સંસારમાં ક્યાંય મને ચેન નથી; આ સંસાર ક્લેશ અને દુઃખથી ભરેલો છે, તેનાથી હું હવે છૂટવા માંગું છું ને આનંદથી ભરેલો મારો આત્મા, તેને સાધવા હું વનમાં જવા માંગું છું; માટે હે માતા! દીક્ષા માટે મને રજા આપો. અમે આ સંસારમાં બીજી માતા નહીં કરીએ— આ પ્રમાણે વૈરાગ્યવંત ધર્માત્મા આત્માને સાધવા ચાલી નીકળે છે. અંદર જેને રાગથી ભિન્ન આત્માનો અનુભવ છે તેની આ વાત છે. અંદરમાં મોક્ષનો માર્ગ જેણે જોયો છે તે તેને સાધે છે.

❋ ❋ ❋

કલૈયાકુંવર જેવા આઠ આઠ વર્ષના રાજકુંવરને, આત્માના ભાન સહિત વૈરાગ્ય થતાં આનંદમાં લીનતાની જ્યારે ભાવના જાગે છે, ત્યારે માતા પાસે જઈને દીક્ષા માટે રજા માંગે છે, કે હે માતા! આત્માના પરમ આનંદને સાધવા હું હવે જાઉં છું...હે માતા! સુખી થવા માટે હું જાઉં છું...આત્માના આનંદનું ધામ અંતરમાં જોયું છે તેને સાધવા હું જાઉં છું...માટે મને રજા આપ! માતાની આંખમાંથી આંસુની ધારા વહે છે ને પુત્રને રોમેરોમે વૈરાગ્યની છાયા છવાઈ ગઈ છે; તે કહે છે કે અરે માતા : જનેતા તરીકે તું મને સુખી કરવા માંગે છે, તો હું મારા સુખને સાધવા માટે જાઉં છું, તું મારા સુખમાં વિઘ્ન ન કરીશ; બા! મારા આત્માના આનંદને સાધવા હું જાઉં છું, તેમાં તું દુઃખી થઈને મને વિઘ્ન ન કરીશ...હે

જનેતા! મને આનંદથી રજા આપ, હું આત્માના આનંદમાં લીન થવા માટે જાઉં છું.

ત્યારે, માતા પણ ધર્માત્મા છે તે પુત્રને કહે છે કે બેટા! તારા સુખના પંથમાં હું વિઘ્ન નહિ કરું. તારા સુખનો જે પંથ છે તે જ અમારો પંથ છે. માતાની આંખમાં તો આંસુની ધાર ચાલી જાય છે ને વૈરાગ્યથી કહે છે : હે પુત્ર! આત્માના પરમ આનંદમાં લીનતા કરવા માટે તું જાય છે, તો તારા સુખના પંથમાં હું વિઘ્ન નહિ કરું...હું તને નહિ રોકું...મુનિ થઈને આત્માના પરમ આનંદને સાધવા માટે તારો આત્મા તૈયાર થયો છે, તેમાં અમારું અનુમોદન છે. બેટા! તું આત્માના નિર્વિકલ્પ આનંદરસને પી. અમારે પણ એ જ કરવા જેવું છે. અમારાં ધન્ય ભાગ્ય કે અમારો પુત્ર કેવળજ્ઞાન અને સિદ્ધપદને પામે!–આમ માતા પુત્રને રજા આપે છે.

અહા! આઠ વર્ષનો કલૈયાકુંવર જ્યારે વૈરાગ્યથી આ રીતે માતા પાસે રજા માંગતો હશે, ને માતા જ્યારે વૈરાગ્યપૂર્વક તેને સુખપંથે વિચરવાની રજા આપતી હશે–એ પ્રસંગનો દેખાવ કેવો હશે!!

પછી એ નાનકડો રાજકુંવર જ્યારે દીક્ષા લઈને મુનિ થાય,–એક હાથમાં નાનકડું કમંડળ ને બીજા હાથમાં મોરપીંછી લઈને નીકળે,—ત્યારે તો અહા! જાણે નાનકડા સિદ્ધભગવાન ઉપરથી ઊતર્યા! વૈરાગ્યનો અબધૂત દેખાવ! આનંદમાં લીનતા! વાહ રે વાહ!! ધન્ય તારી દશા!

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# મૃત્યુ–મહોત્સવ

મૃત્યુ અને વળી મહોત્સવ! એ બંનેનો મેળ કઈ રીતે? એમ કદાચ આશ્ચર્ય થશે. લોકો તો મૃત્યુ વખતે શોક કરે...મૃત્યુના તે કાંઈ ઉત્સવ હોય? હા...આરાધનાના બળે મૃત્યુનો પ્રસંગ પણ મહોત્સવરૂપ બની જાય છે. આરાધનાના મહોત્સવ સહિત જેણે મૃત્યુ કર્યું (સમાધિમરણ કર્યું) તે જીવ પ્રશંસનીય છે.

સમ્યગ્દર્શન વગર અનાદિકાળથી જીવે અસમાધિમરણ કર્યાં, ને મોહથી તેનું માનવજીવન નિષ્ફળ ગુમાવીને ચાલ્યો ગયો. પરંતુ જેનું જીવન ધર્મની આરાધના સહિત છે અને ઠેઠ સુધી તે સમ્યક્ત્વાદિની આરાધના ટકાવી રાખીને આરાધકભાવે મરણ કરે છે, તેનું જીવન પણ ધન્ય છે ને મૃત્યુ પણ પ્રશંસનીય છે. તેને માટે તો તે મૃત્યુ પણ આરાધનાના એક મહોત્સવ સમાન છે. આવા મૃત્યુપ્રસંગે સાધકજીવ પોતાની બોધિસમાધિની અખંડતાની ભાવના ભાવતાં પ્રાર્થના કરે છે કે—

मृत्युमार्गे प्रवृत्तस्य वीतरागो ददातु मे ।
समाधिबोधिपाथेयं यावन्मुक्तिपुरीपुरः ॥

હે વીતરાગદેવ! મૃત્યુમાર્ગમાં પ્રવૃત્ત એવા મને, અર્થાત્ જેનું મૃત્યુ નજીક છે એવા મને, હું મુક્તિપુરીમાં પહોંચું ત્યાં સુધી સમાધિ અને બોધિરૂપ પાથેય આપો.

મૃત્યુનો અવસર આવતાં સાધકને એક જ ભાવના છે કે મારા રત્નત્રયરૂપ બોધિ અને સ્વરૂપની સમાધિ અખંડપણે પરભવમાં પણ મારી સાથે રહો. આ લોકના કોઈ પદાર્થની ચિંતા કે ભાવના તેને નથી, તેથી વીતરાગભગવાનને પ્રાર્થના કરે છે કે હે પ્રભો! પરલોકના પથિક એવા મને

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સમ્યક્ બોધિ–સમાધિરૂપ ભાતું આપો;–ક્યાં સુધી? મોક્ષપુરી સુધી પહોંચું ત્યાં સુધી.

અહો! આ અશરણ સંસારમાં જન્મની સાથે મરણ પણ જોડાયેલું જ છે. આત્માની સિદ્ધિ ન સધાય ત્યાં સુધી જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરવાનું...આવા અશરણ સંસારમાં સંતો-જ્ઞાનીઓનું જ શરણ છે...જે જીવન સંતોના શરણમાં વીતે અને પૂ. ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય...તે જીવન ધન્ય છે....ને જીવનમાં એ જ કરવા જેવું છે.

# શાંતિદાતાર સંત વાણી

✍ ઉદ્વેગથી ભરેલા આ સંસારમાં અનેકવિધ દુઃખપ્રસંગે જ્ઞાની સંતોની વાણી જીવને કેટલી શાંતિ આપે છે તેનો અનુભવ દરેક જિજ્ઞાસુ જીવને થાય છે. આત્મહિત–પ્રેરક સંતવાણીમાં ખરેખર શાંતિનું ઝરણું વહે છે.

✍ એ સંતો કહે છે કે સંસારમાં ગમે તેવો આકરો પ્રસંગ બને તોપણ જીવે શાંતિ રાખવી તે કર્તવ્ય છે. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ વિચારી તેની ભક્તિમાં તેના મહિમામાં વારંવાર ઉપયોગ જોડવો. સંસારનો દુઃખપ્રસંગ યાદ આવે કે તરત જ ઉપયોગને દેવ-ગુરુ -શાસ્ત્ર તરફ પલટી નાંખવો. દુઃખમાં આર્ત્તધ્યાન અને ઝૂરણા કર્યા કરવાથી તો ઊલટા પરિણામ બગડે છે ને ખોટા કર્મ તથા ખોટી ગતિ બંધાય છે. માટે એવા વિચાર ન આવવા દેતાં આત્માના હિતના વિચાર કરવા; બળપૂર્વક આત્માને તેમાં જોડવો.

✍ સીતાજી, અંજના વગેરે ધર્માત્માઓને કેવા પ્રસંગ બન્યા! છતાં તે પ્રતિકૂળતામાં પણ ધીરજ રાખીને ધર્મમાં અડગ રહ્યાં ને દેવગુરુધર્મનું શરણ લીધું. પૂર્વે પોતે જ પાપકર્મ બાંધેલું તેના ઉદયથી પ્રતિકૂળતા આવી, –પણ હવે અત્યારે એવા સારા ભાવ રાખવા કે ફરીને આવા સંયોગ-વિયોગ જ ન થાય. સ્વભાવની એવી ભાવના ભાવવી કે ફરીને સંયોગ જ ન મળે. ધર્માત્માનો સત્સંગ કરવો, તેમની કથા વાંચવી, જૈનધર્મનો મહિમા કરવો, ભગવાનનાં દર્શન -પૂજન કરવાં.–એમ સર્વ પ્રકારે આત્મહિત થાય એમ વર્તવું. ધર્મમાં ચિત્ત પરોવીને સમાધાન રાખવું–એ જ સર્વ પ્રસંગે શ્રેષ્ઠ ઉપાય છે.

✍ જેણે શરીર ધારણ કર્યું તેને તે છોડવાનું તો છે જ–પછી કોઈને નાની ઉંમરમાં છૂટે કે કોઈને મોટી ઉંમરમાં છૂટે. આત્મા તો અવિનાશી છે. ચોથા કાળમાં તો આવા વૈરાગ્યના પ્રસંગો બનતાં કેટલાય જીવો

મોક્ષને સાધવા માટે દીક્ષા લઈને વનમાં ચાલ્યા જતા. આવા પ્રસંગે તો અંતરમાં ઊતરીને દેહથી ભિન્ન આત્માનો અનુભવ કરી લેવા જેવો છે.

✍ આત્માની વીરતા, આત્માની ખરી બહાદુરી તો એમાં છે કે પોતાના આત્માને પરભાવોથી ભિન્ન રાખવો. અંદરની ચૈતન્ય-ચેતનાને બાહ્યભાવો સ્પર્શવા ન દેવા, એ જ જ્ઞાયકની વીરતા છે—

આત્મરામ અવિનાશી આવ્યો એકલો,
જ્ઞાન અને દર્શન છે એનું રૂપ જો;
બહિરભાવો તે સ્પર્શે નહીં આત્મને,
ખરેખરો એ જ્ઞાયકવીર ગણાય જો.

✍ જિનેન્દ્ર ભગવાનનો અને તેમણે બતાવેલા આત્માનો અત્યંત મહિમા લાવવો. ખોટા દેવ-ગુરુને માનવાથી તો જીવના ભાવ બગડે છે. સાચા દેવ-ગુરુ-ધર્માત્માનું દૃઢ શરણ લઈને આત્મામાં આનંદ કરતાં શીખવું. જીવ પોતે આનંદરૂપ છે, તેમાંથી આનંદ લેવો. આત્મામાં આનંદ છે એટલે આત્મામાં ગમાડવું; સંસારમાં તો ક્યાંય ગમે એવું નથી. ક્યાંય ચિત્ત ન લાગતું હોય ત્યારે ભગવાનના મંદિર જઈને બેસવું...ભગવાનના ગુણનો વિચાર કરવો કે અહો! આવી વીતરાગમુદ્રા જ શાંતિદાયક છે.

✍ મુમુક્ષુજીવનાં પરિણામ ઉજ્જવળ હોય છે, હરેક પ્રસંગે તે વૈરાગ્યમાં ઝંપલાવે છે. મુમુક્ષુને જાતિસ્મરણ વગેરે પણ વૈરાગ્યનું જ કારણ થાય, રાગનું કારણ ન થાય. પૂર્વના ભવો ને પૂર્વના ભાવો યાદ આવતાં એમ થાય કે અહા! આવો ભવો ને આવા ભાવો હું કરી આવ્યો, હવે તો આ સંસારપ્રત્યે વૈરાગ્ય જ કરવા જેવો છે. આમ તે આત્મા સાથે સંધિ કરીને વૈરાગ્ય વધારે છે.

✍ જુઓને, સીતાજીએ અગ્નિપરીક્ષા પછી વૈરાગ્યથી સંસાર છોડી દીધો ને અર્જિકા થઈ ગયાં. રામચંદ્રજી જેવા મહાન ધર્માત્મા ને મોક્ષગામી

પુરુષ, તેમને પણ લક્ષ્મણજીના વિયોગનો કેવો પ્રસંગ આવ્યો! છ માસ સુધી લક્ષ્મણજીના દેહને સાથે લઈને ફર્યા, છતાં અંતરના શ્રદ્ધા જ્ઞાનમાં તે વખતેય દેહથી ભિન્ન આત્મારામને દેખતા હતા. આત્મતત્ત્વનું વેદન એક ક્ષણ પણ છૂટ્યું નથી, ને સંયોગમાં એક ક્ષણ પણ તન્મય થયા નથી. ગમે તેવા પ્રસંગમાં પણ જ્ઞાનીની આત્મપરિણતિ સંસારથી વિરક્ત જ છે.

✍ જિજ્ઞાસુ જીવને સાચા દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણો આદર, ભક્તિ ને અર્પણતા હોય છે. આત્મા ગુણનો જ પિંડ છે, તેથી તેને ગુણ જ ગમે છે અને એવા ગુણીજનો પ્રત્યે ઘણો આદરભાવ આવે છે. લોકો પણ અવગુણને નિંદે છે ને ગુણની પ્રશંસા કરે છે. વીતરાગના ગુણનો આદર કરીને મુમુક્ષુ પોતે પોતામાં તેવા ગુણ પ્રગટાવવા માગે છે. આમ વિવિધ પ્રકારે સંતોના વચનમાંથી આત્મહિતની પ્રેરણા લઈને આત્માના ભાવ સારા રાખવા. સારા ભાવનું સારું ફળ આવે જ છે. ખરેખર, જ્ઞાની સંતોની વાણી મુમુક્ષુજીવને અપૂર્વ આત્મશાંતિ આપનારી છે.

✍ આત્મહિતના કાર્યમાં આળસુ જીવ સદાય ચિંતવ્યા કરે છે કે–પછી કરીશ...પછી કરીશ...પછી કરીશ...પરંતુ એ વાત ભૂલી જાય છે કે ભવિષ્યમાં મરી જઈશ,—કેમ કે મરણ તો ક્ષણેક્ષણે દોડતું દોડતું નજીક ને નજીક આવી રહ્યું છે.

✍ માટે હે ભાઈ! 'કરીશ–કરીશ' એવો વિલંબભાવ છોડી દે, મરણને યાદ કરીને વર્તમાનમાં જ આત્મહિતમાં પરિણામ લગાડ. આત્મહિતની ઉત્કૃષ્ટ લગની હોય ત્યાં ભવિષ્યની રાહ જોવાનો વિલંબ કેમ પાલવે! એ કાર્ય તો અત્યારની ક્ષણે જ કરવાનું હોય.

✍ જેને અંતરમાં આત્માની ગરજ થઈ હોય, સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ચાહના જાગી હોય તેવો જીવ ચૈતન્યને પકડવા માટે એકાંતમાં અંતર્મંથન કરે છે કે અહો! ચૈતન્યવસ્તુનો મહિમા કોઈ અપૂર્વ છે; એની નિર્વિકલ્પ પ્રતીતિને કોઈ રાગનું કે નિમિત્તનું અવલંબન નથી;

શુભભાવો અનંતવાર કર્યા છતાં ચૈતન્યવસ્તુ લક્ષમાં ન આવી, તો તે રાગથી પાર ચૈતન્યવસ્તુ કોઈ અંતરની અપૂર્વ ચીજ છે. તેની પ્રતીત પણ અપૂર્વ અંતર્મુખ પ્રયત્નથી થાય છે—આમ ચૈતન્યવસ્તુને પકડવાનો અંતર્મુખ ઉદ્યમ તે સમ્યગ્દર્શનનો ઉપાય છે.

✍ જેને શુદ્ધ આત્મા સમજવાની ધગશ જાગી છે એવા જિજ્ઞાસુ જીવને પ્રશ્ન ઉઠે છે કે શુદ્ધ આત્માનું કેવું સ્વરૂપ છે? જેમ રણમાં કોઈને પાણીની તૃષા લાગી હોય, પાણી પીવાની ઝંખના થઈ હોય, તેને પાણીની નિશાની સાંભળતાં અને તે પાણીની ઠંડી હવા આવતાં તે તરફ જવાની કેવી તાલાવેલી થાય! ને પછી પાણી પીતાં કેટલો તૃપ્ત થાય! તેમ જેને આ ભવરણમાં ભટકતાં આત્માનું સ્વરૂપ જાણવાની ઝંખના થઈ છે તે શુદ્ધ આત્માની વાત સાંભળતાં આનંદિત થાય છે–ઉલ્લાસિત થાય છે, તેના અનુભવ માટે તેને તાલાવેલી જાગે છે, ને પછી સમ્યક્પુરુષાર્થ વડે આત્મસ્વરૂપને પામીને તે તૃપ્ત થાય છે. શુદ્ધ આત્મસ્વરૂપને જાણવાની જેને તીવ્ર જિજ્ઞાસા થઈ છે એવા પિપાસુ જીવને આ વાત સંભળાવવામાં આવે છે.

સહજ ચિદાનંદ.

# નિરંતર...ભાવવા...જેવી...ભાવના

હું જાણનાર છું—એમ જાણનાર તત્ત્વનું લક્ષ રાખવું.

દેહ તે હું નથી, દેહ મારો નથી, હું તો દેહથી ભિન્ન જાણનાર છું. જાણનારમાં મૂંઝવણ નથી.

શરીરમાં વ્યાધિ છે પણ જ્ઞાનમાં વ્યાધિ નથી.

મારામાં વ્યાધિ નથી, હું તો વ્યાધિનો જાણનાર છું.

શરીરમાં ભીંસ પડે પણ જ્ઞાનમાં ભીંસ નથી.

જ્ઞાન તો ધીર-શાંત-જાણનાર છે—આમ આત્માનું લક્ષ રાખવું.

હું દેહ સાથે એકમેક થઈને કદી રહ્યો નથી.

હું તો મારા જ્ઞાન સાથે જ એકમેક છું.

કદી પણ મારા જ્ઞાનથી છૂટીને હું દેહસ્વરૂપ થયો નથી.

દેહમાં રહ્યો છતાં દેહથી જુદો જ છું.

દેહનો વિયોગ થવા છતાં મારા જ્ઞાનતત્ત્વનો કદી નાશ થતો નથી.

રોગાદિ શરીરમાં થાય, પરંતુ શરીર હું નથી, હું તો અતીન્દ્રિયજ્ઞાન છું, મારા જ્ઞાનમાં રોગાદિનો પ્રવેશ નથી.

અહો! એ જ્ઞાનતત્ત્વ કેવું!—કે ગમે તેવા વ્યાધિ વગેરે પ્રસંગ વખતે પણ જેના લક્ષે શાંતિ રહે...જેના લક્ષે સર્વ પ્રકારની મૂંઝવણ ટળી જાય.

અહો! આવું જ્ઞાનમય આનંદતત્ત્વ!! તે હું જ છું.

—આવું લક્ષ રાખે તેને મૃત્યુ વખતે મૂંઝવણ થતી નથી; તે વખતેય તેને ચૈતન્યની જાગૃતિ રહે છે. ભિન્નતાની આવી ભાવના જીવનમાં નિરંતર ભાવવા જેવી છે. *(—એક વૈરાગ્યપ્રસંગે સાંભળેલું.)*

❀

# સમ્યક્ત્વ–સૂર્ય

સ્વસન્મુખતાથી અંતર્સ્વભાવના નિર્વિકલ્પ અનુભવ-પૂર્વક ધર્માત્માના અંતરમાં નિઃશંકતા વગેરે કિરણોથી ઝળહળતો જે સમ્યગ્દર્શનરૂપી સૂરજ ઊગ્યો તે સૂર્યનો પ્રતાપ આઠે કર્મોને ભસ્મ કરી નાખે છે ને અષ્ટ મહાગુણસંયુક્ત સિદ્ધપદ પ્રાપ્ત કરાવે છે. સમકિતી ધર્માત્માના આઠ ગુણોનું અદ્ભુત વર્ણન સમયસારમાં કુંદકુંદાચાર્યદેવે કર્યું છે; તેના ઉપરનું વિવેચન અહીં આપવામાં આવે છે.

સમ્યગ્દષ્ટિ–અંતરાત્માની અદ્ભુત અંતર્પરિણતિના મહિમાપૂર્વક આચાર્યદેવ કહે છે, કે સમ્યગ્દષ્ટિને નિઃશંકતા આદિ જે આઠ ચિહ્નો છે તે આઠ કર્મોને હણી નાખે છે. સમકિતી ધર્માત્મા અંતરદૃષ્ટિ વડે નિજરસથી ભરપૂર એવા પોતાના જ્ઞાનસ્વરૂપને નિઃશંકપણે અનુભવે છે. જ્ઞાનના અનુભવમાં રાગાદિ વિકારને જરા પણ ભેળવતા નથી. નિઃશંકપણે જ્ઞાનસ્વરૂપનો અનુભવ સમસ્ત કર્મોને હણી નાખે છે.

જ્ઞાનસ્વરૂપના અનુભવ વડે જ આઠ કર્મોનો નાશ થાય છે. શ્રદ્ધામાં જ્યાં પરિપૂર્ણ ચૈતન્યસ્વભાવને રાગાદિથી પાર જાણ્યો ત્યાં પછી તે ચૈતન્યસ્વભાવના અનુભવ વડે જ્ઞાનીને ક્ષણે ક્ષણે કર્મોનો નાશ જ થતો જાય છે, ને નવાં કર્મોનું બંધન થતું નથી—આ રીતે શ્રદ્ધાના બળે ધર્મીને નિયમથી નિર્જરા થાય છે.

જુઓ, આ શ્રદ્ધાનો મહિમા! જ્ઞાયકસ્વભાવ હું છું એમ સ્વભાવસન્મુખ દૃષ્ટિ થતાં જે સમ્યક્ત્વરૂપી ઝળહળતો સૂરજ ઊગ્યો તે સૂર્યનો પ્રતાપ સમસ્ત કર્મોને નષ્ટ કરી નાંખે છે. નિઃશંકતા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને

પ્રભાવના–એ આઠ અંગરૂપી કિરણોથી ઝગઝગતો જે સમ્યક્ત્વરૂપી સૂર્ય ઊગ્યો, તેના પ્રતાપ વડે સમ્યગ્દૃષ્ટિ સમસ્ત કર્મોને ભસ્મ કરીને અલ્પકાળમાં જ સિદ્ધપદને પામે છે. સમકિતીનાં તે આઠ અંગનું આઠ ગાથાઓ દ્વારા આચાર્યદેવ અદ્‌ભુત વર્ણન કરે છે.

**✻ સમ્યગ્દૃષ્ટિ બહેન ✻**

શુદ્ધોપયોગ તે મોક્ષાર્થી જીવનો ભાઈ છે, કેમ કે તે શુદ્ધોપયોગ મોક્ષમાં જવા માટે ભાઈ સમાન સહાયક છે, સાથે રહેનાર છે; અને નિર્મળ સમ્યગ્દૃષ્ટિરૂપી પરિણતિ તે ભદ્રસ્વભાવવાળી બહેન છે–કે જે મોક્ષાર્થી આત્મા ઉપર ઉપકાર કરે છે.

સમ્યગ્દૃષ્ટિ પરિણતિ તે સાધક-આત્માની મુખ્ય અને ચોક્કસ ઉપકાર કરનારી બહેન છે. તે નિર્મળ આત્મદૃષ્ટિરૂપી ભગિની સર્વે ભયનો નાશ કરીને આત્મબંધુને આનંદ દેનારી છે.

# ૧. સમ્યગ્દષ્ટિનું નિઃશંકિત-અંગ

જે કર્મબંધન મોહકર્તા પાદ ચારે છેદતો,
ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૨

જુઓ, આ સમકિતી જીવનું ચિહ્ન! આ સમકિતીના આચાર! સમ્યગ્દષ્ટિ ધર્માત્મા જાણે છે કે હું તો એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ છું, બંધન મારા સ્વભાવમાં છે જ નહિ; આ રીતે અબંધ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી ધર્મીને બંધનની શંકા થતી નથી. આત્માના સ્વભાવમાં બંધનની શંકા કે ભય થાય તે તો મિથ્યાત્વભાવ છે, ધર્મીને તેનો અભાવ છે. કર્મ અને તે કર્મ તરફનો ભાવ એ મારા સ્વભાવમાં છે જ નહિ, હું તો એક જ્ઞાયકસ્વભાવ છું—આવી દૃષ્ટિમાં ધર્મીને નિઃશંકતા છે, તેથી શંકાકૃત બંધન તેને થતું નથી, પણ નિઃશંકતાને લીધે નિર્જરા થાય છે.

જુઓ ભાઈ, લાખો-કરોડો રૂપિયા ખર્ચ્યે કાંઈ આ ચીજ મળે તેવી નથી, આ તો અંતરની ચીજ છે. પૈસા તો પૂર્વના પુણ્યથી મળી જાય, પરંતુ આ ચીજ તો પુણ્યથી પણ મળે તેવી નથી. પૈસા અને પુણ્ય બંનેથી પાર અંતરની રુચિ અને પ્રતીતનો આ વિષય છે. હું એક જાણનાર-દેખનાર સ્વભાવમય છું, બીજા બંધભાવો મારા સ્વરૂપમાં છે જ નહિ-આવી દૃષ્ટિથી અબંધપરિણામે વર્તતા સમ્યગ્દષ્ટિ ધર્માત્માને બંધન થવાની શંકારૂપ મિથ્યાત્વાદિનો અભાવ છે. ધર્મી જાણે છે કે-હું જ્ઞાયકભાવ છું; 'મારો જ્ઞાયકસ્વભાવ કર્મથી ઢંકાઈ ગયો'-એવી તેને શંકા થતી નથી. કર્મબંધના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવોનો મારા સ્વભાવમાં અભાવ જ છે-આવી જ્ઞાયકસ્વભાવની નિઃશંકતા તે જ ધર્મનું સાધન છે. જ્ઞાયકસ્વભાવની સન્મુખતા થઈ ત્યાં બીજા સાધનમાં વ્યવહારસાધનનો ઉપચાર આવ્યો. પણ જ્યાં જ્ઞાયકસ્વભાવની સન્મુખ દૃષ્ટિ નથી ત્યાં તો બીજા સાધનને વ્યવહારસાધન પણ કહેવાતું નથી.

જીવને એમ થવું જોઈએ કે અરે, મારું શું થશે? મારું હિત કેમ

થાય? અનાદિ સંસારમાં ક્યાંય બહારમાં શરણ ન મળ્યું, પરભાવ પણ મને શરણરૂપ ન થયા, માટે અંતરમાં મારું શરણ શોધું. શું આ જ સ્થિતિમાં રહેવું છે? ભાઈ, અંતરમાં તારું શરણ છે તેને ઓળખ. તારો આત્મા જ્ઞાયકસ્વભાવમય છે તે જ તને શરણરૂપ છે. આવા આત્માને લક્ષમાં લેતાં તને અલ્પકાળમાં મોક્ષ થવા બાબતમાં નિઃશંકતા થઈ જશે.

સમકિતી ધર્માત્માએ પોતાના ધ્રુવ જ્ઞાયકસ્વભાવને જાણીને તેનું શરણ લીધું છે, તે સ્વભાવના શરણમાં તેને નિઃશંકતા થઈ ગઈ છે કે અમારા આત્માને અમે અનુભવમાં લીધો છે, ને તેના જ આધારે હવે અલ્પકાળમાં પૂર્ણાનંદરૂપ સિદ્ધદશા થશે.

ચોથા ગુણસ્થાને સમકિતીને પણ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિમાં આવી નિઃશંકતા છે; બંધન કરનારા મિથ્યાત્વાદિ ભાવો મારા સ્વભાવમાં છે જ નહિ–આવા ભાનમાં ધર્મીને બંધન થવાની શંકા થતી નથી, એટલે શંકાકૃત બંધન તેને થતું નથી, પણ નિઃશંકતાના બળે પૂર્વકર્મ પણ તેને નિર્જરી જાય છે. આવું સમ્યગ્દૃષ્ટિનું નિઃશંકતાઅંગ જાણવું. (૧)

સહજ ચિદાનંદ.

જ્યાં દુઃખ કદી ન પ્રવેશી શકતું
ત્યાં નિવાસ જ રાખીએ.
સુખસ્વરૂપ નિજ આત્મને બસ,
જ્ઞાતા થઈને ઝાંખીએ.

# ૨. સમ્યગ્દષ્ટિનું નિઃકાંક્ષિત-અંગ

જે કર્મફળને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,
ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૦.

હું તો એક જ્ઞાયકભાવ જ છું, જ્ઞાયકસ્વભાવ જ મારો ધર્મ છે. એ સિવાય બહારના કોઈ ધર્મો મારા નથી, કર્મો અને કર્મોનાં ફળથી હું અત્યંત ભિન્ન છું-આના અંતરભાવમાં ધર્મીને કોઈપણ કર્મ કે કર્મફળ પ્રત્યે આકાંક્ષા નથી, એ બધાયને તે પુદ્‌ગલસ્વભાવ જાણે છે; અને જ્ઞાયકસ્વભાવથી ભિન્ન સર્વ ધર્મો પ્રત્યે કાંક્ષાથી તે રહિત છે. આ રીતે ધર્મી જીવ નિઃકાંક્ષ છે, તેથી કાંક્ષાકૃત બંધન તેને થતું નથી, પણ પૂર્વ કર્મ નિર્જરી જાય છે.

હું જ્ઞાનસ્વભાવ છું-એવી જ્ઞાનનિધિ જેણે પોતાની પાસે દેખી છે તેને પરની કાંક્ષા કેમ હોય? આનંદથી ભરેલી ચૈતન્યરિદ્ધિ પાસે જગતની કોઈ રિદ્ધિને જ્ઞાની ઇચ્છતો નથી કેમ કે—

સિદ્ધિ-રિદ્ધિ-વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ સદા,
અંતરકી લક્ષ્મીસોં અજાચી લક્ષપતી હૈ;
દાસ ભગવંત કે ઉદાસ રહે જગતસોં,
સુખીયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ.

સમકિતી જાણે છે કે અહો! મારા આત્માની સિદ્ધિ, રિદ્ધિ ને વૃદ્ધિ સદા મારા ઘટમાં-અંતરમાં જ છે; આવી અંતરની ચૈતન્ય-લક્ષ્મીના લક્ષ વડે તે અયાચક લક્ષપતિ છે, બહારની સિદ્ધિને વાંછતો નથી. વળી તે જિનેન્દ્રભગવાનનો દાસ છે ને જગતથી ઉદાસ છે. આવા સમકિતી જીવ સદાય સુખિયા છે. અહા! જેની પાસે ઈન્દ્રનો વૈભવ તો શું! પણ ત્રણલોકની 'વિભૂતિ' તે પણ ખરેખર 'ભૂતિસમાન' (રાખસમાન) છે, એવી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ચૈતન્યની અચિંત્ય વિભૂતિ જેણે પોતાના અંતરમાં દેખી તે જીવ બહારની વિભૂતિને કેમ વાંછે?

ચૈતન્યની રિદ્ધિ પાસે ધર્મીને જગતની કોઈ રિદ્ધિની કાંક્ષા નથી. જ્યાં જીવસ્વભાવ પ્રતીતમાં આવ્યો ત્યાં કનક કે પાષાણ વગેરે સર્વેને અજીવના ધર્મો જાણીને ધર્મીને તેની કાંક્ષા હોતી નથી. જગતમાં પ્રશંસા થાય કે નિંદા થાય, પણ તેનાથી પોતાનું હિત-અહિત ધર્મી માનતા નથી, તેથી તેને તે સંબંધી કાંક્ષા નથી; જ્ઞાયકસ્વભાવની ભાવનામાં બીજા પરભાવરૂપ અન્ય ધર્મોની આકાંક્ષા જ્ઞાનીને હોતી નથી. આ રીતે સમકિતી જીવ જગતમાં સર્વત્ર નિઃકાંક્ષ છે; તેથી પરની કાંક્ષાકૃત બંધન તેને થતું નથી, પણ નિઃકાંક્ષાને લીધે નિર્જરા જ થાય છે.

અરે જીવ! 'ક્યા ઈચ્છત, ખોવત સબે, હૈ ઈચ્છા દુઃખમૂલ.'

સુખ તો તારા ચૈતન્યસ્વભાવમાં છે, તે સુખને ચૂકીને બહારના પદાર્થોમાંથી સુખ લેવાની વાંછા તું કેમ કરે છે? પોતાના જ્ઞાનાનંદસ્વભાવની ભાવના છોડીને પરની ઈચ્છા તે દુઃખનું મૂળ છે. ધર્મીને જ્ઞાનાનંદસ્વભાવ સિવય બીજા કોઈની ભાવના નથી. અસ્થિરતાની ઈચ્છા ધર્મીને થાય તે ઈચ્છાની તેને ભાવના નથી, તે ઈચ્છાને પોતાના જ્ઞાયકસ્વભાવથી ભિન્ન જાણે છે, તેથી જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિમાં પરમાર્થે તેને ઈચ્છાનો અભાવ જ છે. આ રીતે ઈચ્છાના અભાવને લીધે તેને સર્વત્ર નિષ્કાંક્ષપણું જ છે, ને તેથી તેને નિર્જરા જ થાય છે. આવું સમ્યગ્દૃષ્ટિનું નિઃકાંક્ષ–અંગ જાણવું. (૨)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ૩. સમ્યગ્દષ્ટિનું નિર્વિચિકિત્સા-અંગ

સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.

હું એક વીતરાગી જ્ઞાનસ્વભાવ છું–એવું જ્યાં અંતર્વેદન થયું ત્યાં ધર્મીને જગતના કોઈ પદાર્થના સ્વરૂપ પ્રત્યે ગ્લાનિ હોતી નથી; પદાર્થનો એવો જ સ્વભાવ છે–એમ જાણીને તે પ્રત્યે ધર્મીને દુર્ગંછા થતી નથી. હું તો શાંત જ્ઞાનસ્વરૂપ જ છું–એવા જ્ઞાનવેદનમાં રહેતાં, ગ્લાનિનો અભાવ હોવાથી, ધર્મીને નિર્જરા જ થાય છે, બંધન થતું નથી. કોઈ રત્નત્રયધારક મુનિરાજનું શરીર મલિન–કાળુંકૂબડું હોય તો ત્યાં ધર્મીને જુગુપ્સા નથી થતી. તે જાણે છે કે અહો! આત્માનો સ્વભાવ તો રત્નત્રયમય પવિત્ર છે, અને આ મલિનતા તો શરીરનો સ્વભાવ છે, શરીર એવા સ્વભાવવાળું છે—આમ વસ્તુસ્વભાવને ચિંતવતા ધર્માત્માને દુર્ગંછા–ગ્લાનિ થતી નથી; માટે ગ્લાનિકૃત બંધન તેને થતું નથી.

હું તો જ્ઞાન છું, મારા જ્ઞાનમાં મલિનતા નથી, તેમ જ મલિન વસ્તુને જાણતાં જ્ઞાન કાંઈ મલિન થઈ જતું નથી; મલિનતાને જાણતાં ધર્માત્માને એમ શંકા નથી થતી કે મારું જ્ઞાન જ મલિન થઈ ગયું, તે તો જ્ઞાનને પવિત્રરૂપે જ અનુભવે છે, તેથી ખરેખર તેને દુર્ગંછા–જુગુપ્સા હોતી નથી.

શરીરમાં ક્ષુધા–તૃષા થાય, રોગ થાય, છેદાય–ભેદાય ને લોહીનો પ્રવાહ ચાલે ત્યાં ધર્મી તેને જડની અવસ્થા જાણે છે. અરે, હું તો આત્મા છું, આ બધી જડની અવસ્થા મારાથી ભિન્ન છે–આવા સમ્યગ્જ્ઞાનમાં વર્તતા ધર્માત્માને સંયોગીદૃષ્ટિ છૂટી ગઈ છે, એટલે પદાર્થના સ્વરૂપ પ્રત્યે તેને દ્વેષ થતો નથી; પોતાની ઓછી સહનશક્તિથી કોઈવાર અલ્પ અણગમાનો ભાવ થઈ આવે, તે તો અસ્થિરતા પૂરતો દોષ છે, પણ શ્રદ્ધાનો દોષ નથી. દેહથી ભિન્ન આત્માના આનંદનો જેણે નિર્ણય કર્યો હશે તેને

દેહની દુર્ગંધી અવસ્થા વખતે આત્માની પવિત્રતામાં શંકા નહિ થાય; દેહ હું નથી, હું તો આનંદ છું—આમ આત્માના જ્ઞાનાનંદસ્વરૂપની સુગંધ (સંસ્કાર) જેણે પોતામાં બેસાડેલ હશે તેને દેહની દુર્ગંધાદિ અવસ્થા વખતે પણ જ્ઞાનની એકતાબુદ્ધિ છૂટશે નહિ, એટલે જ્ઞાનની એકતાથી છૂટીને તેને દુર્ગંછા થતી નથી.

મારા આત્માની પવિત્રતાનો પાર નથી, મારો આત્મા તો પવિત્રસ્વરૂપ છે, ને આ દેહાદિ તો સ્વભાવથી જ અપવિત્ર છે–આમ જાણનાર ધર્માત્માને ક્યાંય પરદ્રવ્યમાં દુર્ગંછા થતી નથી; એટલે ગમે તેવા મલિન વગેરે પદાર્થોને જોઈને પણ તે પવિત્ર જ્ઞાનસ્વભાવની શ્રદ્ધાથી ડગતા નથી. જેમ અરીસામાં ગમે તેવા મલિન પદાર્થોનું પ્રતિબિંબ પડે તોપણ ત્યાં અરીસાને તેના પ્રત્યે દુર્ગંછા થતી નથી; તેમ જ્ઞાનસ્વરૂપ સ્વચ્છ અરીસામાં ગમે તેવા પદાર્થ જણાય તોપણ દુર્ગંછા–દ્વેષ કરવાનો તેનો સ્વભાવ નથી. –આવા જ્ઞાનસ્વભાવને અનુભવતા જ્ઞાનીને દુર્ગંછાનો અભાવ હોવાથી બંધન થતું નથી પણ નિર્જરા જ થાય છે. આવું સમ્યગ્દૃષ્ટિનું નિર્વિચિકિત્સા–અંગ છે. (૩)

સહજ ચિદાનંદ.

આત્માના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વક્લેશોને ભુલાવી દે છે. આનંદસ્વભાવથી ભરેલા આત્માને યાદ કરતાં આનંદની ઉર્મિ જાગે છે ને દુઃખ દૂર ભાગે છે.

# ૪. સમ્યગ્દષ્ટિનું અમૂઢદષ્ટિ–અંગ

સંમૂઢ નહિ જે સર્વ ભાવે, સત્ય દૃષ્ટિ ધારતો,
તે મૂઢદૃષ્ટિ–રહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.

આત્માના જ્ઞાનસ્વરૂપની જેને દૃષ્ટિ થઈ છે તે ધર્માતમા અનેક પ્રકારની વિપરીત વાતો સાંભળીને પણ મૂંઝાતો નથી, વિપરીત યુક્તિઓ સાંભળીને પણ તેને પોતાના સ્વરૂપમાં મૂંઝવણ કે શંકા થતી નથી. વસ્તુનું સ્વરૂપ અનેક વિદ્વાનો ભિન્ન પ્રકારે કહે, ત્યાં સમકિતી ધર્માત્માને મૂંઝવણ ન થાય કે આ સાચું હશે કે આ સાચું હશે! અનેક મોટા મોટા વિદ્વાનો ભેગા થઈને વિપરીત પ્રરૂપણા કરે તોપણ ત્યાં ધર્મી મૂંઝાઈ જતા નથી. જ્ઞાનાનંદસ્વભાવની જે દૃષ્ટિ થઈ છે તેમાં નિઃશંકપણે વર્તે છે. સર્વ પદાર્થના સ્વરૂપને સમકિતી યથાર્થ જાણે છે. શાસ્ત્રોમાં પૂર્વે થઈ ગયેલા તીર્થંકરો વગેરેનું, દૂરવર્તી અસંખ્ય દ્વીપ-સમુદ્ર-સૂર્ય-ચંદ્ર-મેરુ અને વિદેહક્ષેત્રનું તથા સૂક્ષ્મપરમાણુ વગેરેનું વર્ણન આવે છે, ત્યાં ધર્મીને શંકા કે મૂંઝવણ નથી થતી કે આ કેમ હશે! હું તો જ્ઞાયકભાવ છું, જ્ઞાયકભાવમાં મોહ જ નથી તો મૂંઝવણ કેવી? નિર્મોહપણે તે પોતાના જ્ઞાનસ્વરૂપને અનુભવે છે. જેમ લૌકિકમાં ડહાપણવાળા માણસો અનેક પ્રકારના આંટીઘૂંટીના પ્રસંગ આવી પડતાં મૂંઝાતા નથી પણ ઉકેલ કરી નાંખે છે, તેમ ધર્માત્મા પોતાના સ્વભાવના પંથમાં મૂંઝાતા નથી; અનેક પ્રકારની જગતની કુયુક્તિઓ આવી પડે તોપણ ધર્માત્મા પોતાના આત્મહિતના કાર્યમાં મૂંઝાતા નથી. ગમે તે પ્રકારથી પણ પોતાનું આત્મહિત શું છે તે શોધી લે છે. આ રીતે ક્યાંય પણ તેને મૂંઝવણ થતી નથી. અસ્થિરતાજન્ય જે મૂંઝવણ હોય તે કાંઈ શ્રદ્ધાને દૂષિત નથી કરતી, એટલે શ્રદ્ધાના વિષયમાં તો મૂંઝવણનો તેને અભાવ જ છે. આવી શ્રદ્ધાના જોરે ધર્મીને નિર્જરા જ થતી જાય છે, બંધન થતું નથી. સર્વ ભાવો પ્રત્યે ક્યાંય પણ તેને વિપરીત દૃષ્ટિ થતી નથી, માટે ધર્મીની દૃષ્ટિમાં મૂંઝવણનો અભાવ છે.

જેમ કોઈ શાહૂકાર પાસે લાખો–કરોડો રૂા. ની મૂડી હોય, ને કોઈ બીજા માણસો તેની પેઢી ઉપર લખી જાય કે 'આ માણસે દેવાળું કાઢ્યું,' એમ અનેક માણસો ભેગા થઈને કદાચ પ્રચાર કરે તોપણ તે શાહૂકાર મૂંઝાતો નથી; તે નિઃશંક જાણે છે કે મારી બધી મૂડી મારી પાસે સલામત પડી છે, લોકો ભલેને બોલે, પણ મારું હૃદય ને મારી મૂડી તો હું જાણું છું. આ રીતે શાહૂકારને મૂંઝવણ થતી નથી.

તેમ સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા નિઃશંક જાણે છે કે મારા ચૈતન્યની ઋદ્ધિ મારી પાસે મારા અંતરમાં છે; બાહ્યદ્રષ્ટિ લોકો ભલે અનેક પ્રકારે વિપરીત કહે કે નિંદા કરે પણ ધર્મીને પોતાના અંતરસ્વભાવની પ્રતીતમાં મૂંઝવણ થતી નથી, લોકો ભલે ગમે તેમ બોલે પણ મારી સ્વભાવની પ્રતીતનું વેદન હું જાણું છું, મારા સ્વભાવની શ્રદ્ધા નિઃશંકરૂપે સલામત પડી છે. મારું વેદન–મારા ચૈતન્યની મૂડી–તો હું જાણું છું; આ રીતે ધર્મી જીવને પોતાના સ્વરૂપમાં કદી મૂંઝવણ થતી નથી; તેથી મૂઢતાકૃત બંધન તેને થતું નથી પણ નિર્મોહતાને લીધે નિર્જરા જ થાય છે. આવું સમ્યગ્દ્રષ્ટિનું અમૂઢદ્રષ્ટિ અંગ છે.

સહજ ચિદાનંદ.

જ્ઞાનીની જ્ઞાનચેતના અંતરમાં ચૈતન્યસુખના અનુભવમાં રમતી–રમતી આનંદથી સિદ્ધપદને સાધે છે.

# ૫. સમ્યગ્દષ્ટિનું ઉપગૂહન અંગ

હું જ્ઞાયકસ્વભાવ છું–એમ અંતર સ્વભાવના અનુભવપૂર્વક જ્યાં નિઃશંક પ્રતીતિ થઈ ત્યાં સમકિતી નિર્ભયપણે પોતાના સ્વરૂપને સાધે છે, ત્યાં તેને સાત પ્રકારના ભયો હોતા નથી, ને નિઃશંકતા વગેરે આઠ પ્રકારના ગુણો હોય છે, તે ગુણોનું આ વર્ણન ચાલે છે. સમકિતીના નિઃશંકતા, નિઃકાંક્ષતા, નિર્વિચિકિત્સા અને અમૂઢદષ્ટિ–એ ચાર અંગનું વર્ણન થઈ ગયું, હવે આ ગાથામાં પાંચમું ઉપગૂહન–અંગ બતાવે છે.

જે સિદ્ધભક્તિ સહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદષ્ટિ જાણવો. ૨૩૩.

સમકિતી–ધર્માત્મા સિદ્ધભક્તિ સહિત છે. સિદ્ધભક્તિમાં એટલે કે સિદ્ધસમાન પોતાના શુદ્ધઆત્મામાં ઉપયોગને ગોપવ્યો હોવાથી (–જોડ્યો હોવાથી) ધર્મીને 'ઉપગૂહન' છે, અને ક્ષણે ક્ષણે તેની આત્મશક્તિઓ વધતી જતી હોવાથી, તેને 'ઉપબૃંહણ' પણ છે. ચિદાનંદસ્વભાવ હું છું–એમ અંતરમાં ઉપયોગને જોડ્યો ત્યાં ગુણોનું ઉપબૃંહણ અને રાગાદિ વિકારનું ઉપગૂહન થઈ ગયું. સ્વભાવની શુદ્ધતા પ્રગટી ત્યાં દોષોનું ઉપગૂહન થઈ ગયું. આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપના અવલંબને ક્ષણે ક્ષણે ધર્માત્માને ગુણની શુદ્ધતા વધતી જાય છે ને દોષો ટળતા જાય છે–તેનું નામ ઉપબૃંહણ અથવા ઉપગૂહન છે. ધર્મીની દષ્ટિમાં અલ્પદોષની મુખ્યતા થઈને સ્વભાવ ઢંકાઈ જાય છે એમ કદી બનતું નથી. અલ્પદોષ હોય તેને જાણે છે પણ તેથી એમ શંકા નથી કરતા કે મારો આખો સ્વભાવ મલિન થઈ ગયો. દષ્ટિમાં જ્ઞાનાનંદ સ્વભાવની મુખ્યતામાં ધર્મીને અલ્પદોષની ગૌણતા હોવાથી ઉપગૂહન અંગ વર્તે જ છે, ને ક્ષણે ક્ષણે તેની આત્મશુદ્ધિ વધતી જાય છે; તેથી ધર્મીને ક્ષણે ક્ષણે નિર્જરા થતી જાય છે.

ધર્મીએ પોતાના શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવમાં ઉપયોગ જોડ્યો છે તેનું નામ પરમાર્થે 'સિદ્ધભક્તિ' છે; શુદ્ધસ્વભાવ ઉપર જ્યાં દષ્ટિ છે ત્યાં

અલ્પદોષ ઉપર દૃષ્ટિ જ નથી તેથી તેને દોષનું ઉપગૂહન વર્તે છે. ચૈતન્યસ્વભાવને પ્રસિદ્ધ કરીને દોષનું ઉપગૂહન કરી નાંખ્યું છે; એક ક્ષણ પણ દોષની મુખ્યતા કરીને સ્વભાવને ચૂકી જતા નથી, તેથી તેને શુદ્ધતા વધતી જ જાય છે–આવું ધર્મીનું ઉપગૂહન છે; તેને સમયે સમયે મોક્ષપર્યાયની સન્મુખ જ પરિણમન થઈ રહ્યું છે. અહો! દૃષ્ટિનું ધ્યેય તો દ્રવ્ય છે ને દ્રવ્ય તો મુક્તસ્વરૂપ છે; માટે દૃષ્ટિમાં ધર્મી ક્ષણે ક્ષણે મુક્ત જ થતો જાય છે. ખરેખર મિથ્યાત્વ તે જ સંસાર છે, ને સમ્યક્ત્વ તે મુક્તિ છે. ધર્મીને અંતરમાં શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર દૃષ્ટિ છે, તેની જ ભક્તિ છે, અને તેનું ફળ મુક્તિ છે. પર્યાયના અલ્પદોષ પ્રત્યે આદર નથી તેથી તેની ભક્તિ નથી; તે અલ્પદોષને મુખ્ય કરીને સ્વભાવની શુદ્ધતાને ભૂલી જતા નથી. આવા ધર્માત્માને અશુદ્ધતા ઘટતી જ જાય છે ને શુદ્ધતા વધતી જ જાય છે; એટલે તેને બંધન થતું નથી પણ કર્મોની નિર્જરા જ થતી જાય છે; તેથી અલ્પકાળમાં તે મુક્ત થઈ જશે.

ધર્મીનેય જે રાગ છે તે કાંઈ નિર્જરાનું કારણ નથી, પણ અંતર્મુખ દૃષ્ટિના પરિણમનથી ક્ષણે ક્ષણે જે આત્મશુદ્ધિની વૃદ્ધિ થાય છે તે જ નિર્જરાનું કારણ છે. જરાક નિર્બળતાથી રાગ થાય પણ તે રાગ પ્રત્યે ધર્મીની દૃષ્ટિનું જોર નથી, ધર્મીની દૃષ્ટિનું જોર તો અખંડ જ્ઞાયકમૂર્તિ સ્વભાવ ઉપર જ છે; તે દૃષ્ટિના જોરે શુદ્ધિની વૃદ્ધિ થઈને કર્મોની નિર્જરા જ થતી જાય છે. આવું સમ્યગ્દૃષ્ટિનું ઉપબૃંહણ અથવા ઉપગૂહન–અંગ છે. (૫)

# ૬. સમ્યગ્દષ્ટિનું સ્થિતિકરણ–અંગ

ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુક્ત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૪.

ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ અંતર્સ્વભાવની શ્રદ્ધાના બળે પોતાના આત્માને મોક્ષમાર્ગમાં સ્થિર રાખે છે, કોઈ પણ પ્રસંગના ભયથી તે પોતાના આત્માને મોક્ષમાર્ગથી ડગવા દેતા નથી. જોકે અસ્થિરતાના રાગાદિ થાય છે, તોપણ જ્ઞાયકસ્વભાવની શ્રદ્ધાના બળને લીધે તે મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થતા નથી, શ્રદ્ધાના બળે પોતે પોતાના આત્માને મોક્ષમાર્ગમાં સ્થિર રાખે છે—એ જ સમ્યગ્દૃષ્ટિનું સ્થિતિકરણ-અંગ છે.

ધર્મીને રાગ-દ્વેષ આદિના વિકલ્પો તો આવે છે, પરંતુ તેમાં મોક્ષમાર્ગથી વિરુદ્ધતાના વિકલ્પો તેને નથી આવતા અર્થાત્ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને પોષવાનો કે રાગાદિથી ધર્મ થાય–એવી મિથ્યા માન્યતારૂપ ઉન્માર્ગને પોષવાનો વિકલ્પ તો તેને આવતો જ નથી; અને બીજા અસ્થિરતાના જે વિકલ્પ આવે છે તે વિકલ્પને પણ જ્ઞાયકસ્વભાવમાં એકાકારપણે સ્વીકારતા નથી, પોતાના જ્ઞાયકસ્વભાવને વિકલ્પથી જુદો ને જુદો જ દેખે છે, તેથી સમ્યગ્દર્શનરૂપ માર્ગમાં સ્થિતિકરણ તો તેને સદાય વર્તે જ છે. પરંતુ અસ્થિરતાથી જ્ઞાન-ચારિત્રરૂપ માર્ગ પ્રત્યે કોઈવાર કદાચ મંદ-ઉત્સાહ થઈ જાય ને વૃત્તિ ડગી જાય તો પોતાના જ્ઞાયકસ્વભાવના અવલંબનની દૃઢતા વડે ફરીને દૃઢપણે પોતાના આત્માને માર્ગમાં સ્થિર કરે છે, પોતાના આત્માને માર્ગથી ભ્રષ્ટ થવા દેતા નથી–એવું ધર્મીનું સ્થિતિકરણ–અંગ છે. આવા સ્થિતિકરણને લીધે ધર્મીનો આત્મા માર્ગથી ચ્યુત થતો નથી, તેથી માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ તેને થતો નથી પણ સમ્યક્માર્ગની આરાધના વડે નિર્જરા જ થાય છે.

ધર્માત્મા પોતાના આત્માને મોક્ષમાર્ગથી ચ્યુત થવા દેતા નથી, તેમ

બીજા કોઈ સાધર્મીને કદાચિત્ મોક્ષમાર્ગ પ્રત્યે નિરૂત્સાહી થઈને ડગતો દેખે, તો તેને ઉપદેશાદિ વડે મોક્ષમાર્ગ પ્રત્યે ઉલ્લાસિત કરીને દ્રઢપણે માર્ગમાં સ્થિર કરે છે.–આવો સ્થિતિકરણનો શુભભાવ પણ ધર્મીને સહેજે આવી જાય છે.

કોઈ એવો જરાક ડગવાનો વિચાર આવી જાય, ત્યાં ધર્મી શુદ્ધસ્વભાવની દ્રષ્ટિથી પોતાના આત્માને ફરીને મોક્ષમાર્ગમાં દ્રઢપણે સ્થિર કરે છે;–આ રીતે પોતાના આત્માને મોક્ષમાર્ગમાં સ્થિર કરવો તે નિશ્ચય સ્થિતિકરણ છે; અને વ્યવહારે બીજા આત્માને પણ મોક્ષમાર્ગથી ચ્યુત થવાનો પ્રસંગ દેખીને તેને ઉપદેશાદિ વડે મોક્ષમાર્ગમાં સ્થિર કરવાનો શુભભાવ ધર્મીને આવે છે, તે વ્યવહારસ્થિતિકરણ છે. ‘‘અહો, આવો મહા પવિત્ર જૈનધર્મ! આવો અપૂર્વ મોક્ષમાર્ગ!! પૂર્વે કદી નહિ આરાધેલો આવો મોક્ષમાર્ગ...તેને સાધીને હવે મોક્ષમાં જવાનાં ટાણાં આવ્યાં છે...તો તેમાં પ્રમાદ કે અનુત્સાહ કેમ હોય?’–આમ અનેક પ્રકારે મોક્ષમાર્ગનો મહિમા પ્રસિદ્ધ કરીને સમકિતી પોતાના આત્માને તેમ જ બીજાના આત્માને મોક્ષમાર્ગમાં સ્થિર કરે છે. એનું નામ સ્થિતિકરણ છે. આવું સમ્યગ્દ્રષ્ટિનું સ્થિતિકરણ અંગ છે.

ૐ સહજ ચિદાનંદ.

અહો, ધર્માત્મા ગુણીજનોનો સત્સંગ જીવને ઉલ્લસિત કરીને ધર્મની આરાધનામાં સ્થિર કરે છે. અહો, તે સાધર્મીઓ પણ ધન્ય છે કે જેઓ સર્વપ્રસંગે પ્રેમપૂર્વક સાધર્મીઓને ધર્મનું પ્રોત્સાહન આપે છે.

# ૭. સમ્યગ્દષ્ટિનું વાત્સલ્ય-અંગ

જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો!
ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫.

સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર એ ત્રણે મોક્ષમાર્ગના સાધક હોવાથી 'સાધુ' છે; એ ત્રણ સાધુ પ્રત્યે એટલે કે રત્નત્રય પ્રત્યે ધર્માત્માને પરમ પ્રીતિરૂપ વાત્સલ્ય હોય છે. વ્યવહારમાં તો આચાર્ય -ઉપાધ્યાય ને મુનિ એ ત્રણ સાધુઓ પ્રત્યે વાત્સલ્ય હોય છે, અને નિશ્ચયથી પોતાના રત્નત્રયરૂપ ત્રણ સાધુઓ પ્રત્યે પરમ વાત્સલ્ય હોય છે. અહીં નિર્જરાનો અધિકાર હોવાથી નિશ્ચય–અંગોની મુખ્યતા છે, તેથી આચાર્યદેવે નિઃશંકતા આદિ આઠે અંગોનું નિશ્ચયસ્વરૂપ બતાવ્યું છે.

સમ્યગ્દષ્ટિ ધર્માત્મા ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવમયપણાને લીધે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે ભાવોને પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખતા હોવાથી માર્ગવત્સલ છે. અર્થાત્ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે, તેથી તેને માર્ગની અનુપલબ્ધિથી થતો બંધ નથી પણ રત્નત્રયમાર્ગમાં અભિન્નબુદ્ધિને લીધે નિર્જરા જ છે.

જુઓ, આઠે અંગના વર્ણનમાં 'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવમયપણાને લીધે'.....એમ કહીને આચાર્યદેવે ખાસ ખૂબી કરી છે. સમ્યગ્દષ્ટિ સદાય 'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવમય' છે, તેથી તેને શંકા–કાંક્ષા આદિ દોષો હોતા નથી, ને તેથી જ તેને નિઃશંકતા આદિ આઠ ગુણો હોય છે, ને તેનાથી તેને નિર્જરા થાય છે. આ રીતે 'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવમયપણું' તે મૂળ વસ્તુ છે, તેના જ અવલંબને આ નિઃશંકતા આદિ આઠે ગુણો ટકેલા છે, અને તેના જ અવલંબને નિર્જરા થાય છે. ધર્મીની દૃષ્ટિમાંથી તે સ્વભાવનું અવલંબન કદી એક ક્ષણમાત્ર પણ ખસતું નથી.

અહીં, વાત્સલ્યના વર્ણનમાં પણ આચાર્યદેવે અદ્ભુત વાત કરી છે. સમકિતીને રત્નત્રય પ્રત્યે વાત્સલ્ય હોય છે; કેમ? તો કહે છે કે રત્નત્રયને પોતાથી અભેદબુદ્ધિએ દેખતા હોવાથી, તેના પ્રત્યે તેને પરમ વાત્સલ્ય હોય છે. જુઓ, આ વાત્સલ્યમાં રાગની કે વિકલ્પની વાત નથી. પણ 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો મારો સ્વભાવ જ છે'—એમ રત્નત્રયને પોતાના આત્મા સાથે અભેદપણે અનુભવવા–તેનાથી જરાય ભેદ ન રાખવો, એ જ તેના પ્રત્યેનું પરમ વાત્સલ્ય છે. જે ચીજને પોતાની માને તેના પ્રત્યે પ્રેમ હોય છે. જેમ ગાયને પોતાના વાછરડા ઉપર અતિશય પ્રેમ હોય છે તેમ ધર્મી જાણે છે, કે આ રત્નત્રય તો મારા ઘરની–મારા સ્વભાવની ચીજ છે, તેથી તેને રત્નત્રય પ્રત્યે અતિશય પ્રેમ હોય છે; એનાથી પોતાની જરાય જુદાઈ તે દેખતા નથી.

'શ્રદ્ધા' ને એકપણું જ ગમે છે, તેને ભેદ કે અધૂરાશ ગોઠતાં જ નથી. સમ્યક્ શ્રદ્ધા વડે ધર્માત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાના આત્મા સાથે અભેદબુદ્ધિએ દેખે છે; રાગાદિ સાથે તેને પોતાની એકતા ભાસતી જ નથી. આ રીતે જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિમાં ધર્માત્મા રત્નત્રયને પોતાની સાથે અભેદબુદ્ધિએ દેખતા હોવાથી, તે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ પ્રત્યે તે અત્યંત પ્રીતિવાળો છે, મોક્ષમાર્ગ તરફ તેને પરમ વાત્સલ્ય હોય છે, ને રાગાદિ વિભાવ પ્રત્યે તેને પ્રેમ હોતો નથી. એ વિભાવોને તો તે પોતાથી ભિન્ન જાણે છે. રત્નત્રયધર્મને પોતાના ઘરની ચીજ જાણીને તેમાં એકત્વબુદ્ધિરૂપ પરમપ્રેમ–એ જ વીતરાગી વાત્સલ્ય છે.

જુઓ, આ ધર્મીનું વાત્સલ્ય–અંગ! ધર્મીને પોતાના આત્મામાં જ રતિ-પ્રીતિ છે. ગાથા ૨૦૬માં કહ્યું હતું કે—

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને;**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.**

હે ભવ્ય! તું આ જ્ઞાનસ્વરૂપ આત્મામાં જ નિત્ય પ્રીતિ કર, આમાં જ નિત્ય સંતુષ્ટ થા અને આનાથી જ તૃપ્ત થા;–તને ઉત્તમ સુખનો અનુભવ થશે.

અહો! જેણે આત્માનું હિત કરવું હોય–ખરું સુખ જોઈતું હોય, તેણે આત્માનો પરમ પ્રેમ કરવા જેવો છે. શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે 'જગત ઈષ્ટ નહિ આત્મથી.'–એટલે જે ધર્મી છે અથવા ધર્મનો ખરો જિજ્ઞાસુ છે તેને જગત કરતાં આત્મા વહાલો છે, આત્મા કરતાં જગતમાં કાંઈ તેને વહાલું નથી.

જુઓ, ગાયને પોતાનાં વાછરડાં પ્રત્યે કેવો પ્રેમ હોય છે! ને બાળકને પોતાની માતા પ્રત્યે કેવો પ્રેમ હોય છે! તેમ ધર્મીને પોતાના રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ પ્રત્યે અભેદબુદ્ધિથી વાત્સલ્ય હોય છે. આમાં રાગની વાત નથી પણ રત્નત્રયમાં જ અભેદબુદ્ધિ છે તે જ પરમ વાત્સલ્ય છે. અને પોતાને રત્નત્રયમાં પરમ વાત્સલ્ય હોવાથી બહારમાં બીજા જે જે જીવોમાં રત્નત્રયધર્મ દેખે છે તેમના પ્રત્યે પણ વાત્સલ્યનો ઊભરો આવ્યા વિના રહેતો નથી; બીજા ધર્માત્મા પ્રત્યે સાધર્મીના અંતરમાં વાત્સલ્યનાં ઝરણાં વહેતાં હોય છે, એ વ્યવહાર–વાત્સલ્ય છે.

ધર્માત્માને જગતને વિષે પોતાનો રત્નત્રયસ્વરૂપ આત્મા જ પરમપ્રિય છે, સંસારસંબંધી બીજું કાંઈ પ્રિય નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને ધર્મી જીવ પોતાના આત્મા સાથે અભેદપણે દેખે છે, તેથી તેને મોક્ષમાર્ગનો અત્યંત પ્રેમ છે, ને નિમિત્ત તરીકે મોક્ષમાર્ગના સાધક સંતો પ્રત્યે તેને પરમ આદર હોય છે, તેમ જ તેને મોક્ષમાર્ગ દર્શાવનારા સર્વજ્ઞ ભગવાન અને વીતરાગી શાસ્ત્રો પ્રત્યે પણ પ્રેમ આવે છે. કુદેવ-કુગુરુ-કુધર્મ પ્રત્યે કે મિથ્યાત્વાદિ પરભાવો પ્રત્યે ધર્મીને સ્વપ્નેય પ્રેમ આવતો નથી. આ રીતે પોતાના આત્મા સાથે અભેદરૂપે જ માર્ગને (સમ્યગ્દર્શન-જ્ઞાન -ચારિત્રરૂપ માર્ગને) દેખતા હોવાથી ધર્માત્માને માર્ગની અપ્રાપ્તિને લીધે થતું બંધન થતું નથી, પણ માર્ગની ઉપાસના વડે નિર્જરા જ થાય છે. માર્ગને તો પોતાના આત્મા સાથે અભેદપણે જ દેખે છે; તેથી માર્ગ પ્રત્યે તેને પરમ વાત્સલ્ય છે. જુઓ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય પ્રત્યે જેને અભેદબુદ્ધિ હોય તેને જ મોક્ષમાર્ગ પ્રત્યે ખરું વાત્સલ્ય છે; જેને રત્નત્રય પ્રત્યે જરા પણ ભેદબુદ્ધિ છે એટલે કે રત્નત્રયને અભેદ આત્માના આશ્રયે

જ ન માનતાં રાગના કે પરના આશ્રયે રત્નત્રયની પ્રાપ્તિ થવાનું જે માને છે તેને ખરેખર રત્નત્રય ઉપર વાત્સલ્ય નથી, પણ તેને તો રાગ ઉપર અને પર ઉપર વાત્સલ્ય છે. ધર્મી–સમ્યગ્દ્રષ્ટિ તો રત્નત્રયને પોતાથી અભેદબુદ્ધિએ દેખતો હોવાથી, એટલે કે પરના આશ્રયે જરા પણ નહિ દેખતો હોવાથી, તેને રત્નત્રય પ્રત્યે પરમ વાત્સલ્ય હોય છે. આવું સમ્યગ્દ્રષ્ટિનું વાત્સલ્ય–અંગ છે. (૭)

### * આત્માનું વેદન *

ચૈતન્યસન્મુખતાથી ધર્મીને જ્યાં પરમ અતીન્દ્રિય આનંદનું વેદન થયું ત્યાં પોતાના વેદનથી ખબર પડી કે મારા આનંદના વેદનમાં રાગનું અવલંબન ન હતું, કે કોઈ પરનો આશ્રય ન હતો, મારા આત્માનો જ આશ્રય હતો. જ્ઞાની પાસે શ્રવણથી ને વિચારથી પહેલાં જે જાણ્યું હતું તે હવે પોતાના વેદનથી જાણ્યું.—આ જ સમ્યગ્દર્શન.

# ૮. સમ્યગ્દૃષ્ટિનું પ્રભાવના–અંગ

ચિન્મૂર્તિ મન–રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,
તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૬.

સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવમયપણાને લીધે જ્ઞાનની સમસ્ત શક્તિને વિકસાવવા વડે પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી, પ્રભાવના કરનાર છે.

જુઓ, આ જિનમાર્ગની પ્રભાવના!

ચેતયિતા એટલે કે સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો છે અર્થાત્ પોતાના જ્ઞાનસ્વભાવરૂપી રથમાં આરૂઢ થયો છે, –તેણે પોતાના જ્ઞાનસ્વભાવરૂપી રથનું જ અવલંબન લીધું છે...અને તે જ્ઞાનરથમાં આરૂઢ થઈને મનરૂપી રથ–પંથમાં એટલે કે જ્ઞાનમાર્ગમાં જ ભ્રમણ કરે છે. આ રીતે સ્વભાવરૂપી રથમાં બેસીને જ્ઞાનમાર્ગમાં પ્રયાણ કરતો થકો, જ્ઞાનસ્વરૂપમાં પરિણમતો થકો, સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરે છે. અંતરમાં જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા વડે ધર્મીને જ્ઞાનનો વિકાસ જ થતો જાય છે, એ જ ભગવાનના માર્ગની ખરી પ્રભાવના છે.

આ સિવાય હીરાજડિત સોના–ચાંદીના રથ કે જેને ઉત્તમ હાથી, ઘોડા વગેરે જોડ્યા હોય, તેમાં જિનેન્દ્ર ભગવાનને કે ભગવાનના કહેલા પરમાગમને બિરાજમાન કરીને, રથયાત્રા વડે જગતમાં તેમનો મહિમા પ્રસિદ્ધ કરવો તે વ્યવહાર પ્રભાવના છે. અહો, આ જિનેશ્વર ભગવાને અમને મુક્તિનો વીતરાગમાર્ગ બતાવ્યો!–એમ ભગવાનના માર્ગ પ્રત્યે અતિશય બહુમાન હોવાથી તેનો મહિમા જગતમાં કેમ વધે–એવો વ્યવહારપ્રભાવનાનો ભાવ ધર્મીને આવે છે. પણ, અંતરમાં જેણે ભગવાનનું અને ભગવાનના કહેલા જ્ઞાનમાર્ગનું ખરું સ્વરૂપ ઓળખ્યું હોય

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



એટલે કે જ્ઞાનસ્વભાવરૂપી રથમાં આરૂઢ થઈને પોતામાં જ્ઞાનમાર્ગની નિશ્ચય પ્રભાવના કરી હોય તેને જ સાચી વ્યવહાર પ્રભાવના હોય.

આત્મા ચૈતન્યસ્વરૂપી છે તેને અનુભવમાં લઈને, સમ્યગ્દષ્ટિ જીવ ચૈતન્યવિદ્યારૂપી રથમાં આરૂઢ થઈને જ્ઞાનમાર્ગમાં પરિણમે છે, એ રીતે તે ધર્માત્મા જિનેશ્વરદેવના જ્ઞાનની પ્રભાવના કરનાર છે. જુઓ, આ ધર્મીની પ્રભાવના! 'પ્ર.....ભાવના' એટલે કે ચૈતન્યસ્વરૂપની વિશેષ ભાવના કરી કરીને ધર્મી જીવ પોતાની જ્ઞાનશક્તિનો ફેલાવો કરે છે, એ જ પ્રભાવના છે. જ્ઞાનની વિશેષ પરિણતિરૂપ પ્રભાવના વડે ધર્મીને નિર્જરા જ થતી જાય છે. પોતાના જ્ઞાનસ્વરૂપની વિશેષ ભાવના તે જ જિન–માર્ગની ખરી પ્રભાવના છે.

જેમ જિનેન્દ્ર ભગવાનના વીતરાગી બિંબને રથ વગેરેમાં સ્થાપીને, બહુમાનપૂર્વક નગરમાં ફેરવવામાં આવે છે–આવા પ્રકારનો શુભભાવ તે વ્યવહાર પ્રભાવના છે, કેમ કે એ પ્રમાણે ભગવાનની રથયાત્રા વગેરે જોઈને લોકોને જૈનધર્મનો મહિમા આવે ને એ રીતે જૈનધર્મની પ્રભાવના થાય. શુભરાગ વખતે એવો પ્રભાવનાનો ભાવ પણ ધર્મીને આવે છે. અહો! આવો વીતરાગી જૈનમાર્ગ! તે લોકમાં પ્રસિદ્ધ થાય ને લોકો તેનો મહિમા જાણે એવો ભાવ ધર્માત્માને આવે છે. અને નિશ્ચયથી જ્ઞાનને અંતરના ચૈતન્યરથમાં જોડીને સ્વભાવની વિશેષ ભાવના વડે પોતાના જ્ઞાનની પ્રભાવના કરે છે. "હું જ્ઞાયક છું" એવો જે અનુભવ થયો છે તેમાં વારંવાર ઉપયોગને વાળતો ધર્માત્મા પોતાના આત્માને જિનમાર્ગમાં આગળ વધારે છે, તે નિશ્ચયથી પ્રભાવના છે. મિથ્યાત્વના કુમાર્ગથી પાછો વાળીને ચૈતન્યરથમાં આત્માને બેસાડવો અને એ રીતે ચૈતન્યરથમાં બેસાડીને આત્માને જિનમાર્ગે–મોક્ષમાર્ગે લઈ જવો, તે ધર્મની ખરી પ્રભાવના છે; આવી પ્રભાવનાથી ધર્મીને ક્ષણે ક્ષણે નિર્જરા થતી જાય છે, ને અપ્રભાવનાકૃત બંધન તેને થતું નથી. આવું સમ્યગ્દષ્ટિનું પ્રભાવના–અંગ છે. (૮)

✲ ✲ ✲

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આ રીતે સમ્યગ્દષ્ટિને પોતાના ચૈતન્યસ્વરૂપ સંબંધી નિઃશંકતા, ચૈતન્યથી ભિન્ન પરદ્રવ્યો પ્રત્યે નિઃકાંક્ષા, વગેરે આ અંગો હોય છે તે બતાવ્યું. આ આઠ અંગો આત્મસ્વરૂપને આશ્રિત છે તેથી તે નિશ્ચય છે; અને શુભરાગરૂપ જે નિઃશંકતા આદિ આઠ અંગો છે તે પરને આશ્રિત હોવાથી વ્યવહાર છે. અહીં તો નિર્જરા અધિકાર છે, એટલે નિર્જરાનાં કારણરૂપ નિશ્ચય આઠ અંગોનું વર્ણન આચાર્યદેવે આઠ ગાથાઓ દ્વારા કર્યું છે. આ આઠ અંગરૂપી તેજસ્વી કિરણોથી ઝગમગતા સમ્યગ્દર્શનરૂપી સૂર્યનો પ્રતાપ સર્વે કર્મોને ભસ્મ કરી નાંખે છે. સમ્યગ્દષ્ટિ ધર્માત્મા, આ નિઃશંકતા આદિ આઠ ગુણોથી પરિપૂર્ણ એવા સમ્યગ્દર્શનરૂપી સુદર્શન ચક્ર વડે સમસ્ત કર્મોને હણીને મોક્ષને સાધે છે.

અહો! નિઃશંકતાદિ આઠ અંગરૂપી દિવ્ય કિરણો વડે ઝળહળતો સમ્યગ્દર્શનરૂપી સૂર્ય પોતાના દિવ્ય પ્રતાપ વડે આઠ કર્મોને ભસ્મ કરીને આત્માને અષ્ટ મહા ગુણ સહિત સિદ્ધપદ પમાડે છે.

**આવા સમ્યક્ત્વસૂર્યનો મહાન ઉદય જયવંત વર્તો!**

સહજ સિદાનંદ.

ગુણપ્રમોદ અતિશય રહે...રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે જિનદર્શન અનુયોગ.

# સમ્યગ્દર્શનના આઠ અંગની કથા

समकित सहित आचार ही संसारमें इक सार है।
जिनने किया आचरण उनको नमन सौ सौ बार है।।
उनके गुणोंके कथनसे अनुग्रहण करना चाहिये।
अरु पापियोंका हाल सुनके पाप तजना चाहिये।।

પોતાના શુદ્ધાત્માની અનુભૂતિપૂર્વકની નિઃશંક શ્રદ્ધા જેને થઈ છે તે ધર્માત્માના સમ્યગ્દર્શનમાં નિઃશંકતા આદિ આઠે નિશ્ચય અંગો સમાઈ જાય છે, તેનું વર્ણન આપે વાંચ્યું. હવે તેની સાથે વ્યવહાર આઠ અંગો કેવાં હોય છે તે જોઈએ. જોકે બધા સમ્યગ્દષ્ટિ જીવો નિઃશંકતાદિ આઠે ગુણ સહિત હોય છે; પણ તેમાંથી એકેક અંગના ઉદાહરણરૂપે અંજનચોર વગેરેની કથા પ્રસિદ્ધ છે, તેનાં નામ સમન્તભદ્રસ્વામીએ રત્નકરંડ–શ્રાવકાચારમાં નીચે આપ્યાં છે–

(૧) નિઃશંકિત–અંગમાં પ્રસિદ્ધ અંજનચોર.
(૨) નિઃકાંક્ષ–અંગમાં પ્રસિદ્ધ અનંતમતી.
(૩) નિર્વિચિકિત્સા–અંગમાં ઉદાયનરાજા.
(૪) અમૂઢદૃષ્ટિત્વ–અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણી.
(૫) ઉપગૂહન–અંગમાં જિનેન્દ્રભક્ત એક શેઠ
(૬) સ્થિતિકરણ–અંગમાં વારિષેણ મુનિરાજ.
(૭) વાત્સલ્ય–અંગમાં વિષ્ણુકુમાર મુનિરાજ.
(૮) પ્રભાવના–અંગમાં વજ્રકુમાર મુનિરાજ.

મુમુક્ષુઓને સમ્યક્ત્વનો મહિમા જગાડે અને આઠ અંગના પાલનમાં ઉત્સાહ પ્રેરે, તે માટે આઠ અંગની આઠ કથાઓ અહીં આપવામાં આવે છે.

❀

# ૧. નિઃશંકિત અંગમાં પ્રસિદ્ધ અંજનચોરની કથા

અંજનચોર! તે કાંઈ મૂળથી ચોર ન હતો; તે તો તે જ ભવે મોક્ષ પામનાર એક રાજકુમાર હતો. એનું નામ લલિતકુમાર. અત્યારે તો તે નિરંજન ભગવાન છે, પણ લોકો એને અંજનચોર તરીકે ઓળખે છે.

તે રાજકુમાર લલિતને દુરાચારી જાણીને રાજ્યમાંથી કાઢી મૂક્યો હતો. તેણે એકે એવું અંજન સિદ્ધ કર્યું હતું કે જે આંજવાથી પોતે અદૃશ્ય થઈ જાય; તે અંજનને લીધે તેને ચોરી કરવાનું સહેલું થઈ ગયું, અને તે અંજનચોર તરીકે પ્રસિદ્ધ થયો. ચોરી ઉપરાંત જુગાર અને વેશ્યાગમન જેવા મહાન પાપ પણ તે કરતો હતો.

એક વાર તેની પ્રેમિકા સ્ત્રીએ રાણીનો સુંદર રત્નહાર દેખ્યો અને તેને એ હાર પહેરવાનું મન થયું. જ્યારે અંજનચોર તેની પાસે આવ્યો ત્યારે તેને કહ્યું, કે જો તમને મારા ઉપર સાચો પ્રેમ હોય તો તે રત્નહાર મને લાવી આપો.

અંજન કહે–દેવી! મારે માટે તો તે રમત વાત છે. એમ કહીને તે તો ચૌદસની અંધારી રાતે રાજમહેલમાં ઘૂસ્યો ને રાણીના ગળામાંથી હાર ઝૂંટવીને ભાગ્યો.

રાણીનો અમૂલ્ય રત્નહાર ચોરાઈ જવાથી ચારેકોર હાહાકાર થઈ ગયો. સિપાઈઓ દોડ્યા; તેમને ચોર તો દેખાતો ન હતો પણ તેના હાથમાં રહેલો હાર અંધારામાં ઝગમગતો હતો; તે દેખીને સિપાઈઓએ તેનો પીછો પકડ્યો. પકડાઈ જવાની બીકે હાર દૂર ફેંકીને અંજનચોર ભાગ્યો...ને સ્મશાનમાં જઈ પહોંચ્યો. એક ઝાડ નીચે થાક ખાવા ઊભો, ત્યાં તો તેણે એક આશ્ચર્યકારી ઘટના દેખી.

ઝાડ ઉપર એક સીંકું ટાંગીને એક માણસ તેમાં ચડ–ઉતર કરતો

હતો ને કંઈક બોલતો હતો. કોણ છે એ માણસ? ને આવી અંધારી રાતે અહીં શું કરે છે?

(વાંચક! ચાલો, આપણે અંજનચોરને થોડીવાર ઊભો રાખીને તે અજાણ્યા માણસને ઓળખી લઈએ.—)

અમિતપ્રભ અવને વિદ્યુત્પ્રભ નામના બે દેવ પૂર્વભવના મિત્રો હતા. અમિતપ્રભ તો જૈનધર્મનો ભક્ત હતો, ને વિદ્યુત્પ્રભ હજી કુધર્મમાં માનતો હતો. એક વખત તેઓ ધર્મની પરીક્ષા માટે નીકળ્યા. એક અજ્ઞાની તાપસને તપ કરતો દેખીને તેની પરીક્ષા કરવા કહ્યું : અરે બાવાજી! પુત્ર વિના સદ્‌ગતિ થાય નહીં–એમ શાસ્ત્રમાં કહ્યું છે.—એટલે તે તાપસ તો તે ખોટાધર્મની શ્રદ્ધાથી વૈરાગ્ય છોડીને સંસાર ભોગવવા લાગ્યો; આ દેખીને વિદ્યુત્પ્રભને તે કુગુરુની શ્રદ્ધા છૂટી ગઈ.

પછી, તેણે કહ્યું કે હવે જૈનગુરુની પરીક્ષા કરીએ! ત્યારે અમિતપ્રભે તેને કહ્યું–મિત્ર! જૈનસાધુઓ પરમ વીતરાગ હોય છે; એની તો શી વાત!! એની પરીક્ષા તો દૂર રહો–પરંતુ આ જિનદત્ત નામના એક શ્રાવક સામાયિકની પ્રતિજ્ઞા કરીને અંધારી રાતે આ સ્મશાનમાં એકલા ધ્યાન કરી રહ્યા છે, તેની તમે પરીક્ષા કરો.

તે દેવે અનેક પ્રકારે ભયાનક ઉપદ્રવ કર્યો, પણ જિનદત્ત શેઠ તો પોતાની સામાયિકમાં પર્વતની જેમ અડગ જ રહ્યા; પોતાના આત્માની શાંતિમાંથી તેઓ જરાપણ ન ડગ્યા. અનેક પ્રકારના ભોગવિલાસ બતાવ્યા, તેમાં પણ તેઓ ન લલચાયા. એક જૈનશ્રાવકમાં પણ આવી દૃઢતા દેખીને તે દેવ ઘણો પ્રસન્ન થયો; પછી શેઠે તેને જૈનધર્મનો મહિમા સમજાવ્યો કે દેહથી ભિન્ન આત્મા છે, તેના અવલંબને જીવ અપૂર્વ શાંતિ અનુભવે છે ને તેના જ અવલંબને તે મુક્તિ પામે છે. આથી તે દેવને પણ જૈનધર્મની શ્રદ્ધા થઈ. અને શેઠનો ઉપકાર માનીને, તેને આકાશગામિની વિદ્યા આપી.

તે આકાશગામિની વિદ્યા વડે જિનદત્તશેઠ દરરોજ મેરુતીર્થ પર જતા, અને ત્યાં અદ્‌ભુત રત્નમય જિનબિંબનાં તથા ચારણ ઋદ્ધિધારી

મુનિવરોનાં દર્શન કરતા; આથી તેમને ઘણો જ આનંદ થતો. એકવાર સોમદત્ત નામના માળીએ પૂછવાથી શેઠે તેને આકાશગામિની વિદ્યાની વાત કરી, અને રત્નમય જિનબિંબનાં ઘણાં વખાણ કર્યાં. તે સાંભળીને માળીને પણ તેનાં દર્શન કરવાની ભાવના જાગી, અને પોતાને આકાશગામિની વિદ્યા શીખવવા કહ્યું. શેઠે તેને તે વિદ્યા સાધવાનું શીખવ્યું. તે પ્રમાણે અંધારી ચૌદશની રાતે સ્મશાનમાં જઈને તેણે ઝાડ સાથે શીકું લટકાવ્યું અને નીચે જમીન પર તીક્ષ્ણ અણીદાર ભાલાં ખોડ્યા. હવે આકાશગામિની વિદ્યાને સાધવા માટે શિકામાં બેસીને, પંચ નમસ્કારમંત્ર વગેરે મંત્ર બોલીને તેણે શીકાની દોરી કાપી નાંખવાની હતી. પણ નીચે ભાલાં દેખીને તેને બીક લાગતી હતી, ને મંત્રમાં શંકા પડતી હતી કે કદાચ મંત્ર સાચો ન પડે ને હું નીચે પડું તો મારું શરીર ભાલાથી વીંધાઈ જાય! આમ શંકાને લીધે તે નીચે ઊતરી જતો; ને વળી પાછો એમ વિચાર આવતો કે શેઠે કહ્યું તે સાચું હશે!–એમ વિચારીને પાછો શીકામાં બેસતો. આમ વારંવાર તે શીકામાં ચડઉતર કરતો હતો; પણ તે નિઃશંક થઈને તે દોરી કાપી શકતો ન હતો. [ જેમ ચૈતન્યભાવની નિઃશંકતા વગર શુદ્ધ-અશુદ્ધના વિકલ્પો વચ્ચે ઝૂલતો જીવ નિર્વિકલ્પ અનુભવરૂપ આત્મવિદ્યાને સાધી શકતો નથી, તેમ મંત્રના સંદેહમાં ઝૂલી રહેલો તે માળી મંત્રને સાધી શકતો ન હતો.]

—એવામાં અંજનચોર ભાગતો ભાગતો ત્યાં આવી પહોંચ્યો; અને માળીને આવી વિચિત્રક્રિયા કરતો દેખીને તેણે પૂછ્યું–'એલા ભાઈ! આવી અંધારી રાતે આ તમે શું કરો છો! સોમદત્ત માળીએ તેને બધી વાત કરી. તે સાંભળતાવેંત તેને મંત્ર પર પરમ વિશ્વાસ બેસી ગયો, અને કહ્યું કે, લાવો! હું એ મંત્ર સાધું. એમ કહીને શ્રદ્ધાપૂર્વક મંત્ર બોલીને તેણે નિઃશંકપણે શીકાની દોરી કાપી નાંખી.....આશ્ચર્ય! નીચે પડવાને બદલે વચમાં જ દેવીઓએ તેને ઝીલી લીધો...અને કહ્યું કે મંત્ર પર તમારી નિઃશંક શ્રદ્ધાને લીધે તમને આકાશગામિની વિદ્યા સિદ્ધ થઈ છે; હવે આકાશમાર્ગે તમે જ્યાં જવું હોય ત્યાં જઈ શકો છો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



અંજન તો હવે ચોર મટીને જૈનધર્મનો ભક્ત બન્યો; તેણે કહ્યું કે જિનદત્તશેઠના પ્રતાપે મને આ વિદ્યા મળી છે, તેથી તેઓ જે ભગવાનના દર્શન કરવા જાય છે તે ભગવાનનાં દર્શન કરવાની મારી ઈચ્છા છે, ને ત્યાં જઈને તેઓ શું કરે છે તે જોવાની મારી ઈચ્છા છે.

[બંધુઓ, અહીં એક વાત ખાસ લક્ષમાં લેવા જેવી છે; અંજનચોરને આકાશગામિની વિદ્યા સિદ્ધ થઈ ત્યારે, તેને ચોરીના ધંધા માટે તે વિદ્યાનો ઉપયોગ કરવાની દુર્બુદ્ધિ ન જાગી, પણ જિનબિંબના દર્શન વગેરે ધર્મકાર્યમાં જ તેનો ઉપયોગ કરવાની સદ્‌બુદ્ધિ તેને સૂઝી...એ જ તેના પરિણામનો પલટો સૂચવે છે, અને આવી ધર્મરુચિના બળે આગળ વધીને તે સમ્યગ્દર્શનાદિ પામે છે.]

વિદ્યા સિદ્ધ થતાં અંજને વિચાર્યું કે અહા! જે જૈનધર્મના એક નાનકડા મંત્રથી મારા જેવા ચોરને પણ આવી વિદ્યા સિદ્ધ થઈ, તો તે જૈનધર્મ કેવો મહાન હશે! તેનું સ્વરૂપ કેટલું પવિત્ર હશે! ચાલ, જે શેઠના પ્રતાપે મને આ વિદ્યા મળી તે જ શેઠ પાસે જઈને હું તે ધર્મનું સ્વરૂપ સમજું; અને તેમની પાસેથી એવો મંત્ર શીખું કે જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય.—આમ વિચારી વિદ્યાના બળે તે મેરુપર્વત પર પહોંચ્યો.

ત્યાં રત્નોના અદ્‌ભુત અરિહંતભગવંતોની વીતરાગતા દેખીને તે ઘણો પ્રસન્ન થયો. જિનદત્તશેઠ તે વખતે મુનિવરોનો ઉપદેશ સાંભળી રહ્યા હતા. અંજને તેમનો ઘણો ઉપકાર માન્યો. ને મુનિરાજનો ઉપદેશ સાંભળીને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજી, તેની નિઃશંકશ્રદ્ધાપૂર્વક નિર્વિકલ્પ અનુભવ કરીને તે સમ્યગ્દર્શન પામ્યો. એટલું જ નહીં, પૂર્વનાં પાપોનો પશ્ચાત્તાપ કરીને તેણે મુનિરાજ પાસે દીક્ષા લીધી; સાધુ થઈને આત્મધ્યાન કરતાં કરતાં તેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું; ને છેવટે કૈલાસગિરિ પરથી મોક્ષ પામીને તેઓ સિદ્ધ થયા...'અંજન'માંથી તેઓ 'નિરંજન' બની ગયા. તેમને નમસ્કાર હો.

[આ કથા, જૈનધર્મની નિઃશંક શ્રદ્ધા કરીને તેની આરાધના કરવાનું આપણને શીખવે છે.]

❀

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# (૨) નિઃકાંક્ષ–અંગમાં પ્રસિદ્ધ અનંતમતીની કથા

અનંતમતી! ચંપાપુરીના પ્રિયદત્ત શેઠ તેના પિતા, અને અંગવતી તેની માતા, તેઓ જૈનધર્મના પરમ ભક્ત અને વૈરાગી ધર્માત્મા હતા, તેમના ઉત્તમસંસ્કાર અનંતમતીને પણ મળ્યા હતા.

અનંતમતી હજી તો સાત-આઠ વર્ષની બાલિકા હતી ને ઢીંગલા–ઢીંગલીની રમત રમતી હતી; એવામાં એકવાર અષ્ટાહ્નિકા વખતે ધર્મકીર્તિ મુનિરાજ પધાર્યા; અને સમ્યગ્દર્શનના આઠ અંગનો ઉપદેશ આપ્યો; તેમાં નિઃકાંક્ષગુણનો ઉપદેશ આપતાં કહ્યું કે—

હે જીવો! સંસારના સુખની વાંછા છોડીને આત્માના ધર્મની આરાધના કરો. ધર્મના ફળમાં જે સંસારસુખની ઈચ્છા કરે છે તે મૂર્ખ છે. સમ્યક્ત્વ કે વ્રતના બદલામાં મને દેવની કે રાજની વિભૂતિ મળો–એમ જે વાંછા કરે છે, તે તો સંસારસુખના બદલામાં સમ્યક્ત્વાદિ ધર્મને વેચી દે છે, છાશના બદલામાં રત્ન-ચિંતામણિ વેચી દેનાર જેવો મૂર્ખ છે. અહા, પોતામાં જ ચૈતન્ય–ચિંતામણિ જેણે દેખ્યો તે બાહ્યવિષયોની વાંછા કેમ કરે?

અનંતમતીના માતા-પિતા પણ મુનિરાજનો ઉપદેશ સાંભળવા આવ્યા હતા, અને અનંતમતીને પણ સાથે લાવ્યા હતા. ઉપદેશ બાદ તેમણે આઠ દિવસનું બ્રહ્મચર્યવ્રત લીધું; અને ગમ્મતમાં અનંતમતીને કહ્યું કે, તું પણ આ વ્રત લઈ લે. નિર્દોષ અનંતમતીએ કહ્યું :'ભલે, હું શીલવ્રત અંગીકાર કરું છું.'

એ પ્રસંગને કેટલાક વર્ષો વીતી ગયા; અનંતમતી હવે યુવાન થઈ, તેનું રૂપ સોળકળાએ ખીલી ઊઠ્યું. રૂપની સાથે ધર્મના સંસ્કારો પણ ખીલતા ગયા.

એક વાર સખીઓ સાથે તે બાગમાં હરવા-ફરવા ગઈ હતી ને એક ઝૂલા પર ઝૂલી રહી હતી; એવામાં ત્યાંથી એક વિદ્યાધરરાજા નીકળ્યો, ને અનંતમતીનું અદ્‌ભુતરૂપ દેખીને તે મોહિત થઈ ગયો, એટલે વિમાનમાં તેને ઉપાડી ગયો.–પણ એવામાં તેની રાણી આવી પહોંચી; તેથી ભયભીત થઈને તે વિદ્યાધરે અનંતમતીને એક ભયંકર વનમાં છોડી દીધી. આમ કુદરતયોગે એક દુષ્ટ રાજાના પંજામાંથી એની રક્ષા થઈ.

હવે ઘોરવનમાં પડેલી અનંતમતી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતી જાય છે; ને ભયભીત થઈને રુદન કરે છે કે, અરે! આ જંગલમાં હું ક્યાં જાઉં? શું કરું! અહીં કોઈ માણસ તો દેખાતું નથી....

—એવામાં તે જંગલનો રાજા ભીલ શિકાર કરવા નીકળેલો, તેણે અનંતમતીને દેખી...અરે! આ તે કોઈ વનદેવી છે કે શું? આવી અદ્‌ભુત સુંદરી દૈવયોગે મને મળી છે–એમ તે દુષ્ટ પણ તેના પર મોહિત થઈ ગયો ને તેને પોતાના ઘરે લઈ ગયો. અને તેને કહ્યું–હે દેવી! હું તારા પર મુગ્ધ થયો છું અને તને મારી રાણી બનાવવા ઈચ્છું છે....તું મારી આશા પૂરી કર.

નિર્દોષ અનંતમતી તો એ પાપીની વાત સાંભળતા જ ધ્રૂસકે ધ્રૂસકે રોવા લાગી...અરે! હું શીલવ્રતની ધારક...ને મારા ઉપર આ શું થઈ રહ્યું છે! જરૂર પૂર્વે કોઈ ગુણીજનોના શીલ પર મેં ખોટા આળ નાખ્યાં હશે, કે તેમનો અનાદર કર્યો હશે; તે દુષ્ટકર્મને લીધે અત્યારે જ્યાં જાઉં ત્યાં મારા ઉપર આવી વિપત્તિ આવી પડે છે. પણ હવે વીતરાગધર્મનું મેં શરણ લીધું છે, એના પ્રતાપે શીલવ્રતથી હું ડગવાની નથી–અંતે દેવો પણ મારા શીલની રક્ષા કરશે. ભલે પ્રાણ જાય પણ હું મારા શીલને નહીં છોડું.

તેણે ભીલને કહ્યું : 'અરે દુષ્ટ! તારી દુર્બુદ્ધિને છોડ. તારા ધનવૈભવથી હું કદી લલચાવાની નથી; તારા ધનવૈભવને હું ધિક્કારું છું.'

અનંતમતીની આવી દૃઢ વાત સાંભળીને ભીલરાજા ગુસ્સે થયો ને નિર્દયપણે તેના પર બળાત્કાર કરવા તૈયાર થયો....

એવામાં અચાનક જાણે આકાશ ફાટ્યું ને એક મહાદેવી ત્યાં પ્રગટ થઈ...એનું દૈવી તેજ તે દુષ્ટ ભીલ સહન ન કરી શક્યા, તેના હોશકોશ ઊડી ગયા...ને હાથ જોડીને ક્ષમા માગવા લાગ્યો. દેવીએ કહ્યું—આ મહાન શીલવ્રતી સતી છે, તેને જરાપણ સતાવીશ તો તારું મોત થઈ જશે. અને અનંતમતી પર હાથ મૂકીને કહ્યું–બેટી! ધન્ય છે તારા શીલને; તું નિર્ભય રહેજે! શીલવાન સતીનો એક વાળ પણ વાંકો કરવા કોઈ સમર્થ નથી.–આમ કહીને તે દેવી અદ્રશ્ય થઈ ગઈ.

ભયભીત થયેલો તે ભીલ અનંતમતીને લઈને ગામમાં એક શેઠને ત્યાં વેચી આવ્યો. તે શેઠે પહેલાં તો એમ કહેલું કે હું અનંતમતીને તેના ઘેર પહોંચાડી દઈશ;–પરંતુ તે પણ અનંતમતીનું રૂપ દેખીને કામાંધ થઈ ગયો, ને કહેવા લાગ્યો–હે દેવી! તારા હૃદયમાં તું મને સ્થાન દે...અને મારા આ અપાર ધનવૈભવને તું ભોગવ.

એ પાપીની વાત સાંભળતાં જ અનંતમતી સ્તબ્ધ થઈ ગઈ...અરે! વળી આ શું થયું? તે સમજાવવા લાગી કે, હે શેઠ! આપ તો મારા પિતાતુલ્ય છો. દુષ્ટ ભીલ પાસેથી અહીં આવતા હું તો એમ સમજતી હતી કે મારા પિતા મળ્યા...ને તમે મને મારા ઘરે પહોંચાડશો. અરે, તમે ભલા માણસ થઈને આવી નીચ વાત કેમ કરો છો? આ તમને શોભતું નથી; –માટે આવી પાપબુદ્ધિ છોડો.

ઘણું સમજાવવા છતાં દુષ્ટ શેઠ ન સમજ્યો, ત્યારે અનંતમતીએ વિચાર્યું કે આ દુષ્ટ પાપીનું હૃદય વિનય પ્રાર્થના વડે નહીં પીગળે...એટલે ક્રોધદ્રષ્ટિપૂર્વક તે સતીએ કહ્યું કે, અરે! દુષ્ટ! કામાંધ! તું દૂર જા...હું તારું મોઢું પણ જોવા માગતી નથી.

એનો ક્રોધ દેખીને શેઠ પણ ભયભીત થઈ ગયો ને એની અક્કલ ઠેકાણે આવી ગઈ. ગુસ્સાપૂર્વક તેણે અનંતમતીને કામસેના નામની એક વેશ્યાને ત્યાં સોંપી દીધી.

અરે, ક્યાં ઉત્તમ સંસ્કારવાળા માતા-પિતાનું ઘર! ને ક્યાં આ વેશ્યાનું ઘર!! અનંતમતીના અંતરમાં વેદનાનો પાર નથી; પણ પોતાના શીલવ્રતમાં

તે અડગ છે. સંસારના વૈભવો દેખીને ક્યાંય તેનું મન લલચાતું નથી.

આવી સુંદરી પોતાને પ્રાપ્ત થવાથી કામસેના વેશ્યા ઘણી ખુશ થઈ, ને પોતાને ઘણી કમાણી થશે એમ સમજીને તે અનંતમતીને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરવા લાગી; તેણે અનેક પ્રકારે કામોત્તેજક વાતો કરી, ઘણી લાલચ આપી, ઘણો ત્રાસ આપ્યો, પણ અનંતમતી તો પોતાના શીલધર્મથી રંચમાત્ર ન ડગી. કામસેનાને તો એવી આશા હતી કે આ યુવાન સ્ત્રીનો વેપાર કરીને હું ઘણું કમાઈશ, પણ એની આશા ઉપર પાણી ફરી વળ્યું. એ બિચારી વિષયલોલુપ બાઈને ક્યાંથી ખબર હોય કે આ યુવાન બાઈએ તો ધર્મની ખાતર પોતાનું જીવન અર્પી દીધું છે, ને સંસારના કોઈ વિષયભોગની તેને જરાય આકાંક્ષા નથી; સંસારના ભોગો પ્રત્યે તેનું ચિત્ત એકદમ નિષ્કાંક્ષ છે. શીલની રક્ષા કરતાં ગમે તેવું દુ:ખ આવી પડે તેનો તેને ભય નથી. અહા! જેનું ચિત્ત નિષ્કાંક્ષ છે તે ભય વડે પણ સંસારના સુખને કેમ ઈચ્છે? જેણે પોતાના આત્મામાં જ પરમસુખનાં નિધાન દેખ્યાં છે તે ધર્માત્મા, ધર્મના ફળમાં સંસારના દેવાદિક વૈભવના સુખને સ્વપ્નેય વાંછતા નથી—એવા નિઃકાંક્ષ છે; તેમ અનંતમતીએ પણ શીલગુણની દ્રઢતાને લીધે સર્વે વૈભવની આકાંક્ષા છોડી દીધી; કોઈપણ વૈભવથી લલચાયા વગર તે શીલમાં અડગ રહી. અહા! સ્વભાવના સુખ પાસે સંસારના સુખને કોણ વાંછે? ખરેખર, સંસારના સુખની વાંછાથી છૂટીને નિઃકાંક્ષ થયેલી અનંતમતીની આ દશા એમ સૂચવે છે કે તેના પરિણામનો પ્રવાહ હવે સ્વભાવસુખ તરફ ઝૂકી રહ્યો છે. આવા ધર્મસન્મુખ જીવો સંસારનાં દુ:ખથી કદી ડરતા નથી ને પોતાનો ધર્મ કદી છોડતા નથી. સંસારના સુખને વાંછનારો જીવ પોતાના ધર્મમાં અડગ રહી શકતો નથી, દુ:ખથી ડરીને તે ધર્મને પણ છોડી દે છે.

જ્યારે કામસેનાએ જાણ્યું કે આ અનંતમતી કોઈપણ રીતે તાબે થવાની નથી, ત્યારે તેણે ઘણું ધન લઈને સિંહરાજ નામના રાજાને સોંપી દીધી.

બિચારી અનંતમતી!–જાણે સિંહના જડબામાં જઈ પડી! વળી પાછી તેના પર નવી આફત આવી. દુષ્ટ સિંહરાજા પણ તેના પર મોહિત

થયો. પણ અનંતમતીએ તેનો તિરસ્કાર કર્યો; વિષયાંધ બનેલો તે પાપી અભિમાનપૂર્વક સતી પર બળાત્કાર કરવા તૈયાર થયો—પણ ક્ષણમાં એનું અભિમાન ઉતરી ગયું.–સતીના પુણ્યપ્રતાપે, (નહીં–શીલપ્રતાપે, ) વનદેવી ત્યાં હાજર થઈ ને દુષ્ટ રાજાને શિક્ષા કરતાં કહ્યું કે, ખબરદાર...ભૂલેચૂકે પણ આ સતીને હાથ લગાડીશ નહીં. સિંહરાજા તો દેવીને દેખતાં જ શિયાળ જેવો થઈ ગયો, તેનું હૃદય ભયથી કંપી ઊઠ્યું; તેણે માફી માંગી; અને સેવકને તરત જ બોલાવીને અનંતમતીને માનસહિત જંગલમાં મૂકી આવવાનું કહ્યું.

હવે, અજાણ્યા જંગલમાં ક્યાં જવું? એનો કાંઈ અનંતમતીને પત્તો નથી; આટલા આટલા ઉપદ્રવોની વચ્ચે પણ પોતાના શીલધર્મની રક્ષા થઈ તેના સંતોષપૂર્વક, ઘોર જંગલની વચ્ચે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતી તે આગળ વધી. તેના મહાન ભાગ્યે થોડીવારમાં તેણે આર્યિકાઓનો સંઘ દેખ્યો. અત્યંત આનંદપૂર્વક તે આર્યિકામાતાના શરણમાં ગઈ. અહા! વિષયલોલુપ સંસારમાં જેને ક્યાંય શરણ ન મળ્યું તેણે વીતરાગમાર્ગી સાધ્વીનું શરણ લીધું; તેમના આશ્રયે આંસુભીની આંખે તેણે પોતાની વીતકકથા કહી; તે સાંભળીને ભગવતી આર્યિકામાતાએ વૈરાગ્યપૂર્વક તેને આશ્વાસન આપ્યું ને તેના શીલની પ્રશંસા કરી. ભગવતી માતાના શરણમાં રહીને તે અનંતમતી શાંતિપૂર્વક પોતાનું આત્મસાધન કરવા લાગી.

હવે, આ તરફ ચંપાપુરીમાં જ્યારે વિદ્યાધર તેને ઉપાડી ગયો ત્યારે તેનાં માતા-પિતા ખૂબ દુઃખી થયાં. પુત્રીના વિયોગથી ખેદખિન્ન થયેલા ચિત્તને શાંત કરવા તેઓ તીર્થયાત્રા કરવા નીકળ્યાં; અને યાત્રા કરતાં કરતાં તીર્થંકર ભગવંતોની જન્મપુરી અયોધ્યાનગરીમાં આવી પહોંચ્યાં. પ્રિયદત્તના સાળા (અનંતમતીના મામા) જિનદત્ત શેઠ અહીં જ રહેતા હતા; ત્યાં આવતાંવેંત આંગણામાં એક સુંદર રંગોળી દેખીને પ્રિયદત્ત શેઠની આંખમાંથી આંસુની ધાર ચાલી; પોતાની વહાલી પુત્રીને યાદ કરીને તેમણે કહ્યું કે મારી પુત્રી અનંતમતી પણ આવી જ રંગોળી કાઢતી હતી; માટે જેણે આ રંગોળી કાઢી હોય તેની પાસે મને લઈ જાવ.

હવે, એ રંગોળી કાઢનાર બીજું કોઈ ન હતું પણ અનંતમતી પોતે જ હતી; પોતાના મામાને ત્યાં ભોજન કરવા આવી ત્યારે તેણે આ રંગોળી કાઢી હતી, ને પાછી તે આર્યિકાસંઘમાં ચાલી ગઈ હતી. તરત જ સૌ તે સંઘમાં પહોંચ્યા. પોતાની પુત્રીને દેખીને, અને તેની વીતકકથા સાંભળીને શેઠ ગદ્‌ગદ્‌ થઈ ગયા, અને કહ્યું : બેટી! તેં બહુ કષ્ટ ભોગવ્યાં, હવે અમારી સાથે ઘેર ચાલ...ને તારા લગ્નની તૈયારી કરીએ.'

લગ્નનું નામ સાંભળતાં જ અનંતમતી ચમકી, અને બોલી ઊઠી : પિતાજી! તમે આ શું કહો છો? મેં તો બ્રહ્મચર્યવ્રત લીધું છે, ને આપ પણ તે જાણો છો. આપે જ મને તે વ્રત અપાવ્યું હતું.

પિતાજી કહે : 'બેટી, એ તો તારી નાનપણની ગમ્મત હતી; તેમ છતાં તે ગમ્મતની પ્રતિજ્ઞાને પણ તું સત્ય માનતી હો તોપણ તે વખતે આઠ જ દિવસ પૂરતી પ્રતિજ્ઞાની વાત હતી; માટે હવે તું લગ્ન કર.'

અનંતમતીએ દૃઢતાથી કહ્યું : 'પિતાજી! આપ ભલે આઠ દિવસનું સમજ્યા હો પણ મેં તો મારા મનથી આજીવન પ્રતિજ્ઞા ધારણ કરી છે. મારી પ્રતિજ્ઞા હું પ્રાણાન્તે પણ તોડીશ નહીં; માટે આપ લગ્નનું નામ ન લેશો.'

છેવટે પિતાજીએ કહ્યું : 'ભલે બેટી, જેવી તારી ખુશી. પણ હવે તું અમારી સાથે ઘેર ચાલ, અને ત્યાં ધર્મધ્યાન કરજે.'

ત્યારે અનંતમતી કહે છે–'પિતાજી! આ સંસારની લીલા મેં જોઈ લીધી. સંસારમાં ભોગ–લાલસા સિવાય બીજું શું છે? એનાથી હવે બસ થાઓ. પિતાજી! આ સંસારસંબંધી કોઈ ભોગોની મને આકાંક્ષા નથી. હું તો હવે દીક્ષા લઈને આર્જિકા થઈશ, ને આ ધર્માત્મા-આર્જિકાઓની સાથે રહીને મારા આત્મિક સુખને સાધીશ.'

પિતાએ તેને રોકવા ખૂબ પ્રયત્ન કર્યો, પણ જેના રોમ-રોમમાં વૈરાગ્ય છવાઈ ગયો હોય તે આવા અસાર સંસારમાં કેમ રહે? સંસારસુખોને સ્વપ્ને પણ ન ઈચ્છનારી એવી તે અનંતમતી

નિઃકાંક્ષભાવનાના દૃઢ સંસ્કારબળે મોહબંધનને તોડીને વીતરાગધર્મને સાધવા તત્પર બની હતી; તેણે પદ્મશ્રી–અર્જિકા સમીપ દીક્ષા અંગીકાર કરી લીધી, અને ધર્મધ્યાનપૂર્વક સમાધિમરણ કરી, સ્ત્રીપર્યાયને છેદી બારમા દેવલોકમાં ઊપજી.

રમતાં રમતાં લીધેલા શીલવ્રતનું પણ જેણે દૃઢપણે પાલન કર્યું અને સ્વપ્નેય સંસારસુખને ન ઈચ્છ્યું, તેમજ સમ્યક્ત્વથી કે શીલના પ્રભાવથી આવી ઋદ્ધિ મને મળો–એવી આકાંક્ષા પણ જેણે ન કરી, તે અનંતમતી દેવલોકમાં ગઈ; અહા! દેવલોકના આશ્ચર્યકારી વૈભવની શી વાત! પણ પરમ નિઃકાંક્ષતાને લીધે તેનાથી પણ ઉદાસ રહીને તે અનંતમતી પોતાના આત્મહિતને સાધી રહી છે. ધન્ય છે એની નિઃકાંક્ષતાને.

[આ કથા, સંસારસુખની વાંછા છોડીને આત્મિક સુખને જ સાધવામાં તત્પર થવાનું આપણને શીખવે છે...]

❁

**∗ ભજન ∗**

પ્રાચીન કવિ 'ન્યામત'જી એક ભજનમાં કહે છે—

**વિના સમકિત કે ચેતન જનમ વિરથા ગંવાતા હૈ!**
**તુઝે સમજાએં ક્યા મૂરખ! નહીં તું દિલમેં લાતા હૈ!**
**હૈ દર્શન-જ્ઞાન ગુણ તેરા, ઈસે ભૂલા હૈ ક્યોં મૂરખ?**
**અરે, અબ તો સમઝ લે તૂં, ચલા સંસાર જાતા હૈ!**
**તેરેમેં ઔર પરમાતમ મેં નહીં ભેદ અય ચેતન!**
**રતન આતમ કો મૂરખ કાંચ બદલે ક્યોં બિકાતા હૈ?**

(કવિએ ઠપકો આપીને સમ્યક્ત્વની પ્રેરણા કરી છે?)

# (૩) નિર્વિચિકિત્સા–અંગમાં પ્રસિદ્ધ ઉદાયનરાજાની કથા

સૌધર્મ–સ્વર્ગમાં દેવસભા ભરાણી છે, અને ઈન્દ્રમહારાજ દેવોને સમ્યગ્દર્શનનો મહિમા સમજાવી રહ્યા છે : અહો દેવો! સમ્યગ્દર્શનમાં આત્માનું કોઈ અનેરું સુખ છે. એ સુખ પાસે સ્વર્ગના વૈભવની કાંઈ જ ગણતરી નથી. આ સ્વર્ગલોકમાં સાધુદશા નથી થઈ શકતી, પરંતુ સમ્યગ્દર્શનની આરાધના તો અહીં પણ થઈ શકે છે.

મનુષ્યો તો સમ્યક્ત્વની આરાધના ઉપરાંત ચારિત્રદશા પણ પ્રગટ કરીને મોક્ષ પામી શકે છે. ખરેખર, જે જીવો નિઃશંકતા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા વગેરે આઠઅંગસહિત શુદ્ધ સમ્યગ્દર્શનના ધારક છે તેઓ ધન્ય છે. એવા સમ્યગ્દ્રષ્ટિજીવોની આપણે અહીં સ્વર્ગમાં પણ પ્રશંસા કરીએ છીએ.

અત્યારે કચ્છદેશમાં ઉદાયન રાજા આવા સમ્યક્ત્વથી શોભી રહ્યા છે, ને સમ્યક્ત્વના આઠ અંગોનું પાલન કરી રહ્યા છે; તેમાં પણ નિર્વિચિકિત્સાઅંગના પાલનમાં તેઓ ઘણા દ્રઢ છે. મુનિવરોની સેવામાં એવા તત્પર છે કે ગમે તેવા રોગાદિ હોય તોપણ તેઓ જરાય જુગુપ્સા કરતા નથી, ને દુર્ગંછા વગર પરમભક્તિથી ધર્માત્માઓની સેવા કરે છે. ધન્ય છે એને! તેઓ ચરમશરીરી છે.

રાજાના ગુણની આવી પ્રશંસા સાંભળીને વાસવ નામના એક દેવને તે નજરે જોવાનું મન થયું...અને તે સ્વર્ગમાંથી ઊતરીને મનુષ્યલોકમાં આવ્યો.

❀ ❀ ❀

ઉદાયન રાજા એક મુનિરાજને દેખીને ભક્તિપૂર્વક આહારદાન માટે પડગાહી રહ્યા છેઃ પધારો...પધારો....પધારો. રાણી સહિત ઉદાયન રાજા

નવધાભક્તિપૂર્વક મુનિરાજને આહારદાન દેવા લાગ્યા.

અરે, પણ આ શું! ઘણા માણસો ત્યાંથી દૂર ભાગવા લાગ્યા; ઘણા માણસો મુખ આગળ કપડું ઢાંકવા લાગ્યા...કેમ કે એ મુનિને કાળા-કૂબડા શરીરમાં ભયંકર કોઢનો રોગ હતો ને તેમાંથી અસહ્ય દુર્ગંધ છૂટતી હતી; હાથપગના આંગળાંમાંથી પરુ વહેતું હતું.

–પરંતુ રાજાને તો એનું કાંઈ લક્ષ નથી; તે તો પ્રસન્ન થઈને પરમ ભક્તિથી એકચિત્તે આહારદાન દઈ રહ્યા છે, ને પોતાને ધન્ય માને છે કે, અહા! રત્નત્રયધારી મુનિરાજ મારા આંગણે પધાર્યા! એમની સેવાથી મારું જીવન સફળ છે.

એવામાં મુનિના પેટમાં એકાએક ઉછાળો આવ્યો, ને એકદમ ઊલટી થઈ; તે ગંદી ઉલ્ટી રાજા-રાણીના શરીર ઉપર પડી. એકદમ ગંધાતી ઊલટી પોતાના ઉપર પડવા છતાં રાજા-રાણીને જરાપણ ગ્લાનિ ન થઈ, કે મુનિરાજ પ્રત્યે જરાપણ અણગમો ન આવ્યો. પણ અત્યંત સાવધાનીથી તેઓ મુનિરાજનું દુર્ગંધી શરીર સાફ કરવા લાગ્યા, અને એમ વિચારવા લાગ્યા કે અરેરે! અમારા આહારદાનમાં કાંઈક ભૂલ થઈ ગઈ લાગે છે કે જેને કારણે મુનિરાજને આટલું બધું કષ્ટ પડ્યું...મુનિરાજની પૂરી સેવા અમારાથી ન થઈ શકી....

હજી તો રાજા આમ વિચારે છે, ત્યાં તો તે મુનિ એકાએક અલોપ થઈ ગયા, ને તેમના સ્થાને એક દેવ દેખાયો; અત્યંત પ્રશંસાપૂર્વક તેણે કહ્યું : 'હે રાજન્! ધન્ય છે તમારા સમ્યક્ત્વને, અને ધન્ય છે તમારી નિર્વિચિકિત્સાને! ઈન્દ્રમહારાજે તમારા ગુણની જેવી પ્રશંસા કરી હતી એવા જ ગુણ મેં નજરે જોયા. રાજન્! મુનિના વેશે હું જ તમારી પરીક્ષા કરવા આવ્યો હતો. ધન્ય છે આપના ગુણોને...' એમ કહીને દેવે તેને નમસ્કાર કર્યા.

ખેરખર કોઈ મુનિરાજને કષ્ટ નથી થયું–એમ જાણીને રાજાનું ચિત્ત પ્રસન્ન થયું અને તેણે કહ્યું : હે દેવ! આ મનુષ્ય શરીર તો સ્વભાવથી જ મલિન છે, ને રોગાદિનું ઘર છે; તે અચેતન શરીર મેલું હોય તેથી

આત્માને શું? ધર્મીનો આત્મા તો સમ્યક્ત્વાદિ પવિત્ર ગુણોથી શોભે છે. શરીરની મલિનતા દેખીને ધર્માત્માના ગુણ પ્રત્યે જે અણગમો કરે છે તેને આત્માની દૃષ્ટિ નથી પણ દેહની જ દૃષ્ટિ છે. અરે, ચામડાના શરીરથી ઢંકાયેલો આત્મા અંદર સમ્યગ્દર્શનના પ્રભાવથી શોભી રહ્યો છે, તે પ્રશંસનીય છે.

ઉદયન રાજાની આવી સરસ વાત સાંભળીને તે દેવ ઘણો પ્રસન્ન થયો, અને તેમને અનેક વિદ્યાઓ આપી, વસ્ત્રાભૂષણ આપ્યાં;–પણ ઉદાયન રાજાને ક્યાં તેની વાંછા હતી? તેઓ તો બધો પરિગ્રહ છોડીને વર્દ્ધમાન ભગવાનના સમવસરણમાં ગયા, અને દીક્ષા લઈ મુનિ થઈ કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષ પામ્યા. સમ્યગ્દર્શનના પ્રતાપે તેઓ સિદ્ધ થયા, તેમને નમસ્કાર હો.

[આ નાની કથા આપણને એવો મોટો બોધ આપે છે કે–ધર્માત્માના શરીરાદિને અશુચિ દેખીને પણ તેના ધર્મ પ્રત્યે ગ્લાનિ ન કરો, તેના સમ્યક્ત્વાદિ પવિત્રગુણોનું બહુમાન કરો.]

સહજ ચિદાનંદ.

અહો, આ તો ખરેખરી પ્રયોજનભૂત, સ્વાનુભવની ઉત્તમ વાત છે. સ્વાનુભવની આવી સરસ વાર્તા પણ મહાભાગ્યે જ સાંભળવા મળે છે, ને એ અનુભવદશાની તો શી વાત!

મોક્ષમાર્ગનું ઉદ્ઘાટન નિર્વિકલ્પ–સ્વાનુભવ વડે થાય છે.

# (૪) અમૂઢદષ્ટિ–અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણીની કથા

આ ભરતક્ષેત્રની વચ્ચે વિજયાર્દ્ધ–પર્વત આવેલો છે, તેના પર વિદ્યાધર મનુષ્યો રહે છે; તે વિદ્યાધરોના રાજા ચંદ્રપ્રભનું ચિત્ત સંસારથી વિરક્ત હતું; રાજ્યકારભાર પોતાના પુત્રને સોંપીને તે તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા. તેઓ કેટલોક વખત દક્ષિણ મથુરામાં રહ્યા; દક્ષિણદેશનાં પ્રસિદ્ધ તીર્થો, અને રત્નોનાં જિનબિંબથી શોભતાં જિનાલયો દેખીને તેમને આનંદ થયો. મથુરામાં તે વખતે ગુપ્તાચાર્ય નામના મહાન મુનિરાજ બિરાજતા હતા, તેઓ વિશિષ્ટ જ્ઞાનના ધારક હતા અને મોક્ષમાર્ગનો ઉત્તમ ઉપદેશ દેતા હતા. ચંદ્રરાજાએ કેટલાક દિવસ સુધી મુનિરાજનો ઉપદેશ સાંભળ્યો અને ભક્તિપૂર્વક તેમની સેવા કરી.

ત્યાર પછી તેણે ઉત્તર મથુરાનગરીની યાત્રાએ જવાનો વિચાર કર્યો– કે જ્યાંથી જંબૂસ્વામી મોક્ષ પામ્યા છે અને જ્યાં અનેક મુનિરાજ બિરાજતા હતા, તેમાં ભવ્યસેન નામના એક મુનિ પણ પ્રસિદ્ધ હતા. તે વખતે મથુરામાં વરુણરાજા હતા અને તેમની રાણીનું નામ રેવતીદેવી હતું.

ચંદ્રરાજાએ મથુરા જવાની પોતાની ઈચ્છા ગુપ્તાચાર્ય પાસે રજુ કરી અને આજ્ઞા માંગી, તથા ત્યાંના સંઘ માટે કાંઈ સંદેશ લઈ જવાનું પૂછ્યું.

ત્યારે શ્રી આચાર્યદેવે સમ્યક્ત્વની દઢતાનો ઉપદેશ આપતાં કહ્યું કે– આત્માનું સાચું સ્વરૂપ સમજનાર સમ્યગ્દષ્ટિ જીવ, વીતરાગ અરિહંતદેવ સિવાય બીજા કોઈને દેવ માનતા નથી. જે દેવ ન હોય તેને દેવ માનવા તે દેવમૂઢતા છે; એવી મૂઢતા ધર્મીને હોતી નથી. મિથ્યામતના દેવાદિક બહારથી ગમે તેવા સુંદર દેખાતા હોય, બ્રહ્મા–વિષ્ણુ કે શંકર જેવા હોય– તોપણ ધર્મીજીવ તેના પ્રત્યે આકર્ષાતા નથી. મથુરાની રાજરાણી રેવતીદેવી આવા સમ્યક્ત્વની ધારક છે, જૈનધર્મની શ્રદ્ધામાં તે ઘણી જ દઢ છે, તેને ધર્મવૃદ્ધિના આશીષ કહેજો. તથા ત્યાં બિરાજમાન સુરત મુનિ–કે જેમનું

ચિત્ત રત્નત્રયમાં રત છે–તેમને વાત્સલ્યપૂર્વક નમસ્કાર કહેજો.

–આ પ્રમાણે આચાર્યદેવે સુરત-મુનિરાજને તથા રેવતીરાણીને માટે સન્દેશ કહ્યો, પણ ભવ્યસેન મુનિને તો યાદ પણ ન કર્યા, આથી રાજાને આશ્ચર્ય થયું, ને ફરીને પણ આચાર્ય મહારાજને પૂછ્યું કે બીજા કોઈને કાંઈ કહેવાનું છે? પણ આચાર્યદેવે એથી વિશેષ કાંઈ ન કહ્યું.

આથી, તે ચંદ્રરાજાને એમ થયું કે શું આચાર્યદેવ ભવ્યસેનમુનિને ભૂલી ગયા હશે?–ના, ના; તેઓ ભૂલે તો નહીં; તેઓ વિશિષ્ટ જ્ઞાનના ધારક છે; તેથી તેમની આ આજ્ઞામાં જરૂર કાંઈક રહસ્ય હશે. ઠીક, જે હશે તે ત્યાં પ્રત્યક્ષ દેખાશે.–એમ સમાધાન કરી, આચાર્યદેવના ચરણોમાં નમસ્કાર કરીને તે મથુરા તરફ વિદાય થયો.

મથુરામાં આવીને સૌ પ્રથમ તેણે સુરતમુનિરાજનાં દર્શન કર્યાં; તેઓ ઘણા જ ઉપશાંત અને શુદ્ધરત્નત્રયોનું પાલન કરનારા હતા; ચંદ્રરાજાએ તેમને ગુપ્તાચાર્યનો સન્દેશ કહ્યો અને તેમની વતી નમસ્કાર કર્યા.

ચંદ્રપ્રભની વાત સાંભળીને સુરતમુનિરાજે પ્રસન્નતા વ્યક્ત કરી, અને પોતે પણ વિનયપૂર્વક હાથ જોડીને શ્રી ગુપ્તાચાર્ય પ્રત્યે પરોક્ષ નમસ્કાર કર્યા. મુનિવરોનું એકબીજા પ્રત્યે આવું વાત્સલ્ય દેખીને રાજા ઘણો પ્રસન્ન થયો. સુરતમુનિરાજે કહ્યું : હે વત્સ! વાત્સલ્ય વડે ધર્મ શોભે છે. ધન્ય છે એ રત્નત્રયના ધારક આચાર્યદેવને, —કે જેમણે આટલે દૂરથી પણ સાધર્મી તરીકે મને યાદ કર્યો. શાસ્ત્રમાં ખરું કહ્યું છે કે–

ये कुर्वन्ति सुवात्सल्यं भव्या धर्मानुरागतः।
साधर्मिकेषु तेषां हि सफलं जन्म भूतले॥

અહો! ધર્મના પ્રેમ વડે જે ભવ્યજીવો સાધર્મીજનો પ્રત્યે ઉત્તમ વાત્સલ્ય કરે છે તેમનો જન્મ જગતમાં સફળ છે.

પ્રસન્નચિત્તથી ભાવપૂર્વક ફરીફરીને એ મુનિરાજને નમસ્કાર કરીને રાજા વિદાય થયો અને ભવ્યસેન મુનિરાજ પાસે આવ્યો...તેમને ઘણું શાસ્ત્રજ્ઞાન હતું ને લોકોમાં તેઓ બહુ પ્રસિદ્ધ હતા. રાજા તેમની સાથે

કેટલોક વખત રહ્યો પણ તે મુનિરાજે ન તો આચાર્યસંઘના કાંઈ કુશળ -સમાચાર પૂછ્‌યા કે ન કોઈ ઉત્તમ ધર્મચર્ચા કરી. મુનિને યોગ્ય વ્યવહાર આચાર પણ તેમના સરખા ન હતા; શાસ્ત્રો ભણવા છતાં શાસ્ત્રાનુસાર તેમનું આચરણ ન હતું. મુનિને ન કરવાયોગ્ય પ્રવૃત્તિ તેઓ કરતા હતા. આ બધું નજરે દેખીને રાજાને ખ્યાલ આવી ગયો કે તે ભવ્યસેન મુનિ ગમે તેટલા પ્રસિદ્ધ હોય પણ તે સાચા મુનિ નથી.–તો પછી ગુપ્તાચાર્ય તેમને કેમ યાદ કરે? ખરેખર, એ વિચક્ષણ આચાર્યભગવાને યોગ્ય જ કર્યું છે.

આ રીતે સુરતમુનિરાજ અને ભવ્યસેનમુનિને તો નજરે દેખીને પરીક્ષા કરી; હવે રેવતીરાણીને આચાર્યમહારાજે ધર્મવૃદ્ધિના આશીષ કહ્યા છે તેથી તેની પણ પરીક્ષા કરું–એમ રાજાને વિચાર થયો.

❁ ❁ ❁

બીજે દિવસે મથુરાનગરીના ઉદ્યાનમાં એકાએક સાક્ષાત્ બ્રહ્મા પધાર્યા. નગરજનોનાં ટોળેટોળાં એનાં દર્શન માટે ઉમટ્યાં.....ને ગામ આખામાં ચર્ચા ચાલી કે અહા! સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માજી સાક્ષાત્ પધાર્યા છે...તેઓ કહે છે કે હું આ સૃષ્ટિનો સર્જનહાર છું ને દર્શન દેવા આવ્યો છું.

મૂઢ લોકોનું તો શું કહેવું? મોટા ભાગના લોકો એ બ્રહ્માજીના દર્શન કરી આવ્યા. પેલા પ્રસિદ્ધ ભવ્યસેન મુનિ પણ કુતૂહલવશ ત્યાં જઈ આવ્યા. ન ગયા એક સુરત–મુનિ અને ન ગઈ રેવતીરાણી.

જ્યારે રાજાને સાક્ષાત્ બ્રહ્માની વાત કરી ત્યારે મહારાણી રેવતીએ નિઃશંકપણે કહ્યું–મહારાજ! એ બ્રહ્મા હોઈ શકે નહીં; કોઈક માયાચારીએ ઇન્દ્રજાળ ઊભી કરી છે, કેમ કે કોઈ બ્રહ્મા આ સૃષ્ટિના સર્જનહાર છે જ નહિ. બ્રહ્મા તો આપણો જ્ઞાનસ્વરૂપ આત્મા છે; અથવા ભરતક્ષેત્રમાં ભગવાન ઋષભદેવે મોક્ષમાર્ગની રચના કરી તેથી તેઓને બ્રહ્મા કહેવાય છે.–એ સિવાય તો બીજો કોઈ બ્રહ્મા નથી–કે જેને હું વંદન કરું.

બીજો દિવસ થયો...અને મથુરાનગરીના બીજા દરવાજે નાગશય્યાસહિત સાક્ષાત્ વિષ્ણુભગવાન પધાર્યા, જેને અનેક શણગાર હતા ને ચાર હાથમાં શસ્ત્રો હતાં. લોકોમાં તો ફરી પાછી હલચલ મચી ગઈ;

લોકો વગર વિચાર્યે દોડ્યા, ને કહેવા લાગ્યા કે અહા! મથુરાનગરીના મહાભાગ્ય ખીલ્યા છે કે ગઈકાલે સાક્ષાત્ બ્રહ્માએ દર્શન દીધા ને આજે વિષ્ણુભગવાન પધાર્યા.

રાજાને એમ થયું કે આજે તો જરૂર રાણી આવશે, એટલે તેણે હોંશથી રાણીને તે વાત કરી—પણ રેવતી જેનું નામ! વીતરાગદેવના ચરણમાં જ ચોંટેલું એનું મન જરાય ડગ્યું નહીં. શ્રીકૃષ્ણાદિ નવ વિષ્ણુ (એટલે કે વાસુદેવ) થાય છે, અને તે તો નવ ચોથા કાળમાં થઈ ચૂક્યા, દશમા વિષ્ણુનારાયણ કદી થાય નહીં, માટે જરૂર આ બધું બનાવટી જ છે; કેમ કે જિનવાણી કદી મિથ્યા હોય નહીં. આમ જિનવાણીમાં દૃઢશ્રદ્ધાપૂર્વક, અમૂઢદૃષ્ટિઅંગથી તે જરા પણ ચલાયમાન ન થઈ.

ત્રીજા દિવસે વળી નવો ફણગો ફૂટ્યા. બ્રહ્મા અને વિષ્ણુ પછી આજે તો પાર્વતીદેવી સહિત જટાધારી શંકર મહાદેવ પધાર્યા. ગામના લોકો એનાં દર્શન કરવા ઉમટ્યા; કોઈ ભક્તિથી ગયા તો કોઈ કુતૂહલથી ગયા. પણ જેના રોમરોમમાં વીતરાગદેવ વસતા હતા એવી રેવતીરાણીનું તો રૂંવાડુંય ન ફરક્યું, એને કંઈ આશ્ચર્ય ન થયું; એને તો લોકોની દયા આવી કે અરેરે! પરમ વીતરાગ સર્વજ્ઞદેવ મોક્ષમાર્ગને દેખાડનારા ભગવાન, તેમને ભૂલીને મૂઢતાથી લોકો ઈન્દ્રજાળમાં કેવા ફસાઈ રહ્યા છે! ખરેખર ભગવાન અરિહંતદેવનો માર્ગ પ્રાપ્ત થવો જીવોને બહુ દુર્લભ છે.

હવે, ચોથા દિવસે તો મથુરાના આંગણે તીર્થંકર ભગવાન પધાર્યા...અદ્ભુત સમવસરણની રચના, ગંધકૂટી જેવો દેખાવ અને તેમાં ચતુર્મુખસહિત તીર્થંકર ભગવાન! લોકો તો ફરી પાછા દર્શન કરવા દોડ્યા. રાજાને એમ કે આ વખતે તીર્થંકર ભગવાન પધાર્યા છે એટલે રેવતીદેવી જરૂર આવશે.

પણ રેવતીરાણીએ તો કહ્યું કે અરે મહારાજ! અત્યારે આ પંચમકાળમાં વળી તીર્થંકર કેવા? ભગવાને આ ભરતક્ષેત્રમાં એક ચોવીસીમાં ચોવીસ જ તીર્થંકર થવાનું કહ્યું છે, ને તે ઋષભથી માંડીને મહાવીર સુધીના ૨૪ તીર્થંકરો થઈને મોક્ષ પધારી ગયા, આ પચ્ચીસમા

તીર્થંકર કેવા? એ તો કોઈ કપટીની માયાજાળ છે. મૂઢલોકો દેવના સ્વરૂપનો વિચાર પણ કરતા નથી ને એમને એમ દોડ્યા જાય છે.

બસ, પરીક્ષા થઈ ચુકી...વિદ્યાધર રાજાને ખાતરી થઈ ગઈ કે આ રેવતીરાણીની જે પ્રશંસા ગુપ્તાચાર્યે કરી છે તે યથાર્થ જ છે, તે સમ્યક્ત્વના સર્વે અંગોથી શોભી રહી છે, શું પવનથી કદી મેરૂપર્વત હલતો હશે? નહીં; તેમ સમ્યગ્દર્શનમાં મેરૂ જેવા અકંપ સમ્યગ્દૃષ્ટિ જીવો કુધર્મીરૂપી પવન વડે જરાપણ ડગતા નથી; દેવ-ગુરુ-ધર્મસંબંધી મૂઢતા તેમને હોતી નથી; તેઓ બરાબર ઓળખાણ કરીને સાચા વીતરાગી દેવ-ગુરુ-ધર્મને જ નમે છે.

રેવતીરાણીની આવી દૃઢ ધર્મશ્રદ્ધા દેખીને વિદ્યાધરને ઘણી પ્રસન્નતા થઈ, અને પોતાના અસલી સ્વરૂપે પ્રગટ થઈને તેણે કહ્યું–હે માતા! મને ક્ષમા કરો. ચાર દિવસ સુધી આ બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ વગેરેની ઈન્દ્રજાળ મેં જ ઊભી કરી હતી; ગુપ્તાચાર્યદેવે તમારા સમ્યક્ત્વની પ્રશંસા કરી તેથી તમારી પરીક્ષા કરવા માટે જ મેં આ બધું કર્યું હતું. અહા! ધન્ય છે આપની શ્રદ્ધાને! ધન્ય છે આપની અમૂઢદૃષ્ટિને! હે માતા! આપના સમ્યક્ત્વની પ્રશંસાપૂર્વક શ્રી ગુપ્તાચાર્યભગવાને આપને માટે ધર્મવૃદ્ધિના 'આશીર્વાદ' મોકલાવ્યા છે.

અહા! મુનિરાજના આશીર્વાદની વાત સાંભળતાં જ રેવતીરાણીને અપાર હર્ષ થયો...હર્ષથી ગદ્‌ગદ્ થઈને તેણે એ આશીર્વાદનો સ્વીકાર કર્યો; ને જે દિશામાં મુનિરાજ બિરાજતા હતા તે તરફ સાત પગલાં જઈને પરમ ભક્તિથી મસ્તક નમાવીને મુનિરાજને પરોક્ષ નમસ્કાર કર્યા.

વિદ્યાધર રાજાએ રેવતીમાતાનું ઘણું સન્માન કર્યું અને તેની પ્રશંસા કરીને આખી મથુરાનગરીમાં તેનો મહિમા ફેલાવી દીધો. રાજમાતાની આવી દૃઢશ્રદ્ધા દેખીને અને જિનમાર્ગનો આવો મહિમા દેખીને મથુરાનગરીના કેટલાય જીવો કુમાર્ગ છોડીને જૈનધર્મના ભક્ત થયા અને ઘણા જીવોની શ્રદ્ધા દૃઢ થઈ. આ રીતે જૈનધર્મની મહાન પ્રભાવના થઈ.

[બંધુઓ, આ કથા આપણને એમ કહે છે કે વીતરાગપરમાત્મા અરિહંતદેવનું સાચું સ્વરૂપ ઓળખો અને તેમના સિવાયના બીજા કોઈ પણ દેવ–ભલે સાક્ષાત્ બ્રહ્મા -વિષ્ણુ-શંકર જેવા દેખાતા હોય તોપણ તેને નમો નહીં. જિનવચનથી વિરુદ્ધ કોઈ વાતને માનો નહીં. ભલે આખું જગત બીજું માને ને તમે એકલા પડી જાઓ—તોપણ જિનમાર્ગની શ્રદ્ધાને છોડો નહીં.]

❁

આદ્ય–સ્તુતિકાર સમન્તભદ્રસ્વામી કહે છે કે હે જિન! અમે આપને માત્ર બાહ્યવિભૂતિ વડે જ મહાન નથી માનતા, પરંતુ અંતરમાં આપની સર્વજ્ઞતા વીતરાગતા વગેરે ગુણોને ઓળખીને, અને આપનો જ ઉપદેશ હિતકારી છે એમ નિર્ણય કરીને, તેના વડે અમે આપને મહાન સમજીને પૂજીએ છીએ. કોઈ જીવ વગર ઓળખ્યે સાચા દેવની સ્તુતિ કરે તોપણ તેને પોતામાં શ્રદ્ધા-જ્ઞાનનો લાભ નથી થતો, તો પછી ખોટા દેવોને સ્તવે એની તો વાત જ શી? સમ્યગ્દષ્ટિ જીવો તો પરમ નિઃશંકતાપૂર્વક કહે છે કે અમારા ઈષ્ટ સર્વજ્ઞ વીતરાગ પરમદેવને અમે આત્મસાક્ષાત્કારપૂર્વક ઓળખ્યા છે, અમે અમારા દેવનો સાક્ષાત્કાર કરી લીધો છે, અને તેમના જ માર્ગે અમે ચાલી રહ્યા છીએ.

❁

# ૫. ઉપગૂહન–અંગમાં પ્રસિદ્ધ જિનેન્દ્રભક્ત શેઠની કથા

પાદલિપ્તનગરમાં એક શેઠ રહેતા હતા; તેઓ મહાન જિનભક્ત હતા, સમ્યક્ત્વના ધારક હતા, અને ધર્માત્માના ગુણોની વૃદ્ધિ તથા દોષોનું ઉપગૂહન કરવા માટે પ્રસિદ્ધ હતા. પુણ્યપ્રતાપે તેઓ ઘણા વૈભવસંપન્ન હતા; તેમને સાત માળનો મહેલ હતો, તેમાં સૌથી ઉપરના ભાગમાં એક અદ્‌ભુત ચૈત્યાલય બનાવ્યું હતું; તેમાં રત્નમાંથી બનાવેલ ભગવાન પાર્શ્વનાથની મનોહર મૂર્તિ હતી, તેના ઉપર રત્નજડિત ત્રણ છત્ર હતા; તે છત્રમાં એક નીલમરત્ન ઘણું જ કિંમતી હતું, અંધારામાં પણ તે ઝગઝગાટ કરતું હતું.

હવે, સૌરાષ્ટ્રના પાટલિપુત્ર નગરનો રાજકુમાર–કે જેનું નામ સુવીર હતું અને કુસંગને લીધે જે દુરાચારી તેમ જ ચોર થઈ ગયો હતો, તેણે એકવાર શેઠનું જિનમંદિર જોયું અને તેનું મન લલચાયું–ભગવાનની ભક્તિથી નહીં, પરંતુ કિંમતી નીલમ રત્ન ચોરી કરવાના ભાવથી.

તેથી, તેણે ચોરલોકોની સભામાં જાહેર કર્યું કે જે કોઈ તે જિનભક્ત શેઠના મહેલમાંથી ઉપરનું રત્ન લાવી આપશે તેને મોટું ઈનામ મળશે.

સૂર્ય નામનો એક ચોર તે માટે તૈયાર થઈ ગયો; તેણે કહ્યું–અરે, ઈન્દ્રના મુગટમાં રહેલું રત્ન પણ હું ક્ષણભરમાં લાવી દઉં! તો આમાં શી મોટી વાત છે?

પણ, મહેલમાંથી એ રત્નને ચોરવું એ કાંઈ સહેલી વાત ન હતી; તે ચોર કોઈ રીતે ન ફાવ્યો, તેથી છેવટે એક ત્યાગી શ્રાવકનો કપટી વેષ ધારણ કરીને તે શેઠના ગામમાં પહોંચ્યો; તેની બોલવાની છટાથી, તેમ જ વ્રત–ઉપવાસ વગેરેના દેખાવથી લોકોમાં તે પ્રસિદ્ધ થવા લાગ્યો; અને તેને ધર્માત્મા સમજીને જિનભક્ત શેઠે પોતાના ચૈત્યાલયની દેખરેખનું કામ તેને

સોંપ્યું. ત્યાગીજી તો એ નીલમણિને દેખતાં આનંદવિભોર થઈ ગયા...ને વિચારવા લાગ્યા કે ક્યારે લાગ મળે, ને ક્યારે આ લઈને ભાગું?

એવામાં શેઠને બહારગામ જવાનું થયું. તેથી તે બનાવટી શ્રાવકને ચૈત્યાલય સાચવવાની ભલામણ કરીને શેઠે પ્રસ્થાન કર્યું ને ગામથી થોડે દૂર જઈને પડાવ નાંખ્યો.

રાત પડી...સૂર્યચોર ઊઠ્યા...નીલમણિરત્ન ખીસામાં નાખ્યું અને ભાગ્યો...પણ નીલમણીનો પ્રકાશ છૂપો ન રહ્યો; તે અંધારામાં પણ ઝગઝગતો હતો; આથી ચોકીદારોને શંકા થઈ અને તેને પકડવા તેની પાછળ દોડ્યા. અરે...મંદિરનો નીલમણિ ચોરીને ચોર ભાગે છે...પકડો..પકડો! એમ ચારેકોર દેકારો થયો.

હવે, સૂર્યચોરને બચવાનો કોઈ માર્ગ ન રહ્યો, એટલે તે તો જ્યાં જિનભક્ત શેઠનો મુકામ હતો ત્યાં ઘૂસી ગયો. ચોકીદારો તેને પકડવા પાછળ આવ્યા. શેઠ બધો મામલો સમજી ગયા... કે આ ભાઈસાહેબ ચોર છે. પણ, ત્યાગી તરીકે પ્રસિદ્ધ આ માણસ ચોર છે-એમ જો લોકોમાં પ્રસિદ્ધ થશે તો ધર્મની નિંદા થશે-એમ વિચારીને બુદ્ધિમાન શેઠે ચોકીદારોને ઠપકો આપતાં કહ્યું-અરે, તમે લોકો શું કરી રહ્યા છો! આ કોઈ ચોર નથી, આ તો 'સજ્જન-ધર્માત્મા' છે. નીલમણિ લાવવાનું તો મેં તેને કહ્યું હતું; તમે મફતનો એને ચોર સમજીને હેરાન કર્યો.

શેઠની વાત સાંભળીને લોકો શરમાઈને પાછા ચાલ્યા ગયા. અને આ રીતે એક મૂર્ખ માણસની ભૂલને કારણે ધર્મની નિંદા થતી અટકી-આને ઉપગૂહન કહેવાય છે. જેમ એક દેડકાનાં દૂષિત થવાથી આખો દરિયો ગંધાઈ જતો નથી, તેમ કોઈ અસમર્થ નબળા મનુષ્ય દ્વારા નાનીશી ભૂલ થઈ જાય, તેથી કાંઈ પવિત્ર જૈનધર્મ મલિન થઈ જતો નથી.

જેમ માતા ઈચ્છે છે કે મારો પુત્ર ઉત્તમ ગુણવાન થાય; છતાં પુત્રમાં કોઈ નાનોમોટો દોષ દેખાય તો તેને પ્રસિદ્ધ નથી કરતી, પણ એવો ઉપાય કરે છે કે તેના ગુણની વૃદ્ધિ થાય. તેમ ધર્માત્માઓ પણ ધર્મનો અપવાદ થાય તેવું કરતા નથી પણ ધર્મની પ્રભાવના થાય તેવું કરે છે. કોઈ ગુણવાન

ધર્માત્મામાં કદાચિત્ દોષ થઈ જાય તો તેને ગૌણ કરીને તેનાં ગુણોને મુખ્ય કરે છે, ને એકાંતમાં બોલાવી, તેને પ્રેમથી સમજાવી, જેમ તેના દોષ દૂર થાય ને ધર્મની શોભા વધે તેમ કરે છે.

લોકો ચાલ્યા ગયા પછી જિનભક્ત શેઠે પણ તે સૂર્યચોરને એકાંતમાં બોલાવીને ઠપકો આપ્યો અને કહ્યું–ભાઈ! આવું પાપકાર્ય તને શોભતું નથી; વિચાર તો કર કે તું પકડાયો હોત તો તને કેટલું દુઃખ થાત? માટે આવા ધંધાને તું છોડ!

તે ચોર પણ શેઠના આવા ઉમદા વ્યવહારથી પ્રભાવિત થયો, ને પોતાના અપરાધની માફી માંગતાં તેણે કહ્યું–શેઠ! આપે જ મને બચાવ્યો છે; આપ જૈનધર્મના ખરા ભક્ત છો. લોકોની સમક્ષ આપે જ મને 'સજ્જન-ધર્માત્મા' કહીને ઓળખાવ્યો, તો હવે હું પણ ચોરી છોડીને ખરેખર સજ્જન ધર્માત્મા થવાનો પ્રયત્ન કરીશ. ખરેખર, જૈનધર્મ મહાન છે, અને આપના જેવા સમ્યગ્દૃષ્ટિ જીવો વડે તે શોભે છે.

આ રીતે તે શેઠના ઉપગૂહનગુણને લીધે ધર્મની પ્રભાવના થઈ.

[આ કથા આપણને એમ શીખવે છે કે સાધર્મીના કોઈ દોષને મુખ્ય કરીને ધર્મની નિંદા થાય તેમ ન કરવું; પણ પ્રેમપૂર્વક સમજાવી તેને તે દોષથી છોડાવવો; અને ધર્માત્માના ગુણોને મુખ્ય કરીને તેની પ્રશંસા દ્વારા ધર્મની વૃદ્ધિ થાય તેમ કરવું.]

# ૬. સ્થિતિકરણ–અંગમાં પ્રસિદ્ધ વારિષેણમુનિની કથા

મહાવીર ભગવાનના વખતમાં રાજગૃહીનગરીમાં શ્રેણીક રાજાનું રાજ્ય હતું. તેમની મહારાણી ચેલણાદેવી, તેનો પુત્ર વારિષેણ, તેને ઘણી સુંદર ૩૨ રાણીઓ હતી; છતાં તે ઘણો વૈરાગી હતો અને તેને આત્માનું જ્ઞાન હતું.

રાજકુમાર વારિષેણ એક વખત ઉદ્યાનમાં ધ્યાન કરતા હતા, એવામાં વિદ્યુત નામનો ચોર એક કિંમતી હાર ચોરીને ભાગતો હતો, તે ત્યાં આવ્યો; તેની પાછળ સિપાઈઓ હતા; પકડાઈ જવાની બીકે તે હાર વારિષેણના પગ પાસે ફેંકીને તે ચોર સંતાઈ ગયો. આથી રાજકુમારને જ ચોર સમજીને રાજાએ તેને ફાંસીની સજા કરી. પણ જ્યારે જલ્લાદે તેના પર તલવાર મારી ત્યારે વારિષેણની ડોકમાં તલવારને બદલે ફૂલની માળા થઈ ગઈ. છતાં રાજકુમાર તો મૌનપણે ધ્યાનમાં જ હતા.

આવો ચમત્કાર દેખી ચોરને પસ્તાવો થયો. તેણે રાજાને કહ્યું કે ખરો ચોર હું છું, હારની ચોરી મેં કરી છે, આ રાજકુમાર તો નિર્દોષ છે. એ વાત સાંભળી રાજાએ કુંવરની ક્ષમા માંગી અને તેને રાજમહેલમાં આવવા કહ્યું–કેમ કે એની માતા એની રાહ જોતી હતી.

પણ વૈરાગી વારિષેણકુમારે કહ્યું–પિતાજી! આ અસાર સંસારથી હવે બસ થાઓ. આ રાજપાટમાં ક્યાંય મારું ચિત્ત લાગતું નથી; મારું ચિત્ત તો એક ચૈતન્યસ્વરૂપ આત્માને સાધવામાં જ લાગ્યું છે. તેથી હવે તો હું દીક્ષા લઈને મુનિ થઈશ. આમ કહીને એક મુનિરાજ પાસે જઈને તેણે દીક્ષા લીધી...અને આત્માને સાધવા લાગ્યા.

હવે, રાજમંત્રીનો પુત્ર પુષ્પડાલ હતો, તે બાળપણથી જ વારિષેણનો મિત્ર હતો, અને તેના લગ્ન હમણાં જ થયાં હતાં; તેની સ્ત્રી બહુ સુંદર

ન હતી. એકવાર વારિષેણમુનિ ફરતાં ફરતાં પુષ્પડાલને ત્યાં આવી પહોંચ્યા ને પુષ્પડાલે તેમને વિધિપૂર્વક આહારદાન કર્યું...આ પ્રસંગે, પોતાના પૂર્વના મિત્રને ધર્મ પમાડવાની ભાવના તે મુનિરાજને જાગી. આહાર કરીને તેઓ તો જંગલ તરફ જવા લાગ્યા; વિનય ખાતર પુષ્પડાલ પણ તેમની પાછળ ગયો. થોડે દૂર ગયા પછી તેને એમ થયું કે હવે મુનિરાજ રોકાઈ જવાનું કહે તો હું પાછો વળું, પણ મુનિ તો દૂર ને દૂર ચાલ્યા જ જાય છે...મિત્રને કહેતા નથી કે હવે તમે રોકાઈ જાવ!

પુષ્પડાલને ઘરે જવાની આકુળતા થવા લાગી. તેણે મુનિરાજને યાદ દેવરાવવાના હેતુથી કહ્યું કે–આપણે નાના હતા ત્યારે આ તળાવે આવતા અને કેરીના ઝાડ નીચે સાથે રમતા હતા. આ ઝાડ ગામથી બે ત્રણ માઈલ દૂર છે...આપણે ગામથી ઘણે દૂર આવી ગયા છીએ....

—તે સાંભળવા છતાં વારિષેણમુનિએ તેને રોકાઈ જવાનું ન કહ્યું. અહા, પરમ હિતસ્વી મુનિરાજ એને મોક્ષનો માર્ગ છોડીને સંસારમાં જવાનું કેમ કહે? તેમને તો એમ હતું કે મારો મિત્ર પણ મોક્ષના મારગમાં મારી સાથે જ આવે.—

હે સખા! ચાલને...મારી સાથ મોક્ષમાં,
છોડ પર ભાવને...ઝૂલ આનંદમાં.
અમે જશું મોક્ષમાં...કેમ તને છોડશું?
ચાલને મોક્ષમાં...તુંય અમ સાથમાં.

અહા, જાણે કે પોતાની પાછળ પાછળ ચાલનારાને મોક્ષમાં જ લઈ જતા હોય–એમ પરમનિસ્પૃહતાથી મુનિ તો આગળ ને આગળ ચાલ્યા જાય છે. પુષ્પડાલ પણ લાજે શરમે તેમની પાછળ જઈ રહ્યો છે.

અંતે તેઓ આચાર્યમહારાજ પાસે આવી પહોંચ્યા ને વારિષેણમુનિએ કહ્યું–પ્રભો! આ મારો પૂર્વનો મિત્ર છે, ને સંસારથી વિરક્ત થઈને આપની પાસે દીક્ષા લેવા આવ્યો છે. આચાર્ય મહારાજે તેને નિકટભવ્ય જાણીને દીક્ષા આપી દીધી. અહા, સાચા મિત્ર તો એ છે કે જીવને ભવસમુદ્રથી જે ઉગારે.

હવે, મિત્રના અનુગ્રહવશ પુષ્પડાલ મુનિ તો થઈ ગયો, અને બહારમાં મુનિને યોગ્ય ક્રિયાઓ કરવા લાગ્યો; પણ એનું ચિત્ત હજી સંસારથી છૂટ્યું ન હતું. ભાવમુનિપણું હજી તેને થયું ન હતું; દરેક ક્રિયાઓ કરતાં તેને પોતાનું ઘર યાદ આવતું હતું; સામાયિક વખતેય તેને વારંવાર પોતાની સ્ત્રીનું સ્મરણ થયા કરતું હતું. વારિષેણમુનિ તેમના મનને સ્થિર કરવા માટે તેની સાથે જ રહીને તેને વારંવાર ઉત્તમ જ્ઞાન–વૈરાગ્યનો ઉપદેશ દેતા હતા. પણ હજી તેનું મન ધર્મમાં સ્થિર થયું ન હતું.

એમ કરતાં કરતાં ૧૨ વર્ષ વીતી ગયાં. એક વાર તે બંને મુનિઓ મહાવીર ભગવાનના સમવસરણમાં બેઠા હતા, ત્યારે ઈન્દ્રે પ્રભુની સ્તુતિ કરતાં કહ્યું કે હે નાથ! આ રાજપૃથ્વીને છોડીને આપ મુનિ થયા, તેથી પૃથ્વી અનાથ થઈને આપના વિરહમાં ઝૂરે છે, અને તેના આંસુઓ આ નદીરૂપે વહી રહ્યાં છે.

અહા, ઈન્દ્રે તો સ્તુતિ વડે ભગવાનના વૈરાગ્યની સ્તુતિ કરી; પણ જેનું ચિત્ત હજી વૈરાગ્યમાં લાગ્યું ન હતું એવા પુષ્ડાલને તો તે શ્લોક સાંભળીને એમ થયું કે, અરે! મારી સ્ત્રી પણ એ પૃથ્વીની જેમ બાર વર્ષથી મારા વગર ઝૂરતી હશે ને દુઃખી થતી હશે. મેં બાર વર્ષથી એનું મોઢું જોયું નથી, મને પણ એના વિના ચેન પડતું નથી. માટે ચાલ, એની સંભાળ કરી આવું. થોડો વખત એની સાથે રહીને પછી દીક્ષા લઈ લઈશ.

–આમ વિચારીને પુષ્ડાલ તો કોઈને પૂછ્યા-ગાછ્યા વગર ઘર તરફ જવા લાગ્યો. વારિષેણમુનિ એની ચેષ્ટા સમજી ગયા. તેમના હૃદયમાં મિત્ર પ્રત્યે ધર્મવાત્સલ્ય જાગ્યું, અને કોઈ પણ રીતે તેને ધર્મમાં સ્થિર કરવો જોઈએ–એમ વિચારીને તેઓ પણ તેની સાથે સાથે ચાલ્યા, અને તેને લઈને પોતાના રાજમહેલમાં આવ્યા.

મિત્ર સહિત પોતાના કુંવરને મહેલમાં પાછો આવતો દેખીને ચેલણારાણીને આશ્ચર્ય થયું ને વારિષેણ મુનિદશા ન પાળી શકવાથી પાછો આવ્યો કે શું? એમ તેને સંદેહ થયો. તેથી પરીક્ષા માટે તેણે એક લાકડાનું આસન અને બીજું સોનાનું આસન રાખ્યું; પણ વૈરાગી વારિષેણમુનિ તો

વૈરાગ્યપૂર્વક લાકડાના જ આસને બેઠા. આથી વિચક્ષણ ચેલણાદેવી સમજી ગઈ કે કુંવરનું મન તો વૈરાગ્યમાં દૃઢ છે; તેના આગમનમાં બીજો જ કોઈ હેતુ હશે.

વારિષેણમુનિ આવતાં જ તેની ગૃહસ્થાશ્રમની ૩૨ રાણીઓ પણ દર્શનાર્થે આવી. રાજમહેલનો આવો અદ્‌ભુત વૈભવ અને આવી સુંદર ૩૨ રૂપયૌવનાઓને દેખીને પુષ્પડાલ તો આશ્ચર્ય પામી ગયો...કે અરે! આવો રાજવૈભવ અને આવી સુંદર ૩૨ રાણીઓ છતાં આ રાજકુમાર તેની સામે પણ નથી જોતો, તેને છોડ્યા પછી યાદ પણ નથી કરતો, ને આત્માને જ સાધવામાં એણે પોતાનું ચિત્ત જોડી દીધું છે.–વાહ, ધન્ય છે એને! અને હું તો એક સાધારણ સ્ત્રીનો મોહ પણ મનમાંથી છોડી શકતો નથી. અરેરે! બાર-બાર વર્ષનું મારું સાધુપણું નકામું ગયું.

વારિષેણમુનિએ પુષ્પડાલને કહ્યું : હે મિત્ર! હજી પણ જો તને સંસારનો મોહ હોય તો તું અહીં રહી જા અને આ બધા વૈભવને ભોગવ! અનાદિકાળથી જે સંસારને ભોગવવા છતાં તૃપ્તિ ન થઈ, તે એઠને હજી પણ તું ભોગવવા માંગતો હો તો...લે, આ બધું ભોગવ! વારિષેણની વાત સાંભળીને પુષ્ડાલમુનિ અત્યંત શરમાઈ ગયા, એની આંખ ઉઘડી ગઈ, એનો આત્મા જાગી ઊઠ્યો.

રાજમાતા ચેલણા પણ બધી પરિસ્થિતિ સમજી ગઈ, અને ધર્મમાં સ્થિર કરવા તેને કહ્યું—અરે મુનિરાજ! આત્માના ધર્મને સાધવાનો આવો અવસર ફરીફરી નથી મળતો. માટે તમારું ચિત્ત મોક્ષમાર્ગમાં જોડો, આ સંસાર તો અનંતવાર ભોગવાઈ ચૂક્યો છે તેમાં કિંચિત્ સુખ નથી...માટે તેનું મમત્વ છોડીને મુનિધર્મમાં તમારા ચિત્તને સ્થિર કરો.

વારિષેણ મુનિરાજે પણ જ્ઞાન–વૈરાગ્યનો ઘણો જ ઉપદેશ આપ્યો...હે મિત્ર હવે તારું ચિત્ત આત્માની આરાધનામાં સ્થિર કર અને મારી સાથે મોક્ષમાર્ગમાં આવ.

પુષ્પડાલે કહ્યું–પ્રભો તમે મને મુનિધર્મથી પતિત થતો બચાવ્યો છે, ને સાચો બોધ આપીને મને મોક્ષમાર્ગમાં સ્થિર કર્યો છે. સાચા મિત્ર તમે

**જ છો. આપે ધર્મમાં મારું સ્થિતિકરણ કરીને મહાન ઉપકાર કર્યો છે. હવે મારું મન આ સંસારથી ને આ ભોગોથી ખરેખર ઉદાસીન થયું છે ને આત્માના રત્નત્રય ધર્મની આરાધનામાં સ્થિર થયું છે. સ્વપ્ને પણ હવે આ સંસારની ઈચ્છા નથી, હવે તો અંતરમાં લીન થઈને આત્માના ચૈતન્યવૈભવને સાધશું.**

**આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરીને તે પુષ્પડાલ ફરીને મુનિધર્મમાં સ્થિર થયા...અને બંને મુનિવરો વન તરફ ચાલ્યા.....**

[વારિષેણ મુનિરાજની આ કથા આપણને એમ શીખડાવે છે કે, કોઈ પણ સાધર્મી–ધર્માત્મા કદાચિત્ શિથિલ થઈને ધર્મમાર્ગથી ડગતો હોય તો તેના પ્રત્યે તિરસ્કાર ન કરવો, પણ પ્રેમપૂર્વક તેને ધર્મમાર્ગમાં સ્થિર કરવો. તેને સર્વપ્રકારે સહાય કરીને, ધર્મનો ઉલ્લાસ જગાડીને, જૈનધર્મનો પરમ મહિમા સમજાવીને કે વૈરાગ્યભર્યા સંબોધન વડે, હરકોઈ પ્રકારે ધર્મમાં સ્થિર કરવો. તેમ જ પોતે પોતાના આત્માને પણ ધર્મમાં વધુ ને વધુ સ્થિર કરવો; ગમે તેવી પ્રતિકૂળતામાં પણ ધર્મથી જરાપણ ડગવું નહીં.]

સહજ ચિદાનંદ.

# ૭. વાત્સલ્ય–અંગમાં પ્રસિદ્ધ વિષ્ણુમુનિની કથા

લાખો વર્ષો પહેલાંની, મુનિસુવ્રત ભગવાનના તીર્થની આ વાત છે. ઉજ્જૈનનગરીમાં ત્યારે શ્રીવર્મા રાજા રાજ્ય કરતા હતા, તેને બલિ વગેરે ચાર મંત્રી હતા, તેઓ નાસ્તિક હતા, તેમને ધર્મની શ્રદ્ધા ન હતી.

એકવાર તે ઉજ્જૈન નગરીમાં સાતસો મુનિઓના સંઘ સહિત અકંપન આચાર્ય પધાર્યા. લાખો નગરજનો આનંદથી મુનિવરોનાં દર્શન કરવા ગયા; રાજાને પણ તેમનાં દર્શન કરવાની ઈચ્છા થઈ, અને મંત્રીઓને પણ સાથે આવવા કહ્યું. જોકે તે બલિ વગેરે મિથ્યાદૃષ્ટિ મંત્રીઓને તો જૈન મુનિઓ ઉપર શ્રદ્ધા ન હતી, પણ રાજાની શરમથી તેઓ પણ સાથે ચાલ્યા.

રાજાએ મુનિઓને વંદન કર્યું; પણ જ્ઞાન-ધ્યાનમાં મસ્ત મુનિવરો તો મૌન જ હતા. તે મુનિઓની આવી શાંતિ અને નિસ્પૃહતા દેખીને રાજા તો પ્રભાવિત થયો. પણ મંત્રીઓ દુષ્ટભાવે કહેવા લાગ્યા કે, મહારાજ! આ જૈન મુનિઓને કાંઈ જ્ઞાન નથી તેથી તેઓ મૌન રહેવાનો ઢોંગ કરે છે! –એ પ્રમાણે નિંદા કરતા કરતા તેઓ જતા હતા, ત્યાં રસ્તામાં શ્રુતસાગર નામના મુનિ મળ્યા; તેમનાથી મુનિસંઘની નિંદા સહન ન થઈ તેથી તેમણે મંત્રીઓ સાથે વાદવિવાદ કર્યો, એ રત્નત્રયધારક મુનિરાજે અનેકાંત –સિદ્ધાંતના ન્યાયો વડે મંત્રીની કુયુક્તિઓનું ખંડન કરીને તેને મૌન કરી દીધો. આમ રાજાની હાજરીમાં હારી જવાથી તેને અપમાન લાગ્યું.

અપમાનથી ક્રોધે ભરાયેલા તે પાપી મંત્રીઓ રાત્રે મુનિઓને મારી નાંખવા ગયા. ધ્યાનમાં ઉભેલા મુનિરાજ ઉપર તલવાર ઉગામીને જ્યાં મારવા જાય છે ત્યાં તો એકાએક તેમના હાથ થંભી જ ગયા...રે! કુદરત આવી હિંસા દેખી શકી નહીં; તલવાર ઉગામેલો હાથ એમને એમ અદ્ધર રહી ગયો, ને તેમના પગ પૃથ્વી સાથે ચોંટી ગયા.

સવારમાં લોકોએ આ દૃશ્ય જોયું અને રાજાને ચારેય મંત્રીની દુષ્ટતાની ખબર પડી, એટલે તેમને ગધેડે બેસાડીને નગર બહાર કાઢી મૂક્યા. યુદ્ધકળામાં કુશળ એવા તે બલિ વગેરે મંત્રીઓ રખડતા-રખડતા હસ્તિનાપુર નગરીમાં જઈ પહોંચ્યા અને ત્યાં રાજાના મંત્રી તરીકે રહ્યા.

હસ્તિનાપુર તે ભગવાન શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ એ ત્રણ તીર્થંકરોની જન્મભૂમિ છે. આ કથા બની તે વખતે હસ્તિનાપુરમાં ચક્રવર્તીના પુત્ર પદ્મરાજા રાજ્ય કરતા હતા, તેમના એક ભાઈ મુનિ થયા હતા–એમનું નામ વિષ્ણુકુમાર. તેઓ આત્માના જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહેતા. તેમને કેટલીય લબ્ધિઓ પ્રગટી હતી, પણ તેમાં તેનું લક્ષ ન હતું; તેમનું લક્ષ તો આત્માની કેવળજ્ઞાનલબ્ધિ સાધવા ઉપર હતું.

સિંહરથ નામનો એક રાજા, આ હસ્તિનાપુરના રાજાનો દુશ્મન હતો અને ઘણા વખતથી હેરાન કરતો હતો; પદ્મરાજા તેને જીતી શકતો ન હતો. અંતે બલિમંત્રીએ યુક્તિથી તેને જીતી લીધો. આથી ખુશ થઈને રાજાએ તેને વચન માંગવા કહ્યું, પણ બલિમંત્રીએ કહ્યું કે જ્યારે જરૂર પડશે ત્યારે માંગીશ.

હવે, અકંપન વગેરે ૭૦૦ મુનિવરો તો દેશોદેશ વિહાર કરતા કરતા, અને ભવ્યજીવોને વીતરાગધર્મ સમજાવતાં-સમજાવતાં હસ્તિનાપુરનગરીમાં આવી પહોંચ્યા. તે અકંપન આદિ મુનિવરોને દેખીને બલિમંત્રી ભયથી કાંપી ઊઠ્યો...તેને બીક લાગી કે આ મુનિઓને લીધે અમારાં ઉજ્જૈનનાં પાપ જો પ્રગટ થઈ જશે તો અહીંથી પણ રાજા અપમાન કરીને કાઢી મૂકશે. ક્રોધથી પોતાના વેરનો બદલો લેવાનું તે મંત્રીઓ વિચારવા લાગ્યા.

છેવટે તે પાપી જીવોએ તે બધા મુનિઓને જીવતા જ બાળી નાંખવાની એક દુષ્ટ યોજના નક્કી કરી. રાજા પાસે વચન માંગવાનું બાકી હતું તે તેમણે માંગ્યું કે, મહારાજ! અમારે એક મોટો યજ્ઞ કરવો છે તે માટે અમને સાત દિવસનું રાજ્ય આપો.

પોતાના વચનનું પાલન કરવા રાજાએ તેમને ૭ દિવસ માટે રાજ્ય સોંપી દીધું, ને પોતે રાજમહેલમાં જઈને રહ્યો.

બસ! રાજ્ય હાથમાં આવતાં જ તે દુષ્ટ મંત્રીઓએ 'નરબલિયજ્ઞ' કરવાનું જાહેર કર્યું....ને જ્યાં મુનિવરો બિરાજતા હતા તેની ચારેકોર હિંસા માટે પશુઓ તેમ જ ગંધાતા હાડકાં, માંસ, ચામડાં તથા લાકડાંના ઢગલે ઢગલા કર્યા, ને તે સળગાવીને મોટો ભડકો કર્યો. મુનિઓની ચારે બાજુ અગ્નિની જ્વાળા પ્રગટી. મુનિવરો પર ઘોર ઉપસર્ગ થયો.

–પણ આ તો મોક્ષના સાધક વીતરાગી મુનિ! અગ્નિના ભડકા વચ્ચે પણ તે મુનિવરો તો શાંતિથી આત્માના વીતરાગી અમૃતરસનું પાન કરતા હતા. બહારમાં ભલે અગ્નિ પ્રગટ્યો પણ તેમના અંતરમાં તેમણે ક્રોધાગ્નિ જરા પણ પ્રગટ થવા ન દીધો. અગ્નિના ભડકા તો નજીક ને નજીક આવી રહ્યા હતા...લોકોમાં ચારેકોર હાહાકાર થઈ ગયો. હસ્તિનાપુરના જૈનસંઘને અપાર ચિંતા થઈ; મુનિવરોનો ઉપસર્ગ દૂર ન થાય ત્યાં સુધી બધા શ્રાવકોએ પણ અન્ન-પાણીનો ત્યાગ કર્યો.

અરે, મોક્ષને સાધનારા ૭૦૦ મુનિઓ ઉપર આવો ઘોર ઉપસર્ગ દેખીને કુદરત પણ જાણે ધ્રુજી ઊઠી...આકાશમાં શ્રવણનક્ષત્ર જાણે કંપી રહ્યું હોય! એમ એક ક્ષુલ્લકજીને દેખાયું, ને તેમના મુખમાંથી હાહાકાર નીકળી ગયો. તેમણે આચાર્ય મહારાજને વાત કરી. આચાર્ય મહારાજે નિમિત્તજ્ઞાનથી જાણીને કહ્યું કે અરે! અત્યારે હસ્તિનાપુરમાં ૭૦૦ મુનિઓના સંઘ ઉપર બલિરાજા ઘોર ઉપસર્ગ કરી રહ્યો છે, ને તે મુનિવરોનું જીવન ભયમાં છે.

ક્ષુલ્લકજીએ પૂછ્યું—પ્રભો! એમને બચાવવાનો કોઈ ઉપાય?

આચાર્યે કહ્યું–હા; વિષ્ણુકુમાર મુનિરાજ તેમનો ઉપસર્ગ દૂર કરી શકે તેમ છે, કેમ કે તેમને એવી વિક્રિયાલબ્ધિ પ્રગટી છે કે જેવડું રૂપ કરવું હોય તેવડું કરી શકે છે. પણ તેઓ તો પોતાની આત્મસાધનામાં એવા લીન છે કે—તેમને પોતાની લબ્ધિની પણ ખબર નથી, ને મુનિઓના ઉપસર્ગનીયે ખબર નથી.

આ સાંભળીને આચાર્યની આજ્ઞા લઈને તે ક્ષુલ્લકજી તરત વિષ્ણુ મુનિ પાસે ગયા ને તેમને બધી વાત કરીને પ્રાર્થના કરી કે, હે નાથ! આપ વિક્રિયાલબ્ધિ વડે આ ઉપસર્ગને શીઘ્ર દૂર કરો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



એ વાત સાંભળતાંવેંત વિષ્ણુમુનિના અંતરમાં ૭૦૦ મુનિઓ પ્રત્યે પરમ વાત્સલ્ય ઊભરાયું. વિક્રિયાલબ્ધિની ખાતરી કરવા તેમણે હાથ લંબાવ્યો તો ઠેઠ માનુષોત્તર પર્વત સુધી આખા મનુષ્યલોકમાં તે લંબાયો. તરત તેઓ હસ્તિનાપુર આવી પહોંચ્યા અને પોતાનો ભાઈ–કે જે હસ્તિનાપુરનો રાજા હતો–તેને કહ્યું–અરે બંધુ! તારા રાજ્યમાં આ શો અનર્થ?

પદ્મરાજે કહ્યું : પ્રભો! હું લાચાર છું, અત્યારે રાજસત્તા મારા હાથમાં નથી.

એની પાસેથી બધી વાત જાણીને વિષ્ણુમુનિએ ૭૦૦ મુનિની રક્ષા ખાતર પોતે થોડીવાર મુનિપણું છોડીને એક ઠીંગણા બ્રાહ્મણ પંડિતનું રૂપ લીધું, અને બલિરાજા પાસે આવીને અત્યંત મધુર સ્વરે ઉત્તમ શ્લોક બોલવા લાગ્યા.

બલિરાજા તો એમનું દિવ્યરૂપ દેખીને અને મધુરી વાણી સાંભળીને મુગ્ધ થઈ ગયો; અહો, તમે આવીને મારા યજ્ઞની શોભા વધારી છે! એમ કહીને તેણે તે વિદ્વાનનું સન્માન કર્યું અને જે જોઈએ તે માંગવા કહ્યું.

અહા, અયાચક મુનિ, જગતના નાથ...તે અત્યારે પોતાના ૭૦૦ સાધર્મીઓની રક્ષા ખાતર યાચક બન્યા! આવું છે ધર્મ વાત્સલ્ય! મૂર્ખ રાજાને ક્યાં ખબર હતી કે જેને હું યાચના કરવાનું કહું છું તે જ હમણાં મને ધર્મના દાતાર થશે અને હિંસાના ઘોર પાપમાંથી મારો ઉદ્ધાર કરશે.

તે બ્રાહ્મણવેષધારી વિષ્ણુકુમારે રાજાનું વચન લઈને ત્રણ પગલાં જમીન માગી, રાજાએ ખુશીથી તે જમીન માપી લેવા કહ્યું.—બસ થઈ ચૂક્યું!

રાજા ઊંચું જુએ છે ત્યાં તો વિષ્ણુએ વામનને બદલે વિરાટ રૂપ ધારણ કર્યું. વિષ્ણુનું એ વિરાટરૂપ દેખીને રાજા તો ચકિત થઈ ગયો. તેને સમજાયું નહીં કે અરે આ શું થઈ રહ્યું છે!

વિરાટસ્વરૂપ વિષ્ણુએ એક પગ મનુષ્યલોકના આ છેડે, અને બીજો

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પગ બીજા છેડે મૂકીને બલિરાજાને કહ્યું–બોલ, ત્રીજું પગલું ક્યાં મૂકું? ત્રીજું પગલું મૂકવાની જગ્યા આપ, નહીંતર તારા માથા પર પગ મૂકીને તને પાતાળમાં ઉતારી દઉં છું!

મુનિરાજની આવી વિક્રિયા થતાં ચારેકોર ખળભળાટ થઈ ગયો; આખું બ્રહ્માંડ જાણે ધ્રૂજી ઊઠ્યું! દેવો અને મનુષ્યોએ આવીને વિષ્ણુમુનિરાજની સ્તુતિ કરી અને વિક્રિયા સંકેલી લેવા વિનંતી કરી. બલિરાજા વગેરે ચારે મંત્રીઓ મુનિરાજના પગે પડીને પોતાની ભૂલની માફી માગવા લાગ્યા : પ્રભો, ક્ષમા કરો! મેં આપને ઓળખ્યા નહીં.

વિષ્ણુમુનિરાજે ક્ષમાપૂર્વક તેમને અહિંસાધર્મનું સ્વરૂપ સમજાવ્યું, તથા જૈનમુનિઓના વીતરાગી ક્ષમા બતાવીને તેમનો મહિમા સમજાવ્યો, અને આત્માના હિતનો પરમ ઉપદેશ આપ્યો. તે સાંભળીને તેઓનું હૃદય –પરિવર્તન થયું, ને ઘોર પાપની ક્ષમા માગીને તેમણે આત્માના હિતનો માર્ગ અંગીકાર કર્યો. અહા, વિષ્ણુકુમારની વિક્રિયાલબ્ધિ બલિ વગેરેને ધર્મપ્રાપ્તિનું કારણ બની ગઈ! તે જીવોએ પોતાના પરિણામ ક્ષણમાં પલટી નાખ્યા. અરે, આવા શાંત–વીતરાગ મુનિઓ ઉપર અમે આવો ઉપસર્ગ કર્યો, —ધિક્કાર છે અમને! આમ પશ્ચાત્તાપપૂર્વક તેમણે જૈનધર્મ સ્વીકાર કર્યો. આ રીતે વિષ્ણુમુનિભગવાને બલિરાજા વગેરેનો ઉદ્ધાર કર્યો....ને ૭૦૦ મુનિઓની રક્ષા કરી.

ચારેકોર જૈનધર્મના જયજયકાર ગાજી ઊઠ્યા. તરત જ હિંસક યજ્ઞ બંધ થઈ ગયો; મુનિવરો ઉપરનો ઉપસર્ગ દૂર થયો. હજારો શ્રાવકો પરમ ભક્તિથી ૭૦૦ મુનિવરોની વૈયાવચ્ચ કરવા લાગ્યા; વિષ્ણુકુમારે પોતે ત્યાં જઈને મુનિઓની વૈયાવચ્ચ કરી અને મુનિવરોએ પણ વિષ્ણુકુમારના વાત્સલ્યની પ્રશંસા કરી. અહા! વાત્સલ્યનું એ દૃશ્ય અદ્ભુત હતું! બલિ વગેરે મંત્રીઓએ પણ મુનિઓ પાસે જઈને ક્ષમા માગી ને ભક્તિથી સેવા કરી.

ઉપસર્ગ દૂર થયો તેથી મુનિઓ આહાર માટે હસ્તિનાપુરી નગરીમાં પધાર્યા. હજારો શ્રાવકોએ અતિશય ભક્તિપૂર્વક મુનિઓને આહારદાન કર્યું;

ત્યાર પછી જ શ્રાવકોએ ભોજન કર્યું. જુઓ, શ્રાવકોનો પણ કેવો ધર્મપ્રેમ! ધન્ય તે શ્રાવકો...ને ધન્ય તે સાધુઓ.

જે દિવસે આ બનાવ બન્યો તે દિવસે શ્રાવણ સુદ પૂનમ હતી. વિષ્ણુકુમાર મુનિરાજના મહાન વાત્સલ્યને લીધે ૭૦૦ મુનિઓની તથા ધર્મની રક્ષા થઈ, તેથી તે દિવસ 'રક્ષાપર્વ' તરીકે પ્રસિદ્ધ થયો, તે આજે પણ ઊજવાય છે.

મુનિરક્ષાનું પોતાનું કામ પૂરું થયું, એટલે વેષ છોડીને વિષ્ણુકુમારે ફરીથી મુનિદશા ધારણ કરી અને ધ્યાન વડે પોતાના આત્માને શુદ્ધ રત્નત્રયધર્મ સાથે અભેદ કરીને એવું વાત્સલ્ય કર્યું કે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા.

[ વિષ્ણુમુનિરાજની આ કથા આપણને એમ શીખવે છે કે ધર્માત્મા સાધર્મીજનોને પોતાના જ સમજીને તેમના પ્રત્યે અત્યંત પ્રીતિરૂપ વાત્સલ્ય રાખવું; તેમના પ્રત્યે આદર-સન્માનપૂર્વક દરેક પ્રકારે મદદ કરવી; તેમના ઉપર કંઈ સંકટ આવી પડે તો પોતાની શક્તિથી તેનું નિવારણ કરવું. આ રીતે ધર્માત્મા પ્રત્યે અત્યંત પ્રીતિસહિત વર્તવું. જેને ધર્મની પ્રીતિ હોય તેને ધર્માત્મા પ્રત્યે પ્રીતિ હોય જ. ધર્માત્મા ઉપરનું સંકટ તે દેખી શકે નહીં.]

# ૮. પ્રભાવના–અંગમાં પ્રસિદ્ધ વજ્રકુમારમુનિની કથા

અહિક્ષત્રપુરમાં સોમદત્તમંત્રી હતા; તેની સગર્ભા સ્ત્રીને કેરી ખાવાની ઈચ્છા થઈ. હજી કેરી પાકવાની ઋતુ ન હતી, છતાં મંત્રીએ વનમાં જઈને તપાસ કરી તો આખા વનમાં એક ઝાડ ઉપર સુંદર કેરી ઝૂલતી હતી. તેને આશ્ચર્ય થયું! તે ઝાડ નીચે એક જૈનમુનિ બેઠા હતા, તેના પ્રભાવથી તે ઝાડમાં કેરી પાકી ગઈ હતી. મંત્રીએ ભક્તિપૂર્વક નમસ્કાર કરીને મુનિરાજ પાસેથી ધર્મનું સ્વરૂપ સાંભળ્યું, અને અત્યંત વૈરાગ્યવશ તે જ વખતે દીક્ષા લઈને મુનિ થયા ને પર્વતમાં જઈને આત્મધ્યાન કરવા લાગ્યા.

તે સોમદત્તમંત્રીની સ્ત્રી યજ્ઞદત્તાએ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રને લઈને મુનિરાજ પાસે ગઈ. પણ સંસારથી વિરક્ત મુનિએ તેની સામે જોયું નહીં. તેથી ક્રોધપૂર્વક તે સ્ત્રી બોલી કે–જો સાધુ થવું હતું તો મને શા માટે પરણ્યા? મારી જિંદગી કેમ બગાડી? હવે આ પુત્રનું પાલનપોષણ કોણ કરશે? એમ કહીને તેમના પગ પાસે જ બાળકને મૂકીને તે તો ચાલી ગઈ. એ બાળકનું નામ વજ્રકુમાર. તેના હાથમાં વજ્રચિહ્ન હતું.

અરે! વન-જંગલમાં બાળકની રક્ષા કોણ કરશે!

બરાબર તે જ વખતે દિવાકર નામનો વિદ્યાધર રાજા તીર્થયાત્રા કરવા નીકળેલો, તે મુનિને વંદન કરવા આવ્યો; અને અત્યંત તેજસ્વી એવા તે વજ્રકુમાર બાળકને દેખીને તેડી લીધો. આવા પુત્રરત્નની પ્રાપ્તિ થવાથી રાણી પણ ખુશ થઈ. તેઓ તેને પોતાની સાથે જ લઈ ગયા, અને પુત્રની જેમ પાલન કરવા લાગ્યા. ભાગ્યવાન જીવોને કોઈને કોઈ યોગ મળી જાય છે.

વજ્રકુમાર યુવાન થતાં પવનવેગા નામની વિદ્યાધરી સાથે લગ્ન કર્યા ને તેણે અનેક રાજાઓને જીતી લીધા.

થોડા વખતે દિવાકર રાજાની સ્ત્રીને એક પુત્ર થયો. પોતાના આ

પુત્રને જ રાજ્ય મળે એવી ઈચ્છાથી તે સ્ત્રીને વજ્રકુમાર પ્રત્યે દ્વેષ થવા લાગ્યો. એકવાર તે એમ બોલી ગઈ કે અરે! આ કોનો પુત્ર છે! ને અહીં આવીને હેરાન કરે છે!

એ સાંભળતાં જ વજ્રકુમારનું મન ઉદાસ થઈ ગયું. તેને ખાતરી થઈ કે મારા સાચા માતા-પિતા તો બીજા છે. વિદ્યાધર પાસેથી તેણે બધી હકીકત જાણી લીધી. તેને ખબર પડી કે મારા પિતા તો દીક્ષા લઈને મુનિ થયા છે. તરત જ વિમાનમાં બેસીને તે મુનિરાજ પાસે ગયો.

ધ્યાનમાં બિરાજમાન સોમદત્ત મુનિરાજને દેખીને તે ઘણો પ્રસન્ન થયો, તેનું ચિત્ત શાંત થયું, વિચિત્ર સંસાર પ્રત્યે તેને વૈરાગ્ય જાગ્યો, અને જાણે કે પિતા પાસેથી ધર્મનો વારસો માંગતો હોય! તેમ પરમ ભક્તિથી વંદન કરીને કહ્યું : હે પૂજ્ય દેવ! મને પણ સાધુદીક્ષા આપો! આ સંસારમાં આત્મા સિવાય બીજે ક્યાંય મને ચેન પડતું નથી.

દિવાકરદેવે તેને દીક્ષા ન લેવા ઘણું સમજાવ્યો, પણ તે વજ્રકુમારે તો દીક્ષા જ લીધી; સાધુ થઈને આત્માનું જ્ઞાન-ધ્યાન કરવા લાગ્યા, ને દેશોદેશ વિચરીને ધર્મપ્રભાવના કરવા લાગ્યા. એકવાર તેમના પ્રતાપે મથુરાનગરીમાં ધર્મપ્રભાવનાનો મોટો પ્રસંગ બન્યો. શું બન્યું? તે જોવા આપણી કથાને મથુરાનગરીમાં લઈ જઈએ.

મથુરાનગરીમાં એક ગરીબ અનાથ બાળકી એઠુંજુઠું ખાઈને પેટ ભરતી હતી, તેને દેખીને એક અવધિજ્ઞાની મુનિ બોલ્યા કે દેખો કર્મની વિચિત્રતા! આ જ છોકરી થોડા વખતમાં રાજાની પટરાણી થશે.

મુનિની એ વાત સાંભળીને બૌદ્ધભિક્ષુક તેને પોતાના મઠમાં લઈ ગયા ને તેનું લાલનપાલન કરવા લાગ્યા. તેનું નામ બુદ્ધદાસી પાડ્યું ને તેને બૌદ્ધધર્મના સંસ્કાર આપ્યા.

હવે, તે જ્યારે યુવાન થઈ ત્યારે તેનું અત્યંત સુંદર રૂપ દેખીને રાજા મોહિત થઈ ગયો, અને તેની સાથે લગ્નની માંગણી કરી. પણ આ રાજાને ઉર્વિલા નામની એક રાણી હતી ને તે જૈનધર્મ પાળતી હતી, તેથી મઠના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



લોકોએ કહ્યું કે રાજા પોતે બૌદ્ધધર્મ સ્વીકારે અને બૌદ્ધદાસીને પટરાણી બનાવે તે શરતે લગ્ન કરીએ. કામાંધ રાજાએ તો વગર વિચાર્યે એ વાત સ્વીકારી લીધી. રે ધિક્કાર વિષયોને! વિષયાંધ જીવો સાચા ધર્મથી પણ ભ્રષ્ટ થઈ જાય છે.

હવે, બુદ્ધદાસી રાજાની પટરાણી થઈ, તેથી તે બૌદ્ધધર્મનો ખૂબ પ્રચાર કરવા લાગી. એક વાર ઉર્વિલારાણી–કે જે જૈનધર્મની પરમ ભક્ત હતી, તેણે દર વર્ષની માફક અષ્ટાહ્નિકામાં જિનેન્દ્ર ભગવાનની મોટી અદ્ભુત રથયાત્રા કાઢવાની તૈયારી કરી. પણ બુદ્ધદાસીથી તે સહન ન થયું. તેણે રાજાને કહીને તે રથયાત્રા અટકાવી અને બૌદ્ધની રથયાત્રા પહેલાં કાઢવાનું કહ્યું. અરેરે! જૈનધર્મના પરમ મહિમાની એને ક્યાંથી ખબર હોય! ગાયનું દૂધ અને આકડાનું દૂધ–તેના તફાવતને બેભાન માણસ ક્યાંથી જાણે?

ભગવાનની રથયાત્રામાં વિઘ્ન થવાથી ઉર્વિલારાણીને બહુ દુઃખ થયું અને રથયાત્રા ન નીકળે ત્યાં સુધી અનશનવ્રત ધારણ કરીને તે વનમાં સોમદત્તમુનિ તથા વજ્રકુમારમુનિના શરણમાં પહોંચી ગઈ; અને પ્રાર્થના કરી કે હે પ્રભો! જૈનધર્મ ઉપરનું સંકટ આપ દૂર કરો.

રાણીની વાત સાંભળીને વજ્રમુનિરાજના અંતરમાં ધર્મપ્રભાવનાનો ભાવ ઉલ્લસી આવ્યો. બરાબર એ જ વખતે દિવાકર રાજા વગેરે વિદ્યાધરો ત્યાં મુનિવંદન કરવા આવ્યા; વજ્રકુમાર મુનિએ તેમને કહ્યું : રાજન્! તમે જૈનધર્મના પરમ ભક્ત છો, ને ધર્મ ઉપર મથુરાનગરીમાં સંકટ આવ્યું છે તે દૂર કરવા તમે સમર્થ છો. ધર્માત્માઓને ધર્મની પ્રભાવનાનો ઉત્સાહ હોય છે; તનથી, મનથી, ધનથી, શાસ્ત્રથી, જ્ઞાનથી, વિદ્યાથી સર્વપ્રકારે તે જૈનધર્મની વૃદ્ધિ કરે છે ને ધર્માત્માઓ ઉપરનાં સંકટ દૂર કરે છે.

દિવાકર રાજાને ધર્મનો પ્રેમ તો હતો જ, તેમાં વળી મુનિરાજના ઉપદેશથી તેને પ્રેરણા મળી; તરત જ મુનિરાજને નમસ્કાર કરીને, ઉર્વિલારાણી સાથે બધા વિદ્યાધરો મથુરા આવી પહોંચ્યા અને ધામધૂમથી જિનેન્દ્રદેવની રથયાત્રા કાઢી. હજારો વિદ્યાધરોનો પ્રભાવ દેખીને રાજા

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અને બુદ્ધદાસી પણ આશ્ચર્ય પામી ગયા, અને જૈનધર્મથી પ્રભાવિત થઈને આનંદપૂર્વક તેમણે જૈનધર્મ અંગીકાર કરીને પોતાનું કલ્યાણ કર્યું; તથા સત્યધર્મ પમાડવા માટે ઉર્વિલારાણીનો ઉપકાર માન્યો. ઉર્વિલારાણીએ તેમને જૈનધર્મના વીતરાગી દેવ-ગુરુનો અપાર મહિમા સમજાવ્યો. મથુરાનગરીના હજારો જીવો પણ આવી મહાન પ્રભાવના દેખીને આનંદિત થયા ને બહુમાનપૂર્વક જૈનધર્મની ઉપાસના કરવા લાગ્યા. આ રીતે વજ્રકુમારમુનિ દ્વારા અને ઉર્વિલારાણી દ્વારા જૈનધર્મની મહાન પ્રભાવના થઈ.**

[વજ્રકુમારમુનિરાજની આ કથા આપણને જૈનધર્મની સેવા કરવાનું અને અત્યંત મહિમાપૂર્વક તેની પ્રભાવના કરવાનું શીખવાડે છે. તન-મન -ધનથી, જ્ઞાનથી, શ્રદ્ધાથી સર્વપ્રકારે ધર્મ ઉપરનું સંકટ દૂર કરી, ધર્મનો મહિમા પ્રસિદ્ધ કરવો અને ધર્મની વૃદ્ધિ કરવી. તેમાં પણ આ જમાનામાં ખાસ કરીને જ્ઞાનસાહિત્ય દ્વારા ધર્મપ્રભાવના કરવા યોગ્ય છે.]

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250